॥अर्हं॥

શ્રી પદ્માવતી દેવ્યિનમ:

શ્રી જીન ગુણ મંગળ સ્તવનાવળી.

(રસીક સ્તવનો તથા પદો વીગેરેથી ભરપુર.)

પ્રકાશક.

"ડાહી" પરોપકારી.

રાજામહેતાની પોળ અમદાવાદ.

હાલ દેશાઇપોળ સુરત.

પ્રથમાવૃતિ. પત ૧૦૦૦.

વિ. સંવત ૧૯૭૬ શરદ પૂર્ણિમા. સને ૧૯૨૦.

સુરત ચકેટાના પુલપર ટાંકી પાસે 'શંકર' પ્રી. પ્રેસમાં

નારાયણરાવ લક્ષ્મરાવ નીકમે છાપી.

કીંમત ફકત બે રૂપીઆ

અર્પણ પત્રિકા.

સુજ્ઞ ધર્મનિષ્ઠ, પુજ્ય સાસુજી
બાઇ પાર્વતી.

આપનો મારી તરફના વાત્સલ્ય પ્રેમ, પૂત્રી સમાન ચાહના, અને દેવગુરૂ ધર્મ તરફના દૃઢ ભક્તિભાવ રૂપી લોહચુંબક વડે મારૂં મન તમો તરફ ખેંચાયલું હોવાથી અને દીન દીન પ્રત્યે ધર્મ નીતિ તરફ મારૂ મન વળે અને તે ઉપર દૃઢતા પૂર્વક ભક્તિભાવ અહોનિશ બની રહે એવું આપે મને અગાઢ પ્રેમ પૂર્વક આપેલું શિક્ષણ હંમેશ મન યાદ રહે અને આપનો કદી નહીં ભૂલાય એવો ઉપકાર ચીર સ્મરણીય રહે એવા વિચારથી આ મારી તરફથી પ્રકાશિત થયેલો "શ્રી જીનગુણ મંગળ સ્તવનાવળી" નામનો "ગ્રંથ" આપના હસ્ત કમળને વિષે સ્થિત રહે એવી ઇચ્છાથી અર્પણ કરેલ છે.

લી૦ હું છું
તમારી સદાની ગુણરાગી પૂત્ર વધુ.
"ડાહી" મંગળદાસ પરોપકારી.



પ્રકાશક:-અખંડ સૌભાગ્યવંતી ડાહી પરોપકારી.

તે

જૈન સમાચિત્ર શા૦ મંગળદાસ હેમચંદ પરોપકારીની ધર્મપત્નિ.

જન્મ સં. ૧૯૫૩ શ્રાવણ સુદ ૩ રવિવાર.

પ્રકાશકનો પ્રથમોદ્ગાર.

શ્રી સ્તવનાવળી પ્રકાશ કરવાનો ઉદ્દેશ વાંચકવૃંદથી સહેલાઇથી સમજી શકાય તેવો છે એટલે તે વિષે કાંઇ લંબાણ વિવેચન કરવાની જરૂર નથી. તોપણ બે બોલ શરૂઆતમાં લખી શકાય તો તે અપ્રસ્તુત ગણાશે નહી.

અનાદિ કાળથી ભ્રમણ કરતા જીવોને મહત્ પૂણ્યોદયથી મનુષ્ય ગતિ પ્રાપ્ત થાય છે. આવું ઉત્તમ મનુષ્યત્વ પામીને ધાર્મીક અને નીતિમય જીવન ગાળવામાં આવે તોજ આ જન્મ પામ્યાનું સાર્થક છે; પરંતુ જો આ જન્મારો નીચ વૃતિઓને તાબે થઇ પસાર કરવામાં આવે તો આ દૂર્લભ જીવન બકરીના ગળામાના આંચળ માફક વ્યર્થ સમજવું.

સંસારની વિષય વાસનાઓમાં જીવ હંમેશાં લુબ્ધ રહે છે તેમાંથી કાંઇ નિવૃતિ મેળવી પ્રભુ સેવામાં ગાળે તો મોક્ષનો માર્ગ વધારે સરળ થઇ પડે છે અને તે સરળતાના પદો, સ્તવનો અને ભક્તિના પદો એક માર્ગ છે. તેવા શુભ આસયથી આ સ્તવનાવળી ગુંથવામાં આવી છે. તેનો લાભ જૈન સમાજ તેમ ઇતર વર્ગ લઇ શકશે એવી સંપૂર્ણ આશા છે.

વળી ભક્તિભાવ સંગીતના આશ્રય વિના પ્રાદુભાવ થતો નથી અને ભક્તિ વિનાનો ધર્મ જળ વિનાના સરોવર જેવો લાગે છે. રાવણે તિર્થંકર પદ સંગિતના આશયથીજ બાંધ્યું છે એવો સંગીતનો પ્રભાવ છે. પ્રભુ પ્રત્યેની અતુલ ભક્તિ હમેશાં સંગીત વડેજ પરિણામ પામે છે, આત્માનું પરમાત્મા સાથે જોડવાનું સંગીત સબળ સાધન છે અને તેવામાં ધ્યાન, ધ્યાતા, અને ધ્યેય જો ત્રણેની ઐક્યતા થઇ

તો આવા સમયમાં બેડો પાર થઈ જાય છે. માટે પ્રભુ સ્તવન અવશ્ય કર્તવ્ય છે કારણ તે આત્માને ઉજ્વળ કરે છે; એટલુંજ નહી પણ મનને શાંન્તિની લહેરોમાં આંદોલમાન કરે છે.

આ સ્તવનાવળીમાં હાલનાં પ્રચલીત રાગના મુખ્યત્વે કરીને સ્તવનો અને પદો દાખલ કરવામાં આવ્યા છે કે જેથી સંગીતના જ્ઞાનના અભાવે પણ સમાજને કઠીણ ના પડે. પ્રાચીન અને અર્વાચિન કવિઓ અને મુનિ મહારાજોના સ્તવનોનો સમુદાય એવી રીતે ચુંટી કહાડવામાં આવ્યા છે કે જેથી મન ઉપર સચોટ અસર થાય; અને અધ્યાત્મિક પદો એવા દાખલ કરવામાં આવ્યા છે કે પત્થર જેવાં અંતઃકરણને પણ પીગળાવી નાંખે. આ ઉદ્દેશથી જૈન સમાજ સેવાનું લક્ષ્ય બિંદુ રાખી આ સ્તવનાવળી બહાર પાડવામાં યતકિંચિત્ પ્રયત્ન કરવામાં આવ્યો છે તો આશા છે કે ભવ્ય જીવો આ ગુંથણીનો યથાયોગ્ય લાભ લેશે અને મનની શાન્તિ મેળવીને મોક્ષ માર્ગ સાધશે તો પ્રકાશકનો પ્રયાસ સફળ થયો માનવામાં આવશે.

આ ઉપરાંત છંદો, પ્રભાતિઆ, લાવણી પ્રસ્તાવિક દુહા, ગુંહલીઓ વિગેરે સદ્દબોધ વિષયો પણ દાખલ કર્યા છે.

છેવટમાં વિરામતાં પહેલાં મારે કહેવું પડે છે કે જે ભાઈઓએ મને આ ગુંથણીમાં પુસ્તકો આપ્યા છે. તેનો ઉપકાર માનું છું. અને પ્રુફ વિગેરે સુધારવા અને તપાસવામાં **મગનલાલ નગીનદાસ સૈરૈયાએ** પુરતું લક્ષ આપ્યું છે. તે છતાં પણ ચૂકથી જે ભુલો રહી ગઇ હોય તે બાબત ક્ષમા માંગુ છું અને તે સુધારી વાંચવા કૃપા કરશો એવી આશા રાખી વીરમું છું.

દેશાઈ પોળ—સુરત.
સંવત ૧૯૭૬ના
પ્રથમ આશો સુદ ૩

લી૦
"ડાહી" પરોપકારી.

શ્રી જૈન ગુણ

મંગળ સ્તવનાવળી.

મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમ પ્રભુ
મંગલં સ્થુલિભદ્રાદ્યા, જૈનો ધર્મોસ્તુ મંગલં ૧
દર્શનં દેવ દેવસ્ય, દર્શનં પાપ નાશનં
દર્શનં સ્વર્ગ સોપાનં, દર્શનં મોક્ષ સાધનં ૨
દર્શનાત્ દૂરિત ધ્વંસ; વંદનાત્ વાંછિતં પ્રદ;
પૂજનાત્ પૂરક:શ્રીણાં જીન:સાક્ષાત્ સુરદ્રૂમ: ૩
પાતાલે યાનિ બિંબાનિ, યાનિ બિંબાનિ ભૂતલે,
સ્વર્ગેપિ યાનિ બિંબાનિ, તાનિ વંદે નિરંતરં ૪
અન્યથા શરણંનાસ્તિ, ત્વમેવ શરણંમમ
તસ્માત્ કારુણ્ય ભાવેન, રક્ષ રક્ષ જીનેશ્વર ૫
સરસ શાંતિ સુધારસ સાગરં, શુચિતર ગુણ નિધિ રત્ન મહાગરં
ભવિક પંકજ બોધ દિવાકરં, પ્રતિદિનં પ્રણમામિ જીનેશ્વરં ૬
નમસ્કાર સમોમંત્ર: શત્રુંજય સમોગિરિ
વિતરાગ સમોદેવો, ન ભૂતો ન ભવિષ્યતિ. ૭

જગત્રય આધાર કૃપાવતાર, દુર્વાર સંસાર વિકાર વૈદ્ય,
શ્રી વિતરાગ ત્વયિ મુગ્ધ ભાવાત્, વિજ્ઞ પ્રભો વિજ્ઞ પયામિ કિંચિત્. ૮
તુભ્યં નમસ્ત્રિ ભૂવનાર્તિ હરાયનાથ, તુભ્યં નમઃ ક્ષિતિ તલામલ ભૂષણાય
તુભ્યં નમ સ્ત્રિજગતઃ પરમેશ્વરાય, તુભ્યં નમો જીનભવોદધિ શોષણાય ૯

કિંકર્પુરમયં સુધારસમયં. કિંચંદ્ર રોચિર્મયં
કિંલાવણ્યમયં મહામણિમયં, કારૂણ્યકેલિમયં.
વિશ્વાનંદમયં મહોદયમયં શોભામયં ચિન્મયં
શુક્લધ્યાનમયં વપુર્જીનપતે ભૂયાદ્ભવાલંબનં. ૧૦
દર્શનાત્ દુરિતધ્વંસિ, વંદનાત્ વાંછિતપ્રદ.
પૂજનાત્ પૂરકઃ શ્રીણાં. જીનાઃ સાક્ષાત્ સુરદ્રૂમાઃ ૧૧
દર્શનં જીન સૂર્યસ્ય સંસાર ધ્વાંત નાશનં.
બોધનં ચિત્ત પદ્મસ્ય સંસારાર્ણવ તારકં. ૧૨
ભવ બિજાંકુર જનના, રાગાધા ક્ષય મુપગતા યસ્ય
બ્રહ્માવા વિશ્નુર્વા, હરો જીનોવા નમસ્તસ્મૈ ૧૩
પૂર્ણાણંદમયં મહોદયમયં, કૈવલ્ય ચિદ્દૃગમયં
રૂપાતિતમયં સ્વરૂપ રમણં, સ્વાભાવિકી શ્રીમયં
જ્ઞાનોદ્યોતમયં કૃપા રસમયં, સ્યાદ્વાદ વિદ્યાલયં
શ્રી સિદ્ધાચળ તિર્થરાજમનીશં, વંદેઽહ માદીશ્વરં ૧૪
દીનોદ્ધાર ધુરંધર સ્ત્વદપરો નાસ્તે મદન્ય કૃપા
પાત્રં નાત્રજને જીનેશ્વર, તથાપ્યેતાં નયાચેશ્રિયં
કિંત્વર્હં નિદમેવ કેવળ મહોસદ્બોધી રત્નં શિવ
શ્રી રત્નાકર મંગલૈક નિલયં શ્રેયસ્કરં પ્રાર્થયે ૧૫

નેત્રાનંદ કરી ભવોદધિ તરી, શ્રેયસ્તરો મંજરી,
શ્રીમદ્ ધર્મ મહાનરેંદ્ર નગરી, વ્યાપલ્ લતા ધુમરી.
હર્ષોત્કર્ષ શુભ પ્રભાવ લહરી, રાગદ્વીષાં જીત્વરિ.
મુર્તિશ્રી જીન પુંગ વસ્ય ભવતુ, શ્રેયસ્કરી દેહિનાં.

અર્હંન્તો ભગવંત ઇંદ્ર મહિતો સિદ્ધાશ્ચ સિદ્ધ સ્થિતા,
આચાર્યા જીન શાસનોન્નતિ કરા, પૂજ્યા ઉપાધ્યાયિકા.
શ્રી સિદ્ધાંત સુપાઠકા મુનિવરા, રત્નત્રયારાધિકા,
પંચૈતે: પરમેષ્ટિન: પ્રતિદિનં કુર્વંતુ વો મંગલં.

ૐકાર બિન્દુ સમાયુક્તં નિત્યંધ્યાયન્તિ યોગિન:
કામદં મોક્ષદં ચૈવ, ઓંકારાય નમો નમ:

પ્રશમરસ નિમગ્નં, દૃષ્ટિ યુગ્મં પ્રસન્નં,
વદન કમળ મંક: કામિનિ સંગ શુન્યં.
કર યુગ મપિય-તે, શસ્ત્ર સંબંધ વન્ધ્યં,
નદસિ જગતિ દેવો, વિતરાગ સ્ત્વમેવ.

શ્રી વીર સ્તુતિ.

વીર: સર્વ સુરાસુરેંદ્ર મહિતો, વીરં બુધા: સંશ્રિતા:
વીરેણાભિહત સ્વકર્મ નિચયો, વીરાય નિત્યનમ:॥

વીરાત્તિર્થમિદં પ્રવૃત્તમતુલં, વીરસ્ય ઘોરં તપો
વીરે શ્રી ધૃતિકીર્તિ કાંતિનિચયઃ શ્રી વીર ભદ્ર દિશ ॥૧॥

સર્વેષાં વેધ સામાદ્ય, માદિમં પરમેષ્ટિન
દેવાધિ દેવં સર્વજ્ઞં, શ્રી વીરં પ્રણિદધ્મહે ॥૨॥

ખ્યાતોષ્ટાપદ પર્વતો ગજપદઃ સમ્મેત શૈલા ભિધઃ
શ્રીમાન્ રૈવતકઃ પ્રસિદ્ધ માહિમા, શત્રુંજય મંડપ
વૈભાર કનકાચલો, ર્બુદગિરિઃ શ્રી ચિત્રકૂટાદય
સ્તત્ર શ્રી રૂષભાદયો જીનવરા કુર્વંતુ વો મંગલં.

પારસનાથ સ્તુતિ.

કમઠે ધરણેંદ્રચ, સ્વોચિતં કર્મ કુર્વંતિ
પ્રભુ સ્તુલ્ય મનોવૃત્તિઃ પાર્શ્વનાથ શ્રીયેસ્તુવઃ

પાતાલે યાનિબિંબાનિ. યાનિ બિંબાનિ ભૂતલે.
સ્વર્ગેપિ યાનિ બિંબાનિ. તાનિ વંદે નિરંતરમ્.

ચિદાનંદૈકરૂપાય, જીનાય પરમાત્મને
પરમાત્મ પ્રકાશાય. નિત્યં સિદ્ધાત્મનેનમઃ
અન્યથા શરણંનાસ્તિ. ત્વમેવ શરણંમમ.
તસ્માત્ કારૂણ્યભાવેન. રક્ષરક્ષ જીનેશ્વર.

સુધાસોદરવાગ્ જ્યોત્સ્ના નિર્મલી કૃત દિઙ્મુખા;
મૃગલક્ષ્મા તમઃ શાંત્યૈ. શાંતિનાથ જીનો સ્તુવઃ

જીન ભગવાન સ્તુતિ.

પ્રભુ દર્શન સુખ સંપદા, પ્રભુ દર્શન નવ નિધ;
પ્રભુ દર્શનથી પામીએ, સકળ પદારથ સિદ્ધ.
ભાવે જીનવર પૂજીએ, ભાવે દીજે દાન;
ભાવે ભાવના ભાવીએ, ભાવે કેવળ જ્ઞાન. ॥
જીવડા જીનવર પૂજીએ, પૂજાના ફળ હોય;
રાજા નમે પ્રજા નમે, આણુ ન લોપે કોય. ॥
ફુલન કેરા બાગમાં, બેઠા શ્રીજીનરાજ;
જેમ તારામાં ચંદ્રમા, તેમ શોભે મહારાજ. ॥
જે દર્શન દર્શન વિના, તે દરશન નિર્પેક્ષ;
જે દર્શન દર્શન હુએ, તે દર્શન સાપેક્ષ. ॥
ત્રિભુવન નાયક તું ધણી, મહા મોટો મહારાજ;
મોટે પૂન્યે પામીઓ, તુમ દર્શન હું આજ. ॥
આજ મનોરથ સવી ફળ્યા, પ્રગટયા પુન્ય કલોલ;
પાપ કર્મ દુરે ટળ્યા, ભાગ્યાં દુ:ખ બંડોળ. ॥
ગોડી ગોડી જે જપે, સદા સોહીલો હોય;
દુઃખ ભંજે દાલિદ્ર હરે, વેરી ન ગંજે કોય. ॥
સિદ્ધચક્રના ગુણ ઘણા, કહેતાં ન આવે પાર;
વંછિત પૂરે દુઃખ હરે, વંદુ વારંવાર. ॥

પારસનાથકે નામસે, સબ સંકટ મિટ જાય,
મન શુધ્ધે સેવા કરે, તસઘર લછિછ સુહાય. ॥
પ્રભુ સ્વરૂપ ચિત્ત ભાવતા, પ્રસન્ન થયું મુજમન;
તુમ સરીખા દાતા નહી, પ્રભુ તું જગમાં ધન ધન. ॥
ઉપકારી અરિહંત પ્રભુ, સિદ્ધ ભજો ભગવાન;
આચારજ ઉવઝાય તેમ, સાધુ સકલ ગુણવાન. ॥
સમોવશરણ દેવે રચ્યું, બેઠા શ્રી વર્ધમાન;
બેઠી બારે પરખદા, સુણવા જીનવર વાણ. ॥

સકળ કર્મ વારી. મોક્ષ માર્ગાધિકારી
ત્રિભુવન ઉપગારી, કેવળ જ્ઞાન ધારી
ભવિજન નિત્ય સેવો, દેવ એ ભક્તિ ભાવે
ઇહજ ભજંતાં, સર્વ સંપત્તિ આવે ॥
જીનવર પદ સેવા, સર્વ સંપત્તિ દાઇ
નિશદિન સુખદાઇ, કલ્પ વલિ સહાઇ ॥
નમિ વિનમિ લહીજે, સર્વ વિદ્યા વડાઇ
રૂષભ જીન સેવા, સાધતાં તેહ પાઇ ॥

તું અકલંકી રૂપ સ્વરૂપી પરમાનંદ પદ દાઇ
તું શંકર બ્રહ્મા જગદીશ્વર, વિતરાગ તું નિર્માયી
અનુપમ રૂપ દેખી તુજ રીઝે, સુરનર નારીકે વૃંદા
નમો નિરંજન ફણિપતિ સેવિત, પાસ ગોડીચા સુખકંદા
કાને કુંડળ શિર છત્ર બિરાજે, ચક્ષુ ટિકા નિરધારી
અષ્ટ બિજોરૂં હાથ સોહે, તુમ પદ વંદે સહુ નરનારી

અમિકાષ્ટસેં સર્પ નીકાલ્યા, મંત્ર સુણાયા બહુ ભારી ॥
પૂર્વ જન્મકા વૈર ખોલાવ્યા, જળ બરસાયા શિરધારી ॥
જળ આવી પ્રભુ નાકે અડીયાં, આસન કંપ્યા નિરધારી ॥
નાગ નાગણી છત્ર ધરે છે, પૂર્વ જન્મકા ઉપકારી ॥
રૂપ વિજય કહે સુણ મેરી સાવણી એસી શોભા બહુ સારી ॥
માતા પિતા બંધવ સહુ સાથે, સંજમ લીધાં નિરધારી ॥

પ્રસ્તાવિક દુહા.

પુણ્યા શ્રાવકને નમુ, વીર પ્રશંસ્યો જેહ
દોકડા સાડાબારમાં, સ્વામિની ભક્તિ કરે તેહ ॥
સુખ ઉપન્યો દુઃખ મીટ ગયો, શ્રવણે સૂણત પ્રભુ નામ
રોમ રોમ આનંદ ભયો, જબ પ્રગટયો રાગ કલ્યાણ ॥
પ્રભુજીકો નામ કલ્યાણ હે, વલી રાગકો નામ કલ્યાણ
સકળ સંઘકું કલ્યાણ હે, મલકૃત કલ્યાણ કલ્યાણ ॥
કલ્યાણ કલ્યાણ સબકુ ચહીએ, અકલ્યાણ નચાહત કોઈ
કલ્યાણ તબહી જાણીએ જો પ્રભુદૃઢ ભક્તિ હોય ॥
ધન ધન રાગ ધનાશ્રી, ધન ધન આજનો દીન
ધન ધન માતા ત્રીશલા, જેણે જાયા શ્રી મહાવીર ॥
વસંત આયા હે સખી, સોવન કુંપલીઆ
પારસનાથ પૂજા કરો, પાંચો આંગલીઆ ॥
પ્રભુ નામકી ઔષધી, ખરે મનસું ખાય
રોગ પીડા વ્યાપે નાહી મહા દોષ મીટ જાય ॥

જ્ઞાન સમોઠો ધન નહી, સમતા સમો ન સુખ
જીવિત સમ આશા નહી, લોભ સમો નહી દુ:ખ ॥
સંયમ પાસે સિદ્ધ નમી, શિયળ ન ખંડે જેહ
તોય તસ શીવગતિ વેગળી, જશ મત રાગ ન દ્વેષ. ॥
ગુરૂ ભગવંત દોનો ખડે, કીનકું લાગુ પાય
બલીહારી મેરે ગુરૂકી, જેણે અરિહંત દેવ બતાય. ॥
ધન રીસહેશ્વર કલ્પતરૂ, ધન ચક્રેશ્વરી દેવી
જાસ પસાયે મુજ ફળ્યો, મન વંછીત તતખેવ. ॥
આણીઅ ત્રિદીન સવી ઉપસમે, જપતાં જીન ચોવિસ;
નમતાં નીજગુરૂ પય કમળ, જગમે વાધે ઇશ.

ગુરૂ દીવો ગુરૂ દેવતા, ગુરૂ વિના ઘોર અંધાર;
જે ગુરૂ વાણી વેગળા, તે રવડયા સંસાર, ૧

જ્ઞાન સમો કો ધનહી સમતા સમો નહિ સુખ;
જીવિત સમ આશા નહી, લોભ સમો નહી દુ:ખ. ૨

વિજયા શેઠ અને વિજયા શેઠાણી, પ્રસંગ ઉપર તલવાર.
આખી આણીએ શિયળ પાળ્યુ, ધન ધન અવતાર, ૩

આછી જલેબી પાતલી, ખુણે બેસી ખાય,
દેવગુરૂની નિંદા કરે, સાતમી નરકે જાય. ૪

કુંભે બાંધ્યું જળ રહે, જળ વિણુ કુંભ ન હોય,
જ્ઞાને બાંધ્યું મન રહે, ગુરૂ વિના જ્ઞાન ન હોય. ૫

ઓરી પૂછે ઓર કુ, કોણ્યુ ભલેરા દેશ;
સંપત હોય તો આપ ભલો, નહિં તો ભલો પરદેશ. ૬
પરપો તો પરખ્યો નહીં, દદ્દો કીધો દુર
બાદલો શું લાગી રહ્યો તનો કીયો હજુર ૭

એક જંબુ જગ જાણીએ, બીજા નેમકુમાર;
ત્રીજા વયર વખાણીએ, ચોથા ગૌતમ સ્વામ. ॥
અંગુઠે અમૃત વસે, લબ્ધિ તણો ભંડાર;
તે ગૌતમ ગુરૂ સમરીએ, વાંછીત ફળ દાતાર, ॥
અક્ષિણ મહાણુસી લબ્ધિ, કેવળ શ્રી કરાંબુજે.
નામ લક્ષ્મિ મુખે વાણી, તંચ શ્રી ગૌતમ સ્તવે, ॥
સર્વારિષ્ટ પ્રનાશાય, સર્વાભિષ્ટાર્થ દાયિને.
સર્વ લબ્ધિ નિધાનાય, શ્રી ગૌતમ સ્વામિને નમઃ ॥
પુંડરિક ગોયમ પમુહ. ગણધર ગુણ સંપન્ન,
પ્રહ ઉઠી નિત્ય પ્રણમીયે, ચઉદસે બાવન. ॥
ઓરસ કિમરસ કિમરસ, ચોથા જશોભદ્રસુરિ.
ત્રણેકાળે સમરતાં, દુરિયપણાશી દુર, ॥
જે ચારિત્રે નિર્મલા, તે પંચાનન સિંહ,
વિષય કષાયને ગંજીઆ, તે સમરો નિશદીહ. ॥

જીન નવ અંગપૂજા.

દુહા.

જળભરી સંપૂટ પત્રમાં, યુગલિક નર પૂજંત,
રિષભ ચરણ અંગુઠડે, દાયક ભવ જળ અંત.
જાનુ બળે કાઉસગ્ગ રહ્યા, વિચર્યા દેશ વિદેશ,
ખડાં ખડાં કેવળ લહ્યું, પૂજો જાનુ નરેશ.
લોકંતિક વચને કરી વરસ્યા વરસી દાન,
કર કાંડે પ્રભુ પૂજતાં, પૂજો ભવિ બહુમાન.
માન ગયું દોય અંશથી, દેખી વીર્ય અનંત,
ભૂજા બળે ભવજળ તર્યા, પૂજો ખંધ મહંત.
સિદ્ધ શિલા ગુણ ઉજળી, લોકાંતે ભગવંત,
વસિયા તીણે કારણ ભવિ, શિર શિખા પૂજંત.
તિર્થંકર પદ પૂન્યથી ત્રિભુવન જનસેવંત,
ત્રિભુવન તિલક સમા પ્રભુ, ભાલ તિલક જયવંત.
સોલ પહોર પ્રભુ દેશના, કંઠ વિવર વર્તુલ,
મધુર ધ્વની સુરનર સુણે, તેણે ગળે તિલક અમુલ.
હૃદય કમળ ઉપસમબળે, બાળ્યા રાગને રોષ,
એમ દહે વન ખંડને, હૃદય તિલક સંતોષ.
રત્નત્રયી ગુણ ઉજળી. સકલ સુગુણ વિશ્રામ,
નાભિ કમળની પૂજના, કરતાં અવિચળ ધામ.
ઉપદેશક નવ તત્વના, તિણે નવ અંગ જીણંદ,
પૂજો બહુ વિધ રાગ શું, કહે શુભ વીર મુણીંદ. ॥૧

જળ પૂજા કરતી વખતે.

દુહા.

સુગંધમય જળ વાશીને, જે પૂજે જીન રાય,
તસ ત્રિભુવન જશ વિસ્તરે, દુરગંધતા દુર જાય. ॥
મલિન વસ્તુ ઉજવળ કરે, એહ સ્વભાવ જળ માંય,
જળસુ જીનવર પૂજતાં, કર્મ કલંક મીટ જાય. ॥
તિર્થોદક કુંભે કરી, રત્ન પ્રમુખ શ્રીકાર,
અડ સહસ્સ અડ જાતિના, અથવા કલશાચાર. ॥
આઠ જાતિ કળશે કરી, નવરાવે જીન રાય,
તસ ત્રિભુવન જશ વિસ્તરે, સુરપતિ સેવે પાય. ॥
જ્ઞાન કળશ ભરી આત્મા, સમતા રસ ભરપૂર,
શ્રી જીનને નવરાવતાં, કર્મ થાય ચકચુર. ॥

ઇણીપેરે જળ પુજા કરી, કરીએ અપ્પા શુદ્ધ,
માને છીણું જે એહમાં, જાણો તેહ અશુદ્ધ. ॥

ચંદન પૂજા.

દુહા.

કેસર ચંદન દ્રવ્યથી, ભાવ થકી બહુ માન,
જીનવર અંગે ચરચતાં, પ્રગટે આતમજ્ઞાન.
કેસર ચંદન ઘશી કરી, ભરી કચોળાં સાર,
જીનવર અંગે ચરચતાં, પાપ કરો પરિહાર.

બાવના ચંદન અતિ ભલું. કસ્તુરી બરાસ,
ઈણ વિધ જીનવર સેવતાં. પામે લિલ વિલાસ.
કનક કચોળા ભરી કરી, સેવે જીનપતિ પાય,
દુઃખ દોહગ દુરે ટળે, મનવાંછિત ફળ થાય.
તપત વસ્તુ શિતળ કરે, ચંદન શિતળ આપ,
ચંદનથી જીન પૂજતાં, મીટે મોહ સંતાપ.
પૂજાને પ્રણામદો, કરો ચંદનની રીત,
શિતળતાને સુગંધતા, જેણે ભાગે ભત્ર ભિત.
ગુણ વાસના કરવા હવે, અસંખ્યાત પ્રદેશ
ચંદનની પૂજા કરો, આવીભાવ વિશેષ. ॥

ધૂપ પૂજા

દુહા.

પાવક ગ્રહે સુગંધકુ. ધૂપ કહાવત સોય,
ઉખેવત ધૂપ જીણંદકુ, કર્મ દહન સબ હોય.
ધૂપ ઉખેવત જેહજન, પ્રભુ આગળ બહુમાન,
દુર્ગંધતા દુરે ટળે, પામે અમર વિમાન.
હુતાસનસે કાષ્ટ જ્યું તેમ ધ્યાનાનળકર્મ,
તેણમિસે ધૂપ પૂજા કહે, જેમ પામે શીવ શર્મ.
ઈણી પેરે ધૂપપૂજા કરી, જીન આગળ શુભભાવ,
ટાળી વિભાવની પરિણતિ દુર કરો પરભાવ.

પુષ્પ પૂજા

દુહા

પ્રણીધાને સદ્દગતિ હોવે, પૂજાએ કેમ નહી હોય,
સુમનસભાવે દુર્ગંધતા પૂજા પંચાશક જોય.
શત પત્રિવટ મોગરો, ચંપક જાઇ ગુલાબ,
કેતકી ડમરો બોલસીરી, પૂજો ભરીને છાબ.
હવે ત્રીજી સુમનસ તણી. પૂજા અતિહિ ઉદાર,
સુમનસ સુખ જેણથી લહે તેણે સુમનસ પ્રકાર.

દીપ પૂજા.

જગ પ્રદીપ ઘૃત દીપ શુભ, કરતાં ભાવો એહ,
અવરાણું જે અનાદિનું. જ્ઞાન લહો નિજ તેહ.
કેવળ નાણ પવયસુ, જયું લહે લોકો લોક,
ત્યું પૂજા દ્રવ્ય દીપની, કરતાં શીવ ફળ ભોગ.

અક્ષત પૂજા.

ત્રણ ઢગલી અને સિદ્ધ શિલા કરતી વખતે.

દુહા.

દર્શન જ્ઞાન ચારિત્રના, આરાધનથી સાર;
સિદ્ધ શિલાની ઉપરે, હો મુજ વાસ શ્રીકાર.

સાથીઓ કરતી વખતે.

દુહા

અક્ષત પૂજા કરતા થકાં, સફળ કરૂં અવતાર;
ફળ માગું પ્રભુ આગળે, તાર તાર મુજતાર.
અક્ષય ફળ લેવા ભણી અક્ષત પૂજા ઉદાર:
ઇહ ભવ પણ નવી ક્ષય હોવે, રાજ રીદ્ધી ભંડાર.
હવે અક્ષત પૂજા કહો, શાળ વ્રિહિ ગોધુમ;
ઉજવળ પ્રભુપર ઢોઇએ ટાળે મોહકી ધુમ.

ફળ પૂજા

દુહા.

ફળ પૂજા કરતાં થકાં, સફળ કરૂં અવતાર;
ફળ માગું પ્રભુ આગળે, તાર તાર મુજ તાર.
સંસારીક ફળ માગીને, રવડયો બહુ સંસાર;
અષ્ટ કર્મ નિવારવા, માંગુ મોક્ષ ફળ સાર.
ચીહું ગતિ ભ્રમણ સંસારમાં, જન્મ મરણ જંજાળ;
પંચમ ગતિ વિણ જીવને, સુખ નહિ ત્રિહું કાળ.
જસ ફળ ઓપમ જગ નહીં, પામ્યા પછી ન અંત
અવ્યા બાધ અચળ અરૂજ, માંગે સુખ અનંત.

નૈવેદ્ય પૂજા.

હવે નૈવેદ્ય નિવેદના, કીજે જેમ હશી રાય;
ભવ નિર્વેદ પ્રભુ મુખે, માગો અવિચળ ઠાય.
કર્તા ભોક્તા મુજ નહી, પુદ્ગળ ભાવનો જીવ;
તિણે પુદ્ગળની ત્યાજના, કરતાં શર્મ સદૈવ.

ચામર પૂજા

બેઉ બાજુ ચામર ઢાલે, એક આગળ વજ ઉલાલે,
પ્રભુ પાસનું મુખડું જોતાં, ભવોભવના પાતીક ખોતાં.
અશોક વૃક્ષ સુર પુષ્પ વૃષ્ટિ દિવ્ય ધ્વનિ ચામર માસનંચ;
ભામંડળ દુંદુભિરાદ્ર પત્રં, એતાનિઅષ્ટ પ્રાતિહાર્યાણિ જીનેશ્વરાણાં.

પ્રદક્ષિણા વખતે.

દુહા.

કાળ અનાદિ અનંતથી, ભવ ભ્રમણાનો નહિં પાર,
તે ભ્રમણા નિવારવા, પ્રદક્ષિણા દઉં ત્રણ સાર.
ભમતિમાં ભમતાં થકાં, ભવ ભાવટ દુર પલાય,
દર્શન જ્ઞાન ચારિત્ર રૂપ, પ્રદક્ષિણા ત્રણ દેવાય.
જન્મ મરણાદિ સર્વ ભય ટળે, સીઝે જો દર્શન કાજ,
રત્નત્રય પ્રાપ્તિ ભણી, દર્શન કરો જીન રાજ.
જ્ઞાન વડું સંસારમાં, જ્ઞાન પરમ સુખ હેત,
જ્ઞાન વિના જગ જીવડા, ન લહે તત્વ સંકેત.

ચયતે સંચય કર્મનો, રિક્ત કરે વળી જેહ,
ચારિત્ર નામ નિર્યુક્તે કહ્યું, વંદો તે ગુણ ગેહ.
દર્શન જ્ઞાન ચારિત્ર એ, રત્નત્રયી નીરધાર,
ત્રણ પ્રદક્ષિણા તે કારણે, ભવ દુઃખ ભંજન હાર.

જીનસ્તુતિ.

મન્યેવરં હરિહરાદય એવ દૃષ્ટા,
દૃષ્ટેષુ એષુ હૃદયં ત્વયિ તોષમેતિ.
કિંવીક્ષિતેન ભવતા ભુવિયેનનાન્યઃ
કશ્ચિન્ મનોહરતિ નાથ ભવાંતરેપિ ॥

ત્વામવ્યયં વિભુમ ચિંત્યમ સંખ્યમાદ્યં,
બ્રહ્માણમીશ્વર મનંત મનંગ કેતુમ.
યોગીશ્વરં વિદિત યોગ મનેક મેકં,
જ્ઞાન સ્વરૂપ મમલંપ્રવદંતિ સંતઃ ॥

બુદ્ધસ્ત્વમેવ વિબુધાર્ચિત બુદ્ધિબોધાત્,
ત્વં શંકરોસિ ભુવનત્રય શંકર ત્વાત્
ધાતાસિ ધીર શિવમાર્ગ વિધે વિંધાનાત્,
વ્યક્તં ત્વમેવ ભગવન્ પુરૂષોત્તમોસિ ॥

ત્વં નાથ ? દુઃખિ જનવત્સલ ? હેશરણ્ય ?
કારૂણ્ય પુણ્ય વસતે વશિનાં વરેણ્ય,
ભક્ત્યા નતે મયિ મહેશ દયાં વિધાય.
દુઃખાં કુરોદ્દલન તત્પરતાં વિધેહિ ॥

દેવેંદ્ર વંદ્ય વિદિતા ખિલ વસ્તુસાર,
સંસાર તારક વિભો ભુવનાધિનાથ.
ત્રાય સ્વદેવ કરૂણા હૃદમાં પુનીહિ,
સિદંત મદ્ય ભયદ વ્યસનાં બુરાશેઃ ॥

યદ્યસ્તિ નાથ ભવદંધ્રિ સરોરૂહાણાં,
ભક્તેઃ ફલં કિમપિ સંતતિ સંચિતાયાઃ
તન્મે ત્વદેક શરણસ્ય શરણ્ય ભૂયાઃ
સ્વામીત્વમેવ ભુવનેઽ ત્રભવાંતરેપિ ॥

શ્રીમાનર્હન્ શિવઃસ્વાતી નાભિભૂ પુરૂષોત્તમા
પુષ્ણાતુ ભક્તિ નિષ્ણાનાં શ્રિયંસર્વાતિશાયિનીમ્.

પૂણ્યાનાં વિપનિસ્તમો દિનમણે કામે ભકુંભે,
શ્રૃણિ. મોંક્ષૈર્નિસ્સરણિ સુરેંદ્ર કરણિ જ્યોતિ.
પ્રકાસારિણિ ॥ દાને દેવ મનેનતૌત્તમજન,
શ્રેણિકૃપા સારિણિ ॥ વિશ્વાનંદ સુધા ઘૃણિ ભવ.
ભિદે શ્રી પાર્શ્વ ચિંતામણિઃ ॥

સર્વારિષ્ટ પ્રણાશાય, સર્વા ભિષ્ટાર્થ દાયિને;
સર્વ લબ્ધિ નિધાનાય, ગૌતમ સ્વામિને નમઃ ॥

અજ્ઞાન તિમિરાન્ધાનાં, જ્ઞાનાંજન શલાકયા;
નેત્રાન્મીલિતં યેન, તસ્મૈ શ્રી ગુરવે નમઃ ॥

અદ્ય સફળતા નિરીક્ષ્ય નેત્ર દ્ધસ્ય;
દેવત્વ દીય ચરણાબ્જ વિક્ષણેન ॥
અદ્ય ત્રિલોક તિલકં પ્રતિભાસતે મે;
સંસાર સાગર રિયં ચલુક પ્રમાણં ॥

અદ્ય મે સફલજન્મ અદ્ય મે સફળા ક્રિયા;
શુભો દિનો દયોઽસ્માકં, જીનેંદ્ર તવ દર્શનાત્ ।
અદ્યમિથ્યાંધકારસ્ય હંતા જ્ઞાન દિવાકર;
ઉદીતો મચ્છરિ રેષ્મિન્, જીનેંદ્ર તવ દર્શનાત્ઃ ॥
અદ્ય મે કર્મ સંઘાતં, વિનષ્ટં ચિર સંચિતમ્
દુર્ગત્યાપિ નિવૃતોઽદ્ય, જીનેંદ્ર તવ દર્શનાત્ ॥

નહિ ત્રાતા નહિ ત્રાતા, નાહ ત્રાતા જગત ત્રયે,
વિતરાગ સમો દેવો ન ભૂતો ન ભવિષ્યતિ ॥
ન કોપો ન લોભો ન માનં ન માયા,
ન હાસ્યં ન લાસ્યં ન ગીતં ન કાન્તા, ॥
ન ચાપત્યશત્રો ર્ન મિત્રં કલત્રં,
ત્વમેક પ્રપદ્યે, જીનદેવ દેવમ્ ॥

ચિદાનંદ સ્વરૂપાય, રૂપાતિતાય તાયિને,
પરમ જ્યોતિષે તસ્મૈ, નમઃ શ્રી પરમાત્મને. ॥
નમો દૂર્વાર રાગાદિ, વૈરિવાર નિવારણે,
અર્હતે યોગિનાથાય, મહાવીરાય તાયિને. ॥
યસ્ય સંકલેશ જનનો, રાગો નાસ્ત્યેવ સર્વથા,
ન ચ દ્વેષો ऽ પિ સત્વેષુ, શમેન્ધનં દાવાનલ ॥
નચમોહોપિસજ્જજ્ઞાન, ચ્છાદનો શુદ્ધ વૃત્ત કૃત,
ત્રિલોક ખ્યાતઃ મહિમા, મહાદેવઃ સઉચ્યતે. ॥
એવં ભૂતાય શાંતાય, કૃત કૃત્યાય ધીમતે,
મહાદેવાય સતતં, સમ્મદગ્ ભકત્યા નમો નમઃ ॥
ઐંદ્ર શ્રેણીનતા પ્રતાપ ભવનં, ભવ્યાંગી નેત્રામૃતં ॥
સિદ્ધાંતો પનિષદ્ વિચાર ચતુરૈ, પ્રીત્યા પ્રમાણિ કૃતા,
મૂર્તિઃ સ્ફુર્તિ મતિ સદા વિજયતે, જૈનેશ્વરી વિસ્ફુરનઃ
મોહોન્માદ ઘન પ્રમાદ મદિરા, મતૈર નાલોકિતા ॥

દર્શનભાવના.

આતમરૂપ નીહાલવા, જીન બીંબ અનુપ નિદાન;
આતમ દર્શન આરિસો, પ્રતિમાજી ભગવાન.
જીન પ્રતિમા જીન સારીખી, ભેદ નહી લવ લેશ;
દર્શન પૂજા ભક્તિથી, ટાળે ભવ ભવ કલેશ.
જીન પ્રતિમા અવલંબને, તરીઆ જીવ અનેક;
મહોટે પુન્યે પામીએ, દર્શન શુદ્ધ વિવેક ॥ ૧

પૂજા ભાવના.

પ્રભુ પૂજનકું હું ચાલ્યો. કેશર ચંદન ઘન સાર,
નવ અંગે પૂજા કરી, સફળ કરૂં અવતાર. ॥
પાંચ કોડીને ફુલડે, પામ્યા દેશ અઢાર,
કુમાર પાલ રાજા થયો, વર્ત્યો જય જયકાર. ॥
શ્રી જીનેશ્વર પૂજતા ઉત્કૃષ્ટે પરિણામ,
કરતાં કંઇ જીવ પામ્યા, સ્વર્ગ મોક્ષના ધામ. ॥
સમકિતને અજુવાલવા, ઉત્તમ એહ ઉપાય,
પૂજાથી તમે પ્રીછજો. મન વાંછિત સુખ થાય. ॥
ભવદવ દહન નિવારવા, જલદ ઘટા સમજેહ,
જીન પૂજા જુગતે કરી, ત્રિવિધે કીજે તેહ. ॥
પૂજા કુગતિની અરગલા, પુન્યસરોવર પાલ,
શિવ ગતિની સાહેલડી, આપે મંગલ માલ. ॥
જીન દર્શન પૂજા વિના, જેહના દહાડા જાય,
તે સર્વ વાંઝીયા જાણીએ, વલી જન્મ અકારજ જાય. ॥

પં. શ્રી વિરવિજયજીકૃત.

સ્નાત્ર પૂજા.

પૂર્વ દિશાએ અથવા ઉત્તર દિશાએ બાજોઠ માંડી તેના ઉપર કુમનો સ્વસ્તિક કરી શ્રીફળ કે સોપારી મુકી ઉપર સિંહાસન કી તેમાં કેશરનો સ્વસ્તિક કરી માંહે પંચ તિર્થની પ્રતિમા સ્થાપન રીએ. પછી પંચામૃતના કળશ ભરી તેને અંગલુહણો ઢાંકીને કલશને ત્યાં સ્થાપન કરવો. પછીનીચે લખેલી ગાથા કહેવી.

સરસ શાંતિ સુધારસ સાગરં,
શુચિતર ગુણ રત્ન મહાગરં.
ભવિક પંકજ બોધદિવાકરં,
પ્રતિદિનં પ્રણમામિ જીનેશ્વરં.
કુસુમાભરણ ઉતારીને, પડીમા ધરિય વિવેક,
મજ્જન પીઠે થાપીને, કરીએ જલ અભિષેક.
જીન જમ્મ સમયે મેરૂ,
સિહરં રયણ કણય·કલસેહિં.
દેવા સુરહિ ન્હવિઉ,
તે ધન્ના જેહિં દિઠ્ઠોસિ–૩.

કુસુમાંજલિ ઢાળ.

નિર્મલ જલ કલશે નવરાવે,
વસ્ત્ર અમુલક અંગ ધરાવે.
કુસુમાંજલિ મહેલો આદિ જીણુંદા,
સિદ્ધસ્વરૂપી અંગ પખાલી.
આતમ નિર્મલ હુઇ સુખમાલી—કુસુમાંજલી.

॥ ગાથા ॥ આર્યાગીતિ.

મચકુંદ ચંપ માલઇ.
કમલાઇ પુપ્ફ પંચ વણ્ણાઇ,
જગનાહ ન્હવણ સમયે.

॥ દેવા કુસુમાંજલી ઇતી. ॥

કુસુમાંજલિ મેહલો આદિ જીણુંદા ॥૧॥

એમ કહીને જમણા અંગુઠા ઉપર પૂજા કરીને પુષ્પ ચઢાવવું.

નમોऽર્હત્ સિદ્ધાચાર્ય ઉપાધ્યાય સર્વ સાધુભ્યઃ

કુસુમાંજલિ ઢાલ.

રયણ સિંહાસન જીન થપિજે ॥ કુસુમાંજલિ પ્રભુ ચરણે દીજે ॥
કુસુમાંજલિ મહેલો શાંતિ જીણુંદા ॥

દોહા.

જીણ તિહુઁકાલય સિદ્ધની, પડિમા ગુણ ભંડાર.
તસુ ચરણે કુસુમાંજલિ, ભવિક દુરિત હરનાર,
નમોऽર્હત્ સિદ્ધાચાર્ય, ઉપાધ્યાય સર્વ સાધુભ્યઃ ॥

કુસુમાંજલિ ઢાલ.

કૃષ્ણાગર વર ધુપ ધરીજે સુગંધ કર કુસુમાંજલિ દીજે ॥
કુસુમાંજલિ મહેલો નેમિ જીણુંદા ॥ ૧ ॥

॥ ગાથા આર્યાગીતિ ॥

જસુ પરિમલ બલ દહદિસિ.
મહુકર ઝંકાર સદ સંગિયા,
જીણ ચલણોવરિ મુક્કા,
સુરનર કુસુમાંજલિ સિદ્ધા ॥
નમો ऽર્હત્ સિદ્ધાચાર્ય ઉપાધ્યાય સર્વ સાધુભ્યઃ

॥ કુસુમાંજલિ ॥

પાસજીણેસર જગ જયકારી; જલથલ ફુલ ઉદાર કરધારી. કુસુમાંજલિ મહેલો પાર્શ્વજીણુંદાઃ ॥

દોહા.

મૂકે કુસુમાંજલિ સુરા, વીરચરણ સુકુમાલ.
તે કુસુમાંજલિ ભવિકના પાપ હરે ત્રણ કાલ;
નમોऽર્હત્ સિદ્ધાચાર્ય ઉપાધ્યાય સર્વ સાધુભ્યઃ

॥કુસુમાંજલિ ઢાલ. ॥

વિવિધ કુસુમ વરજાતિ ગહેવીત્ર ॥
પણ નતઠવેવી ॥ કુસુમાંજલિ મહેલો વીરજીણુંદા. ॥

વસ્તુ છંદ

ન્હવણકાલેં ન્હવણકાસેં દેવદાણુવ સમુચ્ચિયય ॥ કુસુમાંજલિ તહિંસંઠવિય, પસરંત દિસિપરિમલ સુગંધિય ॥ જીણપયકમલે નિવડેઇ ॥ વિગ્ધહર જસનામમંતો અનંત ચઉવીસ જીન ॥ વાસવ મલિય અસેસ ॥ સાકુસુમાંજલિ સુહકરો ચઉવિહ સંઘ વિસેસ ॥ કુસુમાંજલિ મેહલો ચઉવીસ જીણુંદા ॥

નમોऽર્હત્ સિદ્ધાચાર્ય ઉપાધ્યાય સર્વ સાધુજયઃ

॥ કુસુમાંજલિ ॥ ઢાલ ॥

॥ અનંત ચઉવીસી જીનજી જુહારૂં વર્તમાન ચઉવીસી સંભારૂં ॥ કુસુમાંજલિ મહેલો ચોવીસજીણુંદા.

દોહા.

અહાવિદેહે સંપ્રતિ, વિહરમાન જીન વીસ.
ભક્તિભરે તે પૂજીયા, કરો સંઘ સુજગીશ ॥૧૦॥
નમોર્હત્ સિદ્ધાચાર્ય ઉપાધ્યાય સર્વ સાધુભ્યઃ॥

॥ કુસુમાંજલિ ॥ ઢાલ ॥

અપછરમંડલિ ગીત ઉચ્ચારા શ્રી શુભવીર વિજય જયકારા.
કુસુમાંજલિ મહેલો સર્વજીણુંદા ઇતિશ્રી કુસુમાંજલયઃ ॥

પછી સ્નાત્રીયા ત્રણુ ખમાસમણુ દેઇ જગ ચિંતામણીનું ચૈત્યવંદન કરી નમુથ્થુણું કહી જય વિરાય સુધી કહે પછી પોતાના નવ અંગે પૂજા કુંકુમથી કરી હાથ ધોઇ ધુપી મુખકોશ બાંધી પુરણુ કળશ ભરી અંગલુ હાણુથી ઢાંકી લઇ ઉભો રહે પછી કલશ કહે.

॥ અથકલશ દોહા ॥

સયલ જીનેશર પાયનમિ, કલ્યાણુક વિધિતાસ;
વર્ણુંવતાં સુણુતાં થકાં, સંઘની પૂગે આશ.

॥ ઢાલ એક દીન અચિરા હુલરાવતી ॥

સમકિત ગુણુ ઠાણે પરિણુમ્યા, વતીવ્રતધર સંયમ સુખરમ્યા. વિશસ્થાનક વિધિયે તપ કરી એસી ભાવ દયા દીલમાં ધરી ॥ ૧ ॥ જો હુવે મુજ શક્તિ એસી, સવિજીવ કરૂં શાસન રસી ॥ શુચિ રસ ઢલતે તિંહા બાંધતાં, તિર્થંકર નામ નિકાચતાં ॥ ૨ ॥ સરાગથી સંજમ આચરી, વચમાં એક દેવનો ભવ કરી ॥ ચવિ પન્નર ક્ષેત્ર મહતરે ॥ મધ્યમ ખંડે પણુ રાજવીકુલે ॥ ૩ ॥ પટરાણી કૂખે ગુણુ નિલો, જેમ માન શરોવર હંસલો ॥ સુખ શય્યાયે રજની શેષે, ઉતરતાં ચઉદ સુપન દેખે ॥ ૪ ॥

॥ ઢાલ સ્વપ્નની ॥

॥ પહેલે ગજવર દીઠો, બીજે વૃષભ પઇઠો ॥ ત્રીજે કેસરીસિંહ ચોથે લખમી અબીહ ॥ ૧ ॥ પાંચમે ફુલની માલા. છઠ્ઠે ચંદ્ર વિશાલા ॥ રવિ રાતો ધ્વજ મોટો, પૂરણ કલશ નહિ છોટો ॥ ૨ ॥ દશમેં પદ્મ સરોવર, અગિયારમે રત્નાકર ॥ ભુવન વિમાન રત્નગંજી, અગ્નિ શિખા ધૂમ વર્જી ॥ ૩ ॥ સ્વપ્ન લહી જઇ રાયને ભાસે, રાજા અર્થ પ્રકાશે ॥ પૂત્ર તિર્થંકર ત્રીભુવન નમશે. સકળ મનોરથ ફલશે ॥ ૪ ॥

વસ્તુછંદ.

અવધિનાણે અવધિનાણે ॥ ઉપના જીનરાજ ॥ જગત જસ· પરમાણુઆ, વિસ્તર્યા વિશ્વ જંતુ સુખકાર ॥ મિથ્યાત્વતારા નિર્બલા. ધર્મ ઉદય પરભાત સુંદર ॥ માતા પણ આણંદિઆ, જાગતી ધર્મ વિધાન ॥ જાણંતી જગ તિલક સમો, હોશે પૂત્ર પ્રધાન ॥ ૧ ॥

દોહા.

શુભ લગ્નેં જીન જનમિયા, નારકીમાં સુખ જ્યોત,
સુખ પામ્યા ત્રિભુવનજના, હુઓ જગત ઉદ્યોત. ॥

॥ ઢાલ ॥ કાડખાની દેશી ॥

સાંભળો કલશ જન્મ મહોત્સવનો ઇહા છપ્પન કુમરીદિશિ, વિદિશિ આવે તિંહા ॥ માય સુતનમિઅ, આણંદ અધિકો ધરે ॥ અષ્ટ સંવર્ત વાયુથી કચરો હરે ॥૧॥ વૃષ્ટિ ગંધોદકે, અષ્ટ કુમરી કરે, અષ્ટ કલશા ભરી, અષ્ટ દર્પણ ધરે (દર્પણ દેખાડવું) અષ્ટ ચામર ધરે, (ચામર વીંઝવું) અષ્ટ પંખાલહી, ચાર રક્ષા કરી, ચાર દીપક ગ્રહી ॥૨॥ ઘર કેરી કેળના માય સુત લાવતી ॥ કરણશુચિકર્મ જલ કળશે ન્હવરાવતી ॥ કુસુમપુજા

અલંકાર પહેરાવતી ॥૩॥ નમીઅ કહે માય તુજ બાળલીલાવતી ॥ મેરૂ રવિચંદ્ર લગે જીવજો જગપતિ ॥ સ્વામિ ગુણગાવતી નીજ ઘર આવતી ॥ તેણે સમે ઈંદ્ર સિંહાસન કંપતી ॥૪॥

॥ ઢાલ ॥ એકવીસાની દશી ॥

જીન જનમ્યાજી જીણવેલા જનની ઘરે તિણ વેલાજી ઈંદ્ર સિંહાસન થરહરે ॥ દાહિણો ત્તરજી, જેતા જીન જન્મે યદા દિશિ નાયકજી સોહમ ઇશાન બેહુ તદા ॥૧॥

ત્રુટક.

તદાચિંતે ઇંદ્ર મનમાં, કોણ અવસર એ બન્યો ॥ જીન જન્મ અવધિનાણે જાણી હર્ષ આનંદ ઉપનો ॥૧॥ સુઘોષા આદે ઘંટ નાદે ઘોષણા સુરમે કરે. (ઘંટ વગાડવો) સવિ દેવી દેવા જન્મ મહોત્સવે આવજો મલી સુરગિરિ વરે ॥૨॥

॥ ઢાલ પૂર્વલી ॥

એમ સાંભલીજી, સુરવર કોડી આવી મલે ॥ જીન મહોત્સવજી કરવા મેરૂ ઉપર ચલે ॥ સોહમપતિજી, બહુ પરિવારે આવિયા. માય જીનનેજી વાંદી પ્રભુને વધાવીઆ ॥ ૩ ॥

ત્રુટક.

વધાવી બોલે હે રત્ન કુખ ધારિણી તુજ તણો ॥ હું શક્ર સોહમ નામે કરશું, જન્મ ઉત્સવ અતિ ઘણો ॥ એમ કહી જીન પ્રતિ બિંબ થાપી ॥ પંચરૂપે પ્રભુ ગ્રહી ॥ દેવ દેવી નાચે હર્ષે સાથે ॥ સુરગિરિ આવ્યા વહી ॥ ૪ ॥

॥ ઢાલ પૂર્વલી ॥

મેરૂ ઉપરજી, પાંડુક વનમે ચીંહુ દિશી ॥ શિલ્લા ઉપરજી, સિંહાસન મન ઉલ્લસે ॥ તિંહા બેસીજી, શક્રે જીન ખોલે ધર્યા ॥ હરિ ત્રેસઠજી બીજા તિંહા આવી મળ્યા ॥

ત્રુટક.

॥ મલ્યા ચોંસઠ સુરપતિ તિંહા, કરે કલશ અડ જાતિના, માગધાદિ જળ તિર્થ ઔષધી ધપ બલિ બહુ ભાતીના, અચ્યુત પતિએ હુકમ કીનો, સાંભલો દેવા સવે, ખીર જલધિ ગંગાનીર લાવો, ઝટિતિજીન મહોત્સવે ॥ ૬ ॥

॥ ઢાલ વિવાહલાની દેશી ॥

સુર સાંભલીને સંચરીયા, માગધવરદામે ચલીઆ, પદ્મદ્રહ ગંગા આવે, નિર્મલ જળ કળશ ભરાવે ॥ ૧ ॥ તીરથ ફળ ઔષધી લેતા વળી ખીર સમુદ્રે જાતા, જળ કલશા બહુલ ભરાવો ॥ ફુળ ચંગેરી થાલ લાવે ॥ ૨ ॥ સિંહાસન ચામર ધારી, ધુપ ધાણા રકાબી સારી સિદ્ધાંતે ભાખ્યા જેહ ॥ ઉપકરણ મિલાવે તેહ ॥ ૩ ॥ તે દેવ સુર ગિરિ આવે ॥ પ્રભુ દેખી આનંદ પાવે ॥ કલશાદિક સહુ તિહાં ઠાવે. ભક્તે પ્રભુના ગુણ ગાવે. ॥

॥ ઢાલ રાગ પન્યાશ્રી ॥

આતમ ભક્તિ મીલ્યા કેઇ દેવા, કેતા મિત્તનું જાઇ ॥ નારી પેર્યા વલી નિજ કુલવટ, ધર્મીધર્મ સખાઇ ॥ જોઇસ વ્યંતર ભુવન પતિના, વિમાનિક સુર આવે ॥ અચ્યુત પતિ હુકમે ધરી કળશા અરિહાને નવરાવે ॥આ૦॥૧॥ અડજાતિ કલશા પ્રત્યેકે, આઠ આઠ સહસ્સ પ્રમાણો ચોસઠ સહસ્સ હુવા અભિષેકે ॥ અઢીસે ગુણા કરી

જાણો ॥ સાઠ લાખ ઉપર એક કોડી કલશાના અધિકાર ॥ બાસઠ ઈંદ્રતણા તિંહા બાસઠ લોકપાળના ચાર ॥આ૦॥૨॥ ચંદ્રની પંકિત છાસઠ છાસઠ, રવિ સેણી નરલાકો ॥ ગુરૂ સ્થાનક સુરકેરો એકજ, સામાનિકનો એકો ॥ સોહમપતિ ઇસાનપતિની, ઈંદ્રાણીના સોલ ॥ અસુરની દશ ઈંદ્રાણી નાગની, બાર કરે કલ્લોલ ॥આ૦॥૩॥ જ્યોતિષ વ્યંતર ઈંદ્રની ચઉચઉ, પર્ષદા ત્રણનો એકો ॥ કટકપતિ અંગ રક્ષક કેરો, એક એક સુવિવેકો પરચુરણ સુરનો એક છેલ્લો એ અઢીસેં અભિષેકો ॥ ઇશાન ઈંદ્ર કહે મુજ આપો પ્રભુને ક્ષણ અતિરેકો ॥આ૦॥૪॥ તવતસ ખોલે ઠવિ અરિહાને ॥ સોહમપતિ મનરંગે ॥ વૃષભ રૂપ કરી શૃંગજળ ભરી, ન્હવણ કરે પ્રભુ અંગે ॥ પુષ્પાદિક પૂજીને છાંટે, કરી કેશર રંગરોલે ॥ મંગલ દીવો આરતી કરતાં, સુરવર જયજય બોલે ॥આ૦॥ ભેરી ભુંગળ તાળ બજાવત ॥ વલિયા જીનકર ધારી ॥ જનની ઘર માતાને સોંપી એણીપરે વચન ઉચ્ચારી ॥ પુત્ર તુમારો સ્વામિ અમારો, અમે સેવક આધાર ॥ પંચ ધાત્રી રંભાદિક થાપી, પ્રભુ ખેલાવણહાર ॥આ૦॥૬॥ બત્રીસ કોડી કનકમણિ માણેક, વસ્ત્રની વૃષ્ટી કરાવે ॥ પૂરણ હર્ષ કરેવા કારણ દ્વીપ નંદીશ્વર જાવે ॥ કરિય અઠ્ઠાય ઉત્સવ દેવા નિજ નિજ કલ્પ સધાવે ॥ દિક્ષા કેવળને અભિલાષે ॥ નિત નિત જીન ગુણ ગાવે ॥આ૦॥૭॥ તપગચ્છ ઇસરસિંહ સૂરીશ્વર કેરા શિષ્ય વડેરા ॥ સત્યવિજય પન્યાસ તણેપદ કર્પુર વિજય ગભીરા ॥ ખિમા વિજયતસ સુજસ વિજયના, શ્રી શુભ વિજય સવાયા ॥ પંડિત વિરવિજયતસ શિષ્યે, જીન જન્મ મહોત્સવ ગાયા ॥આ૦॥૮॥ ઉત્કૃ-ષ્ટા એકસોને સિત્તેરહ, સંપ્રતિ વિચરે વીસ ॥ અતિત અનાગત

કાળે અનંતા તિર્થંકર જગદીશ ॥ સાધારણ એ કળશ જે ગાવે, શ્રી શુભવીર સવાઇ ॥ મંગળ લીલા સુખભર પાવે, ઘરઘર હર્ષ વધાઇ ॥ ॥આતમ૦॥૯॥

અહિ કળશવડે અભિષેક કરીએ, પછી દુધ, દહિ ઘૃત–જળ સાકર એ પંચામૃત મેળવી પખાળ કરીએ પછી અંગલુહાણા કરી પૂજા કરીએ પુષ્પ ચઢાવીએ.

॥ લૂણા ઉતારણ ॥

લૂણા ઉતારો જીનવર અંગે. નિર્મળ જળધારા મનરંગે. ॥ ૧ ॥
જેમ જેમ તડતડ લૂણુજ ફુટે. તેમતેમ અશુભ કર્મ બંધ તૂટે ॥ ૨ ॥
નયણ સલૂણા શ્રી જીનજીનાં, અનુપમ રૂપ દયા રસ ભીનાં ॥ ૩ ॥
રૂપ સલૂણું જીનજીનું દિસે, લાજ્યું લૂણ તે જલમાં પેસે ॥ ૪ ॥
ત્રણ પ્રદક્ષિણ દેઇ જળધારા, જળણ ખેપવીએ લૂણ ઉદારા ॥ ૫ ॥
જે જીન ઉપર દુમણો પ્રાણી, તે એમ થાજો લૂણ જયું પાણી ॥ ૬ ॥
અગર કૃષ્ણાગુર કુંદરૂ સુગંધે, ધૂપ કરીએ વિવિધ પ્રબંધે ॥ ૭ ॥
ઇતી લૂણ વિધિ.

અથ આરતિ

વિવિધ રત્નમણિ જડિત રચાવો. થાળ વિશાળ અનોપમ લાવો ॥ આરતિ ઉતારો પ્રભુજીને આગે ॥ ભાવના ભાવિ શિવસુખ સાગે ॥ આ૦ ॥ ૧ ॥ સાત ચૌદને એક વીસ ભેવા, ત્રણ ત્રણવાર પ્રદક્ષિણા દેવા ॥ આ૦ ॥ ૨ ॥ જેમ જેમ જળધારા દેઇ જંપે, તિમ તિમ દોહગ થર હર કંપે ॥ આ૦ ॥ ૩ ॥ બહુ ભવ સંચિત પાપણાસે ॥ વ્રવ્ય પૂજાથી ભાવ ઉલ્લાસી ॥ આ૦ ॥ ૪ ॥ ચૌદ ભૂવનમાં જીનજીને તોલે ॥ કોઇ નહી એમ આરતી બોલે ॥ આ૦ ॥ ૫ ॥ ઇતિ આરતિ

મંગળ દીવો.

દીવોરે દીવો, મંગલિક દીવો. ભૂવન પ્રકાશક જીન ચિરંજીવો દી૦ ॥ ૧ ॥ ચંદ સુરજ તુમ મુખ કરો, લુંછન કરતા દે નિત ફેરા ॥ ૨ ॥ જીન તુજ આગળ સુરની અમરી, મંગલ દીપ કરી દીએ ભમરી ॥ દી૦ ॥ ૩ ॥ જીમ જીમ ધૂપ ઘટા પ્રગટાવે તેમ તેમ ભવના દુરિત દઝાવે ॥ દી૦ ॥ ૪ ॥ નીર અક્ષત કુંસુમાંજલી ચંદન ॥ ધુપ દીપ ફળ નૈવેદ્ય વંદન ॥ દી૦ ॥ ૪ ॥ ઇણીપેરે અષ્ટ પ્રકારી કીજે ॥ પૂજા સ્નાત્ર મહોત્સવ ॥૫॥ ભણીજે ॥ દી૦ ॥ ૬ ॥ ઇતિ મંગલ દીપક.

॥ ઇતિ શ્રી વિર વિજયજીકૃત સ્નાત્ર પૂજા સમાપ્ત ॥

ચૈત્ય વંદન વિધિ.

પ્રથમ ઉભા થઇને નીચે પ્રમાણે બોલવું.

"ઇચ્છામિ ખમાસમણો વંદિઉં જાવનિજ્જાએ. નિસિહિઆએ મથ્થએણ વંદામિ" કહી પંચાંગ નમસ્કાર કરે એ પ્રમાણે એ સત્ર ઉભા થઇ ત્રણ વખત કહેવું. પછી.

ઇચ્છા કારેણ સંદિસહ, ભગવાન્ ચૈત્યવંદન કરૂં ॥ ઇચ્છં. કહી બે હાથ જોડીને ચૈત્યવંદન કહેવું.

ચૈત્ય વંદન.

સકળ કુશળ વલ્લી, પુસ્કરાવ્રત મેઘો.
દુરિત તિમિર ભાનુ, કલ્પ વૃક્ષોપમાનં
ભવજળ નિધિ પોતઃ સર્વં સંપત્તિ હેતુ.

સભવતુ ભવતાંભો શ્રેયસે શ્રીશાંતિનાથ શ્રેયસે શ્રી પાર્શ્વનાથ ॥ આશા પુરે પ્રભુ પાસજી, તોડે ભવપાસ, વામા માતા જન્મ્યા અહિ લંછન જાસ ॥ અશ્વસેન સુત સુહકરૂએ નવ હાથ નીકાયા ॥ કાશી દેશ બનારશી, પુન્યે પ્રભુ આયા ॥ એકસે વરસનું આઉખું પાળી પાસ કુમાર, પદ્મ કહે મુકતે ગયા. નમતાં સુખ નિરધાર ॥ઇતિ॥

(આ સિવાય કોઇપણ બીજું ચૈત્યવંદન પણ કહેવાય)

(પછી) (સૂત્ર) (જંકિંચિં)

જંકિંચિનાં તિત્થં સગ્ગે પયાલે.
માણુસુલોએ. જાઇં જીન બિંબાઇ,
તાઇં સવ્વાઇં વંદામિ.

(પછી) ડાબુ ઢીંચણ ઉંચું કરી જમણું નીચું કરી બે હાથ જોડી આ પ્રમાણે કહેવું.

(સૂત્ર) (નમુત્થુણં)

નમુત્થુણં. અરિહંતાણં, ભગવંતાણં, આયગરાણં, તિત્થયથરાણં, સયંસંબુદ્ધાણં, પુરિસોત્તમાણં પુરિસસિહાણં, પુરિસવર પુંદરિઆણં, પુરિસવર ગંધહત્થિણં લોગુત્તમાણં, લોગનાહણં, લોગહિઆણં લોગ પઇવાણં, લોગપજ્જુઅગરાણં, અભયદઆણં, ચખ્ખુદયાણં, મગ્ગદઆણં, શરણદઆણં, બોહિદઆણં, ધમ્મદઆણં. ધમ્મદેસિઆણં, ધમ્મનાયગાણં, ધમ્મસારહિણં, ધમ્મવરચાઉરત્ત ચક્કવટ્ટીણં, અપ્પડિહઅ વરનાણ દંસણધરાણં, વિઅટ્ટછઉમાણં, જીણાણં જાવઆણં, તિન્નાણંતારઆણં, બુદ્ધાણંબોહિઆણં, મુત્તાણં મોઅગાણં સવ્વન્નુણં, સવ્વદરિસણ, સીવમયલ, મરૂઓમણંત, મખ્ખય, મવ્વાબાહ,

મપુણુરાવટ્ટી, સિદ્ધગએનામધેયં, ઠાણુંસંપત્તાણું, નમોજીણાણું, જીઅ-ભયાણું જેઅઇઆસિદ્ધા, જેભવિસ્સંતિ, ણાગએકાલે, સંપઇઅવટ્ટમાણા, સવ્વે તિવિહેણુવંદામિ ॥

(જાવંતિચેઈઆએ.)

જાવંતિ ચેઇઆએ, ઉડ્ડેઅ અહેઅ, તિરિએ લોએઅ, સવ્વાઈં તાઈં વંદે ઇઅ સંતો તથ્થ સંતાઇ ॥

(જાવંતિ કેવી.)

જાવંતિ કેવી સાહુ ભરહેરવેઅ મહાવિદેહેઅ, સવ્વે સિંતે સિંપન્નો, તિવિહેણુ તિદંડ વિરઆણું ॥

(નમોર્હત.)

નમોઽર્હત્ સિદ્ધાચાર્ય ઉપાધ્યાય સર્વ સાધુભ્ય:

પછી "સ્તવન" કે "ઉવસગ્ગહર" સ્તોત્ર કહેવું અથવા બંને કહેવા

(સ્તવન)

મેરો પ્રભુ પારસનાથ આધાર ॥ આ ભવ પરભવ વંછિત પૂરે. શીવ પદકો દાતાર ॥ ૧ ॥ મેરો ॥ વામાજીકો નંદન નિરખ્યો તે પામ્યા ભવપાર ॥ ૨ ॥ મેરો ॥ કહત શામળ દેવ આશા પુરો મન તણી, સેવકની કરો સાર ॥ ૩ ॥ મેરો ॥

સ્તવન કહેવું અથવા કોઇપણ બીજુ સ્તવન કહેવું.

(ઉવસગ્ગહરં)

ઉવસગ્ગહરં પાસંપાસં વંદામિ. કમ્મધન મુક્કં વિસહર વિસ-નિન્નાશં મંગલ કલ્યાણ આવાસં ॥ ૧ ॥ વિસહર ફુલિંગ મંતં કંઠે ધારેઇ જોસયા મનુઓ. તસ્સગહ રોગ મારી ॥ દુઠ્ઠજરાજંતિ ઉવસ્સામં ॥ ૨ ॥ ચિઠ્ઠઉ દુરે મંતો તુજ્ઝ પણામોવિ, બહુ ફલો હોઇ. નર

તિરિઆણુ વિજીવા પાવંતિ ન દુઃખ્ખ દોગચ્ચં ॥ ૩ ॥ તુહ સમ્મતેલદ્ધે. ચિંતામણિ કપ્પપાય વમ્મહિએખ. પાવંતિ અવિગ્ઘેણું. જીવા અય-રામરંઠાણું ॥ ૪ ॥ ઇય સંથુઓ મહાયસ. ભત્તિબ્મર નિબ્ભરેણ હિઅએણ. તાદેવ દિજ્જબોહિં ભવે ભવે પાસ જીણચંદ ॥ ૫ ॥ ઇતિ ૧૩

પછી બે હાથ મસ્તકે જોડી. (જયવિરાય) કહેવું.

(જય વિરાય)

જયવિરાય જગગુરૂ હોઉ મમ તુહપભાવઓ, ભયવંભવનિવ્વેઓ મગ્ગાનુસારિઆ ઇટ્ઠફલસિદ્ધિ, લોગ વિરૂદ્ધચ્ચાઉ, ગુરૂ જણ પૂઆ પરથ્થકરણુંચ સુહગુરૂ જોગો તવ્વયણ સેવણા આભવ મ ખંડા. ॥

(પછી હાથ જરા નીચે ઉતારી.)

વારિ જજઇ જઇ વિ તિઆણુ બંધણું. વિયરાય તુહસમએ, તહવિ મમ હુજ્જ સેવા, ભવે ભવે તુમ્હ ચલણાણું. દુખ્ખ ખઉ કમ્મખ્ખઉ સમાહિ મરણુંચ બોહિલાભોઅ, સંપજ્જો મહએઅં તુહનાહપણામ કરણેણું. સર્વ મંગલ માંગલ્યં સર્વ કલ્યાણ કારણું પ્રધાન સર્વ ધર્માણું જયણું જયતિ શાસનં ॥ ઇતિ. (જયવિરાય)

પછી ઉભા થઇ હાથ જોડી. આ પ્રમાણે કહેવું.

અરિહંત ચેઇઆણું કરેમિ કાઉસ્સગ્ગં.

વંદણ વત્તિઆએ.

વંદણ વત્તિઆએ. પુઅણ વતિઆએ સક્કાર વતિઆએ સમ્માન વત્તિઆએ બોહિલા ભવત્તિઆએ નિરૂવસગ્ગ વત્તિઆએ, સદ્ધાએ, મેહાએ ધીઇએ. ધારણાએ, અણુપ્પેહાએ, વઢ્ઢમાણીએ ઠામિ કાઉસ્સગ્ગં. પછી નીચે પ્રમાણે કહેવું.

(અન્નથ)

અનત્થ ઉસસિએણું, નિસસિએણું, ખાસિએણું, છિએણું, જંભાઇએણું. ઉડ્ડુએણું, વાએનિસગ્ગેણું. ભમલિએ પિત્ત મુછાએ, સુહુમેહિં, અંગ સંચાલેહિ, સુહુમેહિં ખેલ સંચાલેહિં, સુહુમેહિં દિઠ્ઠિ સંચાલેહિં, એવમા એહિં, આગારેહિં, અભગો, અવિરાહિઓ, હુજ્જ મે, કાઉસગ્ગો, જાવ અરિહંતાણું, ભગવંતાણું. નમુક્કારેણું, ન પારેમિ, તાવકાયં ઠાણેણું, મોણેણું, ઝંઝાણેણું, અપ્પાણું વોસિરામિ. ॥

કહી પછી કાઉસગ્ગ એક નવકારનો કરવો ॥

॥ કાઉસ્સગ્ગ ॥ (નવકાર મંત્ર.)

નમો અરિહંતાણું, નમો સિદ્ધાણું, નમો આયરિયાણું, ॥ નમો ઉવઝ્ઝાયાણું ॥ નમોલોએ સવ્વ સાહુણું ॥ એસો પંચ નમુક્કારો ॥ સવ્વપાવો પણાસણો, મંગલાણુંચ, સવ્વેસિં ॥ પઢમં હવઇ મંગલં ॥ ઇતિ નવકાર, કાઉસ્સગ્ગમાં ચિન્તવવો, પછી નમો અરિહંતાણું કહી પારી થોય મોહોડેથી કહેવી.

॥ થોય ॥

શ્રી સંખેશ્વર પાસજી પુજીએ, નરભવનો લાહો લીજીએ, મન વાંછીત પુરણ સુરતરૂ, જયવામા સુત અલવેસર ॥૧॥ એ પ્રમાણે થોય કહેવી. અથવા કોઇ બીજી પસંદ હોય તે કહેવી.

પછી એક ખમાસમણું દેવું.

ઇચ્છામિ ખમાસમણો—વંદામિ.

(ઇતિ ચૈત્યવંદન વિધિ) સંપૂર્ણ.

શત્રુંજય તિર્થ વંદન.

દુહા.

અકેકું ડગલું ભરે, શેત્રુંજા સામો જેહ;
રીખવ કહે ભવ કોડનાં, કર્મ ખપાવે તેહ. ૧

શેત્રુંજા સમો તીરથ નહીં, રીખવ સમો નહીં દેવ;
ગૌતમ સ[illegible]ખા ગુરૂ નહીં, વળી વળી વંદુ તેહ. ૨

સીદ્ધાચળ સમરૂ સદા સોરઠ દેશ મોઝાર;
મનુષ જનમ પામી કરી, વંદુ વાર હજાર. ૩

સોરઠ દેશમાં સંચર્યો, ન ચઢયો ગઢ ગીરનાર;
શેત્રુંજી નદી નાહ્યો નહીં, તેનો એળે ગયો અવતાર. ૪

શેત્રુંજી નદી નાહીને, મુખ બાંધી મુખકોશ;
દેવ જુગાદી પૂજીએ, આણી મન સંતોષ. ૫

જગમાં તીરથ દો વડા, શેત્રુંજે ગીરનાર;
એક ગઢ રીખવ સમોસર્યા, એક ગઢ નેમકુમાર. ૬

સિદ્ધાચળ સિદ્ધિ વર્યા, મુનીવર અનંતી કોડ;
જ્યાં મુનીવર મુગતે ગયા, વંદુ બે કર જોડ. ૭

શેત્રુંજય ગીરી મંડણો, મરૂદેવીનો નંદ;
જુગલાધર્મ નીવારકો, નમો યુગાદી જીણંદ. ૮

સિદ્ધગિરિનાં ૧૦૮ ખમાસમણાં.

દોહરા.

આદીશ્વર અજર અમર, અવ્યાબાધ અહનીશ;
પરમાતમ પરમેસરૂ, પ્રણમું પરમ મુનીશ. ૧
જય જય જગપતિ જ્ઞાનભાન, ભાસિત લોકાલોક;
શુદ્ધસ્વરૂપ સમાધિમય, નમિત સુરાસુર થોક. ૨
શ્રી સિદ્ધાચલ મંડણો, નાભિનરેસર નંદ;
મિથ્યામતિ મત ભંજણો, ભવિકુમુદાકર ચંદ. ૩
પૂર્વ નવાણું જસ શિરે, સમવસર્યા જગનાથ;
તે સિદ્ધાચલ પ્રણમીયે, ભક્તે જોડી હાથ. ૪
અનંત જીવ ઇણ ગિરિવરે, પામ્યા ભવનો પાર;
તે સિદ્ધાચલ પ્રણમીયે, લહિયે મંગલ માલ. ૫
જશ શિર મુકુટ મનોહરૂ, મરૂદેવીનો નંદ;
તે સિદ્ધાચલ પ્રણમીયે, ઋદ્ધિ સદા સુખવૃંદ. ૬
મહિમા જેહનો દાખવા, સુરગુરૂ પણ મતિમંદ;
તે તિરથેશ્વર પ્રણમીયે, પ્રગટે સહજાનંદ. ૭
સત્તાધર્મ સંભારવા, કારણ જેહ પહુર;
તે તીરથેશ્વર પ્રણમીયે, નાસે અઘ સવિ દુર. ૮
કર્મકાટ સવિ ટાળવા, જેહનું ધ્યાન હુતાશ;
તે તીરથેશ્વર પ્રણમીયે, પામીજે સુખવાસ. ૯

પરમાનંદ દશા લહે, જસ ધ્યાને મુનિરાય;
તે તીરથેશ્વર પ્રણમીયે, પાતક દુર પલાય. ૧૦
શ્રદ્ધાભાસન રમણતા, રત્નત્રયીનુ હેતુ;
તે તીરથેશ્વર પ્રણુમીયે, ભવ મકરાકર સેતુ ૧૧
મહાપાપી પણ નિસ્તર્યા, જેહનું ધ્યાન સુહાય;
તે તીરથેશ્વર પ્રણુમીયે, સુરનર જસ ગુણ ગાય. ૧૨
પુંડરિક ગણધર પ્રમુખ. સિધ્યા સાધુ અનેક;
તે તીરથેશ્વર પ્રણુમીયે, આણી હૃદય વિવેક. ૧૩
ચંદ્રશેખર સ્વસાપતિ, જેહને સંગે સિદ્ધ;
તે તીરથેશ્વર પ્રણુમીયે, પામીજે નિજ ઋદ્ધિ. ૧૪
જલચર ખેચર તિરિય સર્વે, પામ્યા આતમ ભાવ;
તે તીરથેશ્વર પ્રણુમીયે, ભવજલ તારણ નાવ. ૧૫
સંઘયાત્રા જેણે કરી, કીધા જેણે ઉદ્ધાર;
તે તીરથેશ્વર પ્રણુમીયે, છેદીજે ગતિ ચાર. ૧૬
પુષ્ટિશુદ્ધ સંવેગ રસ, જેહને ધ્યાને થાય;
તે તીરથેશ્વર પ્રણુમીયે, મિથ્યામતિ સવિ જાય. ૧૭
સુરતરૂ સુરમણિ સુરગવિ, સુરઘટ સમ જસ ધ્યાવ;
તે તીરથેશ્વર પ્રણુમીયે, પ્રગટે શુદ્ધ સ્વભાવ. ૧૮
સુરલોકે સુર સુંદરી, મલિ મલિ થોકે થોક;
તે તીરથેશ્વર પ્રણુમીયે, ગાવે જેહના શ્લોક ૧૯
યોગીશ્વર જસ દર્શને, ધ્યાન સમાધિ લીન;
તે તીરથેશ્વર પ્રણુમીયે, હુઆ અનુભવ રસ લીન. ૨૦

માનુ ગગને સૂર્ય શશી, દિયે પ્રદક્ષિણા નિત્ય;
તે તીરથેશ્વર પ્રણુમીયે, મહિમા દેખણુ ચિત્ત. ૨૧
સુર અસુર નર કિન્નરા, રહે છે જેહની પાસ;
તે તીરથેશ્વર પ્રણુમીયે, પામે લીલવિલાસ. ૨૨
મંગલકારી જેહને, મૃતકા હરિ ભેટ;
તે તીરથેશ્વર પ્રણુમીયે, કુમતિ કદાગ્રહ મેટ. ૨૩
કુમતિ કૌશિક જેહને, દેખી ઝાંખા થાય;
તે તીરથેશ્વર પ્રણુમીયે, સવિતસ મહિમા ગાય. ૨૪
સુરજકુંડના નીરથી, આધિ વ્યાધિ પલાય;
તે તીરથેશ્વર પ્રણુમીયે, જસ મહિમા ન કહાય. ૨૫
સુંદર ટુંક સોહામણી, મેરૂસમ પ્રાસાદ;
તે તીરથેશ્વર પ્રણુમીયે, દુર ટલે વિખવાદ. ૨૬
દ્રવ્ય ભાવ વૈરી તણા, જિહાં આવે હોય શાંત;
તે તીરથેશ્વર પ્રણુમીયે. જાયે ભવની ભ્રાંત. ૨૭
જગહિતકારી જિનવરા, આવ્યા એણે ઠામ;
તે તીરથેશ્વર પ્રણુમીયે, જસ મહિમા ઉદ્દામ. ૨૮
નદી શેત્રુંજી સ્નાનથી, મિથ્યામલ ધોવાય;
તે તીરથેશ્વર પ્રણુમીયે, સવિ જનને સુખદાય. ૨૯
આઠ કર્મ જે સિદ્ધગિરે, ન દીયે તીવ્ર વિપાક;
તે તીરથેશ્વર પ્રણુમીયે, જિહાં નવિ આવે કાક. ૩૦
સિદ્ધશિલા તપનીયમય, રત્નસ્ફાટિક ખાણ;
તે તીરથેશ્વર પ્રણુમીયે, પામ્યા કેવલ નાણ. ૩૧
સોવન રૂપા રત્નની, ઔષધિ જાત અનેક;

તે તીરથેશ્વર પ્રણમીયે, ન રહે પાતક એક. ૩૨
સંયમધારી સંયમે, પાવન હોય જિણ ખેત્ર;
તે તીરથેશ્વર પ્રણમીયે, દેવા નિર્મલ નેત્ર. ૩૩
શ્રાવક જિહાં શુભ દ્રવ્યથી, ઉત્સવ પૂજા સ્નાત્ર;
તે તીરથેશ્વર પ્રણમીયે, પોખે પાત્ર સુપાત્ર. ૩૪
સ્વામિવત્સલ પુણ્ય જિહાં, અનંતગણું કહેવાય;
તે તીરથેશ્વર પ્રણમીયે, સોવન ફુલ વધાય. ૩૫
સુંદર જાત્રા જેહની, દેખી હરખે ચિત્ત;
તે તીરથેશ્વર પ્રણમીયે, ત્રીભુવનમાંહે વિદિત્ત. ૩૬
પાલીતાણું પુર ભલું, વાસરરે સુંદરપાલ;
તે તીરથેશ્વર પ્રણમીયે, જાયે સકલ જંજાલ. ૩૭
મનમોહન પાગે ચઢે, પગ પગ કર્મ ખપાય;
તે તીરથેશ્વર પ્રણમીયે, ગુણ ગુણિભાવ લખાય. ૩૮
જેણે ગિરિ રૂખ સોહામણા, કુંડે નિર્મલ નીર;
તે તીરથેશ્વર પ્રણમીયે, ઉતારે ભવતીર. ૩૯
મુક્તિમંદિર સોપાન સમ, સુંદર ગિરિવર પાજ;
તે તીરથેશ્વર પ્રણમીયે, લહિયે શિવપુર રાજ. ૪૦
કર્મકોટિ અઘ વિકટભર, દેખી ધ્રુજે અંગ;
તે તીરથેશ્વર પ્રણમીયે, દિન દિન ચઢતે રંગ. ૪૧
ગૌરી ગિરિવર ઉપરે, ગાવે જીનવર ગીત;
તે તીરથેશ્વર પ્રણમીયે, સુખે શાસન રીત. ૪૨
કવડ યક્ષ રખવાલ જસ, અહોનિશ રહે હજુર;
તે તીરથેશ્વર પ્રણમીયે, અસુરાં રાખે દુર. ૪૩

ચિત્ત ચાતુરી ચક્રેશ્વરી, વિઘ્ન વિનાસણહાર;
તે તીરથેશ્વર પ્રણમીયે, સંઘ તણી કરે સાર. ૪૪

સુરવરમાં મઘવા થયા, ગ્રહગણમાં જિમ ચંદ,
તે તીરથેશ્વર પ્રણમીયે, તિમ સવી તીરથ ઈંદ. ૪૫

દીઠે દુર્ગત નાસણો, સમર્યો સારે કાજ;
તે તીરથેશ્વર પ્રણમીયે, સવી તીરથ શિરતાજ. ૪૬

પુંડરિક પંચ કોડીશું, પામ્યા કેવલ નાણ;
તે તીરથેશ્વર પ્રણમીયે, કર્મ તણી હોય હાણ. ૪૭

મુનિવર કોડી દસ સહિત, દ્રવિડ અને વારિખેલ;
તે તીરથેશ્વર પ્રણમીયે, ચઢીયા શિવ નિશ્રેણ. ૪૮

નમિ વિનમિ વિદ્યાધરા, દોય કોડિ મુનિ સાથ;
તે તીરથેશ્વર પ્રણમીયે, પામ્યા શિવપુરે આથ. ૪૯

ઋષભવંશીય નરપતિ ઘણા, ઇણ ગિરિ પહોતા મોક્ષ;
તે તીરથેશ્વર પ્રણમીયે, ટાળ્યા ઘાતિક દોષ. ૫૦

રામ ભરત બિહું બાંધવા, ત્રણ કોડી મુનિ યુત્ત;
તે તીરથેશ્વર પ્રણમીયે, ઇણેગિરિ શિવ સંપત્ત. ૫૧

નારદ મુનિવર નિર્મલો, સાધુ એકાણું લાખ;
તે તીરથેશ્વર પ્રણમીયે, પ્રવચન પ્રગટ એ ભાખ. ૫૨

સાંબ પ્રદ્યુમ્ન ઋષિ કહ્યા, સાડી આઠે કોડી;
તે તીરથેશ્વર પ્રણમીયે, પૂર્વ કર્મ વિછોડી. ૫૩

થાવચ્ચાસુત સહજશું, અણસણ રંગે કીધ;
તે તીરથેશ્વર પ્રણમીયે, વેગે શિવપદ લીધ. ૫૪

શુક પરમાચારજ વળી, એક સહસ્સ અણુગાર;
તે તીરથેશ્વર પ્રણુમીયે, પામ્યા શીવપુર દ્વાર. ૫૫
શૈલ સૂરી મુની પાંચસે, સહીત હુઆ શીવનાહ;
તે તીરથેશ્વર પ્રણુમીયે, અંગે ધરી ઉત્સાહ. ૫૬
ઇમ બહુ સીદ્ધા ઇણે ગીરે, કહેતાં નાવે પાર;
તે તીરથેશ્વર પ્રણુમીયે, શાસ્ત્રમાંહે અધીકાર ૫૭
બીજ ઇહાં સમક્તિ તણું, રોપે આતમ ભોમ;
તે તીરથેશ્વર પ્રણુમીએ, ટાળે પાતક સ્તોમ. ૫૮
બ્રહ્મ સ્ત્રી ભ્રૂણ ગોહત્યા, પાપે ભારીત જેહ;
તે તીરથેશ્વર પ્રણુમીયે, પહોતા શીવપુર છેહ. ૫૯
જગ જોતાં તીરથ સવે, એ સમ અવર ન દીઠ;
તે તીરથેશ્વર પ્રણુમીયે, તીર્થમાંહે ઉક્રિઠ. ૬૦
ધન ધન સોરઠ દેશ જીહાં, તીરથમાંહે સાર;
તે તીરથેશ્વર પ્રણુમીયે, જીનપદમાં શીરદાર. ૬૧
અહોનીશ આવત ઢુકડા, તે પણ જેહને સંઘ;
તે તીરથેશ્વર પ્રણુમીયે, પામ્યા શીવવધુ રંગ. ૬૨
વીરાધક જીન આણુના, તે પણ હુઆ વિશુદ્ધ;
તે તીરથેશ્વર પ્રણુમીયે, પામ્યા નીર્મલબુદ્ધ. ૬૩
મહા મ્લેછ શાસન રીપુ, તે પણ હુઆ ઉપશંત;
તે તીરથેશ્વર પ્રણુમીયે, મહીમા દેખી અનંત. ૬૪
મંત્ર યોગ અંજન સવે, સીદ્ધ હુવે જીણુ ઠામ;
તે તીરથેશ્વર પ્રણુમીયે, પાતકહારી નામ. ૬૫
સુમતી સુધારસ વરસતે, કર્મ દાવાનલ શાંત;
તે તીરથેશ્વર પ્રણુમીયે, ઉપસમ તસ ઉલ્લસંત. ૬૬

શ્રુતધર નીતુ નીતુ ઉપદિશે, તત્વાતત્વ વીચાર;
તે તીરથેશ્વર પ્રણમીયે, અડે ગુણયુક્ત શ્રેનાર. ૬૭
પ્રિયમેલક ગુણગણુ તણું, કીરતી કમલા સિંધુ;
તે તીરથેશ્વર પ્રણમીયે, કલીકાલે જગબંધુ. ૬૮
શ્રી શાંતિ તારણુ તરણુ, જેહની ભક્તિ વીશાલ;
તે તીરથેશ્વર પ્રણમીયે, દિન દિન મંગલમાલ. ૬૯
સ્વેતધ્વજા જસ લહુકતી, ભાંખે ભવિને એમ;
તે તીરથેશ્વર પ્રણમીયે, ભ્રમણુ કરો છો કેમ. ૭૦
સાધક સિદ્ધદશા ભણી, આરાધે એક ચિત્ત;
તે તીરથેશ્વર પ્રણમીએ, સાધન પરમ પવિત. ૭૧
સંઘપતિ થઇ એહની, જે કરે ભાવે યાત્ર;
તે તીરથેશ્વર પ્રણમીયે, તસ હોય નિર્મલ ગાત્ર. ૭૨
શુદ્ધાતમ ગુણ રમણુતા, પ્રગટે જેહને સંગ;
તે તીરથેશ્વર પ્રણમીયે, જેહનો જસ અભંગ. ૭૩
રાયણુવૃક્ષ શોહામણો, જિહાં જિનેશ્વર પાય;
તે તીરથેશ્વર પ્રણમીયે, સેવે સુરનર રાય. ૭૪
પગલાં પૂજી ઋષભનાં, ઉપશમ જેહને ચંગ;
તે તીરથેશ્વર પ્રણમીયે, સમતા પાવન અંગ. ૭૫
વિદ્યાધરજ મળે બહુ, વિચરે ગિરિવર શ્રૃંગ;
તે તીરથેશ્વર પ્રણમીયે, ચઢને નવરસ રંગ. ૭૬
માલતી મોગર કેતકી, પરિમલ મોહે ભૃંગ;
તે તીરથેશ્વર પ્રણમીયે, પૂજો ભવિ એકંગ. ૭૭
અજીત જીનેશ્વર જીહાં રહ્યા, ચોમાસુ ગુણ ગેહ,
તે તિર્થેશ્વર પ્રણમીયે, આણી અતીહડ નેહ. ૭૮

શાંતિ જીનેશ્વર સોલમા, સોલ કષાય કરી અંત,
તે તિર્થેશ્વર પ્રણુમીયે, ચતુર માસ રહંત. ૭૯
નેમ વિના જીનવર સવે, આવ્યા જેણે ઠામ.
તે તિર્થેશ્વર પ્રણુમીયે, શુદ્ધ કરે પરિણામ. ૮૦
નમિ નેમ જીન અંતરે, અજીત શાંતિસ્તવ કીધ,
તે તિર્થેશ્વર પ્રણુમીએ, નંદીષેણુ પ્રસિદ્ધ. ૮૧
ગણુધર મુની ઉવઝઝાય તીમ, લાભ લહ્યા કેઇ લાખ,
તે તિર્થેશ્વર પ્રણુમીએ, જ્ઞાન અમૃત રસ ચાખ. ૮૨
નીત્ય ઘંટા ટંકારવે, રણુઝણે ઝલ્લરી નાદ,
તે તિર્થેશ્વર પ્રણુમીયે, દુંદુભી માદલ વાદ. ૮૩
જેણે ગિરે ભરત નરેશ્વરે, કીધો પ્રથમ ઉદ્ધાર,
તે તિર્થેશ્વર પ્રણુમીયે. મણિમય મૂર્તિ સાર. ૮૪
ચોમુખ ચઉગતિ દુઃખ હરે, સોવનમય સુવિહાર,
તે તિર્થેશ્વર પ્રણુમીયે, અક્ષય સુખ દાતાર. ૮૫
ઇત્યાદિક મોટા કહ્યા, સોળ ઉદ્ધાર સફાર,
તે તિર્થેશ્વર પ્રણુમીયે, લઘુ અસંખ્ય વિચાર. ૮૬
દ્રવ્ય ભાવ વૈરી તણો, જેહથી થાયે અંત,
તે તિર્થેશ્વર પ્રણુમીયે. શેત્રુંજય સમરંત. ૮૭
પુંડરિક ગણુંત્તર હુઆ, પ્રથમ સિદ્ધ ઇણે ઠામ,
તે તિર્થેશ્વર પ્રણુમીયે, પુંડરિક ગિરિ નામ. ૮૮
કાંકરે કાંકરે ઇણે ગિરિ, સિદ્ધ હુવા સુપવિત્ત,
તે તિર્થેશ્વર પ્રણુમીયે, સિદ્ધ ક્ષેત્ર સમ ચિત્ત. ૮૯
મળ દ્રવ્ય ભાવ વિશેષથી, જેહથી જાએ દુર,
તે તિર્થેશ્વર પ્રણુમીયે, વિમળાચળ સુખપૂર. ૯૦

સુરવરા બહુ જે ગિરે, નિવસે નિર્મળ ઠાણ,
તે તિર્થેશ્વર પ્રણમીએ, સુરગિરિ નામ પ્રમાણ. ૯૧
પરવત સહુ માંહે વડો, મહાગિરિ તેણે કહંત,
તે તિર્થેશ્વર પ્રણમીયે, દર્શન લહે પુણ્યવંત. ૯૨
લક્ષ્મી દેવી જે ભણ્યો, કુડે કમળ નિવાસ;
તે તિર્થેશ્વર પ્રણમીયે, નામ ભલુ પુન્યરાશ. ૯૩
સવિગિરિમાં સુરપતિ સમો પાતક પંક વિલાત.
તે તિર્થેશ્વર પ્રણમીયે, પદ્મ નામ સુવાસ. ૯૪
પુણ્ય અનર્ગલ જેહથી, થાયે પાપ વિનાશ;
તે તિર્થેશ્વર પ્રણમીયે, પર્વત ઇંદ્ર વિખ્યાત. ૯૫
ત્રિભુવનમાં તિરથ સવે, તેમાં મોટો એહ,
તે તિર્થેશ્વર પ્રણમીએ, મહાતિર્થ જસ રેહ. ૯૬
આદિ અંત નહિ જેહની, કોઈ કાળે ન વિલાય,
તે તિર્થેશ્વર પ્રણમીયે, શાશ્વત ગિરિ કહેવાય. ૯૭
ભદ્ર ભલા તે ગિરિવરે, આવ્યા હોય અપાર,
તે તિર્થેશ્વર પ્રણમીયે, નામ સુભદ્ર સંભાર. ૯૮
વીર્ય વધે શુભ સાધુને, પામી તિરથ ભક્તિ.
તે તિર્થેશ્વર પ્રણમીયે, નામે જે દૃઢ શક્તિ. ૯૯
શિવ ગતિ સાધે જે ગિરે, તે માટે અભિધાન,
તે તિર્થેશ્વર પ્રણમીયે, મુક્તિ નિલય ગુણ ખાણ. ૧૦૦
ચંદ્ર સુરજ સમકિત ધરી, સેવ કરે શુભ ચિત્ત,
તે તિર્થેશ્વર પ્રણમીયે, પુષ્પદંત વિદિત્ત. ૧૦૧
ભીન્ન રહે ભવ જળ થકી, જે ગિરિ લહે નિવાસ,
તે તિર્થેશ્વર પ્રણમીયે, મહા પદમ સુવિલાસ. ૧૦૨

ભુમિ ધરીજે ગિરિવરે, ઉદધિ ન લોપે લીહ,
તે તિર્થેશ્વર પ્રણમીયે, પ્રથી પીઠ અનીહ. ૧૦૩
મંગળ સવી મળવાતણું, પીઠ એહ અભિરામ,
તે તિર્થેશ્વર પ્રણમીયે, ભદ્ર પીઠ જસનામ ૧૦૪
મુળ જસ પાતાળમેં, રત્નમયી મનોહાર,
તે તિર્થેશ્વર પ્રણમીયે, પાતાળ મુળ વિચાર. ૧૦૫
કર્મ ક્ષય હોયે જીહાં, હોય સિદ્ધ સુખકેલ,
તે તિર્થેશ્વર પ્રણમીએ, અકર્મ કરે મન મેલ. ૧૦૬
કામિત સવીપુરણ હોયે, જેહનું દરિસણ પામ,
તે તિર્થેશ્વર પ્રણમીયે, સર્વ કામ મન ઠામ. ૧૦૭
ઇત્યાદીક એકવીશ ભલાં, નિરૂપમ નામ ઉદાર,
જે સમર્યાં પાતક હરે, આત્મ શક્તિ અનુસાર. ૧૦૮

કળશ.

ઇમ તીર્થ નાયક સ્તવન લાયક, સંથુણ્યો શ્રી સિદ્ધ ગિરિ,
અઠોત્તર સય ગાહ સ્તવનેં, પ્રેમ ભક્તે મન ધરી.
શ્રી કલ્યાણસાગર, સુરી શીષ્યે, શુભ જગીશે સુખ કરી,
પુણ્ય મહોદય, સકલમંગલ, વેલી સુજસે જયસીરી.

ઇતિ સિદ્ધ ગિરના ૧૦૮ ખમાસમણાં,

સમાપ્ત.

શ્રી શેત્રુંજયનાં ૨૧ નામ સંબંધી ખમાસણામના

દોહરા.

સિધ્ધાચળ સમરૂ સદા, સોરઠ દેશ મોઝાર,
મનુષ્ય જન્મ પામી કરી, વંદો વાર હજાર. ૧
અંગ વસન મન ભુમિકા, પૂજો પગરણ સાર.
ન્યાય દ્રવ્ય વિધિ શુધ્ધતા, શુધ્ધી સાત પ્રકાર, ૨
કાર્તીક શુદી પુનમ દીને, દશ કોડી પરીવાર.
દ્રાવીડ વારી ખીલ્લજી, સિધ્ધ થયા નિરધાર. ૩
તિણે કારણ કાર્તીકી દીને, સંઘ સકળ પરિવાર,
આદી દેવ સનમુખ રહી, ખમાસમણ બહુવાર. ૪
એકવીશ નામે વર્ણવ્યો, તિહાં પહેલું અભિધાન,
શેત્રુંજય શુકરાજથી, જનક વચન બહુ માન. ૫
સમો સર્યા સિધ્ધાચળે, પુંડરિક ગણધાર,
લાખ શવા મહાતમ કર્યું, સુરનર સભા મોઝાર. ૬
ચૈત્રી પુનમને દીને, કરી અણુસણુ એક માશ,
પાંચ કોડિ મુની સાથશું, મુક્તિ નિલયમાં વાસ. ૭
તિણુ કારણુ પુંડરિક ગિરિ, નામ થયું વિખ્યાત,
મન વચમકાયે વંદીએ, ઉઠી નીત્ય પ્રભાત. ૮
વીશ કોડીશું પાંડવા, મોક્ષ ગયા ઇણેઠામ,
એમ અનંત મુક્તે ગયા, સિદ્ધ ક્ષેત્ર તિણુ નામ. ૯
અડસઠ તીરથે નહાવતાં, અંતરંગ ઘડી એક,
તુંબી જળ સ્નાને કરી, જાગ્યો ચિત્ત વિવેક. ૧૦

ચંદ્રશેખર રાજા પ્રમુખ, કરમ કઠણ મલ ધામ.
અમળ પદે વિમળા થયા, તેણે વિમળાચળ નામ. ૧૧
પર્વતમાં સુરગિરિ વડો, જીન અભિષેક કરાય,
સિદ્ધ હુવા સ્નાતક પદે, સુરગિરિ નામ ધરાય. ૧૨
અથવા ચઉદે ક્ષેત્રમાં એસમ તિરથ ન એક,
તિણ સુરગિરિ નામે નમું, જીહાં સુર વાસ અનેક. ૧૩
એંશી યોજન પ્રથુલ છે. ઉંચપણે છવીશ,
મહિમાએ મોટો ગીરી, મહાગિરિ નામ નમીશ. ૧૪
ગણધર ગુણવંતા મુની, વિશ્વમાંહે વંદનીક,
જેવો શંયમી એ તિરથે પુજનીક. ૧૫
વિપ્રલોક વિષધર સમા, દુનિયા ભુતળ માન,
દ્રવ્ય લીંગી કણ્ક્ષેત્ર સમ, મુનીવરછીપ સમાન. ૧૬
શ્રાવક મેઘ સમા કર્યા, કરતા પુન્યનું કામ,
પુન્યની રાશી વધે ઘણી, તેણે પુન્યરાશી નામ. ૧૭
સંયમધર મુનીવર ઘણા, તપતપતા એક ધ્યાન,
કર્મ વીજોગે પાલીયા, કેવળ લક્ષ્મી નિધાન. ૧૮
લક્ષ એકાણુ શિવ વર્યા, નારદ શું અણગાર,
નામ નમો તેણે આઠમું, શ્રીપદ ગિરિ નિરધાર. ૧૯
શ્રીસીમંધર સ્વામીએ, એ ગિરિ મહિમા વિલાસ,
ઈંદ્રની સાખે વર્ણવ્યો, તેણે ઈંદ્ર પ્રકાશ. ૨૦
દશ કોડી અણુંવ્રત ધરા, ભક્તે જમાડે સાર,
જૈન તિર્થ યાત્રા કરે, લાભ તણો નહિ પાર. ૨૧

તેહ થકી સિધ્ધાચળે, એક મુનીને દાન,
દેતાં લાભ ઘણો હુવે, મહા તિરથ અભિમાન. ૨૨
પ્રાયે એ ગિરિ શાશ્વતો, રહેશે કાળ અનંત,
શેત્રુજય મહાતમ સુણી, નમો શાસ્વત ગિરિસંત. ૨૩
ગૌ નારી બાળક મુની, હત્યા ચાર કરનાર,
જાત્રા કરતા કાર્તકી. નરહે પાપ લગાર. ૨૪
જે પરદારા લંપટી, ચોરીના કરનાર,
દેવ દ્રવ્ય ગુરૂ દ્રવ્યના, જે વળી ચોરણહાર. ૨૫
ચૈત્રી કાર્તકી પુનમે કરે યાત્રા ઇણે ઠામ,
તપ તપતાં પાતીક ગમે તીણે દ્રઢ શક્તિનામ. ૨૬
ભવ ભવ પામી નીકળ્યા, થાવચ્ચા સુત જેહ,
સહસ્સ મુનીશું શિવવર્યા, મુક્તિ નિલગિરિ તેહ. ૨૭
ચંદ્રા સુરજ બેઉ જણા, ઉભા ઇણે ગિરિશૃંગ,
કરી વર્ણવને વધાવીયો પુષ્પદંત ગિરિ રંગ. ૨૮
કર્મ કઠણ ભવજળ તરી, ઇહાં પામ્યા શિવ શર્મ.
પ્રાણી પદ્મનિ રંજની વદે ગિરિ મહા પદ્મ. ૨૯
શિવ વહુ વિવાહ ઓચ્છવે, મંડપ રચીયો સાર;
મુનીવર વર ધણી, પૃથ્વી પીઠ મનોહાર. ૩૦
શ્રી શુભદ્રગિરિ નમો, ભદ્રને મંગળ રૂપ,
જલ તરૂરજ ગિરિવર તણી, શીશ ચડાવે ભુપ. ૩૧
વિદ્યાધર સુર અપચ્છરા, નદી શેત્રુંજી વિલાસ,
કરતાં હરતાં પાપને, ભજીએ ભવી કૈલાશ. ૩૨

બીજા નીરવાણી પ્રભુ ગઇ ચોવીસી મોઝાર
તેમ ગણુધર મુનીમાં વડા, નામે કદંબ અણગાર ૩૩
પ્રભુ વચને અણસણ કરી, મુક્તિપુરીમાં વાસ,
નામે કદંબ ગિરિનમો, તોહોય લીલ વિલાસ. ૩૪
પાતાળે જસ મુળ છે, ઉજવળ ગિરિનું સાર,
ત્રિકરણ યોગે વહેતાં, અલ્પ હોય સંસાર. ૩૫
તન મન ધન સુત વલ્લભા, સ્વર્ગાદિ સુખ ભોગ,
જેવં છે તે સંપજે, શિવ રમણી સંયોગ. ૩૬
વિમળાચળ પરમેષ્ટીનું, ધ્યાન ધરે ખટ્માસ,
તેજ અપુરવ વિસ્તરે, પુરે સઘળી આશ. ૩૭
ત્રિજે ભવ સિદ્ધિ લહે, એ પણ પ્રાયીક વાચ,
ઉત્કૃષ્ટા પરીણામથી, અંતર મુહરત સાચ. ૩૮
સર્વ કામ દાયક નમો, નાથ કરી ઓળખાણ,
શ્રી શુભવિર વિજય પ્રભુ, નમતાં કોડ કલ્યાણ. ૯૩
ઇતિ શ્રી શત્રુંજય તિર્થવંદન દોહરા.

અથ શ્રી રાસ સંગ્રહ.

શ્રી ગૌતમસ્વામિ લઘુરાસ.

શ્રી ગૌતમ ગુરૂ પરભાત ધુરે, સમરો ભવીકા જન ચિત્ત ખરે ॥
કર કમળા કમળા સુપરે. શ્રી વીરજીનેશ્વર શિશ શિરે ॥ ૧
અષ્ટાપદ ચઢીયા લબ્ધી બળે, જીન પડિમા વંદી અકલકળે, તાપસ

અન્તરસે તીન મુક્તે પ્રતિબોધ્યા વયણુ રસે નિશ્ચળે ॥ ૨ ॥ અક્ષિણ મહાનસી લબ્ધિ ધણી, પંચામૃત પરિગલ અન્નપૂણી. કરિય પારણું વાત ઘણી, કેવળ સીરી આવિય તાસ ભણી. ॥ ૩ ॥ જસ શિર ગૌતમ હાથ દીએ, સોય કેવળ પદ્દી તુર્ત લીયે ॥ વાણી સુધારસ જેહ પીએ, ઉત્તમ ફળ મુક્તિ તરત લીએ. ॥ ૪ ॥ પ્રણવ અક્ષર પહિલો રાજે, માયા બીજ મંત્ર મહિમા કાજે. શ્રી કર ગૌતમ ગુરૂ ગુણ ગાજે ॥ જપતાં જુગતે સંકટ ભાજે. ॥ ૫ ॥ કામધેનુ સુરતરૂ સંગે. ચિંતામણી ચિંતિત દે રંગે ॥ નામાક્ષર ગૌતમ જપે ચંગે. ધ્યાતા ધ્યેય દીન પ્રત્યે સુખ અંગે ॥ ૬ ॥ ઈંદ્રભુતિ જશ નામ કહો. વસુભુતિ પિતા તુમ્હે ચતુર લહો. પૃથ્વિમાતા ગુણ સંગ્રહો ગૌતમ ગુરૂ ગોત્રની પ્રાણ વહો. અરી કરી હરી સવી વશ થાએ. વળી રાન વેલાકુલ શુભ થાય ॥ રોગ શોગઆદિ જાએ. ગૌતમગુરૂના જે ગુણ ગાએ ॥ ૮ ॥ શાકણ ડાકણ દુર ટળે. વીછંડીયા પ્રીતમ આવી મળે. ભુત પ્રેત કુબદ્ધી ન છળે, ગૌતમ નામે સવી આશ ફળે ॥ ૯ ॥ શ્રી ગૌતમ નામે રૂપ કળા ॥ ગજ રથ વર પાયક હય સુમલા ॥ ઠામ ઠામ જશ માન ભલા ॥ મૃગનયણી ગય ગામીનિ મહિલા ॥૧૦॥ મૃગમદ ચંદન વસ્ત્રધરે, સુસોહગ સુંદર સુજશવરે ॥ કંચનમણી મોતી રયણ ભરે ॥ ગૌતમ નામે શુભ કાજ સરે ॥ ૧૧ ॥ વચન વિલાસ વિદ્યા આવે, મનરૂચતાં ભોજન સત્રી પાવે. દુઃખ દારિદ્ર કુબદ્ધી નાવે. ગૌતમ ગુરૂ જે હીયડે ભાવે ॥ ૧૨ ॥ પાપ સકળ વેગે નાશે, નીત ધ્યાન ધરે મન ઉલ્લસે ॥ શ્રી ગૌતમ ગુરૂ પૂજો વાસે ॥ મણિ વિજય શેખર કહે સુ વિલાસે ॥ ૧૩ ॥ ઇતિ ગૌતમ સ્વામિ લઘુરાસ ॥ ઇતિ શ્રી ગૌતમ સ્વામિ લઘુરાસ ॥

નવપદ મહિમા રાસ.

ચૌદ પુરવનો સાર, મંત્ર માંહે નવકાર
જપતાં જયજયકાર, ઓ સૈયરો હૃદય ધરો નવકાર-૧
અડસઠ અક્ષર ઘડીઓ, ચૌદ રતન શું જડીઓ.
શ્રાવકને ચિત ચડીયો, ઓ સૈયરો હૃદય ધરો નવકાર-૨
અક્ષર પંચ રતન્ન, જીવદયા શું જતન્ન.
જે પાળે તેને ધન્ય, ઓ સૈયરો હૃદય ધરો નવકાર-૩
નવપદ નવસેરો હાર, નવપદ જગમાં સાર
નવપદ દોહીલો આધાર, ઓ સૈયરો-૪
જે નરનારી ભણશે, તે સુખ સંપદ લેશે,
સેવકને સુખ થાશે, ઓ સૈયરો-૫
હીર વિજયની વાણી, શુણતા અમીય સમાણી
મોક્ષ તણી નીસરણી, ઓ સૈયરો-૬

શ્રી ગૌતમ સ્વામીનો મોટો રાસ.

(શ્રી ઉદયવંત ઊર્ફે વિજયભદ્ર મુનિકૃત.)

આ રાસ ખાસ મંગળિક તરીકે ગણવામાં આવ્યો છે, એ વાતની સાક્ષી આ રાસની રચનાજ આપે તેમ છે માટે દરરોજ પ્રાતઃકાળમાં અથવા દરેક બેસતે મહીને તેનો પાઠ કરવો. જેથી સર્વ વિઘ્ન નાશ પામશે અને ઇહ લૌકિક-પારલૌકિક કલ્યાણની વૃદ્ધી થશે.

તથાસ્તુ.

ઢાળ પહેલી.

વીર જિણેસર ચરણકમલ કમલા કયવાસો, પણમવિ પભણિસુ સામિ સાલ ગોયમગુરૂ રાસો; મણ તણ વયણ એકંત કરેવિ, નિસુણો ભો ભવિઆ, જિમ નિવસે તુમ દેહ ગેહ ગુણ ગણ ગહગહિઆ ૧. જંબુદીવ સિરિ ભરહખિત્ત ખોણીતલમંડણ, મગધદેશ સેણીય નરેશ રીઉદલ બલખંડણ; ધણવર ગુબ્બર નામ ગામ જહિં ગુણગણ સજ્જા, વિપ્પ વસે વસુભૂઇ તથ્થ તસુ પુહવી ભજ્જા, ૨. તાણ પુત્ત સિરિ ઇંદભૂઇ ભૂવલય પસિધ્ધો, ચઉદહ વિદ્યા વિવિહ રૂવ નારિ રસ વિધ્ધો (લુધ્ધો); વિનય વિવેક વિચાર સાર ગુણગણહ મનોહર, સાત હાથ સુપ્રમાણ દેહ રૂપે રંભાવર, ૩. નયણ વયણ કર ચરણ જિણ, પંકજ જળે પાડિઅ, તેજે તારા ચંદ સૂર આકાશે ભમાડિઅ; રૂવે મયણ અનંગ કરેવિ મેલ્હિઓ નિરધાડિઅ, ધીરમેં મેરૂ ગંભીર સિંધુ ચંગ મચયચાડિઅ. ૪. પેખવિ નિરૂવમ રૂવ જાસ જણ જંપે કિંચિઅ, એકાકી કલિભીત્ત વિત્ત ગુણ મેહલ્યા સંચિઅ; અહવા નિશ્ચે પુવ્વજમ્મે જિણવર ઇણે અંચિઅ, રંભા પઉમા ગૌરિ ગંગા રતિ આવની વંચિઅ. ૫. નહિ બુધ નહિ ગુરૂ કવિ ન કોઇ જસુ આગળ રહિઓ, પંચસયા ગુણ છાત્ર હીંડે પરિવરિઓ; કરે નિરંતર યજ્ઞકર્મ મિથ્યામતિ મોહિઅ, ઇણે છલિ હોસે ચરણનાણ દંસણહ વિસોહિઅ. ૬.

વસ્તુ.

જંબુદીવહ જંબુદીવહ, ભરહવાસંમિ, ખોણિતળમંડણ, મગધદેશ, સેણિયનરેસર, વર ગુબ્બર ગામ તિહાં, વિપ્પ વસે વસુભૂઇ

સુંદર; તસુ ભજ્જા પુહવી, સયલ ગુણગણુ રૂવનિહાણું; તાણુ પુત્ત વિજ્જાનિલો, ગોયમ અતિહિ સુજાણુ. ૭.

ભાષા (ઢાળ બીજી)

ચરમ જિણેસર કેવળ નાણી, ચઉવિહ સંઘ પઇઠ્ઠા જાણી, પાવાપુર સામી સંપતો, ચઉવિહ દેવ નિકાયહિ જુત્તો ૮. દેવે સમવસરણુ તિહાં કીજે, જિણુ દીઠે મિથ્યામતિ ખીજે; ત્રિભુવનગુરૂ સિંઘા સણે બેઠા, તતખિણુ મોહ દિગંતે પઇઠ્ઠા, ૯. ક્રોધ માન માયા મદપૂરા, જાએ નાઠા જિમ દિન ચોરા; દેવદુંદુભિ આકાશે વાજે, ધર્મનરેસર આવ્યા ગાજે. ૧૦. કુસુમ વૃષ્ટિ વિરચે તિહાં દેવા, ચઉસઠ ઇંદ્રિજ માગે સેવા; ચામર છત્ર શિરોવરિ સોહે, રૂપે જિણુવર જગ સંમોહે (સહુ મોહે). ૧૧. ઉપસમ રસભરભરિ વરસંતા, યોજનવાણિ વખાણુ કરંતા: જાણિઅ વર્ધમાન જિન પાયા, સુરનર કિંનર આવે રાયા. ૧૨. કાંતિસમુહે ઝલઝલકંતા, ગયણુ વિમાણે રણુરણુકંતા; પેખવિ ઇંદભૂઇ મન ચિંતે, સુર આવે અમ્હ યજ્ઞ હોવંતે. ૧૩. તીર તરંડક જિમ તે વહતા, સમવસરણુ પહુતા ગહગહતા; તો અભિમાને ગોયમ જંપે, ઇણે અવસરે કોપે તણુ કંપે. ૧૪. મૂઢા લોક અજાણ્યો બોલે, સુર જાણુંતા ઇમ કાંઇ ડોલે; મૂજ આગળ કો જાણુ ભણીજે, મેરૂ અવર કિમ ઓપમ દીજે. ૧૫.

વસ્તુ છંદ.

વીર જીણુવર વીર જીણુવર, નાણુસંપન્ન, પાવાપુરી સુરમહિય પત્તનાહ સંસાર તારણુ, તિહિં દેવેહિં નિમ્મવિઅ સમોસરણુ બહુ સુખ કારણુ, જીણુવર જગ ઉઝ્ઝોયકરે તેજે કરી દિનકાર; સિંહાસણે સામીઅ ઠવિઓ, હુઓ સુજયજયકાર.

ભાષા (ઢાળ ત્રીજી.)

ભીડભંજન પારશનાથજી.

ભીડભંજન પાસ પ્રભુ સમરો, અરિહંત અનંતનું ધ્યાન ધરો,
જીનાગમ અમૃત પાન કરો, શાસન દેવી સવી વિઘ્ન હરો.
(ચારેવાર એ કહેવાય.)

નેમનાથજી.

ગીરનારે ગીરવો, વહાલો નેમજીણુંદ,
અષ્ટાપદ ઉપર, પૂજી ધરો આણુંદ.
સિદ્ધાંતની રચના, ગણધર કરે અનેક,
દીવાળી દિવસે, દો અંબાઇ વિવેક. ૧

રૂષભદેવજી.

અતિ સુઘટ સુંદર, ગુણ પુરંદર, મંદર રૂપ સુધીર,
ઘન કર્મ કદળી, દલનદંતી, સિંધુ સમગંભિર.
નાભિરાય નંદન, વૃષભ લંછન રૂષભ જગદાનંદ,
શ્રી રાજ વિજય, સુરિંદ તેહના, વંદે પદ અરવિંદ. ૧

મહાવીર થોય.

વીર જગતપતિ જન્મજ થાવે, નંદન નિશ્રિત શિખર રહાવે આઠ કુમારી ગાવે ॥ અડગજદંતા હેઠે વસાવે રૂચક ગિરિથી છત્રીશ જાવે દ્વીપ રૂચક ચઉ ભાવે ॥ છપન્ન દિગ કુમરી હુલરાવે, સુતી કર્મ

કરી નિજઘર પાવે ઘંટ સુઘોષા વજાવે ॥ સિંહનાદ કરી જ્યોતિષી આવે, વ્યંતર શંખ પડહો મિલાવે. સુરગિરિ જન્મ મલ્હાવે ॥૧॥

શ્રી મહાવીર સ્વામિજી.

મહાવીર જીણંદા રાય સિધ્ધારથ નંદા ॥ લંછન મૃગગેંદા જાશ પાએ સોહંદા (અથવા) સુરનર વરઈંદા નિત્ય સેવા કરંદા ॥ ટાળે ભવ ફંદા સુખ આપે અમંદા ॥૧॥ અડ જીનવર માતા, મોક્ષ સુખ શાતા ॥ અડ જીનવિર ખ્યાતા, સ્વર્ગ ત્રીજે આખ્યાતા ॥ અડ જીન જનેતા નાગ માહેંદ્ર યાતા, સવી જીનવર નેતા શાશ્વતા સુખદાતા ॥૨॥ મલ્લી નેમિપાસ, આદિ અઠ્ઠમ ખાસ ॥ કરી એક ઉપવાસ, વાસુ પૂજ્ય સુવાસ ॥ શેષ છઠ્ઠ સુવિલાસ, કેવલ ગ્નાન જાશ ॥ કરે વાણી પ્રકાશ જેમ અગ્નાન નાશ ॥૩॥ જીનવર જગદીશ, જાસ મહોટી જગીશ, નહી રાગને રીસ ॥ નમીયે તાશ શિશ માતંગ સુર ઇશ સેવતો રાત દીશ ॥ ગુરૂ ઉત્તમ અધીશ ॥ પદ્મ ભાખે સુશીશ ॥૪॥

પારશનાથજી થોય.

શ્રી પાસ જીણંદા, મુખ પુનમ ચંદા. પદ યુગ અરવિંદા. સેવે ચોસઠ ઈંદા, લંછન નાગિંદા. નીજ પાએ સોહંદા, સેવે ગુણી વૃંદા. જેહથી સુખ કંદા ॥ ૧ ॥ જન્મથી વરચાર, કર્મનાસે ઇગ્યાર. ઓગણીશ નિરધાર, દેવ કીધા ઉદાર. સવી ચોત્રીસ ધાર, પુન્યના એ પ્રકાર, નમીએ નરનાર જેમ સંસારપાર. ॥ ૨ ॥ એકાદશ અંગા તેમબારે ઉવંગા, ષટ છેદ શુચંગા, મુલચારે સુરંગા. દશ પયન્ના સુસંગા, સાંભળી થઇ એકંગા. અનુયોગ બહુ ભંગા, નંદી સૂત્ર

પ્રસંગા. ॥૩॥ પાસે યક્ષ પાસો નિત્ય કરતો નિવાસો. અડતાળી સમાસો. સહસ્ર પરિવાર ખાસો, સહુએ પ્રભુ દાસો. માગતા મોક્ષ વાસો. કહે પદ્મ નિકાસો વિઘ્નના વૃંદ પાસો. ॥ ૪ ॥

શ્રી અજીતનાથજી.

વિજયા સુત વંદો, તેજથી જયુ દિણુંદો. શીતલાએ ચંદો. ધીરતા એ ગિરિંદો ॥ મુખ જેમ અરવિંદો ॥ જાસ સેવે સુરિંદો લહો પરમાનંદો સેવના મુખ કંદો.

શ્રી શંભવનાથજી.

શંભવ સુખદાતા, જેહ જગમાં વિખ્યાતા, પટ્ જીવના ત્રાતગે આપતાં સુખ શાતા ॥ માતાને ભ્રાતા, કેવળ જ્ઞાન જ્ઞાતા, દુઃખ દોહગ્ગ વ્રાતા જાસ નામે પુલાતા.

શ્રી અભિનંદનજી.

સંવર સુત સાચો, જાસ સ્યાદ્વાદ રાચો ॥ થયો હીરો જાચો મોહને દેઇ તમાચો ॥ પ્રભુ ગુણ ગણ યાચો. એહને ધ્યાને રાચો ॥ જીન પદ સુખ સાચો. ભવ્ય પ્રાણી નીકાચો.

સુમતિજી.

સુમતિ સુમતિ દાઇ, મંગલા જાસમાઇ ॥ મેરૂને રાઇ ઓર એહને તુલાઇ ॥ ક્ષય કીધાં ઘાઇ, કેવળ જ્ઞાન પાઇ. ॥ નહિ ઉણીમ કાંઇ સેવીએ એ સદાઇ ॥ ૧ ॥

શ્રી પદ્મ પ્રભુજી.

અઢીસેં ધનુષ કાયા, ત્યક્ત મદ મોહ માયા ॥ સુશીમા જસમાયા શુકલ જે ધ્યાન ધ્યાયા ॥ કેવળ વર પાયા ચામરાદિ ધરાયાં, સેવે સુર રાયા, મોક્ષ નગરે સધાયા.

શ્રી સુપાસનાથજી.

સુપાસ જીન વાણી સાંભળે જેહ પ્રાંણી ॥ હૃદયે પહેછાણી. તે તર્યા ભવ્ય પ્રાણી ॥ પાંત્રીશ ગુણ ખાણી, સૂત્રમાં જે ગુંથાણી ॥ ષટ દ્રવ્યસ્યું જાણી, કર્મ પીલે જ્યું ઘાણી.

ચંદ્રપ્રભુજી.

સેવે સુર વૃંદા, જાસ ચરણા વિંદા ॥ અષ્ટમ જીન ચંદા, ચંદ વરણે સોહંદા ॥ મહસેન નૃપ નંદા, કાપતા દુઃખ દંદા ॥ લંછન જસ ચંદા, પાય માનું સેવંદા.

સુવીધિનાથજી.

નર દેવ ભાવ દેવો, જેહની સાર સેવો ॥ જેહ દેવાધિ દેવો સાર જગમાં જ્યું મેવો ॥ જોતાં જગ એહવો. દેવ દીઠો ન તેહવો સુવિધિ જીન જેહવો, મોક્ષ દે તતખેવો.

શીતળનાથ થોય.

શીતળ જીનસ્વામિ પુન્યથી સેત પામી ॥ પ્રભુ આતમ રામી સર્વ પરભાવ વામી ॥ જે સદ્ગતી ગામી, શાશ્વતા નંદ ધામી ॥ ભવી સુખ કામી, પ્રણમીએ શીશ નામી.

શ્રેયાંસનાથજી.

વિશ્નુ જશામાત ॥ જેહના વિશ્નુ તાત ॥ પ્રભુના અવદાત તીન ભુવને વિખ્યાત ॥ સુરપતિ સંઘાત. જસનિકટે આયાત, કરી કર્મનો ઘાત પામીયા મોક્ષ શાત.

વાસુપૂજ્યજી.

વિશ્વના ઉપકારી ધર્મના અધિકારી ધર્મના દાતારી કામ ક્રોધાદિ વારી તાર્યા નરનારી, દુઃખ દોહગ હારી ॥ વાસુ પૂજ્ય નિહાળી જાઉં હું નિત્ય વારી.

વિમળનાથજી.

વિમળ જીન જુહારો, પાપ સંતાપ વારો ॥ શ્યામા માત મલ્હારો વિશ્વ કીર્તિ વિફારો, યોજન વિસ્તારો, જાસ વાણી પ્રસારો ॥ ગુણ ગણ આધારો, પૂન્યના એ પ્રકારો

અનંતનાથજી.

અનંત અનંત જાણી, જાસ મહિમા વખાણી, સુરનર તિરિ પ્રાણી સાંભળે જાસ વાણી, એક વચન સમજાણી, જેહ સ્યાદ્વાદ જાણી, તર્યાતે ગુણખાણી પામીયા સિદ્ધિ રાણી.

ધર્મનાથજી.

ધરમ ધરમ ધોરી કર્મના પાપ તોડી કેવળ શ્રી જોડી, જેહ ચોરે ન ચોરી દર્શન મદ તોડી જાય ભાગ્યા સટોરી, નમે સુરનર કોડી, તે વરે સિદ્ધિ ગોરી.

શાંતિનાથજી.

વંદો જીન શાંતિ જાસ સોવન કાંતિ, ટાળે ભવ ભ્રાંતિ મોહ મિથ્યાત્વ શાંતી ॥ દ્રવ્ય ભાવ અરિ પાન્તી, તાસ કરતા નિકાંતિ, ધરતા મન ખાંતિ, શોક સંતાપ વાંતિ ॥૧॥ દોય જીનવર નીલા, દોય ધોલા સુશીલા ॥ દોય રકત રંગીલા કાઢતા કર્મ કીલા ॥ ન કરે કોઇ હીલા, દોય સ્યામા સલીલા ॥ સોલ સ્વામીજી પીલાં આપજો મોક્ષ લીલા ॥૨॥ જીનવરની વાણી, મોહવલ્લી કૃપાણી ॥ સૂત્રે દેવાણી, સાધુને યોગ્ય જાણી અર્થે ગુંથાણી દેવ મનુષ્ય પ્રાણી ॥ પ્રણમે હિત આણી મોક્ષની એ નિશાણી ॥૩॥ વાગેશ્વરી દેવી, હર્ષ હયડે ધરેવી, જીનવર પાય સેવી સાર શ્રદ્ધા વરેવી ॥ જે નિત્ય સમરેવી દુઃખ તેહના હરેવી, પદ્મ વિજય કહેવી, ભવ્ય સંતાપ ખેવી ॥૪॥

કુંથુંનાથજી.

કુંથુંનાથ જીનનાથ જે કરે તે સનાથ, તારે ભવપાથ. જે ગ્રહી ભવ્ય હાથ, એહનો તજે સાથ બાવલે દીએ બાથ. તારે સુરનર સાથ. જે સુણે એક ગાથ.

અરનાથજી.

અર જીનવર રાયા જેહની દેવી માયા, સુદર્શન નૃપતાયા. જાસ સુવર્ણ કાયા, નંદાવ્રત પાયા. દેશના શુદ્ધ દાયા સમવસરણ વિરચાયા, ઇંદ્ર ઇંદ્રાણી ગાયા ॥

મલ્લીનાથજી.

મલ્લી જીન નમીએ, પૂર્વલા પાપગમીએ. ઇંદ્રિય ગણ દમીએ. આણ જીનની નકમીએ ॥ ભવમાં નવી ભમીએ, સર્વ પરભાવ વમીએ. નીજ ગુણમાં રમીએ. કર્મ મલ સર્વ ખમીએ ॥

મુનીશુવ્રત.

મુની સુવ્રત નામે. જે ભવી ચિત્તકામે, સવી સંપત્તિ પામે. સ્વર્ગના સુખ જામે ॥ દુર્ગતિ દુઃખ વામે, નવિ પડે મોહ કામે. સવી કર્મ વિરામે જઇ વસે સિદ્ધિ ધામે ॥

નમીનાથજી.

નમીએ નમી નેહ, પુન્ય થાએ જયું દેહ. અઘ સમુહાય જેહ. તે રહે નાંહી રેહ.॥ લહે કેવલ તેહ. સેવના કાર્ય એહ. લહે શીવપુર ગેહ, કર્મનો આણી છેહ.

નેમનાથજી.

રાજુલ વરનારી, રૂપથી રતીહારી, તેહના પરિહારી બાલથી બ્રહ્મચારી ॥ પશુઆ ઉગારી. હુઆ ચારિત્ર ધારી. કેવળ શ્રી સારી. પામિયા ઘાતીવારી. ॥ ૧ ॥ ત્રણ જ્ઞાન સંજુત્તા માતની કુખે હુંતા આવી સેવા કરંતા, અનુક્રમે વ્રત કરંતા ॥ પંચ સમિતિ ધરંતા મહિયલ વિચરંતા ॥ કેવળ શ્રી વરંતા ॥ ૨ ॥ સવી સુરવર આવે. ભાવના ચિત્તભાવે. ત્રીગડું સોહાવે, દેવ છંદો બનાવે. સિંહાસન ઠાવે. સ્વામિના ગુણ ગાવે. તિહા જીનવર આવે. તત્વ વાણી સુણાવે. ॥ ૩ ॥ શાસન સુરી સારી. અંબિકા નામ ધારી, જે સમકિતી નર નારી. પાપ સંતાપ વારી. પ્રભુ સેવા કારી. જાપ જપીએ સવારી. સંઘ દુરિત નિવારી. પદ્મને જેહ પ્યારી ॥ ૪ ॥

પારસનાથજી.

પાસ જીણંદા, વામા નંદા, જબ ગર્ભે ફલી,
સુપના દેખે અર્થ વિશેષે, કહે મઘવા મલી,
જીનવર જાયા, સુર હુલરાયા, હુઆ રમણી પ્રીયે,
નેમીરાજી ચીત્ત વિરાજી, વિલોકત વ્રત લીએ,

પારસનાથ થાય.

શ્રી સંખેશ્વર પાસજી પૂજીએ, નર ભવનો લાહો લીજીએ,
મનવાંછીત પુરણ સુરતરૂ, જય વામા સુત અલવેસરૂ ॥ ૧ ॥
દોયરાતા જીનવર અતિ ભલા, દોય ધોળા જીનવર ગુણનીલા,
દોય નીલા દોય સામળ કહ્યા, સોળે જીન કંચન વર્ણ લહ્યા ॥૨॥
આગમ તે જીનવરે ભાખીઓ, ગણધરે હૃદયે રાખીઓ,
તેહનો સ્વાદ જેને ચાખીઓ, તે હુઓ શીવપુર સાથીઓ ॥ ૩ ॥
ધરણીધરરાય પદ્માવતી, પ્રભુ પાર્શ્વ તણા ગુણ ગાવતી,
સહુ સંઘના સંકટ ચુરતી, નય વિમળના વછીત પુરતી ॥ ૪ ॥

ચિંતામણી ચિંતા ચુરશે, આદેશ્વર આશા પુરશે,
શાંતી નાથની સેવા જે કરે, જે જોઇએ તે આવી મળે.

શ્રી શ્રીમંધર સ્વામીજી.

મહા વિદેહ ક્ષેત્રમાં શ્રીમંધર સ્વામિ, સોનાના સીંહાસનજી;
રૂપાના ત્યાં છત્ર બીરાજે, રતનના દીવા દીપેજી.
કુમકુમવરણી ગહુંલી બીરાજે, મોતીના અક્ષતસારાજી;
ત્યાં બેઠા શ્રીમંધર સ્વામિ, બોલે મધુરી વાણીજી.
કેશર ચંદન ભર્યા કચોળા, કસ્તુરી બરાસજી;
પહેલી પુજા અમારી હોજો, ઉઠી પ્રભાતેજી.

શ્રી શત્રુંજયતીર્થ થાય.

શ્રી શત્રુંજય તીરથ સારો, ગીરીવરમાં જેમ મેરૂ ઉદારો,
ઠાકોરરામ અપાર ॥ મંત્રમાં જેમ નવકારજ જાણું.
તારામાં જેમ ચંદ્ર વખાણું, જલધર જળમાં જાણું;
પંખીમાં જેમ ઉત્તમ હંસ, કુળમાંહે જેમ રીખવનો વંશ,
નાભી તણોએ અંશ ॥ ક્ષમાવંતમાં જેમ અરિહંતા,
તપસુરા જેમ મુનીવંતા, શત્રુંજય ગીરી ગુણવંતા.

પુંડરીક ગીરીનું.

પુંડરીક ગીરી મહિમા, આગમમાં પ્રસિદ્ધ,
વિમળાચળ ભેટી, લહીએ અવિચળ રિદ્ધ,
પંચમી ગતિ પહોંતા, મુનીવર કોડાકોડ,
એણે તીરથે આવી, કર્મ વિપાતીક છોડ—૧.

પર્યુષણ થાય.

સત્તર ભેદી જીન પુજા રચીને, સ્નાત્ર મહોત્સવ કીજેજી,
ઢોલ દદામા ભેરી ન ફેરી, ઝલરી નાદ સુણીજેજી,
વીરજીન આગળ ભાવના ભાવી, માનવ ભવ ફળ લીજેજી,
પરવ પર્યુષણ પુરવ પુન્યે, આવ્યા એમ જાણીજેજી—૧.

માસ પાસ વલી દશમ દુવાલસ, ચત્તારી અઠ્ઠ કીજેજી,
ઉપર વલી દશ દોય કરીને, જીન ચોવીસ પુજીજેજી,
વડા કલ્પનો છઠ્ઠ કરીને, વીર ચરિત્ર સુણીજેજી,
પડવેને દીન જન્મ મહોત્સવ, ધ ળ મંગળ વર્તાજેજી—૨.
આઠ દીવશ લગે અમર પળાવી, અઠ્ઠમના તપકીજેજી,
નાગકેતુની પેરે કેવળ લહીએ, જો શુભ ભાવે રહીએજી,
તેળાધર દીન ત્રણ કલ્યાણક, ગણધર વાદ વદીજેજી,
પાસ નેમીશર અંતર ત્રીજે, રીખવ ચરિત્ર સુણીજેજી—૩.
બારશે સુત્રને સમાચારી, સવત્સરી પડીક્રમીએજી,
ચૈત્ય પરિપાતી વિધિ સુ કીજે, સકળ જંતુને ખામીજેજી,
પારણાને દીન સ્વામિવત્સળ, કીજે અધીક વડાઇજી,
માનવિજય કહે સકળ મનોરથ, પુરે દેવી સીદ્ધાઇજી—૪.

અધ્યાતમ થોય.

વીતરાગ અરિહંત પૂજીએ, કેવળનાણ દર્શન લીજીએ,
કર્મ કલંક સબ પરિહરિયે, નિકલંક સિદ્ધ વધુ વરીએ ૧.

સમોવસરણભાવ ગર્ભિત થોય.

દ્રે દ્રં કી ધપ મપ ધુધુમિ ધોં ધોં ધ્રુસકિ ધર ધપ ધોરવમ્,
દ્રાં દ્રાં કિ દ્રાં દ્રાં દ્રા ગિડ દ્રા ગિડકિ દ્રમકિ દ્રણ રણ ઝેણુવમ,

ઝ ઝી ઝેંકી ઝેં ઝેં ઝણુણુ રણુ રણુ નિજકી નિર્દ્દન રંજનમ,
સુર શૈલ શિખરે ભવતિ સુખદં, પાર્શ્વ જીનપતિ મર્હૃતમ. ૧.
કટ રેંગિનિ થેં ગિનિ કિટતિ ગિગડદા ધુંધુંકિ ધુટનટ પાટવમ,
ગુણુ ગુણુણુ ગુણુગણુ રણુ કિ ણેં ણેં ગુણુણુ ગુણુગણુ ગૌરવમ.
ઝ ઝી ઝેં કિ ઝેં ઝેં ઝણુણુ રણુ રણુ નિજકી નિજ જન સર્દ્દના.
કલયતિ કમળા કલિત કલમલ મુકલ મીસ મહેજના. ૨.
ઠકિ ઠેં કિ ઠેં ઠેં ઠદ્રિક ઠદ્રિક ઠદ્રિક પટ્ટા તાડયતે,
તલ લો કિ લોં લો ત્રિવિં વીપનિ ઠાંસ રેંબિનિ વાયતે,
ઓં ઓં કિ ઓં ઓં થુનિ થુગિનિ ધેનિ ધેગિનિ કલરવે,
જીન મત મનંત ગહિમ તનુના નમતિ સુરનર મહોત્સવે. ૩.
ધુધુકકિ ધુંદા ધુ ધુકદિ ધુંદાં ધુ ધુકદિ દોં દોં અંબરે,
ચા ચપટ ચ ચપટ રણુ કિ ણેં ણેં ડણુણુ ડેં ડેં ડંબરે,
તિહાં સ ર ગ મ પ ધુ નિ નિ ન પ મ ગ ર સ સ સ સ સ સુર સેવનાં,
જીન નાટય રંગે કુશળ મુની સંદિશતુ શાસન દેવતા; ૪.

બીજની થાય.

દીન સકળ મનોહર, બીજ દીવસ શું વિશેષ.
રાયરાણા પ્રણુમે, ચંદ્ર તણી જીહાં રેખ,
તીહાં ચંદ્ર વિમાને, શાશ્વતા જીનવર જેહ,
હું બીજ તણે દીન, પ્રણમું આણી નેહ,—૧.
અભીનંદન ચંદન, શીતળ શીતળનાથ,
અરનાથ સુમતી જીન, વાસુપુજ્ય શીવ સાથ,

ઋષભાદીક જીનવરા, જન્મ જ્ઞાન નિર્વાણ,
હું બીજ તણે દીન, પ્રણમુ તે સુવિહાણ—૨.
પરકાસ્યો બીજે, દુવિધ ધર્મ ભગવંત,
જેમ વિમળ કમળ હોય, વિપુલ નયન વિકસંત,
આગમ અતિ અનુપમ, જીહાં નિશ્ચય વ્યવહાર,
બીજે સવી કીજે, પાતકનો પરિહાર—૩.
ગજ ગામીની કામિની, કમળ સુકોમળ ચીર,
ચકકેશ્વરી કેશરી, સરસ સુગંધ શરીર,
કર જોડી બીજે, હું પ્રણમું તસ પાય,
એમ લબ્ધિ વિજય કહે, પુરો મનોરથ માય—૪.

પંચમી થોય.

નેમિ જીનેશ્વર, પ્રભુ પરમેશ્વર, વંદો મન ઉલ્લાસજી,
શ્રાવણ સુદી પંચમી દીન જનમ્યા હુઆ ત્રીજગ પ્રકાશજી,
જન્મ મહોત્સવ કરવા સુરપતિ, પાંચ રૂપ કરી આવેજી,
મેરૂ શિખરપર ઓચ્છવ કરીને, વિબુધ સયળ સુખ પાવેજી—૧.

પાંચમની થોય.

શ્રાવણ સુદ દીપંચમીએ, જનમ્યા નેમ જીણંદતો
સ્યામ વરણ તણું શોભતું એ, મુખ શારદકો ચંદતો

શહસ્સ વરસ પ્રભુ આઉખુએ, બ્રહ્મચારી ભગવંત તો
અષ્ટ કર્મ હેલે હણીએ, પહોંતા મુક્તિ મહંત તો—૧
અષ્ટાપદ આદી જીન એ, મહોતા મુક્તી મોઝાર તો
વાસુ પુજ્ય ચંપાપુરીએ, નેમ મુક્તી ગીરનાર તો
પાવાપુરી નગરીમાં વલીએ, શ્રી વીરતણું નીરવાણુ તો
સમત શિખર વીસ સિદ્ધ હુવાએ, શીર વહુ તેની આણુ તો—૨
નેમનાથ જ્ઞાની હુવાએ, ભાખે સાર વચન તો
જીવદયા ગુણ વેલડીએ, કીજે તસ જતન તો
મૃષા ન બોલો માનવીએ, ચોરી ચોરી નીવારતો
અનંત તિર્થંકર એમ કહે એ, પરહરીએ પરનાર તો—૩
ગોમેધ નામે યક્ષ ભલો એ, દેવી અંબીકા નામ તો
શાસન સાનિદ્ધ જે કરે એ, કરે વલી ધર્મના કામ તો
તપગચ્છ નાયક ગુણ નીલો એ, શ્રી વિજય સેનસુરીરાય તો
રીખવદાસ પાય સેવતાં એ, સફળ કરે અવતાર તો—૪

આઠમની થોય.

મંગળ આઠ કરી જસ આગળ ભાવ ધરી સુર રાજજી
આઠ જાતિના કળશ ભરીને, નવરાવે જીન રાજજી
વીર જીનેશ્વર જન્મ મહોચ્છવ, કરતાં શિવ સુખ સાધેજી
આઠમનો તપ કરતાં અમ ઘેર મંગળ કમળા વાધેજી

આઠમની થાય.

ચોવીસેજીન હું પ્રણમું નિત્ય મેવ.
આઠમ દીન કરીએ ચંદ્ર પ્રભુજીની સેવ.
મુર્તિ મનમોહન જાણે પુનમ ચંદ
દીઠે દુઃખ જાયે, પામે પરમાનંદ—૧
મલી ચોસઠ ઇંદ્ર પૂજે પ્રભુના પાય.
ઇંદ્રાણી અપછરા, કરજોડી ગુણ ગાય.
નંદીશ્વર દ્વીપે, મલી સુરવર કોડ.
અઠ્ઠાઇ મહોત્સવ, કરે તે હોડાહોડ—૨
શેત્રુંજા શિખરે, જાણી લાભ અપાર.
ચોમાસુ રહ્યા, ગણધર મુની પરિવાર
ભવિયણ ને તારે, દઇ ધર્મ ઉપદેશ
દુધ સાકરથી પણ, વાણી અધિક વિશેષ—૩
પોષહ પડીકમણું, કરીએ વ્રત પચ્ચખ્ખાણ
આઠમ દીન કરી, અષ્ટ કર્મની હાણ
અષ્ટ મંગળ થાયે, દીન દીન કોડ કલ્યાણ,
એમ સુખસુરિ કહે જીવીત જન્મ પ્રમાણ—૪

એકાદશી થોય.

એકાદશી અતી રૂડી ગોવીંદ પુછે નેમ.
કણે કારણ એ પરવ મોટું, કહોને મુજશું તેમ

જીનવર કલ્યાણક અતિ ભલા, એકસોને પચ્ચાસ
તેણે કારણ એ પરવ મોટું, કરો મૌન ઉપવાસ

મૌન એકાદશી.

ગોયમ બોલે ગ્રંથ સંભાલી, વર્ધમાન આગળ રહીઆલી,
વાણી અતીઅ રસાલી.
મૌન એકાદશ મહીમા ભાલી, કોણે કીધાને કહો કોણે પાલી,
પ્રશ્ન કરે ટંકશાળી.
કહોને સ્વામિ પરવ પંચાલી, મહિમા અધિક અધિક સુવિશાળી,
કુણ કહે કહો તુમ ભાળી.
વીર કહે માગશર અજુ આલી, દોઢસો કલ્યાણક નિહાળી.
અગ્યારસ કૃષ્ણે પાલી—૧
નેમીનાથને વારે જાણો, કાન્હુડો ત્રણ ખંડનો રાણો.
વાસુદેવ સુપ્રમાણો.
પરિગ્રહને આરંભે ભરાણો, એક દીન આતમ કીધો શાણો.
જીનવંદન ઉજાણો.
નેમિનાથને કહે હેત આણો. વરસી વાર્‌ દિવસ વખાણો.
પાલી થાઉ શીવરાણો.
અતિત અનાગતને વર્તમાન, નેવું જીનના હુવા કલ્યાણ,
અવર ન એહ સમાન—૨
આગમ આરાધો ભવી પ્રાણી, જેહમાં તિર્થંકરની વાણી;
ગણધર દેવ કમાણી.

દોઢસો કલ્યાણકની વાણી, એહ અગીઆરસને દીન જાણી.
એમ કહે કેવળ નાણી.
પુન્ય પાપ તણી જીહાં કહાણી, સાંભળતા શુભ લેખ લખાણી.
તેહની સરગ નિશાણી.
વિદ્યા પૂરવ ગ્રંથે રચાણી; અંગ ઉપાંગ સૂત્રે ગુંથાણી.
સુણતાં દીયે શિવરાણી—૩
જીન શાસનમાં જે અધિકારી દેવ દેવી હોએ સમકિત ધારી.
સાંનિધ્ય કરે સંભારી.
ધરમ કરે તસ ઉપર પ્યારી, નિશ્ચલ ધર્મ કરે સુવિચારી.
જે છે પર ઉપકારી.
વડ મંડળ મહાવીરજી તારી, પાપ પખાળી જીન જુહારી.
લાભ વિજય હિતકારી.
માતંગ જક્ષ કરે મનોહારી, ગોલગ સારે સુર અવતારી,
શ્રી સંઘના વિઘનને વારી—૪

આદીશ્વર ભગવાનની થોય.

આદી જીનવર રાયા, જાસ સોવન કાયા,
મરૂદેવી માયા. ધોરી લંછન પાયા,
જગત સ્થીતી નીપાયા, શુદ્ધ ચારિત્ર પાયા,
કેવળ શ્રી રાયા, મોક્ષે નગરે સધાયા—૧.
સવી જીન સુખકારી, મોહ મીથ્યા નીવારી.
દુરગતી દુખભારી; શોક સંતાપવારી,

શ્રેણી ક્ષપક સુધારી, કેવળાનંત ધારી.
નમીએ નરનારી, જેહ વિશ્વોપકારી—૨.
સમોવ સરણ બેઠા, લાગે જે જીનજી મીઠા,
કરે ગણુપ પઇઠા, ઇંદ્ર ચંદ્રાદિ દીઠા,
દ્વાદશાંગી વરીઠા, ગુંથતા ટાલે રીઠા,
ભવિજન હોય હીઠા, દેખી પુન્યે ગરીઠા,—૩.
સુર સમકિતવંતા, જેહ રીદ્ધે મહંતા
જેહ સજન સંતા, ટાલીએ મુજ ચીંતા,
જીનવર સેવંતા, વિઘ્ન વારે દુરંતા,
જીન ઉત્તમ શુણુંતા, પદ્મને સુખ દીંતા—૪.

શ્રીમંધર સ્વામીની થોય.

શ્રીશીમંધર સુખકર સાહેબદેવ, અરિહંત સકળની,
ભાવધરી કરૂ સેવ, સકળ આગમ પારક, ગણધર
ભાષિત વાણી, જયવંતી આણા, જ્ઞાન વિમળ ગુણખાણી ॥૧॥

ચંદ્રપ્રભુની

ચંદ્રપ્રભુ મુખ ચંદ્રમા, સખી જોવા જઇએ,
દ્રવ્ય ભાવ પુજા કરી, નીર્મળતા લહીએ.
વાણી સુધારસ વેળડી, સુણી તતૂખેવ,
ભજે ભદંત ભુટીકા, વીર વિજય તે દેવ—૧.

નવપદ આંબેલ હોળીની થાય.

વીર જીનેસર, ભવન દિણેસર, જગદીસર જયકારીજી;
શ્રેણિક નરપતિ, આગળ જંપે, સિદ્ધચક્ર તપસારીજી;
સમકિત દ્રષ્ટિ, ત્રીકરણુ શુધ્ધે, જે ભવિયણુ આરાધેજી;
શ્રી શ્રીપાલ નરિંદપરે તસ, મંગળ કમળા વાધેજી.

સિદ્ધચક્ર સ્તુતિ.

અંગદેશ ચંપાપુરી વાસી, મયણા ને શ્રીપાલ સુખાસી,
સમકિત સું મનવાસી.
આદી જીનેશ્વરની ઉલ્લાસી, ભાવે પૂજા કીધી મન આસી,
ભાવધરી વિશ્વાસી.
ગલીત કોઢ ગયો તેણે નાશી, સુવિધિસું સિદ્ધ ચક્ર ઉપાસી
થયો સ્વર્ગનો વાસી,
આસો ચૈત્ર પુરણુ મારી, પ્રેમે પૂજે ભક્તિ વિકાશી,
આદિ પુરૂષ અવિનાશી.—૧.

શ્રી ગૌતમસ્વામીની થાય.

ગુરૂ ગણુપતિ ગાઉ, ગૌતમ ધ્યાન ધ્યાઉ,
સવિ સુકૃત સુબાહુ, વિશ્વમાં પૂજ્ય થાઉ,
જગ જીત વજાઉ, કર્મને પાર જાઉં,
નવ નિધિ રિદ્ધિ પાઉ, શુદ્ધ સમકિત થાઉ—૧.

દીવાળીની થોય.

ઇંદ્રભૂતિ અનોપમ ગુણ ભર્યા, જે ગૌતમ ગોત્રે અલંકર્યા.
પંચશત છાત્ર સુપરવર્યા,વીર ચરણ લહી ભવજળ તરીયાં.—૧.

—❖—

નંદીશ્વરદ્વીપની થોય.

નંદીશ્વરવરદ્વીપ સંભાર, બાવન ચોમુખ જીનવર જુહાર,
એકેએક એકશો ચોવિસ, બિંબ ચોસઠ સય અડતાળીશ,

સિદ્ધાચળજીની થોય.

(ચારે વખત બોલાય છે.)

પુંડરિક ગણધર પાયપ્રણમીજે, આદિશ્વર જીણચંદાજી,
નેમિ વિના ત્રેવિસ તિર્થંકર, ગિરિ ચઢીયા આણંદાજી,
આગમ માંહે પુંડરિક મહિમા, ભાખ્યો જ્ઞાન દિણંદાજી,
ચૈત્રી પુનમ દીન દેવી ચક્રેશ્વરી, સોભાગ દીઓ સુખ કંદાજી, ૧.

શત્રુંજય થોય.

સવી મલી આવો, ભાવના ભવ્ય ભાવો, વિમળગિરિ વધાવો.
મોતીયાં થાળ લાવો, જો હોય શિવ જાવો, ચિત્ત તો વાત ભાવો.
ન હોય દુશ્મન દાવો, આદિ પૂજા રચાવો–ઇતિ.

શ્રીમંધરજીન થોય.

અજવાળી બીજ સોહાયે, ચંદા રૂપ અનુપમ લાવે,
ચંદા વિનતડી ચિત્ત ધરજો, શ્રીમંધરને વંદણા કહેજો—૧.

શ્રી શ્રીમંધર પ્રમુખ વિચરતાં જીન સ્તુતિ.

શ્રી શ્રીમંધર સેવિત સુરવર, જીનવર જય જયકારીજી,
ધનુષ પાંચસે કંચન વરણી, મુરતિ મોહનગારીજી.
વિચરતા પ્રભુ મહાવિદેહે. ભવિજન જે હિતકારીજી,
પ્રહ ઉઠી નિત્ય નામ જપીજે, હૃદય કમળમાં ધારીજી—૧.

રોહીણી તપની સ્તુતિ.

નક્ષત્ર રોહિણી જે દીન આવે, અહોરત્ત પોસધ કરી શુભ ભાવે,
ચઉવિહાર મન લાવે ॥
॥ વાસુપૂજ્યની ભક્તિ કીજે, ગણુણું પણ તસ નામ જપીજે,
વરસ સત્તાવીસ લીજે ॥
થોડી શકતે વરસ તે સાત, જાવ જીવ અથવા વિખ્યાત,
તપ કરી કરો કર્મ ઘાત ॥
નીજ શકિત ઉજમણુ આવે, વાસુપૂજ્યનું બિંબ ભરાવે,
લાક્ષ મણિમય થાવે ॥ ૧ ॥

પર્યુષણ સ્તુતિ.

પર્વ પજ્જુસણ પૂન્યે કીજે, સત્તર ભેદી જીન પૂજા રચીજે,
વાજીત્ર નાદ સુણીજે;
પ્રભાવના શ્રીફળની કીજે, યાચક જનને દાનજ દીજે,
જીવ અમારી કરીજે;

મનુષ્ય જન્મફળ લાહો લીજે, ચોથ છઠ્ઠ અઠ્ઠમ તપ કીજે,
સ્વામિ વાત્સલ્ય કીજે;
એમ અઠ્ઠાઇ ઓચ્છવ કીજે, કલ્પસૂત્ર ઘેર પધરાવીજે,
આદિનાથ પૂજીજે—૧.

વડા કલ્પ દિન ધૂર મંડાણુ, દશ કલ્પ આચાર પરિમાણુ,
નાગકેતુ વખાણુ;
પછી કહીએ સૂત્ર મંડાણુ, નમુથ્થુણું હોય પ્રથમ વખાણુ,
મેઘકુમાર અહિઠાણુ;

દસ અચ્છેરાનો અધિકાર, ઇંદ્ર આદેશે ગર્ભ પરિહાર,
દેખે સુપન ઉદાર;
ચોથે સ્વપ્ને બીજુ સાર, સ્વપ્ન પાઠક આવ્યા દરબાર,
એમ ત્રીજુ જયકાર—૨.

ચોથે વીરજન્મ વખાણુ, દિશિકુમરી સતી ઇન્દ્રની જાણુ,
દીક્ષા પંચ વખાણુ;
પારણા પરિસહ તપને નાણુ, ગણધરવાદ ચોમાસું પરિમાણુ,
તવ પામ્યા નિરવાણુ;

એ છઠ્ઠે વખાણે કહીએ, તેલાધર દિવસ એમ લહીએ,
શ્રી વીર ચરિત્ર એમ સુણીએ;
પાસ નેમિજીન અંતર સાત, આઠમે રિખભ થિર અવદાત,
સુણતાં દીયે શિવસાત—૩.

સંવત્સરી દિન સહુ નરનારી, બારસે સૂત્રને સમાચારી,
નિસૂણી અઠ્ઠમ ઉદારી;

સુણીએ ગુરૂ પટાવલી સારી, ચૈત્ય પ્રવાડી અતિમનોહાર
ભાવ દેવ જુહાર
સાહમ્મિ ખમત ખામણા કીજે, સમતા રસમાંરે ઝીલીજે
દાન સંવચ્છરી દીજે
એમ ચક્કેસરી સાનિધ્ય કીજે, જ્ઞાન વિમળસૂરી જગ જાણીજે
સુજસ મહોદય લીજે—

શત્રુંજય સ્તુતિ.

શ્રી શત્રુંજય ગિરિવર વાસવ, વાસવ સેવીત પાયજી—જયવંતા, વરતો તિહુંકાલે, મંગળ કમળા દાયજી ॥ સિરિ રિસાહેસર શિષ્ય શિરોમણિ, પુંદરિકથી તે સાધ્યોજી ॥ ચૈત્રી પુનમ આ ચોવીસી, મહિમા જેહનો વાધ્યોજી ॥ ૧ ॥

શત્રુંજયની થોય.

શ્રી શત્રુંજય મહિમા, પ્રગટયો જેહથી સાર ॥ ચૈત્રી પુનમદીન, ઓપ્યો એહ ઉદાર ॥ રીસહેશર સેવા, શિરવહો ધરી આણંદ, તિહુઅણ ભવિ કૈરવ, વિપિન વિકાશન ચંદ ॥ ૧ ॥

શત્રુંજયની થોય.

પ્રણમો ભવી રીસહ જીનેશ્વર, શત્રુંજય કેરોરાયજી—વૃષભલંછન જશ ચરણ સોહે, સોવન વરણી કાયજી—ભરતા દિક શત પુત્ર તણો જે, જનક અયોધ્યા રાયજી॥ ચૈત્રી પુનમને દીને જેહના, મોટા મહોત્સવ થાયજી ॥ ૧ ॥ ઇતિ.

પંચ તીર્થ થોયો.

શ્રી શત્રુંજય મુખ્ય તિર્થ તિલકં શ્રી નાભિરાજાંગજં ॥ વંદે રૈવત શૈલ મૌલિ મુકુટં શ્રી નેમિ નાથં તથા ॥ તારંગે ઙપ્યજીતં જિનં ભૃગુપુરે શ્રીસુવ્રતં સ્થંભને ॥ શ્રી પાર્શ્વં પ્રણુમામિ સત્યનગરે શ્રી વર્દ્ધમાનં ત્રિધા ॥ ૧ ॥ વંદે ડ નુત્તર કલ્પ તલ્પ ભુવને ગ્રૈવેયક વ્યંતર, જ્યોતિષ્યામર મંદરાદિ વંસતીં સ્તીર્થંકરાના દરાત્ ॥ જંબુ પુષ્કર ધાતકીષુ રૂચકે નંદીશ્વરે કુંડળે. યે અન્યે ડ પિજીના નમામિ સતતંતાન્ કૃત્રિમા કૃત્રિમાન્ ॥ ૨ ॥ શ્રીમહાવીર જીનસ્ય પદ્મ હૃદતો નિર્ગચ્છતે ગૌતમં ॥ ગંગાવર્તન મેત્ય યા પ્રવિભિદે મિથ્યાત્વ વૈટ્ટાઢયકં ॥ ઉત્પત્તિ સ્થિતિ સંહૃતિ ત્રિપથગા જ્ઞાનાંબુદા વૃદ્ધિગા, સામે કર્મમલં હરત્વ વિકલં શ્રી દ્વાદશાંગી નદી ॥ ૩ ॥ શક્રશ્ચંદ્ર રવિગ્રહાશ્ચ ધરણુ બ્રહ્મેંદ્રશાંત્યં બિકા ॥ દિક્પાલાઃ સકપર્દિ ગોમુખ ગણિ ચક્રેશ્વરી ભારતી યે ડ ન્યે જ્ઞાન તપ ॥ ક્રિયાવ્રત વિધિ શ્રી તીર્થયાત્રાદિષુ, શ્રી સંઘસ્યતુરા ચતુર્વિધ સુરાસ્તે સન્તુ ભદ્રંકરા ॥ ૪ ॥ ઇતિ શ્રી પંચ તિર્થ સ્તુતિ.

શ્રી પર્યુષણ સ્તુતિ.

મણિ રચિત સિંહાસન બેઠા જગદાધાર ॥ પર્યુષણ કેરો, મહિમા અગમ અપાર ॥ નીજ મુખથી દાખી ॥ સાખી સુર નરવૃંદ ॥ એ પર્વ પર્વમાં જીમ તારામાં ચંદ ॥ ૧ ॥ નાગકેતુની પરે, કલ્પ સાધના કીજે, વ્રત નીયમ આખડી, ગુરૂ મુખ અધિકી લીજે ॥ દોયભેદે પુજા દાન પાંચ પ્રકાર ॥ કર પડિક્કમણું ધર શીયલ અખંડીત ધાર,

જે ત્રીકરણ શુધ્ધે ॥ આરાધે નવવાર ॥ ભવ સાત આઠ અવશેષતાસં સંસાર ॥ સહુ સૂત્ર શિરોમણિ, કલ્પસૂત્ર સુખકાર ॥ તે શ્રવણ સૂણીને ॥ સફળ કરો અવતાર ॥ ૩ ॥ સહુ ચૈત્ય જુહારી, ખમતખામણા કીજે ॥ કરી સાહમ્મી વત્સલ કુગતિદ્વારપટ દીજે ॥ અઠ્ઠાઇ મહોત્સવ, ચિદાનંદ ચિત્ત લાઇ, ઇમ કરતાં સંઘને શાસન દેવ સહાઇ ॥ ૪ ॥

ગિરનારની સ્તુતિ.

સુર અસુરવંદિત પાયપંકજ મયણમલ્લ અક્ષોભિતં ॥ ઘન સુઘનસ્યામ શરિર સુંદર, શંખલંછન શોભિતં ॥ શિવાદેવી નંદન ત્રિજગ વંદન ॥ ભવિક કમલ દિનેશ્વરં ॥ ગિરનાર ગિરિવર શિખર વંદુ શ્રી નેમિનાથ જીનેશ્વરં ॥ ૧ ॥અષ્ટાપદે શ્રી જીનવર, વીર પાવાપુરી વરૂ, વાસુ પૂજય ચંપા નયર સિધ્ધા નેમરવા ગિરિવરૂ ॥ શમેત શિખરે વીશ જીનવર મુકિત પહોત્યા મુનિવરૂ ॥ ચૌવીસ જીનવર નિત્ય વંદુ ॥ સયલ સંઘ સુહ કરૂં ॥ ૨ ॥ ઇગ્યાર અંગ ઉપાંગ બાર દશપ પેન્ના જાણીએ ॥ છ છેદ ગ્રંથ પસથ્થ સથ્થા. ચાર મૂળ વખાણીએ અનુયોગદ્વાર નંદી, સૂત્ર જીનમત ગાઇએ ॥ વૃતિ ચૂર્ણી ભાષ્ય પિસ્તાલીશ આગમ ધ્યાઇએ ॥ ૩ ॥ દોય દિશિ બાળક દોય જેહને, સદા ભવિયણ સુખકરૂ દુ:ખ હરી અંબા લુંબ સુંદર દુરિત દોહગ અપ હરં ॥ ગિરિના મંડણ નેમિ જીનવર, ચરણપંકજ સેવીએ, શ્રી સંઘ સુપ્રસન્ન મંગળ કરો તે અંબાદેવીએ ॥ ૪ ॥ ઇતિ,

---

પુંદરિક સ્વામિની થોય.

પુંદરીક મંડણ પાય પ્રણમીજે ॥ આદીશ્વર જીન ચંદાજી ॥ નેમિ વિના ત્રેવીસ તિર્થંકર ગિરિ ચઢિયા આણંદાજી ॥ આગમ માંહે પુંદરીક મહિમા ॥ ભાખ્યો જ્ઞાન દિણુંદાજી ॥ ચૈત્ર પુનમ દીનદેવી ચક્રેશ્વરી, સોભાગ્ય દો સુખકંદાજી ॥ ૧ ॥

શેત્રુંજયતિર્થ થોય.

શ્રી શત્રુંજય મંડણ, રૂષભ જીણુંદ દયાલ, મરૂદેવા નંદન વંદન કરૂ ત્રણુ કાળ ॥ એ તીરથ જાણી, પૂરવ નવાણુંવાર, આદિશ્વર આયા ॥ જાણી લાભ અપાર ॥ ૧ ॥ ત્રેવીશ તીર્થંકર ॥ ચઢીઆ પાવન તિરથ ત્રીભોવન નહીતસ તોળે ॥ એતિરથના ગુણ શ્રીમંધર સુખ બોલે ॥૨॥ પુંડર ગિરિ મહિમા આગમમાં પ્રસિદ્ધ ॥ વિમળાચળ ભેટી લહીએ અવિચળ રૂદ્ધિ ॥ પંચમી ગતિ પહોત્યાં ॥ મુનિવર કોડાકોડ ॥ એણે તીરથ આવી ॥ કર્મ વિપાક વિછોડ ॥ ૩ ॥ શ્રી શેત્રુંજય કેરી અહોનિશ રક્ષાકારી ॥ શ્રી આદિ જીનેશ્વર આણ હૃદયમાં ધારી ॥ શ્રી સંઘ વિઘનહર ॥ કવડયક્ષ ભરપૂર ॥ શ્રી સંઘના સંકટ રવિ સુખસાગર ચૂર ॥ ૪ ॥ ઇતિ ॥

શાશ્વતાજીન સ્તુતિ.

ઋષભ ચંદ્રાનન વંદન કીજે, વારીખેણ દુઃખ વારેજી, વર્દ્ધમાન જીનવરવલી પ્રણમો, શાશ્વત નામ એચારેજી॥ ભરતાદિક ક્ષેત્રે મીલી હોવે, ચાર નામ ચિત્ત ધારેજી, તિણે ચારે એશાશ્વત જીનવર નમીએ નિત્ય સહવારેજી ॥ ૧ ॥ ઉર્દ્ધ્વ અધો તિર્છે લોકો થઇ, કોડી પનરસે જાણોજી, ઉપર કોડી બેતાલીશ પ્રણમો, અડવન લખમન આણોજી ॥ છત્રીસ સહસ એંસી તે ઉપરે, બીંબ તણો પરિમાણોજી ॥ અસંખ્યાત વ્યંતર જ્યોતિષમાં, પ્રણમો તે સુવિહાણોજી, ॥ ૨ ॥ રાયપસેણી જીવાભિગમે, ભગવતિસૂત્રે ભાખીજી, જંબુદ્વીપ પન્નતિ ઠાણાંગે, વીવરીને ઘણું દાખીજી ॥ વલી અશાશ્વતા જ્ઞાતા કલ્પમાં, વ્યવહાર પ્રમુખે આખીજી, તે જીન પ્રતિમા લોપે પાપી, જીહાં બહુ સૂત્ર છે સાખીજી ॥૩॥ એ જીનપૂજાથી આરાધક, ઇશાન ઇંદ્ર કહાયાજી, તિમ સૂરિયાભ પ્રમુખ બહુ સુરવર દેવી તણા સમુદાયાજી ॥ નંદીસર અઠ્ઠાઇ મહોત્સવ કરે અતિહર્ષ ભરાયજી, જીન ઉતમ કલ્યાણક દીવસે, પદ્મવિજય નમે પાયાજી ॥ ૪ ॥

આદીશ્વર સ્તુતિ.

(શોભન સ્તુતિ.)

ભવ્યાંભોજ વિબોધ નૈક તરણે, વિસ્તારી કર્માવલી,
રંભા સામજ નાભિનન્દન મહા નષ્ટાપદા ભાસુરૈ,
ભક્ત્યા વંદિત પાદપદ્મ વિદુષાં, સંપાદય પ્રોજ્જીતા,
રંભા સામજ નાભિનંન્દન મહા નષ્ટાપદા ભાસુરૈ—૧.

અજીતજીન સ્તુતિ

(પુષ્પીતાગ્રા વૃત.)

તમ જીત મભિનો મિયો વિરાજદ્ધન ધન મેરૂ પરાગમસ્ત કાંતમ્,
નિજજનન મહોત્સવે ધિતષ્ટા વન ઘન મેરૂ પરાગમસ્ત કાંતમ્—૧.

સંભવજીન.

(આર્યાગીતિ.)

નિર્ભિન્ન શત્રુ ભવ ભય શંભવ કાંતાર તારતારમમારં,
પિતર ત્રાતજગત્રય શંભવ, કાંતાર તારતારમમારં—૧.

અભિનંદન.

(દ્રુત વિળંબિત વૃત.)

ત્વમ શુભાન્યભિનંદન નંદિતા, સુરવધુ નયનઃ પરમોદરઃ
સ્મર કરીંદ્ર વિદારણ કેશરીન્, સુર વધ્ નયન—પરમોદરઃ ૧.

સુમતિનાથ.

(આર્યાગીતિ.)

મદ મદન રહિત ન રહિત સુમતે સુમતે ન કનક તારે તારે,
દમદમ પાલય પાલય દરાદરા, તિક્ષતિક્ષ પાતઃ પાતઃ ૧.

પદ્મપ્રભુ સ્તુતિ.

(વસંતતિલકા વૃત.)

પાદદ્વયી દલિત પદ્મમૃદુ-પ્રમોદ,
મુન્મુદ્ર તામરસ દામલતાંત પાત્રી,
પાદ્મ પ્રભી વિધાતુ સતાં વિતીર્ણું,
મુન્મુદ્ર તામરસ દામ લતાં તપાત્રી—૧.

સુપાર્શ્વનાથ.

(માલિની વૃત.)

કૃત નતિકૃતવાન્ યોજંતુ જાતં નિરસ્ત,
સ્મર પરમ દમાયા માન બાધાય શસ્તં,
સુચિર મવિચલત્વં ચિત્તવૃત્તેઃ-સુપાર્શ્વં,
સ્મર પરમદ માયા માન બાધાય શસ્તં-૧.

ચંદ્રપ્રભ સ્તુતિ.

(મંદાક્રાન્તા વૃત.)

તુભ્યં ચંદ્રપ્રભજીન નમસ્તામ સોજ્જંભિતાનાં,
હાનેકાં તાનલ સમદયા વંદિતાયા સમાન,
વિદ્વત્સં કલ્પા પ્રકટિત પૃથુ સ્પષ્ટ દ્રષ્ટાંત હેતુ,
હાનેકાંતા નલ સમદયા વંદિતાયા સમાન,

શ્રી સુવિધિનાથ સ્તુતિ.

તવાભિ વૃદ્ધિં સુવિધિ વિધેયાત્,
સભા સુરાલી નત પાદયાવન્,
યોયોગિ પંકલ્યા પ્રણુતો નભઃ સત્,
સભા સુરાલી નત પાદયાવન્,

શ્રી શિતળજીન સ્તુતિ.

જયતિ શીતલ તિર્થકૃતઃ સદા,
ચલન તામર સંસદ લંધનં,
નવકમં સુરૂહાંપથિ સંસ્પૃશ,
ચલનતા મર સંસદ લંધનં,

શ્રી શ્રેયાંસનાથ સ્તુતિ.

(હરિણીછંદ.)

કુસુમ ધનુષાય સ્માદન્ય નમોવશં વ્યધુઃ
કમલ સદૃશાંગીતા રાવાબલા દવિ તાપિતં,
પ્રણમત તરાંદ્રાક્ શ્રેયાંસં નચાદ્રૈત યન્મનં:
કમલ સદૃશાંગીતા રાવાબલા દવિતા પિતં—૧.

નેમિનાથજીની થાય.

જીત મદનમ નેમે, તાનિસન્નાથ નેમે,
નિરૂપમ શ્રમ નેમે, યેન તુભ્યંવિ નેમે,

નિકૃત જલધિ નેમે, સાર મોહાદ્રુ નેમે,
પ્રણિદધતિ ન નેમે, તંપરા અપ્ય નેમે.

નેમિનાથ સ્તુતિ.

દુરિત ભય નિવારં, મોહ વિધ્વંસ કારં, ગુણવંત મવિકારં–પ્રાપ્ત, સિદ્ધિ સુદારં, જીનવર જયકારં, કર્મ સંકલેશ હારં, ભવજલ નિધિ તારં, નૌમિ નેમિ કુમારં ॥ ૧ ॥ ઇતી ॥

પારસનાથજી.

સમુદ સુતમ વસ્તુ મહાપણું,
સકળ કેવળ નિર્મળ સદ્‌ગુણું,
નગર જેસલમીર વિભૂષણું,
ભજત પાર્શ્વજીન ગત દૂષણું ॥ ૧ ॥

મહાવીરજીન સ્તુતિ.


ત્રિદશ વિહિત માનં, સપ્ત હસ્તાંગમાનં,
દલિત મદન માનં, સદ્‌ગુણૈ વર્ધમાનમ્,
દનવર તમિમાનં, ક્રોધ મત્સરસ્ય માનમ્,
જીનવર મસમાનં, સંસ્તુવે વર્ધમાનમ,—૧.

મહાવીરજીન સ્તુતિ.

કનક સમશરિરં, પ્રાપ્ત સંસારતીરં,
કુમતઘન સમીરં, ક્રોધ દાવાગ્નિનીરં,
જલધિ જળ ગંભિરં, દંભ ભૂસારસીહં,
સુરગિરિ સમધીરં, સ્તૌમિ ભક્ત્યા ચ વીરં ॥ ૧ ॥

શ્રી મહાવીરસ્વામીની થોય.

ભવ્યા મહાવીર મતે સદાના, નતાર તારા જીનવર વામે,
ગાવો નરામા કરતાર કેશા, નયાતુ મારા સુકૃતાન્ત કાન્તા—૧.
(ચારે વખત એની એજ બોલાય)



અથ શ્રી પ્રભાતીઆ સંગ્રહ.

ગૌતમસ્વામિનું પ્રભાતીઉ.

માત પૃથ્વી સુત પ્રાત ઉઠી નમો, ગણધર ગૌતમ નામ ધેળે,
પ્રહસમે પ્રેમસુ જેહ ધ્યાવેસદા, ચડતી કલા હોએ વંશવેલે.
વસુ ભૂતિનંદન વિશ્વ જનવંદન, દુરિત નિકંદન નામ જેહનું,
અભેદ બુધે કરી ભવી જન જે ભજે, પુરણ પહોચે સહી ભાગ્ય તેનું,
॥ ૨ ॥ સુરમણિ જેહ ચિંતામણી સુરતરૂ, કામિત પુરણ કામધેનુ,
એહીજ ગૌતમ તણુ નામ હૈડે ધરી, એથી અધિક નહિ મહાત્મ્ય કેનું,
॥ ૩ ॥ જ્ઞાનબળ તેજને સકળ સુખ સંપદા, ગૌતમ નામથી સિદ્ધિ પામે,
અખંડ પ્રતાપ તે હોય અવનીમાં સુરનર જેહને શીષ નામે ॥ ૪ ॥
પ્રણુવ આદેધરી માયા બીજે કરી ॥ શ્રી મુખ ગૌતમ ધ્યાન ધ્યાયે,
કોડ મન કામના સફળ વેગે ફ્ળે ॥ વિઘ્ન વૈરી સવે દુર જાએ ॥ ૫ ॥
દુષ્ટ દુરે ટલે સ્વજન મેલો મલે, આધિ ઉપાધિ તે દુર નાશે,
ભૂતને પ્રેતને જોર ભાજે વલી, ગૌતમ નામ જપતાં ઉલ્લાશે ॥૬॥
તિર્થ અષ્ટાપદે આપ લબ્ધિ કરી, પનરસે ત્રણને દિક્ષા દીધી,
અઠ્ઠમને પારણે તાપસને કારણે, ક્ષીર લબ્ધી કરી અખુટ કીધી ॥૭॥
વરસ પંચાસ ગૃહસ્થવાસે વસ્યા, વરસ વલી ત્રીસ કરી વીર સેવા,
બાર વરસ લગે કેવળ ભોગવ્યું, ભક્તિ કરે તેની નીત્ય દેવા ॥ ૮ ॥
મહીયલે ગૌતમ ગોત્ર મહિમા નીધી રીદ્ધિને સીદ્ધિ દાઇ,
ઉદય જશ નામથી અધિક લીલા લહે, સુજસ સૌભાગ્ય દોલત સવાઇ.
॥૯॥ ઇતિ ગૌતમ સ્વામિ પ્રભાતીઉ ॥

પારસનાથજીનું પ્રભાતીઉં.

પાસ સંખેશ્વરા સાર કર સેવકા, દેવકા આવડી વાર લાગે,
કોડી કર જોડી, દરબાર આગે ખડા, ઠાકુરા ચાકુરા, માન માગે ॥
॥ પાસ ॥ ૧ ॥

પ્રગટ થા પાસજી, મેલી પડદો પરો, મોડ અસુરાણને આપ છોડો,
મુજ મહિરાણ મંજુસમાં પેસીને, ખલકના નાથજી, બંધ ખોલ ॥
॥ પાસ ॥ ૨ ॥

જગતમાં દેવ જગદીશ તું જાગતો, એમ શું આજ જીનરાજ ઉંઘે,
મોટા દાનેશરી તેહને દાખીએ, દાન દે જેહ, જગ કાળ મોંઘે ॥
॥ પાસ ॥ ૩ ॥

ભીડ પડી જાદવા જોર લાગી જરા, તતક્ષણ ત્રીકમે તુંજ સંભાર્યો,
પ્રગટ પાતાળથી પળકમાં તેં પ્રભુ. ભક્તજન તેહનો, ભય નિવાર્યો ॥
॥ પાસ ॥ ૪ ॥

આદિ અનાદિ અરિહંત તું એક છે, દીન દયાળ છે કૌન દુજો,
ઉદય રત્ન કહે, પ્રગટ પ્રભુ પાસજી, પામી ભય ભંજનો એહ પુજો ॥
પાસ ॥ ૫ ॥ ઇતિ ॥

રીખવદેવનું પ્રભાતીયું.

આજ તો બધાઇ રાજા નાભીકે દરબારરે ॥ મરૂદેવીએ બેટો જાયો,
રીખવ કુમારરે ॥ આજ ॥ આંકણી ॥ અયોધ્યામે ઓચ્છવ હોવે,
મુખ બોલે જેજેકારરે ॥ ધનનનનનનન ઘંટા બાજે,

દેવ કરે થૈ થૈ કારરે ॥ ૧ ॥ આજ ॥
ઇંદ્રાણી સબ મંગળ ગાવે લાવે મોતી માલરે ॥ ચંદન ચરચીપા એ લાગુ ॥
પ્રભુ જીવો ચિરંકાળરે ॥ ૨ ॥ આજ ॥
નાભી રાજા દાન દેવે વરસે અખંડ ધારરે ॥ ગામ નગર પુર પાટણ દેવે ॥
દેવે મણી ભંડારરે ॥ ૩ ॥ આજ ॥
હાથી દેવે ઘાથી દેવે દેવે રથ તોખારરે ॥ હીર ચીર પિતાંબર દેવે ॥
દેવે સવી શણગારરે ॥ ૪ ॥ આજ ॥
તીન લોકમે દીનકર પ્રગટ્યો પ્રગટ્યો ઘેર ઘેર મંગળ માળરે ॥
રૂપચંદ કહે નાથ નિરંજન ॥ આદિશ્વર દયાળરે ॥૫॥ આજ ॥ ઇતિ ॥

શેત્રુંજય પ્રભાતિઉ.

ચાલોની પ્રિતમજી પ્યારા શેત્રુંજે જઇએ શેત્રુંજે જઇએ રે વહાલા શેત્રુંજે જઇએ ॥ શું સંસારે રહ્યા છે સુજી, દીન દીન તન છીજે, આઠ આભની છાયા સરખી પોતાની કીજે ॥ ચાલોની ॥૧॥ જે કરવું તે પહેલા કીજે કાલે શી વાતો, અણચિંતવ્યા આવી પડશે, સબલાની લાતો ॥ ૨ ॥ ચાલો ॥ ચતુરાઇ શું ચિત્તમાં ચેતી હાથે તે સાથે ॥ મરણ તણા નિશાના મોટા ગાજે છે માથે ॥ચાલો ॥ ॥૩॥ માતા મરૂદેવા નંદન નીરખી ભવ સફલો કીજે ॥ દાન વિજય સાહેબની સેવા એ સંબલ લીજે ॥ ૪ । ચાલો ॥ ઇતિ,

અથ શ્રી છંદ સંગ્રહ.

શ્રી શંખેશ્વર પાર્શ્વજીન છંદ.

સેવો પાસ શંખેશ્વરો મન શુધ્ધે, નમો નાથ નિશ્ચે કરી એક બુધ્ધે. દેવી દેવલા અન્યને શું નમોછો. અહો ભવ્ય લોકો ભુલા કાં ભમો છો ॥ ૧ ॥ ત્રીલોકના નાથને શું તજો છો. પડયા પાસમાં ભુતડાને કાં ભજો છો. ॥ સુરધેનુ છંડી અજાને શું અજો છો. મહા પંથ મુકી કુપંથે વજોછો ॥ ૨ ॥ તજે કોણ ચિંતામણિ કાચ માટે ॥ ગ્રહે કોણ રાસભને હસ્તી સાટે ॥ સુરદ્રુમ ઉપાડી આક કુણ વાવે ॥ મહામુઢ તે આકુલા અંત પાવે ॥ ૩ ॥ કીહાં કાંકરો ને કીહાં મેરૂ શૃંગ ॥ કીહાં કેસરી ને કીહાં તે કુરંગં ॥ કીહાં વિશ્વનાથ કિહાં અન્ય દેવા. કરો એક ચિ-તે પ્રભુ પાસ સેવા ॥ ૪ ॥ પૂજો દેવી પ્રભાવતી પ્રાણનાથં. સહુ જીવને જે કરે છે સનાથ ॥ મહા તત્વ જાણી સદા જેહ ધ્યાવે ॥ તેના દુઃખ દારિદ્ર દુરે પલાવે ॥ ૫ ॥ પામી મનુષ્યોને વૃથા કાં ગમો છો ॥ કુશીલે કરી દેહને કાં દમો છો ॥ નહિ મુક્તિ વાસં વિના વિતરાગં ॥ ભજો ભગવંતં તજો દ્રષ્ટિ રાગં ॥ ૬ ॥ ઉદય રત્ન ભાખે સદા હેત આણી ॥ દયા ભાવ કીજે પ્રભુ દાસ જાણી॥ આજ માહારે મોતીડે મેહ વુઠયા, પ્રભુ પાસ શંખેશ્વરો આપતુઠયા ॥ ૭ ॥ ઇતિ,

શ્રી નવકાર મંત્રનો છંદ.

દુહા.

વંછીત પુરે વિવિધ પરે, શ્રી જીન શાસન સાર.
નીશ્ચે શ્રી નવકાર નિત્ય, જપતાં જયજયકાર,
અડ સડ અક્ષર અધિક ફળ, નવ પદ નવે નિધાન,
વીતરાગ સ્વયં મુખ વદે, પંચ પરમેષ્ટિ પ્રધાન,
એકજ અક્ષર એક ચિત્ત, સમર્યા સંપત્તિ થાય,
સંચિત સાગર સાતનાં, પાતક દુર પલાય,
સકલ મંત્ર શિર મુકુટમણિ, સદ ગુરૂ ભાષિત સાર,
શો ભવિયાં મન શુદ્ધ શું, નિત્ય જપીએ નવકાર.

છંદ.

નવકાર થકી શ્રીપાલ નરેસર, પામ્યો રાજ્ય પ્રસિદ્ધ,
શ્મશાન વિષે શીવ નામ કુમરને, સોવન પુરિસો સિદ્ધ,
નવલાખ જપતાં નરક નિવારે, પામે ભવનો પાર,
શોભવિયાં ભકતે ચોખ્ખે ચિત્તે, નિત્ય જપીયે નવકાર સો૦-૧

બાંધી વડશાખા શિંકે બેશી, હેઠળ કુંડ હુંતાશ,
તસ્કર ને મંત્ર સમર્પ્યો શ્રાવકે, ઉડયો તે આકાશ,
વિધિ રીતે જપતાં વિષ ધર વિષ ટાળે, ઢાળે અમૃતધાર—સોભવિયાં—૨

બીજોરા કારણ રાય મહાબલ, વ્યંતર દુષ્ટ વિરોધ
જેણે નવકારે હત્યા ટાળી, પામ્યો યક્ષ પ્રતિબોધ,
નવલાખ જપતાં થાયે જીનવર, ઇસ્યો છે અધિકાર સો૦-૩

પલ્લિપતિ શિખ્યો મુનીવર પાસે, મહામંત્ર મન શુદ્ધ,
પરભવ તે રાજસિંહ પૃથ્વીપતિ, પામ્યો પરિગલ રિદ્ધ,
એ મંત્ર થકી અમરાપુર પહોત્યો, ચારૂદત્ત સુવિચાર સો૦–૪

સન્યાસી કાશી તપ સાધંતો, પંચાગ્નિ પર જાલે,
દીઠો શ્રી પાસકુમારે પન્નિગ, અધ બલતો તે ટાલે,
સંભળાવ્યો શ્રી નવકાર સ્વયં મુખ, ઇંદ્રભુવન અવતાર સો૦–૫

મન શુધ્ધે જપતાં મયણાં સુંદરી, પામી પ્રીય સંયોગ,
ઇણ ધ્યાન થકી કુષ્ટ ટળ્યો ઉંબરનો, રક્ત પિત્તનો રોગ,
નિશ્ચે શું જપતાં નવ નિધિ થાયે, ધર્મ તણો આધાર, સો૦–૬

ઘટ માંહી કૃષ્ણ ભુજંગ ઘાલ્યો, ઘરણી કરવા ઘાત,
પરમેષ્ટિ પ્રભાવે હાર ફુલનો, વસુધા માંહી વિખ્યાત,
કમળાવંતિએ પિંગલ કીધો, પાપ તણો પરિહાર, સો૦–૭

ગયણાં ગણુ જાતિ રાખી ગ્રહીને, પાડી બાણ પ્રહાર,
પદ પંચ સુણંતાં પાંડુ પતિ ઘર, તે થઇ કુન્તા નાર,
એ મંત્ર અમુલખ મહિમા મંદિર, ભવ દુઃખભંજન હાર સો૦–૮

કંબલ સંબલે કાદવ કાઢયા, સકટ પાંચસેં માન,
દીધે નવકારે ગયા દેવલોકે, વિલસે અમર વિમાન,
એ મંત્ર થકી સંપત્તિ વસુધા લહી, વિલસે જૈન વિહાર સો૦–૯

આગે ચોવીશી હુઇ અનંતી, હોશે વાર અનંત,
નવકાર તણી કોઇ આદિ ન જાણે, એમ ભાખે અરિહંત,
પુરવ દિશી ચારે આદિ પ્રપંચે, સમર્યા સંપત્તિ સાર સો૦–૧૦

પરમેષ્ટિ સુરપદ તે પણ પામે જે, કૃત કર્મ કઠોર,

પુંડરગિરિ ઉપર પ્રત્યક્ષ પેખો, મણિધરને એક મોર,
સદ્‌ગુરૂ સનમુખ વિધિયે, સમરંતાં સફળ જનમ સંસાર સો૦-૧૧
શુલિકારોપણ તસ્કર કીધો, લોહ ખરો પર સિદ્ધ,
તીહાં શેઠે નવકાર સુણાવ્યો, પામ્યો અમરની રિદ્ધ,
શેઠને ઘર આવી વિઘ્ન નિવાર્યાં, સુરે કરી મનોહાર, સો૦-૧૨
પંચ પરમેષ્ટિ જ્ઞાનજ પંચહ, પંચ દાન ચારિત્ર,
પંચ સઝ્ઝાય મહાવ્રત પંચહ, પંચ સમિતિ સમકિત,
પંચ પ્રમાદ વિષય તજો પંચહ, પાળો પંચાચાર, સો૦-૧૩

કળશ.

નિત્ય જપીએ નવકાર, સાર સંપત્તિ સુખ દાયક,
સિદ્ધ મંત્ર એ શાશ્વતો, એમ જપે શ્રી જગનાયક,
શ્રી અરિહંત સુસિદ્ધ, શુદ્ધ આચાર્ય ભણીજે,
શ્રી ઉવઝ્ઝાય સુ સાધુ, પંચ પરમેષ્ટિ થુણીજે,
નવકાર સાર સંસાર છે, કુશળ લાભ વાચક કહે,
એક ચિત્તે આરાધતા, વિવિધ રિદ્ધિ વાંછિત લહે.

શ્રી ગણધર છંદ.

એકાદશ ગણધરના નામ, પ્રહ ઉઠીને કરૂં પ્રણામ,
ઈંદ્રભૂતિ પહેલા તે જાણ, અગ્નિભૂતિ બીજા ગુણ ખાણ—૧.
વાયુભૂતિ ત્રીજા જગસાર, ગણધર ચોથા વ્યક્ત ઉદાર,
શાસનપતિ સુધર્માસાર, મંડિત નામે છઠ્ઠો ધાર—૨.

મોર્ય પૂત્ર સાતમા જેહ, અકંપિત અષ્ટમ ગુણ ગેહ,
મુનિવર માંહે જેહ પ્રધાન, અચળ ભ્રાત નવમો એ નામ—૩.
નામ થકી હોય કોડી કલ્યાણ, દશમો મેતારજ અવિરલ વાણ.
એકાદસમા પ્રભાસ કહેવાય, સુખ સંપત્તિ જશ નામે થાય—૪.
ગાયા વીર તણા ગણધાર, ગુણ મણિરયણ તણા ભંડાર,
ઉત્તમ વિજય ગુરૂનો શિષ્ય, રત્ન વિજય વંદે નિશદિશ—૫.

શ્રી ગૌતમસ્વામિનો છંદ.

વીર જીનેશ્વર કેરો શિષ્ય, ગૌતમ નામ જપો નિશદિશ,
જો કીજે ગૌતમનું ધ્યાન, તો ઘર વિલસે નવે નિધાન,
ગૌતમ નામે ગિરિવર ચઢે, મનવંછીત હેલા સંપજે,
ગૌતમ નામે નાવે રોગ, ગૌતમ નામે સર્વ સંજોગ,
ભુત પ્રેત નવી મંડે પ્રાણ, તે ગૌતમના કરૂં વખાણ,
ગૌતમ નામે નિર્મળ કાય, ગૌતમ નામે વાધે આય,
ગૌતમ જીનશાસન શણગાર, ગૌતમ નામે જયજયકાર,
શાળદાળ સુરહા ધૃત ગોળ, મનવંછીત કાપડ તંબોલ,
ઘરસુ ઘરણી નિર્મળ ચીત્ત, ગૌતમ નામે પૂત્ર વિનીત,
ગૌતમ ઉગ્યો અવિચળ ભાણ, ગૌતમનામ જપો જગ જાણ,
મોટા મંદિર મેરૂ સમાન, ગૌતમ નામે સફળ વિહાણ,
ઘર મયગળ ઘોડાની જોડ, વારૂ પહોંચે વંછીત કોડ,
મહિયળ માને મોટા રાય, જો તુઠે ગૌતમના પાય,

ગૌતમ પ્રણમ્યા પાતીક ટળે, ઉત્તમ નરની સંગત મળે,
ગૌતમ નામે નિર્મળ જ્ઞાન, ગૌતમ નામે વાધે વાન,
પુન્યવંત અવધારો સહુ, ગુરૂ ગૌતમના ગુણ છે બહુ,
કહે લાવણ્ય સમય કર જોડ, ગૌતમ તુઠે સંપત્તિકોડ

શ્રી ગૌતમસ્વામીનો છંદ.

જયો જયો ગૌતમ ગણધાર, મોટો લબ્ધિ તણો ભંડાર,
સમરે વંછીત સુખ દાતાર, જયો જયો ગૌતમ ગણધાર ॥ ૧ ॥
વીર વજીર વડો અણગાર, ચૌદ હજાર મુની સરદાર,
જપતાં નામ હોય જયજયકાર, જયો જયો ગૌતમ ગણધાર ॥ ૨ ॥
ગય ગમણી રમણી, જગીસાર, પુત્ર કલત્ર સજ્જન પરિવાર,
આવે કનક કોડી વિસ્તાર, જયો જયો ગૌતમ ગણધાર ॥ ૩ ॥
ઘરે ઘોડા પાયક નહી પાર, સુખાસન પાળખી ઉદાર,
વૈરી વિકટ થાય વિસરાળ, જયો જયો ગૌતમ ગણધાર ॥ ૪ ॥
પ્રહ ઉઠી જપીએ ગણધાર, રૂદ્ધિ સીદ્ધિ કમળા દાતારં,
રૂપરેખ મયણ અવતાર, જયો જયો ગૌતમ ગણધાર ॥ ૫ ॥
કવી રૂપચંદ ગણી કેરો શિષ્ય, ગૌતમ ગુરૂ પ્રણમે નિશદીન,
કહે ચંદ એ શુભતાગાર, જયો જયો ગૌતમ ગણધાર ॥૬॥ ઇતિ ॥

અથ શ્રી માણિભદ્ર યક્ષકી સ્તુતિ. (છંદ)

જય જય ઝંકારા, જય જય ઝંકારા,
આરતી ઉતારે, શાસન રખવાળા,
સમકિત દૃષ્ટી સુરવર સોહે, મંગળનિત કારા,
માણિભદ્ર નામે સુરજક્ષ, તપ ગચ્છ સુખકારી.—જય.
મંજર અંકુશ નાગ વજર ભુજ, સુરજ મુખધારા;
રૂપ અવતાર વરાહ સરીખા, ગજપર અસ્વારા—જય.
કુશળ કરે જે નામ લીયે નિત, આનંદ કરતારા,
જગજસ વાધે આસકો સાધે, લક્ષ્મી ઘરકારા—જય.
વીરવાર ગુલ પાપડી લાડુ, લપનસીરી પ્યારા,
ધુપ દીપ નૈવેદ્ય સુહંકર, આઠમ દીન સારા—જય.
વેયાવચ્ચ કર્તા સબ સુરવર, કાઉસગ્ગ ચીત્ત ધારા,
આતમ વલ્લભ સહજ ધરીજે, આવસ્યક છારા—જય.

સોળ સતીનો છંદ.

સરસતી માતા પ્રણમુ મુદા, તું તુઠી આપે સંપદા,
સોળ સતીના લીજે નામ, જેમ મનવાંછીત સીઝે કામ ॥ ૧ ॥
બ્રાહ્મીસુંદરી સુળસા સતી, જપતાં પાતક ન રહે રતી ॥
કૌશલ્યા કુંન્તી સતી સાર, પ્રભાવતી નામે જયકાર ॥ ૨ ॥
ભગવતી શીળવતી ભય હરે, સુખ સંપત્તી પદ્માવતી કરે,
દ્રૌપદી પાંડવ ઘરણી જેહ, શીયળ અખંડ વખાણ્યું તેહ ॥ ૩ ॥
ચૂલા દમયંતી દુઃખ હરે, શીવાદેવી નિત્ય સાનીધ્ય કરે,
ચંદનબાળા ચઢતી કળા, શ્રી વીર પાત્ર દીધા બાકુલા ॥ ૪ ॥

રાજીમતી નવી પરણ્યા નેમ, તોએ રાખ્યો અવિહડ પ્રેમ,
સીતા તણું શીળ જગજ્યો, અગ્નિ ટળીને પાણી થયો ॥ ૫ ॥
ધનધન સતી સુભદ્રા ધીર, કાચે તાંતણે ચાલણી નીર,
ચંપા પોળ ઉઘાડી ચંગ, મૃગાવતી પ્રણમુ મનરંગ ॥ ૬ ॥
પ્રહ ઉઠી સતી જપીએ સોળ, જેમ લહીએ રૂદ્ધિ વૃદ્ધિ ઘૃત ગોળ,
શ્રી વિનય વિજય વાચક સુ પસાય, રૂપવિજય ભાવે ગુણ ગાય ॥૭॥ઇતી॥

પાર્શ્વનાથનો છંદ.

પ્રણમામી સદા પ્રભુ પાર્શ્વજીનં, જીનનાયક દાયક સુખધનં,
ધનચારૂ મનોહર દેહ ધરં, ધરણીપતિ નિત્ય સુસેવકરં,
કરૂણારસ રંજીત ભવ્યફણિ, ફણી સપ્ત શુભોભીત મૌલી મણી,
મણીકંચન રૂપ ત્રિકોટ ઘટં, ઘટિતા સુર કિન્નર પાર્શ્વતટં,
તટિની પતિ ઘોષ ગંભિર સ્વરં, શરણાંગત વિશ્વ અશેષનરં,
નરનારી નમસ્કૃત નિત્ય મુદા, પદમાવતી ગાવતી ગીત સદા,
સતતેંદ્રીયગોપ યથા કમઠં, કમઠાસુર વારૂણ મુક્ત હઠં,
હઠ હેલિત કર્મ કૃતાંત બળં, બળધામ દરંદળ પંકજળં,
જળજ દ્વય પત્ર પ્રભા નયનં, નયનંદિત ભવ્ય તરી શમનં,
મનમથ મહી રૂહ વન્હિસમં, સમતા ગુણરત્ન મયંપરમં,
પરમાર્થ વિચાર સદા કુશળં, કુશળં કુરૂમે જીનનાથ અલં,
અલિની નલિની નળ નીળતનં, તનુતા પ્રભુ પાર્શ્વ જીનં સુધનં,
સુધન ધાન્ય કરં કરૂણાપરં, પરમ સિદ્ધિકરં દદદા ધરં,
વરતરં અશ્વસેન કુળોદભવં, ભવ ભૃતાં પ્રભુ પાર્શ્વજીનં શિવં.

શ્રી પાર્શ્વનાથસ્વામીનો છંદ.

આપણુ ઘર બેઠા લીલ કરો, નીજ પુત્ર કલત્ર શું પ્રેમ ધરો,
તુમે દેશ દેશાંતર કાંઇ દોડો, નીત્ય પાસ જપો શ્રી જીન રૂડો,
મનવાંચ્છીત સઘળાં કાજ સરે, શીર ઉપર છત્ર ચામર ધરે,
કલમલ આગળ ચાલે ઘોડો—નીત્ય.
ભુત પ્રેત પિશાચ વળી, સાપણી ને ડાયણી જાય ટળી,
છળ છીદ્ર ન કોઇ લાગે જુડો—નિત્ય.
એકાંતર તાવ સિયો દાહ, ઔષધ વીણુ જાય ક્ષણુ માંહ,
નવિ દુઃખે માથું પગ ગુડો—નિત્ય.
કંઠમાળ ગઠ ગુંબડ સબળા, તસ ઉદર રોગ ટળે સબળા,
પીડા ન કરે શીત ગળ ફોડો—નિત્ય.
જાગતો તિર્થંકર પાસ બહુ, એમ જાણે સઘળો જગત સહુ,
તતક્ષણુ અશુભ કર્મ તોડો—નિત્ય.
પાસ વાણારશી પુરી નગરી, તીહાં ઉદયો જીનવર ઉદય કરી
સમયસુંદર કહે કર જોડો—નિત્ય.

દોહરા—છંદ.

ૐ ભગવંત ચિંતામણી, પાર્શ્વ પ્રભુ જીનરાય,
નમો નમો તુમ નામસેં, રોગ શોગ મીટ જાય,
વાત પીત દુરે ટળે, કફ નહિ આવે પાસ,
ચિંતામણીકે નામસે મીટે શ્વાસ ઓર ખાસ,
પ્રથમ દુસરો તીસરો, તાવ ચોથીઓ જાય,
શુળ બહોતેર દુરે હરે, દાદર ખાજ ન રહાય,

વિસ્ફોટ ગડ ગુંબડાં, કોઢ અઢારે દુર,
નેત્ર રોગ સબ પરિહરે, કંઠમાળ ચક્રચુર,
ચિંતામણીકે જાપસેં, રોગ સોગ મીટ જાય,
ચેતન પાર્શ્વ નામકો, સમરો મન ચિત્ત લાય,

દોહા.

ચિતામણીકે નામસેં, સકળ સિદ્ધ હૈ કામ,
રાજ્ય રૂદ્ધિ રમણી મળે, સુખ સંપત્તિ બહુ દામ,
હય ગમરથ પાયક મળે, લક્ષ્મીકો નહિ પાર,
પુત્ર કલત્ર મંગળ સદા, પાવે શીવ દરબાર,
ચેતન ચિંતા હરણકો, જાપ જપે તીન કાળ,
કર આંબિલ ષટ માસકો, ઉપજે મંગળમાળ,
પારસ નામ પ્રભાવથી, વાધે બળ બહુ જ્ઞાન,
મનવંછીત સુખ ઉપજે, નિત સમરો ભગવાન.
સંવત અઢારા ઉપરે, સાડત્રીસકો પરિમાણ,
પોષ શુકળ દીન પંચમી, વાર સનિશ્ચર જાણ,
પઢે ગુણે જો ભાવશું, સુણે સદા ચિત લાય,
ચેતન સંપત્તિ બહુ મળે, સમરો મન વચ કાય.

ચોપાઈ—છંદ.

મન શુદ્ધે સમરો ભગવાન, ભય ભંજન ચિંતામણી ધ્યાન,
ભુત પ્રેત ભય જાવે દુર, જાપ જપે સુખ સંપત્તિ પુર,
ડાકણ શાકણ વ્યંતર દેવ, ભય નહિ લાગે પારસ દેવ,
જળચર થળચર ઉર પર જીવ, ઇનકો ભય નહિ સમટો પીવ.
વાઘ સીંહકો ભય નહિ હોય, સર્પ ગોહ આવે નહિ કોઇ,
વાટ ઘાટમેં રક્ષા કરે, ચિંતામણી ચિંતા સબ હરે,
ટોણાં ટામણ જાદુ કરે, તુમારો નામ લેતાં સબ ડરે,
ઠગ ફાંસીગર તસ્કર હોય, દ્વેષી દુશ્મન નાવે કોય,
ભય સબ ભાગે તમારે નામ, મનવંછીત પુરો સબ કામ,
ભય નિવારણ પુરે આશ, ચેતન જપ ચિંતામણી પાસ.

શ્રી ગોડી પાર્શ્વનાથજી છંદ.

॥ વાણી બ્રહ્માવાદન ॥ જાગે જગ વિખ્યાત ॥ પાસતણા ગુણ ગાવતાં ॥ મુજ મુખ વસજો માત ॥ તારંગો અણહીલપુરે ॥ અમદાવાદે પાસ ॥ ગોડીનો ધણી જાગતો ॥ સહુનીપુરે આશ ॥ ૨ ॥ શુભવેલા શુભ દીન ઘડી ॥ મહુરત એક મંડાણ ॥ પ્રતિમા તીને પાસની ॥ થઇ પ્રતિષ્ટા જાણ ॥ ૩ ॥ ઢાલ ॥ ગુણિયલ વિશાળા, મંગલિક માલ: ॥ વામાનો સુત સાચોજી ॥ ધણકણ કંચન મણિ માણેક દે ॥ ગોડીનો ધણી જાચોજી ॥ ૪ ॥ અણહિલપુર પાટણ માંહે પ્રતિમા તુરકણે ઘર હુંતીજી ॥ અશ્વની ભૂપે અશ્વની પીડા અશ્વની

વાલ વિભૂતિજી ॥ ૫ ॥ ગુ૦ ॥ જાગતો જક્ષ જેહને કહીએ ॥ સુહણો તુરકને આપેજી ॥ પાસ જીનેશ્વર કેરી પ્રતીમા ॥ સેવક તુંજ સંતાપેજી ॥ ૬ ॥ ગુ૦ ॥ પ્રહ ઉઠીને પ્રગટ કરજે ॥ મેધા ગોઠીને દીજેજી ॥ અધિકો મલેજે ॥ ઓછો મલેજે ॥ ટકા પાંચશે લીજેજી ॥૭॥ ગુ૦ ॥ નહિ આપીશ તો મારી મુરડીશ મોર બંધ બંધાશેજી ॥ પૂત્ર કલત્ર ધન હય હાથી ॥ લછી ઘણી ઘર જાશેજી ॥ ૮ ॥ ગુ૦ ॥ મારગ પહિલો તુજને મીળશે ॥ સારથ બાહુને ગોઠીજી ॥ તિલવટ ટીલો ચોખા ચોઢયા ॥ વસ્ત્ર વહે તસુ પોથીજી ॥ ૯ ॥ ગુ૦ ॥ દુહા ॥ મનસુ બીહીનો તુરકડો ॥ માન્યો વચન પ્રમાણુ ॥ બીઓને સુહણા તણો ॥ સંભલાવે સહિ જાણુ ॥ ૧૦ ॥ બીબી બોલે તુરકને ॥ બડાભૂત હે કોય ॥ અબ સતાવ પરગટ કરો ॥ નહિતર મારે સોય ॥ ૧૧ ॥ પાછલી રાતે પોઢીઓ ॥ પહલી બાધે પાજ ॥ સુહણું માંહે શેઠને ॥ સંભળાવે જક્ષ રાજ ॥ ૧૨ ॥ એ ઢાળ ॥ એમ કહી જક્ષ આયો રાતે ॥ સારથ બાહુને સોહણેજી ॥ પાસ તણી પ્રતીમા તું લેજે ॥ લેતો શીર મત ધુણેજી ॥ એ૦ ॥ ૧૩ ॥ પાંચસે ટકા તેહને આપે ॥ અધિકો મ આપીશ વારૂજી ॥ જતન કરી પહોંચાડે થાનક ॥ પ્રતિમા ગુણ સંભારૂજી ॥ ૧૪ ॥ એ૦ ॥ તુજને હોંસે બહુ ફળદાયક ॥ બાધ ગોઠી સુણજેજી ॥ પૂજે પ્રણમે તેહના પાયા ॥ પ્રહ ઉઠીને થુણજેજી, ॥ ૧૫ ॥ સુહણો દઇને સુર ચાલ્યો ॥ આપને થાનક પહોંતોજી ॥ પાટણ માંહે સારથ બાહુ ॥ હીંડે તુરકને જોતોજી ॥ ૧૬ ॥ એ૦ ॥ તુરકે જાતો દીઠો ગોઠી ॥ ચોખા તીલક નીલાડેજી ॥ સંકેત પહોંતો સાચો જાણી ॥ બોલાવે બહુ લાડેજી ॥ ૧૭ ॥ મુજ ઘર પ્રતિમા

તુજને આપુ ॥ શ્રી પાસ જીનેસર કેરીજી ॥ પાંચસે ટકા જો મુજ આપે॥ તો મોલ ન માંગુ ફેરીજી ॥૧૮॥ એ૦ ॥ નાણું દઇને પ્રતિમા લઇ ॥ થાનક પહોંતો રંગેજી ॥ કેશર ચંદન મૃગમદ ઘોલી ॥ વિધિ સુપૂજા રંગેજી ॥ ૧૯ ॥ એ૦ ॥ ગાદી રૂડી રૂની કીધી ॥ તિણુ માંહે પ્રતિમા રાખીજી ॥ અનુક્રમે આવ્યા પરકર માંહે ॥ શ્રી સંઘને સુર સાખેજી ॥ ૨૦ ॥ ઉચ્છવ દીન દીન અધિકો થાયે સત્તર ભેદ સનાત્રોજી ॥ ઠામ ઠામના દર્શન કરવા ॥ આવે લોક પ્રભાતેજી ॥૨૧॥ દુહા॥ એક દીન દેખે અવધિશું, પરકરનો ભંગ ॥ જતન કરૂ પ્રતિમા તણો ॥ તીરથ અછે અનંગ ॥ ૨૨ ॥ સુહણો આપે શેઠને ॥ થલ અટવી ઉજાડ ॥ મહિમા થાશે અતિ ઘણો ॥ પ્રતિમા તીંહા પહોંચાડી ॥ ૨૩ ॥ કુશળ ખેમ તીંહા છે ॥ તુજને મુઝને જાણુ ॥ શંકા છોડી કામ કર ॥ કર તો મકરીશ કાણુ ॥ ૨૪ ॥ ઢાલ ॥ પાસ મનોરથ પુરા કરે ॥ વાહણ એક વૃષભ જોતરે ॥ પરકરશું પરિયાણે કરે ॥ એક થલ ચડે બીજો ઉતરે ॥ ૨૫ ॥ બારકોશ આયા જેટલે ॥ પ્રતિમા નવિ ચાલે તેટલે ॥ ગોઢી મનહ વીમાશણ થઇ ॥ પાસ ભવન મંડાઓ સહી ॥ ૨૬ ॥ આ અટવી કીમ કરૂ પ્રમાણુ ॥ કટકો કોય ન દીશે પાહાણુ ॥ દેવળ પાસ જીણેશર તણો ॥ મંડાવું કેમ ગરથ વીણો ॥ ૨૭ ॥ જલ વિણુ શ્રીસંઘ રહે કીહાં ॥ સિલા વટો કિમ આવે ઇંહા ॥ ચિંતાતુર થયો નિદ્રા લહે ॥ જક્ષ રાજ આવી એમ કહે ॥ ૨૮ ॥ ગુંહલી ઉપર નાણો જીહાં ॥ ગરથ ઘણો જાણીજે તીહાં ॥ સ્વસ્તીક સોપારી સહી નાણુ ॥ પાહાણુ તણી ઉલટસી ખાણુ ॥ ૨૯ ॥ શ્રીફળ સજળ તિહાં કિણુ જુવો ॥ અમૃત જળ નીસરસે કુવો ॥ ખારાકુવા તણોએ સહી નાણુ ॥ ભૂમી પડયો

છે નીલો જાણુ ॥ ૩૦ ॥ સીલાવટો સીરોહી વસે ॥ કોઢપરા ભવિયો કસમસે ॥ તીહાં થકી તું ઇહાં આણજે ॥ સત્ય વચન માહરો માનજે ॥ ૩૧ ॥ ગોઠીનો મનથીર થાપીઓ ॥ સીલાવટે ને સોહણો દીયો ॥ રોગ ગમાવીને પુરે આશ ॥ પાસ તણો મંડે આવાસ ॥ ૩૨ ॥ સુપન માહે માન્યો તીણુ વેણુ ॥ હેમ વરણુ દેખાડયા નેણુ ॥ ગોઠી મન મનોરથ હુવા ॥ સિલાવટે ને ગયા તેડવા ॥ ૩૩ ॥ સિલાવટો આવે સુરમો ॥ જીમે ખીરખાંડ ધૃત ચુરમો ॥ ઘડે ઘાટ કરે કોરણી ॥ લગન ભલે પાયો રોપણી ॥ ૩૪ ॥ થંભ થંભ કીધી પુતલી, નાટીક કોતીક કરતી રલી ॥ રંગ મંડપ રલીઆમણો રચે ॥ જોતા માનવનો મન રૂચે ॥ ૩૫ ॥ નીપાયો પુરો પ્રાસાદ ॥ સ્વર્ગ સમોવડ મંડે વાદ ॥ દીવસ વિચારી ઇંડો ધર્યા ॥ તતખીણુ દેવલ ઉપર ચઢયા ॥ ॥ ૩૬ ॥ શુભ લગ્ન શુભવેલા વાસ ॥ પત્રાસણુ બેઠા શ્રીપાસ ॥ મહિમા મોટી મેરૂ સમાન ॥ એકલમલ વગર વારાન ॥ ૩૭ ॥ વાત પુરાણી મેં સાંભલી ॥ તવ માંહે સુધી સાંકલી ॥ ગોઠી તણો ગોતરીઆ છે ॥ યાત્રા કરીને પરણ્યા પછે ॥ ૩૮ ॥ દુહા ॥ વિઘન વિદારણુ જક્ષ જગ ॥ જેનો અકલ સરૂપ ॥ પ્રીતમ કરે શ્રી સંઘને ॥ દેખાડે નીજ રૂપ ॥ ૩૯ ॥ ગીરવો ગોડી પાસ જીણુ ॥ આપે અરથ ભંડાર ॥ સાનિધ્ય કરે શ્રી સંઘને ॥ આશા પુરણુ હાર ॥૪૦॥ નીલ પલાએ ચોનીલવો ॥ નીલો થઇ અસ્વાર ॥ મારગ ચુકયા માનવી વાટ દીખાવણુ હાર ॥ ૪૧ ॥ ઢાલ ॥ વરણુ અઢાર તણો લે ભોગ ॥ વિઘન નિવારે ટાલે રોગ ॥ પવિત્ર થઇ સમરે જે જાપ ॥ ટાલે સઘલા પાપ સંતાપ ॥ ૪૨ ॥ નીર્ધનને ધરી ધનનો સૂત ॥ આપે અપુત્રીયા ને પૂત્ર ॥ કાયરને શૂરા પણુ ધરે ॥ પાપ ઉતારે લચ્છી વરે ॥ ૪૩ ॥ દુર્ભાગીને દે શોભાગ ॥ પગ વિહુણાને આપે પાગ ॥

ઠામ નહી તેહને દે ઠામ ॥ મનવંછીત પૂરણ અભિરામ ॥ ૪૪ ॥ નિરધારાને દે આધાર ॥ ભવ સાયર ઉતારે પાર ॥ આરતિયારી આરતી ભંગ ॥ ધરે ધ્યાન તે લહે સુરંગ ॥ ૪૫ ॥ સમર્યા સાદ દીયે જક્ષરાજ ॥ તેહના મોટા છે દીવાજ ॥ બુદ્ધિહીનને બુદ્ધિ પ્રકાશ ગુંગાને દે વચન વિલાસ ॥ ૪૬ ॥ દુખીયાને સુખનો દાતાર ॥ ભય ભંજન રંજણ અવતાર ॥ બંધન છૂટે બેડી તણા ॥ શ્રી પાર્શ્વ નામ અક્ષર સ્મરણા ॥ ૪૭ ॥ દુઃ ॥ પર્શ્વા નર વિકરાળ ॥ હસ્ત ચિત્ર યુધ યુદ્ધ ટળે ॥ દુદ્દર સિંહ શિયાલ ॥ ૪૮ ॥ ચોર તણા ભય ચુકવે ॥ વિષ અમૃત ઉડકાર ॥ વિષધરણા વિષ ઉતરે ॥ સંગ્રામે જયકાર ॥ ૪૯ ॥ રોગ શોગ દાલિદ્ર દુખ ॥ દોહગ્ગ દુર પલાય ॥ પરમેશ્વર શ્રી પાસનો ॥ મહિમા મંત્રજ પાય ॥ ૫૦ ॥ ઢાલ૦ ॥ પાર્શ્વ નામ અક્ષર જપંતે ॥ ભૂત ને પ્રેતને જોટીંગ વિંતર સુરા ॥ ઉપસમે વાર એકવીસ ગુણુંતે ॥ ૫૧ ॥ ૐ૦ ॥ દુર્ધરા રોગ શોગ, જરા જંતુને ॥ તાવ એકંતરા દતપંતે ॥ ગર્ભબંધન વૃણું સર્પ વીંછુ વિષં ॥ બાળકા બાલા મેગ જખંતે ॥ ૫૨ ॥ ૐ૦ ॥ સાઇણી દાઇણી રોહણી રંકણી ॥ ફોટકા મોટકા દોષ હુંતે ॥ દાઢ ઉંદર તણી કોલ નોલા તણી ॥ સ્વાન શિયાળ વિકરાળ દંતે ॥ ૫૩ ॥ ૐ૦ ॥ ધરણેંદ્ર પદ્માવતી સમર સોભાવતી વાટ ઉઘાટ અટવી અટંતે ॥ લખમી લાહો મિલે શુજશ વેલા વસે ॥ સયળ આશા ફલે મનહકંતે ॥ ॥ ૫૪ ॥ ૐ૦ અષ્ટ મહા ભય હરે ॥ કાન પીડા ટળે ॥ ઉતરે શુલ શીસક ભણુંતે ॥ વદત વર પ્રીતિ સુ પ્રીત વિમળ પ્રભુ ॥ શ્રી પાર્શ્વજીન નામ અભિરામ મંતે ॥ ૫૫ ॥ ઇતી શ્રી ગોડીજી પાર્શ્વનાથ છંદ ॥

શ્રી મહાવીર સ્વામીનો છંદ.

સેવો વીરને ચિત્તમાં નિત્ય ધારો, અરિ ક્રોધને મનથી દૂર વારો,
સંતોષ વૃત્તિ ધરો ચિત્ત માંહી, રાગ દ્વેષથી દુર થાઓ ઉચ્છાંહી,
પડયા મોહના પાસમાં જેહ પ્રાણી, શુદ્ધ તત્વની વાત તેણે ન જાણી,
મનુજન્મ પામી વૃથા કાં ગમો છો, જૈન માર્ગ છંડી ભુલા કાં ભમો છો,
અલોભી સમાની નિરાગી તજો છો, અલોભી સમાની સરાગી ભજો છો,
હરિહરાદિ અન્યથી શું રમો છો, નદીગંગ મુકી ગલીમાં પડો છો,
કેઇ દેવ હાથે અસિ ચક્રધારા, કેઇ દેવ ધાલે ગળે રૂંડમાળા,
કેઇ દેવ ઉત્સંગે રાખે છે વામા, કેઇ દેવ સાથે રમે વૃંદરામા,
કેઇ દેવ જપે લઇ જપમાળા, કેઇ માંશ ભક્ષી મહા વિકરાળા,
કેઈ યોગણી ભોગિણી ભોગ રાગે, કેઇ રૂદ્રાણી છાગનો હોમ માગે,
ઇશા દેવ દેવી તણી આશ રાખે, તદા મુક્તિના સુખને કેમ ચાખે,
જદા લોભના થોકનો પાર નાવ્યો, તદામધનો બિંદુઓ મન ભાવ્યો,
જેહ દેવલાં આપણી આશ રાખે, તેહ પીંડને મનશું લેહ ચાખે,
દીન હીનની ભીડ તે કેમ ભાંજે, ફુટયો ઢોલ હોએ કહો કેમ બાજે,
અરે મુંઢ ભ્રાતા ભજો મોક્ષ દાતા, અલો ભાઇ પ્રભુને ભજો વિશ્વખ્યાતા,
રત્ન ચિંતામણી સારીખો એહ સાચો, કલંકી કાચના પીડશું મતરાચો,
મંદ બુદ્ધિ શું જેહ પ્રણી કહે છે, સવી ધર્મ એકત્વ ભુલો ભમે છે,
કીહાં શર્ષવાને કીહાં મેરૂ. ધીરં, કીહાં કાયરાને કીહાં શુરવીરં,
કીહાં સ્વર્ણ થાળં કીહાં કુભ ખંડં, કીહાં કોદ્રવાને કીહાં ખીર મંડં,
કીહાં ખીર સિંધુ કીહાં ક્ષાર નીરં, કીહાં કામધેનુ કીહાં છાગ ખીરં,
કીહાં સત્યવાચા કીહાં કુડ વાણી, કીહાં રંક નારી કીહાં રાવ રાણી,
કીહાં નારકીને કીહાં દેવ ભોગી, કીહાં ઇંદ્ર દેહી કીહાં કુષ્ટ રોગી,

કીહાં કર્મઘાતી કીહાં કર્મ ધારી, નમો વીર સ્વામી ભજો અન્ય વારી,
જીસી સેજમાં સ્વપ્નથી રાજ પામી, રાચે મંદ બુદ્ધિ ધરી જેહ સ્વામી,
અથીર સુખ સંસારમાં મન રાચે, તે જના મુઢમાં શ્રેષ્ટશું ઇષ્ટ છાજે,
તજો મોહ માયા હરો હંજા રોસી, સજો પુણ્ય પોષી ભજો તે અરોષી,
ગતી ચાર સંસાર અસાર પામી, આવ્યો આશ ધારી પ્રભુ પાસ સ્વામી,
તુંહી તુંહી તુંહી પ્રભુ પરમ રાગી, ભવ ફેરની શૃંખલા મોહ ભાગી,
માનીયે વીરજી આજ છે એક મોરી, દીજે દાસકુ સેવના ચર્ણ તોરી,
પુણ્ય ઉદય હુઓ ગુરૂ આજ મેરો, વિવેકે લહ્યો મેં પ્રભુ દર્શ તેરો.

મહાવીર—છંદ.

શ્રી સિધ્ધારથ કુળ શણુગાર, ત્રિશલાદેવી સુત જગ આધાર,
શોભે સુંદર સોવનવાન, શરણુ તમારૂં શ્રી વધ્ધર્માન,
તુમ નામે લહીએ સંપદા, તુમ નામે મનવંછીત મુદા,
તુમ નામે લહીએ સનમાન, શરણુ તમારૂં શ્રી વધ્ધર્માન,
દુર્જન દૃષ્ટ વૈરી વિકરાળ, તુમ નામે નાસે તતકાળ,
તુમ નામે દીન દીન કલ્યાણુ, શરણુ તમારૂં શ્રી વર્ધમાન,
તુમ નામે ના આવે આપદા, ભુત પ્રેત વ્યંતર નહિ કદા,
રોગ શોગ ચિંતા નવી જાણુ, શરણુ તમારૂં શ્રી વધ્ધર્માન,
ગ્રહાદીક પીડા નવ કરે, નામ તમારૂં જે અનુસરે,
ધર્મસિંહ મુની ભાવપ્રધાન, શરણુ તમારૂં શ્રી વધ્ધર્માન.

ચોવીશ જીનેશ્વરના છંદ.

(દુહા.)

આર્યા બ્રહ્મસુતા ગીરવાણી ॥ સુમતિ વિમલ આપો બ્રહ્માણી ॥ કમલ કમંડલ પુસ્તક પાણી ॥ હું પ્રણમું જોડી જુગ પાણી ॥ ૧ ॥ ચોવીશે જીનવર તણા, છંદ રચું ચોસાલ ॥ ભણતાં શિવસુખ સંપજે ॥ સુણતાં મંગલમાલ ॥ ૨ ॥

છંદ જાતી સવૈયા.

॥ આદિ જીણંદ નમે નરઇંદ સ પુનમચંદ સમાન મુખં ॥ સમા મૃત કંદ ટાલે ભવફંદ મરૂદેવીનંદ કરત સુખં ॥ લગે જસ પાય સુરિંદ નિકાય ભલા ગુણ ગાય ભવિક જનં ॥ કંચન કાય નહિ જસ માય નમે સુખ થાય શ્રી આદિ જિનં ॥ ૧ ॥ અજીત જીણંદ દયાલ મયાલ વિસાલ નયન કૃપાલ જુગં ॥ અનોપમ ગાલ મહામૃગ ચાલ સુભાલ સુજાનગ બાહુ જુગં ॥ મનુષ્ય મેલીહ મુનિસરસિંહ અબીહ નરીહ ગયે મુગતિ ॥ કહે નય ચિત્ત ધરી બહુ ભક્તિ નમે જીનનાથ ભલી જુગતિ ॥ ૨ ॥ કહે સંભવનાથ અનાથકો નાથ મુગતિકો સાથ મિલ્યો પ્રભુ મેરો ॥ ભવોદધિપાજ ગરીબનિવાજ સબે શિરતાજ નિવારત ફેરો ॥ જીતારીકો જાત સુસેના માત નમે નર જાત મિલી બહુ ઘેરો ॥ કહે નય શુદ્ધ ધરી બહુ બુદ્ધ જીનાવન નાથકું સેવક તેરો ॥ ૩ ॥ અભિનંદન સ્વામ લીયે જસ નામ સરે સવિ કામ ભવિક તણો ॥ વનિતા જસ નિવાસકો ઠામ કરે ગુણગ્રામ નરિંદ ઘણો ॥ મુનીશ્વર રૂપ અનોપમ ભૂપ અકલ સ્વરૂપ જીનંદ

તણો ॥ કહે નય એમ ધરી બહુ પ્રેમ નમે નર પાવત સુખ ઘણો॥
॥ ૪ ॥ મેઘ નરિંદ મલાર વિરાજીત સોવનવાન સમાન તનુ ॥ ચંદ
સુચંદ વદન સુહાવત રૂપવિગર્જીત કીગ તનુ ॥ કર્મકી કોડ સવે
દુઃખ છોડ નમે કર જોડ કરી ભગતિ ॥ વંશ ઇક્ષ્વાગ વિભૂષણ સાહિબ
સુમતિ જીનંદ ગએ મુગતિ ॥ ૫ ॥ હંસપાદ તુલ્ય રંગ રતિ અધ
રાગરંગ અઢીસેં ધનુષ ચંગ દેહકો પ્રમાણ હે ॥ ઉગનો દિણંદ રંગ
લાલ કેસુ ફુલ રંગ રૂપ હે અનંગ ભંગ અંગ કેરો વાન હે ॥
ગંગકો તરંગ રંગ દેવનાયહિ અભંગ જ્ઞાનકો વિલાસ રંગ શુદ્ધ
જાકો ધ્યાન હે ॥ નિવારીએ ક્લેશ સંગ પદ્મપ્રભુ સ્વામી ધીંગ
દીજીએ સુમતિ સંગ પદ્મ કેરો જાણ હે ॥ ૬ ॥ જીણંદ સુપાસ
તણા ગુણ રાસ ગાવે ભવિ ભાસ આણંદ ઘણે ॥ ગમે ભવિ પાસ
મહિમા નિવાસ પૂરે સવિ આસ કુમતિ હણે ॥ ચિહું દિસે વાસ
સુગંધ સુખાસ ઉસાસ નિઃસાસ જીનેંદ્ર તણો ॥ કહે નય ખાસ
મુનીંદ્ર સુપાસ તણો જસ વાસ સદૈવ ભણો ॥ ૭ ॥ ચંદ્ર ચંદ્રીકા
સમાન રૂપ સેલસે સમાન દોઢસો ધનુષમાન દેહકો પ્રમાણ હે ॥
ચંદ્રપ્રભુસ્વામી નામ લીજીયે પ્રભાત જામ પામીયે સુખ ઠામ ઠામ
ગામજ સમાન હે ॥ મહાસેન અંગ જાત લક્ષમણાભિધાન માત
જગમાં સુવાસ વાત ચિહું દિસે થાત હે ॥ કહે નય છોડી વાત
ધ્યાઇયે જો દિનરાત પામીયે તો સુખ સાત દુઃખ મીટજાત હે ॥
॥ ૮ ॥ ઢોલો દુધફેન પિંડ ઉજલો કપૂરખંડ અમૃત સરસ કુંડ
શુદ્ધ જાકો તુંડ હે ॥ સુધાવીજી નંદ સંત કીજીયે કર્મ અંત શુભ
ભક્તિ જાસ દંત શ્વેત જાકો વાણ હે ॥ કહે નય સુણો સંત પૂજીયે
જો પુષ્પદંત પામીયે તો સુખ સંત શુદ્ધ જાકો ધ્યાન હે ॥ ૯ ॥

શીતલ સીતલ વાણી ઘનાઘન ચાહેત હે ભવિકોક કિસોરા ॥ કાક જીણંદ પ્રજાસુ નરિંદ વલી જીમ ચાહત ચંદ ચકોરા ॥ વિષ ગયંદ સુચિ સુરિંદ સતિ નિજ કંત સુમેઘ મયુરા ॥ કહે નય નેહ ધરી ગુણ ગેહ તથાહુ ધાવત સાહેબ મેરા ॥ ૧૦ ॥ વિષ્ણુ ભૂપકો મલ્હાર જગજંતુ સુખકાર વંશકો શૃંગારહાર રૂપકો અંગાર હે ॥ છોડી સવિ ચિતકાર માન મોહકો વિકાર કામ ક્રોધકો સંચાર સર્વ વેરી વાર હે ॥ આદર્યો સંજનભાર પંચ મહાવ્રત સાર ઉતારે સંસારપાર જ્ઞાનકો ભંડાર હે ॥ ઇગ્યારમો જીણંદ સાર ખડગીજીવ ચિત્ત ધાર કહે નય વારોવાર મોક્ષકો દાતાર હે ॥ ૧૧ ॥ લાલ કેસુ ફુલ લાલ રવિ અર્ઘ રંગ લાલ ઉગતો દિણંદ લાલ લાલચોલ રંગ હે ॥ કેસરીકો જીહ લાલ કેસરકો ઘોલ લાલ ચૂનડીકો રંગ લાલ લાલ પાન રંગ હે ॥ લાલ કીર ચંચૂ લાલ હીંગલો પ્રવાલ લાલ કોકિલાકી દ્રષ્ટિ લાલ લાલ ધર્મ રંગ હે ॥ કહે નય તેમ લાલ બારમો જીણંદ લાલ જયાદેવી માત લાલ લાલ જાકો અંગ હે ॥ ૧૨ ॥ કૃતવર્મ નરિંદ તણો ઇહ નંદ નમંત સુરેંદ પ્રમોદ ધરી ॥ ગમે દુઃખ દંદ દીયે સુખવૃંદ જાકો પદ સોહત્ત ચિત્ત ધરી ॥ વિમલ જીનંદ પ્રસન્ન વદન જાકે સુભ મન સુગંગ પરિ ॥ ભુમે એક મન કહે નવ ધન્ય નમો જીનરાજ દિણંદ સુપ્રીત ધરી ॥ ૧૩ ॥ અનંત જીણંદ દેવ દેવમાં દેવાધિદેવ પૂજે ભવિ નિતમેવ ધરી બહુ ભાવના ॥ સુર નર સારે સેવ સુખ કીઉ સ્વામી હેવ તુજ પીખે ઓર દેવ ન કરું હું સેવના ॥ સીહસેન અંગ જાત સુજસભિધાન માત જગમાં સુજસ ખ્યાત ચિહું દિશે વ્યાપતો ॥ કહે નય તાસ વાત કીજીએ જો સુપ્રભાત નિજ હોય સુખ સાત કીર્તિ કોડ આપતો ॥ ૧૪ ॥ જાકે

પ્રતાપ પરાજીત નિરઅલ ભૂતલ થઇ ભમે ભાનુ આકાસે ॥ સૌમ્ય વદન વિનિજીત અંતર સ્યામ વાસીવેન હોત પ્રકાસે ॥ ભાનુ મહીપતિ વંસે કુસય બોધ ન દીખત ભાનુ પ્રકાસે ॥ નમે નય નેહ નિતુ સાહિબ એહ ધર્મ જીણંદ ત્રિજગ પ્રકાસે ॥ ૧૫ ॥ સોલમા જીણંદ નામે શાંતિ હોય ઠામોઠામે સિદ્ધિ હોઇ સર્વ કામે નામકે પ્રભાવથે ॥ કંચન સમાન વાન ચાલીસ ધનુષ માન ચક્ર વર્તીકો ક્રિધાન દીપનો તે સૂરથે ॥ ચૌદ રયણ સમાન દીપતા નવય નિધાન કરત સુરેંદ્ર ગાન પુણ્યકે પ્રભાવથે ॥ કહે નય જોડી હાથ અબકુ થયો સનાથ પાઇઓ સુમતિ સાથ શાંતિનાથકે દિદારથે ॥ ૧૬ ॥ કહે કુંથુ જીણંદ દયાલ મયાલ નિધિ સેવકની અરદાસ સુણો ॥ ભવ ભીમ મહાર્ણવ પૂર અગાહ અથાહ ઉપાધિ સુનીર ઘણો ॥ બહુ જન્મ જરા મરણાદિ વિભાવ નિમિત્ત ગણાદિ કલેસ ઘણો ॥ અવતાર કતાર ક્રિપા પર સાહિબ સેવક જાણીએ છે અપણો ॥ ૧૭ ॥ અરદેવ સુદેવ કરે નર સવે સેવ દુઃખ દોહગ દૂર કરે ॥ ઉપદેશ ધનાઘન નીરભરે અભિમાન સમાનસ ભૂરિતરે ॥ સુદર્શન નામ નરેસર અંગજ ભવ્યમને પ્રભુ જાસ વસે ॥ તસ સંકટ સોગ વિયોગ યોગ દરિદ્ર કુસંગતિ ન આવત પાસે ॥ ૧૮ ॥ નીલ કીર વંસવી નીલ માંગવલિ પત્ર નીલ તરૂવર રાજી નીલ નીલ નીલદ્રાખ હે ॥ કાચકો સુગોલ નીલ ઇંદ્રનીલ દલનીલ પત્રનીલ ચાસ હે ॥ જમુના પ્રવાહ નીલ ભ્રંગરાજ પંખી નીલ જેહવો અસોક રૂખ નીલ રંગ હે ॥ કહે નય તેમ નીલ રાગથે અતિવ નીલ મલ્લિનાથ દેવનીલ જાકો અંગ નીલ હે ॥ ૧૯ ॥ સુમિત્ર નરિંદ તણો વરનંદ સુચંદ્ર વદન સોહાવત હે ॥ મંદર ધીર સુવેન રહીર સુસામ શરીર બિરાજીત હે ॥ કજ્જલવાન સુકછ ધ્યાન કરે ગુણ-

ગાન નરિંદ ધણો ॥ મુનિસુવ્રત સ્વામી તણો અભિધાન લહે નય
માન આનંદ ઘણો ॥ ૨૦ ॥ અરિહંત સરૂપ અનોપમ રૂપ કે સેવક
દુઃખને દૂર કરે ॥ નિજ વાણી સુધારસ મેઘ જલે ભવિ માન સમા-
નસ ભૂરિ રે ॥ નમિનાથકો દર્શન સાર લહી કુણ વિષ્ણુ મહેસ ધરે
જો પરે ॥ અબ માનવ મૂઢ લહી કુણ સકર છોડકે કંકર હાથ
ધરે ॥ ૨૧ ॥ જાદવ વંશ વિભૂષણુ સાહિબ નેમિ જીણુંદ મહાનંદકારી ॥
સમુદ્રવિજય નરિંદ તણો સુત ઉજ્જલ શંખ સુલક્ષણ ધારી ॥ રાજુલ
નાર મૂકી નિરધાર ગયે ગિરનાર કલેસ નિવારી ॥ કજ્જલ કાય શિવા-
દેવી માય નમે નય પાય મહાવ્રતધારી ॥ ૨૨ ॥ પાર્શ્વનાથ અના-
થકો નાથ સનાથ ભયો પ્રભુ દેખતથે ॥ સવિ રોગ વિજોગ કુજોગ
મહા દુઃખ દૂર ગયે પ્રભુ ધાવતથે ॥ અશ્વસેન નરેસ સપુત વિરાજીત
ધનાધનવાન સમાન તનુ ॥ નય સેવક વંછિત પૂરણુ સાહિબ અભિ-
નવ કામ કરી રમનુ ॥ ૨૩ ॥ કુકમઠ કુલંઠ ઉસંઠ હઠી હઠ ભંજન
જાસ પ્રતાપ વિરાજે ॥ ચંદન વાર્ણસુ વામાનંદન પુરૂસાદાણી બિરૂદ
જસ છાજે ॥ જસ નામકે ધ્યાન થકો સવિ દોહગ દારિદ્ર દુઃખ
મહા સવિ ભાંજે ॥ નય સેવક વંછિત પૂરણુ સાહિબ અષ્ટ મહા
સિદ્ધિ નિત્ય નીવાજે ॥ ૨૪ ॥ સિધ્ધારથ ભૂપ તણા પ્રતિરૂપ નમે
નર ભૂપ આનંદ ધરી ॥ અચિરત સરૂપ અનોપમ રૂપ કે લંછન
સોહત જાસ હરી ॥ તિસલા નંદન સમક્રમ કંદન લઘુપણે કંપિત
મેરૂ ગિરિ ॥ નમે નય ચંદ્ર વદન વિરાજીત વીર જીણુંદ સુપ્રીત
ધરી ॥ ૨૫ ॥ ચોવીસ જીણુંદ તના ઇહ છંદ ભણે ભવિવૃંદ જે ભાવ
ધરી ॥ તસ રોગ વિયોગ કુજોગ ભોગ સવિ દુઃખ દોહગ દૂર ટરે ॥
તસ અંગણુ બાર ન લાભે પાર સુમતિ તોખાર હેખાર કરે ॥ કહે

નય સાર સુમંગલ ચાર થતે તસ સંપદ ભૂરી ભરે ॥ ૨૬ ॥ સંવેગી સાધુ વિભૂષન વંશ વિરાજીત શ્રી નયવિમલ જનાનંદકારી ॥ તસ સેવક સંજમધાર સુધારકે ધીરવિમલ ગણિ જયકારી ॥ તાસદાંગુજ ભૃંગ સમાન શ્રી નયવિમલ મહાવ્રત ધારી, કહે એ છંદ સુણો ભવિવૃંદકે ભાવ ધરીને ભણો નર નારી ॥ ૨૭ ॥ સંપૂર્ણ ॥

શ્રી સોળ સતીઓનો છંદ.

આદિનાથ આદિ જિનવર વંદી, સફળ મનોરથ કીજિએ એ; પ્રભાતે ઉઠી મંગળીક કામે, સોળ સતિનાં નામ લીજીએ એ. ૧ બાળ કુમારી જગહિતકારી, બ્રહ્મી ભરતની બેહેનડી એ; ઘટ ઘટ વ્યાપક અક્ષર રૂપે, સોળ સતિમાં જે વડી એ. ૨ બાહુબળ ભગિની સતીય શિરોમણી, સુંદરી નામે ઋષભ સુતા એ; અંક સ્વરૂપી ત્રિભુવન માંહે, જેહ અનૂપમ ગુણ જુતા એ. ૩ ચંદનબાળા બાળપણેથી, શીળવંતી શુદ્ધ શ્રાવિકા એ, અડદના બાકુળા વીર પ્રતિલાભ્યા, કેવળ લહી વ્રત ભાવિકા એ. ૪ ઉગ્રસેન ધુયા ધારિણી નંદન, રાજેમતી નેમ વલ્લભા એ; યોવનવેશે કામને જીત્યો, સંજમ લેઇ દેવ દુલ્લભાએ. ૫ પંચ ભરતારી પાંડવ નારી, દ્રૌપદી તનયા વખાણીએ એ; એકસો ને આઠે ચીર પુરાણાં, શીયળ મહિમા તસ જાણીયે એ. ૬ દશરથ નૃપની નારી નિરૂપમ, કૌશલ્યા કુળ ચંદ્રિકા એ; શિયળ સલૂણી રામ જનેતા, પુણ્ય તણી પ્રનાળીકા એ. ૭ કોસંબિક ઠામે સંતાનિક નામે, રાજય કરે રંગ રાજીયો એ, તસ

હાર ગ્રહી મૃગાવતી સતી, ત્રીભુવને જશ ગાજીયો એ. ૮ સુળસા સાચી શીયળે ન કાચી, રાચી નહી વિષયારસે એ; મુખડું જોતાં પાપ પલાએ, નામ લેતાં મન ઉલ્લસે એ. ૯ રામ રઘુવંશી તેહની કામિની, જનક સુતા સીતા સતી એ; જગ સહુ જાણે ધીજ કરંતા, અનળ શીતળ થયો શીયળથી એ. ૧૦ સુરનર વંદિત શીયળ અખંડિત, શીવા શીવપદ ગામિની એ; જેહને નામે નિર્મળ થઇએ, બલીહારી તસ નામનીએ. ૧૧ કાચે તાંતણે ચાળણી બાંધી, કુવા થકી જળ કાઢીયું એ; કલંક ઉતારવા સતીય સુભદ્રા, ચંપા બાર ઉઘાડીયું એ. ૧૨ હસ્તીનાગપુરે પાંડુ રાયની, કુંતા નામે કામીની એ, પાંડવ માતા દસે દસારની, બ્હેન પતીવ્રતા પદ્મનીએ. ૧૩ શીળવતી નામે શીળવ્રત ધારિણી, ત્રીવિધે તેહને વંદીયે એ; નામ જપંતા પાતિક જાએ, દર્શન દુરીત નીકંદીયે એ. ૧૪ નૈષધ નગરી નળ નરેંદ્રની, દમયંતી તસ ગેહીની એ; સંકટ પડતાં શીયળજ રાખ્યું, ત્રીભુવન કીર્તિ જેહની એ; ૧૫ અનંગ અજીતા જગજન પુજીતા, પુષ્પચુળા ને પ્રભાવતી એ; વીશ્વ વિખ્યાતા કામિત દાતા, સોળમી સતી પદ્માવતી એ. ૧૬ વીરે ભાખી શાસ્ત્રે સાખી, ઉદયરતન ભાખે મુદા એ; વ્હાણું વાતાં જે નર ભણશે, તે લેશે સુખ સંપદા એ. ૧૭

॥ ઇતિ છંદ સમાપ્ત. ॥



અથ શ્રી તિર્થ સ્તવન સંગ્રહ.

સિદ્ધાચળજીનો મહિમા.

નયરી અયોધ્યાથી સંચર્યા એ, લેઇ લેઇ રિદ્ધિ અસેસ,
ભરત નૃપ ભાવશું એ, શેત્રુંજય યાત્રા રંગ ભરેએ,
આવે આવે ઉલટ અંગ, ભરત નૃપ ભાવ શું એ,
આવે આવે રિખવનો પુત્ર, વિમળગિરિ જાત્રાએ એ,
લાવે લાવે ચક્રવર્તીની રિદ્ધિ–ભરત.
મંડલિક મુગટ વરધન ઘણાએ, બત્રીસ સહસ નરેશ–ભરત.
ઢમ ઢમ વાજે છંદ શુંએ, લાખ ચોરાશી નિશાન–ભરત.
લાખ ચોરાશી ગજ તુરીએ, તેના રત્ન જડીત પલાણ–ભરત.
લાખ ચોરાશી રથ ભલાએ, વૃષભ ધોરી સુકુમાલ–ભરત.
ચરણે ઝાંઝર સોના તણાએ, કોટે સોવન ઘુઘર માલ–ભરત.
બત્રીસ સહસ નાટક કહીએ, ત્રણ લાખ મંત્રી દક્ષ–ભરત.
દીવી ધરા પંચ લાખ કહ્યા એ, સોલ સહસ સેવા કરે યક્ષ–ભરત.
દશ કોડિ આલંબ ધજા ધરાએ, પાયક છન્નુ કોડિ–ભરત.
ચોસઠ સહસ અંતે ઉરીયે, રૂપે સરીખી જોડી–ભરત.
એક લાખ સહસ અઠાવીસએ, વારાંગના રૂપ નિહાલ–ભરત.
શેષ તુરંગમ સર્વે મિલીએ, કોડી અઢાર નિહાલી–ભરત.
ત્રણ કોડી સાથે વ્યવહારિઆએ, બત્રીસ કોડી સ્વાર–ભરત.

શેઠ સાર્થવાહ સામટાએ, રાય રાણા નહિ પાર–ભરત.
નવ નિધિ ચૌદ રયણુ ભલાંએ, લીધો લીધો સવી પરિવાર–ભરત.
સંઘપતિ તિલક સોહામણુંએ, ભાલે ધરાવ્યું સાર–ભરત.
પગે પગે કરમ નિકંદનાએ, આવ્યા આસન જામ–ભરત.
ગિરિ પેખી લોચન ઠર્યાંએ, ધન્ય ધન્ય શેત્રુંજા નામ-ભરત.
સોવન ફુલ મુગતા ફુલે એ, વધાવ્યો ગિરિ રાજ–ભરત.
દેઇ પ્રદક્ષિણા પાગથીએ, સિધ્યાં સઘળાં કાજ–ભરત.

સિદ્ધાચળજીનું સ્તવન.

મનના મનોરથ સવી ફળ્યાએ, સિધ્યા વંછિત કાજ,
પૂજો ગિરિરાજનેરે—
પ્રાયે એ તિરથ શાશ્વતોએ, ભવ જળ તરવા જહાજ–પૂજો.
મણી માણેક મુક્તા ફળે એ, રજત કનકનાં ફુલ પૂજો.
કેસર ચંદન ઘસી ઘણાએ, બીજી વસ્તુ અમુલ–પૂજો.
છઠે અંગે દાખીઓએ, આઠમે અંગે ભાખ–પૂજો.
સારાવળી થઇને વરણવ્યોએ, એ આગમની સાખ–પૂજો.
વિમળ કરે ભવી લોકને એ, તેને વિમળાચળ જાણુ–પૂજો.
શુકરાજાથી વિસ્તર્યોએ, શેત્રુંજો ગુણુ ખાણુ–પૂજો.
પુંડરિક ગણધરથી થયો એ, પુંડરીક ગિરિ ગુણ ધામ-પૂજો.
સુરનર કૃત એમ જાણીએરે, ઉત્તમ એકવીસ નામ–પૂજો.
એ ગિરિવરના ગુણ ઘણાએ, નાણીએ નવી કહેવરાય–પૂજો.
જાણે પણ કહી નહીં શકે એ, મુગધ ધુકને ન્યાય પૂજો.
ગિરિવર દરશન નવી કર્યોએ, તે રહો ગર્ભાવાસ-પૂજો.

નમન દર્શન ફરસન કર્યો એ, પુરે મનની આશ-પૂજો.
આજ મહોદય એ લહ્યો એ, પામ્યો પ્રમોદ રસાળ-પૂજો.
મણિ ઉદ્યોત ગિરિ સેવતાંએ, ઘેર ઘેર મંગળ માળ-પૂજો.

શ્રી સિદ્ધાચળજીનું સ્તવન.

આંખડીએરે મેં આજ શેત્રુંજો દીઠોરે,
સવાલાખ ટકાનો દહાડોરે-લાગે મને મીઠોરે,
સફળ થયોરે મારા મનનો ઉમાયો,
વાલા મારા ભવનો સંશય ભાગ્યોરે,
નરક ત્રિજંચ ગતિ દુર નિવારી, ચરણે પ્રભુજીને લાગ્યોરે-શેત્રુંજો.
માનવ ભવનો લાહો લીજે, વાલા મારા દેહડી પાવન કીજેરે,
સોના રૂપાને ફુલડે વધાવી, પ્રેમે પ્રદક્ષિણા દીજેરે-શેત્રુંજો.
દુધડે પખાળીને કેશર ઘોળી, વાલા મારા શ્રી આદેશ્વર પૂજ્યારે,
શ્રી સિધ્ધાચળ નયણે જોતાં, પાપમે વાશી ધ્રુજ્યારે-શેત્રુંજો.
શ્રી મુખ સુધર્મા સુરપતી આગે, વાલા મારા વિર જીણંદ એમ બોલેરે,
ત્રણ ભૂવનમાં તિરથ મોટું, નહિ કોઇ શેત્રુંજા તોલેરે-શેત્રુંજો.
ઇંદ્ર સરીખા એ તિરથની, વાલા મારા ચાકરી ચિત્તમાં ચાહેરે,
કાયાની કાયરતા કાઢી, સુરજ કુંડમાં નાહ્યારે-શેત્રુંજો.
કાંકરે કાંકરે શ્રી સિધ્ધ ખેત્રે, વાલા મારા સાધુ અનંતા સિધ્યારે,
તે માટે એ તિરથ મોટું, ઉધ્ધાર અનંતા કીધારે-શેત્રુંજો.
નાભી રાયા સુત નજરે જોતાં, વાલા મારા મેહ અમીરસ વુઠયારે,
ઉદય રતન કહે આજ મારે પોતે, શ્રી આદેશ્વર તુઠયારે-શેત્રુંજો.

સિદ્ધાચળજીનું સ્તવન.

મારૂં મન મોહ્યુંરે, શ્રી સિદ્ધાચળેરે,
મારૂં મન મોહ્યુંરે, શ્રી વિમળા ચળેરે,
દેખીને હરખીત હોય,
વિધિસ્યું કીજેરે જાત્રા એહનીરે, ભવભવનાં દુઃખ જાય-મારૂં.
પાંચમે આરેરે પાવન કારણેરે, એ સમો તિરથ ન કોય,
મોટો મહિમારે જગમાં એહનોરે, આ ભરતે અહીંયાં જોય-મારૂં.
એ ગિરિ આવ્યારે જીનવર ગણધરારે, સિધ્ધા સાધુ અનંત,
કઠણુ કરમ પણુ એ ગિરિ ફરસતાંરે, હોવે કરમની શાંન્ત-મારૂં.
જૈન ધર્મ તે સાચો જાણીનેરે, માનવ તિરથ એ સ્થંભ,
સુરનર કિન્નર નૃપ વિદ્યાધરારે, કરતા નાટયા હો રંગ-મારૂં.
ધન્ય ધન્ય દહાડોરે ધન્ય વેળા ઘડીરે, ધરીએ હ્રદય મોઝાર,
જ્ઞાન વિમળ સુરી ગુણ એહના ઘણારે, કહેતાં ના આવે પાર-મારૂં.

સિદ્ધાચળજીનું સ્તવન.

ચાલો સખી સિધ્ધાચળ જઇએ,
ચાલો સખી વિમળાચળ જઇએ,
કે ગિરિવર દેખી સુખ લઇએ, પાલીતાણે જઈ રહીએ-ચાલો. ૧
કે એ ગિરિ જાત્રાએ જે આવે, કે ભવ ત્રીજે સિધ્ધી જાવે,
કે અજરામર પદવી પાવે-ચાલો. ૩
કે યાત્રા નવ્વાણું કરીએ, કે નવકાર લાખ ખરા ગણીએ,
કે ભવસાગર સહેજે તરીએ-ચાલો. ૩

કે છઠ્ઠ અઠ્ઠમ કાયા કશીએ, કે મોહ રાજા સામા ધશીએ,
કે વેગે શિવપુરીમાં વશીએ—ચાલો. ૪
કે સર્વ તિરથનો એ રાજા, કે સુરજ કુંડમાં જળ તાજા,
કે રોગીઆ નર થાય સાજા—ચાલો. ૫
કે કેશર ચંદન ઘશી ઘોળી, કે કસ્તુરી બરાસ ભેળી,
કે પૂજો સર્વ મળી ટોળી—ચાલો. ૬
કે પૂજીને ભાવના ભાવો, કે કેવળ જ્ઞાન યુગલ પાવો,
કે જો હોવે શિવપુરમાં જાવો—ચાલો. ૭
કે અઢાર અઠોતેરા વરશે, કે મહા વદી પંચમી દીવસે,
કે ભેટયા શ્રી આદીશ્વર ઉલટે—ચાલો. ૮
કે એહ ઉત્તમ પદની સેવા, કે દેજો મુજને દેવાધી દેવા,
કે શીવ રૂપી લક્ષ્મીને સુખ મેવા—ચાલો. ૯

સિદ્ધાચળજીનું સ્તવન.

વિમળાચળ વિમળા પ્રાણી, શિતળ તરૂ છાયા ઠરાણી,
રસ વેધક કંચન ખાણી, કહે ઇંદ્ર સુણો ઇંદ્રાણી,
સ્નેહી સંત એ ગિરિ સેવો, ચૌદ ખેત્રમાં તિરથ નહિ એવો,
સ્નેહી સંત એ ગિરિ સેવો,
છઠ્ઠ પાળી ઉલ્લસીએ, છઠ્ઠ અઠ્ઠમ કાયા કશીએ,
મોહ મલ્લના સામાધસીએ, વિમળાચળ વેગે વશીએ-સ્નેહી.
અન્ય થાનક કર્મ જે કરીએ, તે હેમગિરિ હેઠા હરીએ,
પાછળ પ્રદક્ષિણા ફરીએ, ભવજળથી હેલા તરીએ—સ્નેહી.
શિવમંદિર ચડવા કાજે, સોપાનની પાંતિ બિરાજે,

ચડતાં સમકિતિ છાજે, દુરભવિયાં અભવ્ય તો લાજે–સ્નેહી.
પાંડવ પમુહા કેઇ સંતા, આદીશ્વર ધ્યાન ધરંતા,
પરમાતમ ભાવ ભજંતા, સિધ્ધાચળ સિધ્ધ અનંતા–સ્નેહી.
ખટમાશી ધ્યાન ધરાવે, શુક રાજાનું રાજ્ય તે પાવે,
બાહ્યાંતર શત્રુ હરાવે. શેત્રુંજો નામ ધરાવે–સ્નેહી.
પ્રાણી ધ્યાને ભજો ગિરિ જાચો, તિર્થંકર નામ નિકાચો,
મોહ રાયને લાગે તમાચો, શુભવીર વિમળગિરિ સાચો–સ્નેહી.

શ્રી સિદ્ધાચળજીનું સ્તવન.

સિધ્ધાચળગિરી ભેટયારે, ધન્ય બાગ્ય અમારાં,
એ ગિરિવરનો મહીમા મોટો, કહેતાં ન આવે પાર,
રાયણુ રૂખ સમોસર્યા સ્વામી, પુરવ નવાણું વારારે–ધન્ય.
મુળ નાયક શ્રી આદિ જીનેશ્વર, ચોમુખ પ્રતિમા ચાર,
અષ્ટ દ્રવ્ય શું પૂજો બાવે, સમકિત મુળ આધારારે–ધન્ય.
બાવ બગતિશું પ્રભુ ગુણ ગાતા, અપના જનમ સુરાયા,
જાત્રા કરી ભવિજન શુભ ભાવે, નરગતિ દુર્ગતિ વારારે–ધન્ય.
દુર દેશાંતરથી હું આવ્યો, શ્રવણે સુણી ગુણ તોરા,
પતિત ઉદ્ધારન બિરૂદ તુમારો, એ તિરથ જગ સારારે–ધન્ય.
સંવત અઢાર ત્યાશી માસ અષાઢ, વદ આઠમ ભોમવારા,
પ્રભુકે ચર્ણ પસાયથી સંઘમાં, ખીમારતન પ્રભુ પ્યારારે–ધન્ય.

શ્રી સિદ્ધાચળજીનું સ્તવન.

શ્રીરે સિદ્ધાચળ ભેટવા, મુજ મન અધિક ઉમાગો,
રિખવદેવ પૂજા કરી, લીજે ભવ તણો લાહો–શ્રીરે.
મણિમય મુરત શ્રી રિખભની, તેની પાચે અભિરામ,
ભુવન કરાવ્યાં કનકમય, રાખ્યાં ભરતે નામ–શ્રીરે.
નેમ વિના ત્રેવીશ પ્રભુ, આવ્યા સિદ્ધ ખેત્ર જાણી,
શેત્રુંજા સમો તિરથ નાંહી, બોલ્યાં સીમંદિર વાણી–શ્રીરે.
પુરવ નવાણું સમોસર્યા સ્વામિ, રિખભ જીણુંદ,
રામ પાંડવ મુગતે ગયા, પામ્યા પરમાનંદ–શ્રીરે.
પુરવ પુન્ય પસાયથી, પુંડરિકગિરિ પાયો,
કાંતિ વિજય હરખે કરી, શ્રી સિધ્ધાચળ ગાયો–શ્રીરે.

સ્તવન.

ગિરિવર દરસન વિરલા પાવે, પૂરવ સંચિત કર્મ ખમાવે–ગિરિ.
રિષભ જીનેશ્વર પૂજા રચાવે, નવનવે નામે ગિરિ ગુણ ગાવે–ગિરિ.
સહસ્ર કમળ ને મુક્તિ નિલયગિરિ, સિદ્ધાચળ સતકુટ કહાવે–ગિરિ.
ઢંક કદંબ ને કોડિ નિવાસો, લોહિત્ય તાલધ્વજ સુરગાવે–ગિરિ.
ઢંકાદિક પંચકુટ સજીવન, સુરનર મુનિ મળી નામ થપાવે–ગિરિ.
રયણુ ખાણુ જડીબૂટી ગુફાઓ, રસ કુંપીકા ગુરૂ ઇહાં બતાવે–ગિરિ.
પણ પુણ્યવંતા પ્રાણી પાવે, પુણ્ય કારણ પ્રભુ પૂજા રચાવે–ગિરિ.

દસ કોટી શ્રાવકને જમાડે, જઇ તિર્થયાત્રા કરી આવે–ગિરિ.
તેથી એક મુનિ દાન દિયંતા, લાભ ઘણો સિદ્ધાચળ થાવે–ગિરિ.
ચંદ્રશેખર નિજ ભગિની ભોગી, તે પણ એ ગિરિ મોક્ષે જાવે–ગિરિ.
ચાર હત્યારા નર પરદારા, દેવગુરૂ દ્રવ્ય ચોરી ખાવે-ગિરિ.
ચૈત્રી કાર્તિકી પુનિમ યાત્રા, તપ જપ ધ્યાનથી પાપ જળાવે–ગિરિ.
રીષભસેન જીન આદે સંખ્યા, તિર્થંકર મુગતિ સુખ પાવે–ગિરિ.
શીવવહુ વરવા મંડપ એ ગિરિ, શ્રી શુભવીર વચન રચી ગાવે–ગિરિ.

શ્રી શત્રુંજયનું સ્તવન.

(તિરથની આસાતના નવી કરીએ)

વિમળાચળ જગનાથને ચિત્ત ધરીએ, હાંરે ચિત્ત ધરીએરે,
ચિત્ત ધરીએ.
હાંરે ચિત્ત ધરીએ તો શિવ વધુ વરીએ,
હાંરે તરીયે ભવપાર–વિમળા.
ચૌદ મહા નદી શોભતી તીણ ઠામ,
હાંરે તેમાં શેત્રુંજી અતિ અભિરામ,
હાંરે હારી ગંગા રહે અન્ય ઠામ,
હાંરે એતો પુન્યની રેખ–વિમળા.
તટીની પતિના તટ પ્રત્યે કરે લીલા,
હાંરે તાલધ્વજ ઉત્સંગમાં ક્રીડા.
હાંરે કરતી કાટે કર્મ લીલા,
હાંરે નદી સર્વમાં સાર–વિમળા.

કોડ સહસ ભવનાં કર્યાં ભવી પ્રાણી,
હાંરે નીજ પાતકની કરે હાણી,
હાંરે એવી જીન ગણધરની વાણી,
હાંરે ધરી પગલું એક–વિમળા.
રહીત હોગે કર્મ રજ થકી પંથરથી,
હાંરે ભવ ભ્રમણ મીટે ત્યાં ભ્રમથી,
હાંરે થીર સંપદ હોય દ્રવ્યથી,
હાંરે પૂજે હોય પુજ્ય–વિમળા.
કુંડુરાય માહ પાપીઓ ત્હિાં આવી,
હાંરે શીલ સન્નાહે કાય ઢીપાવી.
હાંરે વ્રત શસ્ત્રથી મોહ હરાવી,
હાંરે વરી શીવ વધુ સાર–વિમળા.
અષ્ટ અકની રાજાદની તલે ભાલો,
હાંરે આદીનાથ ચરણ તે જુહારો,
હારે મોહરાય સુભટને નિવારો,
હાંરે લાગે ભવ પીડ–વિમળા.
ગીરી ભૂપતી શીર સેહરે જીન ભાસે,
હાંરે આદીનાથ જગતને પ્રકાશે,
હાંરે ભય જન્મ મરણને નિકાસે,
હાંરે એ તો જગતના તાત–વિમળા.
કૃષ્ણપક્ષ પોસ માસની તીથી સારી,
હાંરે દશમી લાગે મુને પ્યારી,
હાંરે માતું લક્ષ્મી વિજય કરનારી,
હાંરે ભેટ્યા આદિ જીણંદ–વિમળા.

શ્રી સિદ્ધાચળજીનું સ્તવન.

તે દીન કયારે આવશે, શ્રી સિદ્ધાચળ જાશું,
રૂષભ જીણંદ જુહારીને, સૂરજ કુંડમાં નાહશું-તે.
સમવસરણમાં બેશીને, જીનવરની વાણી,
સાંભળશું સાચે મને, પરમાર્થ જાણી-તે.
સમકિત વ્રત સુધાં ધરી, સદ્ ગુરૂને વંદી,
પાપ સર્વ આલોઇને, નિજ આતમ નંદી-તે.
પડિક્કમણાં દોય ટંકના, કરશું મન કોડે,
વિષય કસાય વિસારીને, તપ કરશું હોડે-તે.
વહાલા તે વેરી વિચ્ચે, નવિ કરવો ચહેરો,
પરના અવગુણ દેખીને, નવિ કરવો ચહેરો-તે.
ધરમ સ્થાનક ધન વાવરી, છક્કાયને હેતે,
પંચ મહાવ્રત લેઇને, પાળશું મન પ્રીતે-તે.
કાયાની માયા મેલીને, પરિસહને સેહશું,
સુખ દુઃખ સર્વે વિસારીને, સમભાવે રહેશું-તે.
અરિહંત દેવને ઓળખી, ગુણ તેહના ગાશું,
ઉદય રતન એમ ઉચરે, ત્યારે નિર્મળ થાશું-તે.

શ્રી સિદ્ધાચળજીનું સ્તવન.

માતા મરૂદેવીના નંદ, દેખી તાહરી મુરતી,
મારૂં મન લોભાણુંજી, મારૂં દીલ લોભાણુંજી—દેખી

કરૂણા નાગર કરૂણા સાગર કાયા કંચન વાન
ધોરી લંછન પાઉલે કાંઇ ધનુષ્ય પાંચસો માન—માતા
ત્રિગડે બેશી ધર્મ કહતાં સુણે પર્ષદા બાર
ગોજન ગામિની વાણી મીઠી વરસંતી જળધાર—માતા
ઉર્વશી રૂડી અપચ્છરાને રામાછે મન રંગ,
પાયે નેપુર રણુ ઝણે, કાંઇ કરતી નાટયા રંભ—માતા
તુંહી બ્રહ્મા તુંહી વિધાતા, તું જગ તારણહાર,
તુજ સરીખો નહિ દેવ જગતમાં, અરવડીયા આધાર—માતા
તુંહી ભ્રાતા તુંહી ત્રાતા તુંહી જગતનો દેવ,
સુર નર કિન્નર વાસુદેવા, કરતા તુજ પદ સેવ—માતા
શ્રી સિદ્ધાચળ તિરથ કેરો, રાજા રૂષભ જીણુંદ,
કિર્તિ કરે માણેક મુની તાહારી, ટાળો ભવના ફંદ—માતા

શ્રી સિધ્ધાચળજીનું સ્તવન.

સમકિત દ્વાર ગભારે પેસતાંજી, પાપ પડલ ગયાં દુરરે,
મોહન મરૂદેવીનો લાડણોજી, દીઠો દીઠો આનંદ પુરરે-સમકિત
આયુ વરજીત સાતે કરમનીજી, સાગર કોડાકોડી હીણરે
સ્થિતિ પઢમ કરણે કરીજી, વીર્ય અપુરવનો ધર લીધરે-સમકિત
ભુંગળ ભાગી અધ કષાયનીજી, મીથ્યાત મોહની સાંકળ સાથરે,
બાર ઉધાડયાં સમ સંવેગનાજી, અનુભવ ભવને બેઠો નાથરે-સમકિત
તોરણ બાંધ્યું જીવદયા તણુંજી, સાથીયો પુર્યો શ્રદ્ધા રૂપરે,
ધુપ ઘટા પ્રભુ ગુણ અનુમોદનાજી, ઢી ગુણ મંગળ આઠ અનુપરે-સમકિત

સંવર પાણી અંગ પખાલણેજી, કેસર ચંદન ઉત્તમ ધ્યાનરે,
આતમ ગુણરૂપી મૃગમદ મહમહેજી, પંચ ચાર કુસુમ પ્રધાનરે—સમકિત
ભાવ પૂજા એ પારન આતમાજી, પૂજો પરમેશ્વર પુન્ય પવીત્રરે,
કારણ જોગે કારજ નીપજેજી, ખિમા વિજયજીન આગમ રીતરે—સમકિત

શ્રી પુંડરગિરિ મહીમાનું સ્તવન.

વીરજી આવ્યારે વિમળાચળકે મેદાન,
સુરપતિ પાયારે સમો વસરણકે મંડાણ;
દેશના દેવે વિરજી સ્યામ, શેત્રુંજા મહિમા વરણવે તામ.
ભાખે આઠ ઉપર શો નામ તેહમાં ભાખ્યુંરે,
પુંડરગિરિ અભિધાન, સોહમ ઇંદોરે તવ પૂછે બહુ માન;
કીમ થયું સ્વામીરે ભાખો તાસ નિદાન—વીરજી.
પ્રભુજી ભાખે સાંભળ ઇંદ્ર, પ્રથમ તે હુઆ રીષભ જીણંદ,
તેહના પુત્ર તે ભરત નરિંદ્ર, ભરતના હુઆરે રીષભસેન પુંડરિક;
રીષભજી પાસેરે, દેશના સુણી ઉત્તગ
દીક્ષા લીધીરે, ત્રિપદી જ્ઞાન અધિક—વીરજી
ગણધર પદવી પામ્યા તામ, દ્વાદસાંગી ગુંથી અભિરામ,
વિચરે મહિયલમાં ગુણધામ, અનુક્રમે આવ્યારે શ્રીસિદ્ધાચળ ઠામ,
મુનિવર કોડીરે પંચ શત પરિમાણ,
અણસણ કીધાંરે નીજ આતમને ઉદ્દામ—વીરજી.
ચૈત્રિ પુનમ દીવસે એહ, પામ્યા કેવળ જ્ઞાન અછેહ,
શિવ સુખ વરીઆ અમર આ દેહ, પુર્ણાનંદીરે અગુરૂ લઘુ અવગાર,
અજ અવિનાશીરે નિજ પદ ભોગી અબાહ,

નિજ ગુણ કરતારે પરદુ ગળે નહિ ચાહ—વીરજી.
તેણે પ્રગટયું પુંડરગિરિ નામ સાંભળ સોહમ દેવલોક સ્વામ,
એહનો મહિમા અધિક ઉમ તેણે દીન કીજરે તપજપ પૂજા ને દાન
વ્રત વળી પોસહરે જે કરે અતિ દાન,
ફળ તસ પામેરે પંચ કરોડ ગુણ માન—વીરજી.

ભકતે ભવ્ય જીવ જે હોય, પંચમ ભવે મુક્તિ લહે સોય ॥ તેહમાં બાધક છે નહિ કોય, વ્યવહાર કેરી રે મધ્યમ ફલની વાત ॥ ઉત્કૃષ્ટ યોગે રે અંતરમુહૂર્ત વિખ્યાત, શિવસુખ સાધે રે નિજ આતમ અવદાત ॥ વીરજી૦ ॥ ૬ ॥ ચૈત્રી પૂનેમ મહિમા દેખ, પૂજા પંચ પ્રકારી વિશેષ ॥ તેહમાં નહિ ઉણિમ કાંઇ રેખ, ઇણીપેરે ભાખે રે જિનવર ઉત્તમ વાણ ॥ સાંભળી બુજ્યા રે કેઇક ભવિક સુજાણ, ઇણીપરે ગાયો રે પદ્મવિજય સુપ્રમાણ ॥ વીરજી૦ ॥ ૭ ॥

શ્રી અષ્ટાપદ તીર્થ સ્તવન.

(ગરબાની દેશી)

અષ્ટાપદ આદિ જીનંદજી દર્શન ચિત હુલસાય સાહેબ સાંભળજો,
અતિશય લબ્ધિ કેઇ નથીજી દર્શન કીમ કરી થાય—સાહેબ.
પાંખ નહિ આવું ઉડીજી, સુરના નહીં પણ સહાય—સાહેબ.
વિદ્યાધર મલતા નથીજી મન મારૂં અકળાય—સાહેબ.
ગજવર મન રેવા વસેજી, વાછરડા ગત માય—સાહેબ.
ચાતક ચાહે મેહલેજી, મન મારૂં જીનરાય—સાહેબ.
ભરતે બનાવ્યા રત્નનાજી, તીર્થંકર સપ કાય—સાહેબ.
નિજ નિજ વર્ણે થાપીયાજી, બીંબ ભલા જીનરાય—સાહેબ.

ચાર આઠ દશ દોય ભલાજી, વંદન મન હલચાય—સાહેબ.
જન્મ સફળ છે તેહનોજી, પૂજે પ્રભુના પાય—સાહેબ.
વીરજીણંદ પ્રભુ એકદાજી, ભાખે પર્ષદા માહ—સાહેબ,
ભૂચર નિજ લબ્ધે કરેજી યાત્રા ઉપર જાય—સાહેબ.
તિણુ ભવ મુકિત તે વરેજી એમાં શંકા ન કાંય—સાહેબ.
સાંભળી ગૌતમ આવીયાજી વાંદે મન વચકાય—સાહેબ.
પંદરસો તાપસ નપેજી દેખી મન હર્ષાય—સાહેબ.
ગૌતમને ગુરૂ થાપીએજી સહુના મનમાં ચહાય—સાહેબ.
દીક્ષા લઇ ગુરૂ થાપીએજી ગૌતમ મહામુની રાય—સાહેબ.
વીર વંદનને આવતાજી કેવળ જ્ઞાન ઉપાય—સાહેબ.
એમ અનેક સિદ્ધ થયાજી આઠ કર્મ ખપાય—સાહેબ.
સાદી અનંત પદવી વરીજી, આવા ગમન મીટાય—સાહેબ.
શકિત નથી આવવા તણીજી, ભકતી વશે ગુણગાય—સાહેબ.
આતમ લક્ષ્મી આપજોજી વલ્લભ શીવ સુખ થાય—સાહેબ.

શ્રી આબુરાજ તિર્થ સ્તવન.

(ગરબાની દેશી)

હું તો સમરૂં સદા આબુરાજને જો,
છોડી કામ અને વળી કાજને જો—હું તો.
આબુ તિરથ અતિ રળીયામણો જો,
પુરે મનના મનોરથ રાજને જો—હું તો.

દેલવાડે દેરાસર ચાર છે જો,
રૂષભ દેવજી સુધારે કાજને જો—હું તો.
નેમ નાથ સ્વામીને સેવીએ જો,
જાવે મદન કદન બલભાઇને જો—હું તો.
દહેરાણી જેઠાણીના ગોખલા જો,
જોઇ મનની ટળે સહુ આજને જો—હું તો.
શ્રી રૂષભ ધાતુમય દેહરો જો,
નમું ચૌમુખ ચાર જીનરાજને જો—હું તો.
ગઢ અચલમેં દેવળ દીપતું જો,
વાંદુ રૂષભ ગરીબ નિવાજને જો—હું તો.
શાંન્તીનાથ પ્રભુ કરે શાંન્તીને જો,
ચુરે અષ્ટ કર્મ સમાજને જો,—હું તો.
પ્રભુ મહાવીર કોરીંભા ગામમેં જો,
નમું શાસનપતિ શિરતાજને જો—હું તો.
પ્રભુ નામથી ધામને વંદના જો,
જગ તિરથ તારણ જહાજને જો—હું તો.
ભેટયો તિરથ આતમ પાવનો જો,
તારો વલ્લભ સેવક આપાને જો—હું તો.
સંવત ઓગણીસો [illegible] જેઠનો જો,
ગુરૂવાર અષ્ટમી ધન્ય આજને જો—હું તો.

સિદ્ધાચળજી સ્તવન.

વિમળાચળ નિતુ વંદીયે, કીજે એહની સેવા,
પાર પમાડે ભવ તણો, શીવતરૂ ફળ લેવા—વિમળ-૧.
ઉજવળ જીનગૃહે મંડળી, તિહા દીપે ઉત્તંગા,
માનુ હેમગિરિ વિભ્રમે, આઇ અંબર ગંગા—વિમળ-૨.
કોઇ અનેરૂ જગ નાંહી, એ તિરથ તોલે,
એમ શ્રીમુખ હરી આગળે, શ્રી શીમંધર બોલે—વિમળ-૩.
જે સઘળા તિરથ કર્યા, યાત્રા ફળ લહીએ,
તેથી એ ગીરીવર ભેટતાં, શતગણું ફળ લહીએ—વિમળ-૪.
જન્મ સફળ હોએ તેહનો, જેહ એ ગિરિવર વંદે,
સુજશ વિજય સંપદ લહે, તે નર ચિર નંદે—વિમળ-૫.

સિદ્ધાચળજીનું સ્તવન.

જાત્રા નવાણું કરીએ વીમલગીરી, જાત્રા નવાણું ॥ આંકણી ॥
પૂરવ નવાણુંવાર શેત્રુંજાગીરી, રીખભ જીણંદ સમોસરીએ ॥
॥ વિમળ ॥ ૧ ॥
કોડ સહસભવ પાતિક છુટે, શત્રુંજા સામુ ડગ ભરીએ ॥
॥ વિમળ ॥ ૨ ॥
સાત છઠ્ઠ દોય અઠ્ઠમ તપસ્યા, કરી ચઢીએ ગીરિવરીએ ॥
॥ વિમળ ॥ ૩ ॥

પુંડરીકપદ જપીએ હરખે, અધ્યવસાય શુભ ધરીએ ॥
॥ વિમળ ॥ ૪ ॥

પાપી અભવ્ય નજરે ન દેખે, હિંસક પણ ઉદ્ધરીએ ॥
॥ વિમળ ॥ ૫ ॥

ભોંય સંથારો ને નારી તણો સંગ, દુર થકી પર હરીએ ॥
॥ વિમળ ॥ ૬ ॥

સચિત પરીહારી ને એકલ આહારી, ગુરૂ સાથે પદ વરીએ ॥
॥ વિમળ ॥ ૭ ॥

પડિક્કમણા દોય વીધિશું કરીએ, પાપ પડલ વિખ હરીએ ॥
॥ વિમળ ॥ ૮ ॥

કલીકાળે એ તિરથ મોટું, પ્રવહણ જેમ ભવ દરીએ ॥
॥ વિમળ ॥ ૯ ॥

ઉત્તમ એ ગીરિવર સેવંતા, પદ્મ કહે ભવ તરીએ ॥
॥ વિમળ ॥ ૧૦ ॥ પ્રતિ ॥

શત્રુંજય સ્તવન.

મેં ભેટયા નાભીકુમાર, અખીઆં સફળ ભઇ ॥ મેં ભેટયા૦ ॥
નેનાં સફળ ભઇ ॥ મેં ભેટયા૦ ॥

તીરથ જગમાં છે ઘણારે, તેહમાં એ છે સાર,
શેત્રુંજા સમ તીરથ નહીરે ॥ તુરત તરત ભવપાર ॥
॥ અખીઆં ॥ ૧ ॥

જુગલા ધર્મ નિવારિયારે ॥ તીન ભુવન તું સાર,
સોવન વરણી દેહ છેરે, વૃષભ લાંછન મનોહાર ॥
॥ અખીઆં ॥ ૨ ॥

સોરઠ મંડણ તું પ્રભુરે ॥ સકળ કરમ કરે દુર ॥
કેવળ લખમી પામતારે, વંછીત લીલાપુર ॥
॥ અખીઆં ॥ ૩ ॥

ગિરિવર ફરસ્યો ભાવશુંરે, સફળ કાયો અવતાર ॥
શ્રી જીન હરખ પસાયથીરે, સંઘ સદા સુખકાર ॥
॥ અખીઆં ॥ ૪ ॥

ઘણા દિવશની ચાહ હતીરે. દેખત પ્રભુ દીદાર ॥
રત્નસુંદર પાઠક કહેરે, અવિચળ લીલ અપાર ॥
અખીઆં ॥ ૫ ॥ ઇતિ ॥

સમેત શિખર સ્તવન.

સમેત શિખર જીન વંદીએ, મોટું તીરથ એહરે ॥
પાર પમાડે ભવ તણો, તીરથ કહીએ તેહરે ॥
॥ સમેત ॥ ૧ ॥

અજીતશ્રી સુમતી જીણંદ સગે, સહસ મુની પરિવારરે ॥
પદ્મ પ્રભ શીવ સુખવર્યા ॥ ત્રણસે આઠ અણગારરે ॥
॥ સમેત ॥ ૨ ॥

પાંચસે મુનિ પરિવારશું, શ્રી સુપાસ જીણંદરે ॥
ચંદ્રપ્રભુ શ્રેયાંસ લગે, સાથે સહસ મુણિંદરે ॥
॥ સમત ॥ ૩ ॥

છ હજાર મુની રાજશું, વિમલ જીનેશર સીધારે ॥
સાત સહસશું ચોંદમા, નીજ કારજ પર કીધારે ॥
॥ સમત ॥ ૪ ॥

એકસો આઠશું ધર્મજી ॥ નવસેશું શાંતિનાથરે ॥
કુંથુ અર એક સહસશું, સાચો શીવપુર સાથરે ॥
॥ સમત ॥ ૫ ॥

મલ્લીનાથ શત પાંચશું ॥ મુની નમી એક હજારરે ॥
તેત્રીસ મુનિયુત પાસજી ॥ વરિયા શિવ સુખ સારરે ॥
॥ સમેત ॥ ૬ ॥

સત્તાવીશ સહસ ત્રણસેં, ઉપર ઓગણપચાસરે ॥
જીન પરિકર બીજા કેઈ, પામ્યા શિવપુર વાસરે ॥
॥ સમેત ॥ ૭ ॥

એ વીશે જીન એણે ગિરે ॥ સિધ્યા અણુસણ લેહરે ॥
પદ્મ વિજય કહે પ્રણમીએ, પાસ સામળનું ચેહરે ॥
॥ સમેત ॥ ૮ ॥ ઇતિ ॥

પુંડરીક સ્વામી સ્તવન.

એક દીન પુંડરીક ગણધરરે લાલ, પુછે શ્રી આદી જીણંદ ॥ સુખકારીરે ॥
કહીયે તે ભવ જળ ઉતરીરે લાલ, પામીશ પરમાણંદ ભવપારીરે ॥
॥ એ૦ ॥ ૧ ॥

કહે જીન ઇણ ગીરિ પામશેરે લાલ, જ્ઞાન અને નિર્વાણ ॥ જયકારીરે ॥
તીરથ મહીમા વાધશેરે લાલ ॥ અધિક અધિક મંડાણ ॥ નિર્ધારીરે ॥
॥ એ૦ ॥ ૨ ॥

એમ નિસુણીને ત્યાં આવ્યારે લાલ, ઘાતી કર્મ કર્યા દુરરે ॥ તમવારીરે ॥
પંચ કોડી મુની પરિવર્યારે લાલ, હુવા સિદ્ધિ હજુર ॥ ભવવારીરે ॥
॥ એ૦ ॥ ૩ ॥

ચૈત્રી પુનમ દીન કીજીએરે લાલ, પૂજા વિવિધ પ્રકાર ॥ દીલધારીરે ॥
ફળ પ્રદક્ષિણા કાઉસગ્ગેરે લાલ ॥ લોગસ્સ થુઇ નમુકકાર ॥ નરનારીરે ॥
॥ એ૦ ॥ ૪ ॥

દશ વીશ ત્રીશ ચાલીશ ભલારે લાલ ॥ પચાશ પુષ્પની માળ ॥ અતિ સારીરે ॥
નર ભવ લાહો લીજીએરે લાલ ॥ જેમ હોય જ્ઞાન વિશાળરે ॥ મનોહારીરે ।
॥ એ૦ ॥ ૫ ॥ ઇતિ ॥

સિદ્ધાચળજીનો મહિમા.

સાંભળી જીનવર મુખથી સાચું, પુંડરિક ગણધારરે,
પંચ કોડી મુનીવરશું ઇણ ગિરિ, અણસણ કીધું ઉદારરે,
નમોરે નમો શ્રી શેત્રુંજય ગિરિવર, સકળ તિરથ માંહિ સારરે,
દીઠો દુરગતિ દુરનિવારે, ઉતારે ભવપારરે—નમોરે.
કેવળ લહી ચૈત્ર પુનમ દીન, પામ્યા મુગતિ સુઠામરે,
તદાકાળથી પુહવી પ્રગટયું, પુંડરિકગિરિ નામરે—નમોરે.

નયરી અયોધ્યાથી વિહરતા પહોત્યા, તાતજી રિખવ જીણંદરે,
સાઠ સહસ શું ખટ ખંડસાધી,ઘરે આવ્યા ભરત નરિંદરે—નમોરે.
ઘરે જઇ માત ને પાયે લાગી, જનનિ દો આશીષરે,
વિમળાચળ સંઘા ધિપ કેરી, પહોચ્યો પુત્ર જગીશરે—નમોરે.
ભરતદિ સાથે સાઠ સહસ શું, સાધ્યા દેશ અનેકરે,
હવે હું તાત પ્રત્યે જઇ પુછું, સંઘ પતિ તિલક વિવેકરે—નમોરે.
સમોત્રશરણે પહોત્યા ભરતેશર, વંદી પ્રભુના પાયરે,
ઇંદ્રાદિક સુરનર બહુ મિલીયા, દેશના દે જીનરાયરે—નમોરે.
શેત્રુંજય સંઘાધિક યાત્રા ફળ, ભાખે શ્રી ભગવંતરે,
ભરતેસર કરેરે સજાઇ, જાણી લાભ અનંતરે—નમોરે.

શેત્રુંજય સ્તવન.

બાપલડાંરે પાતીકડાં તમે શું કરશો હવે રહીને ॥
શ્રી સિદ્ધાચળ નયણે નિરખ્યો, દુર જાઓ તુમે વહીનેરે ॥
॥ બાપલડાંરે ॥ ૧ ॥

કાળ અનાદિ લગે તુમ સાથે, પ્રીત કરી નીરવહીને ॥
આજ થકી પ્રભુ ચરણે રહીશું, એમ શીખવ્યું મનનેરે ॥
॥ બાપલડાંરે ॥ ૨ ॥

દુષમ કાળે એણે ભરતે, મુક્તિ નહિ સંઘયણુને ॥
પણ તુજ ભક્તિ મુક્તિને ખેંચે, ચમક ઉપલ જેમ લોહનેરે ॥
॥ બાપલડાંરે ॥ ૩ ॥

શુદ્ધ સુવાસન ચુરણ આપ્યું, મિથ્યા પંક શોધનરે ॥
આતમભાવ થયો જબ નીરમલ, આણંદમય તુજ ભજનેરે ॥
॥ બાપલડાંરે ॥ ૪ ॥
અખય નિધાન તુમ સમકિત પામી, કોણ વંછે ચલ ધનને ॥
શાંત સુધારસ કનક કચોળે, સિંચો સેવક તનનેરે ॥
॥ બાપલડાંરે ॥ ૫ ॥
બાહ્ય અભ્યંતર શત્રુ કેરો, ભય ન હોવે મુજ મનનેરે ॥
સેવક સુખીયો સુજસ વિલાસી, તે મહિમા પ્રભુ તુજનેરે ॥
॥ બાપલડાંરે ॥ ૬ ॥
નામ મંત્ર તુમારો સાધ્યો, તે થયો જગ મોહનને ॥
તુજ મુખમુદ્રા દેખી હરખી જીમ ચાતક જળધરનેરે ॥
॥ બાપલડાંરે ॥ ૭ ॥
તુમ વિણુ અવરદેવ નહીં ભાવ્યું (દયાવું), ફરી ફરી આ મનનેરે ॥
જ્ઞાન વિમળ કહે ભવજળ તારો, સેવક બાંહ્ય ગ્રહીનેરે ॥
॥ બાપલડાંરે ॥ ૮ ॥ ઇતિ ॥

તિર્થમાળાનું સ્તવન.

શેત્રુંજે રિખભ સમો સર્યા, ભલા ગુણુ ભર્યારે,
સિધ્યા સાધુ અનંત, તિરથ તે નમુંરે-૧
ત્રણુ કલ્યાણુક તિહાં થયાં મુગતે ગયારે,
નેમીશ્વર ગિરનાર-તિરથ-૩
અષ્ટાપદ એક દેહરો, ગિરિ શેહરોરે,
ભરતે ભરાવ્યાં બિંબ-તિરથ.

આબુ ચોમુખ અતિ ભલો, ત્રિભુવન તિલોરે,
વિમળ વસી વસ્તુપાળ-તિરથ-૪
સમેત શિખર શોહામણો, રળીયામણોરે,
સિધ્યા તિર્થંકર વીશ-તિરથ-૫
નમરી ચંપા નિરખીએ, હઇડે હરખીએરે,
સિધ્યા શ્રી વાસુપુજ્ય-તિરથ-૬
પૂરવ દિશે પાવાપુરી, રિધે ભરીરે,
મુગતિ ગયા મહાવીર-તિરથ-૭
જેસલમેર જુહારીએ, દુઃખ વારીએરે,
અરિહંત બિંબઅનેક-તિરથ-૮
વાંકાનેરજ વંદીએ, ચીર નંદિશ્વરે,
અરિહંત દેહરાં આઠ-તિરથ-૯
સોરીશ્વરો શંખેશ્વરો પંચાસરોરે,
ફલોધિ થંભણ પાસ-તિરથ-૧૦
અંતરિક અજાહરો, અમી ઝરોરે,
જીરાવલો જગનાથ-તિરથ-૧૧
ત્રૈલોકય દિપક દહેરો જાત્રા કરોરે
રાણકપુરે રીસહેસ-તિરથ-૧૨
નાદુલાઇ જાદવો ગોડી સ્તવોરે,
શ્રી વરકાણો પાસ-તિરથ-૧૩
નંદિશ્વરનાં દેહેરાં બાવન ભલાંરે,
રૂચક કુંડલે ચ્યાર ચ્યાર-તિરથ ૧૪
શાસ્વતિ અસાસ્વતિ, પ્રતિમા છતીરે,

સ્વર્ગ મૃત્યુ પાતાળ-તિરથ.
તિરથ જાત્રા ફળ તિહાં, હોજ્યો મુજ ઇહાંરે,
સમય સુંદર કહે એમ-તિરથ.

પંચ તિરથનું સ્તવન.

સાહેબજી નેક નજર કરી, નાથ સેવકને તારો,
સાહેબજી મહેર કરી. પૂજાનું ફળ મુજ આપો.
પ્રભુ તુજ મુરતી મોહનવેલી, પૂજે સુર અપચ્છરા અલબેલી,
વર ઘનસાર કેશર શું ભેલી-હે સાહેબજી.
સિધ્ધાચળ તિર્થ ભત્રી સેવો, ચૌદ ક્ષેત્રે તિરથ નહિ એવો,
એમ બોલે દેવાધિ દેવો-હે સાહેબજી.
ગિરનારે જઇએ નેમ પાસે, ઇહાં ભવીજન સિધ્ધી જાશે,
જસ ધ્યાને પાતિકડાં નાશે-હે સાહેબજી.
આબુ ઘડે આદિ જીનરાયા, નેમનાથ શિવાદેવી જાયા,
જસ ચોસઠ ઇંદ્રે ગુણ ગાયા-હે સાહેબજી.
વળી શમેત શિખરે જગના ઇશ, ગયા મોક્ષે જીનરાજ વીશ,
ધ્યાવો ભવીજન નિશદિશ-હે સાહેબજી.
અષ્ટાપદે સકળ કર્મ ટાળી, પ્રભુ વરીયા શીવ વધુ લટકાળી,
આદિશ્વર પૂજતાં દીવાળી-હે સાહેબજી.
આદે તિર્થ પ્રણમો મનરંગે, વળી પૂજો પ્રભુને નવ અંગે,
ધર્મ ચંદ્ર અતિ ઉમંગે-હે સાહેબજી.

શ્રી સમેતશિખરનું સ્તવન.

જાઈ પૂજો લાલ, સમેત શિખર ગિરિ ઉપર પાસજી શામળા,
જીન ભગતે લાલ. કરતાં જીન પદ પાવે ટળે ભવ આંમળા,
છહરી પાળી દરીશન કરીએ, ભવભવ સંચીત પાતીક હરીએ,
નિજ આતમ પુન્યરસે ભરીએ-જાઈ પૂજો લાલ.
એ ગિરિ ઉપર નિત્ય સેવા કીજે, જીમ શીવ સુખડાં કરમાં લીજે,
ચિદાનંદ સુધારસ નિત્ય પીજે-જાઇ પૂજો લાલ.
જીહાં શિવ રમણી વરવા આવ્યા, અજીતાદિક વિશ જીન રાયા,
બહુ મુનિવર જીન શિવ વધુ પાયા-જાઇ પૂજો લાલ.
તેણે એ ઉત્તમ ગિરિ જાણો, કરો સેવા આતમ કરી સ્યાણો,
એ ફરી ફરી નહિ આવે ટાણો-જાઇ પૂજો લાલ.
તુમે ધનકંચન નીમાયા, કરતા અશુચી કીધી કાયા,
કેમ તરસો વીણુ એ ગિરિ રાયા-જાઇ પૂજો લાલ.
ઇમ શુભ ગતિ વચન સુણી તાજા, એ ભજો જગગુરૂ આતમ રાજા,
ગિરિ ફરશે ફરી મન સુચી માજા-જાઈ પૂજો લાલ.
સંવત સરરિખિ ગજચંદ સમે, ફાગણ શુદી તીજ બુધવાર ગમે,
ગિરિ દર્શન કરતાં ચિત્ત રમે-જાઈ પૂજો લાલ.
પ્રભુ પદ પદ્મ તણી સેવા, કરતાં નિત લહીએ શિવ મેવા,
કહે રૂપવિજય મુજ તે હેવા-જાઈ પૂજો લાલ.

શત્રુંજય સ્તવન.

તુંમતો ભલે બિરાજોજી, શ્રી સિદ્ધાચળ કેવાસી. સાહેબ ભલે બિરાજોજી. આંકણી, મારૂદેવીનો નંદન રૂડો. નાભિ નરિંદ મલ્હાર. જુગલા ધર્મ નિવારણ આવ્યા. પૂર્વ નવાણું વાર. ॥ તુમેતો. ॥ ૧ ॥ મુળદેવને સનમુખ રાજે. પુંડરિક ગણધાર. પંચ કોડશું ચૈત્રી પુનમે વરિઆ શિવ વધુનાર ॥ તુમેતો૦ ॥ ૨ ॥ સહસ કોટ દક્ષિણ બિરાજે જીનવર સહસ ચોવીસ. ચક્રેશે બાવન ગણધરના પગલાં પૂજો જગીશ ॥ તુમેતો૦ ॥ ૩ ॥ પ્રભુ પગલા રાયણ હેઠળ પુજી પરમાનંદ. અષ્ટાપદ ચવીસ જીનેશ્વર. સમેત વીસ જીણંદ ॥ તુમેતો૦ ॥ ૪ ॥ મેરૂ પર્વત ચૈત્ય ઘણેરા. ચૌમુખ બિંબ અનેક. બાવન જીનાળય દેવળ નિરખી. હરખ લહુ અતિષેક ॥ તુમેતો૦ ॥ ૫ ॥ સહસ ફણા તે શામળા પાસજી સમવસરણ મંડાણ. છીપાવસી ને ખડતરવસી કાંઈ પ્રેમાવસી પરમાણ ॥ તુમેતો૦ ॥ ૬ ॥ સંવત અઢાર ઓગણપચાસે. ફાગણ અષ્ટમી દીન. ઉજ્જળ પક્ષે ઉજ્જળ હુઓ. ગિરિ ફરસ્યા મુંજ મન ॥ તુમેતો૦ ॥ ૭ ॥ ઇત્યાદિક જીન બિંબ નિહાળી. સાંભળી સિદ્ધની શેણ. ઉત્તમ ગિરિવર કેણીપરે વિનવું પદ્મવિજય કહે એણ ॥ તુમેતો૦ ॥ ૮ ॥

શત્રુંજય તીર્થ સ્તવન.

તીરથતારૂ એ તીરથવારૂ. સાંભળજો સૌ તારૂરે ॥ ભવજળ નિધિ તરવા ॥ ભવિ જનને, પ્રવહણ પરે એ તારૂરે ॥ તીરથ૦ ॥ ૧ ॥ એ

તિરથનો મહિમા મોટો નવી માને તે કાઉરે ॥ પાર ન પામે કહેતાં કોઈ. પણ કહિયે મતિ સારૂરે ॥ તીરથ૦ ॥ ૨ ॥ સાધુ અનંતા ઇહાં કણે સિધ્યા. અંતકર્મના કીધારે ॥ અનુભવ અમૃત રસ જીણે પીધા. અભયદાન જગે દીધારે ॥ તી૦ ॥ ૩ ॥ નમિ વિનમિ વિધાધર નાયક દ્રવિડ વારિખીલ્લ જાણોરે ॥ થાવચ્ચા શુકો સેલગ પંથગ. પાંડવ પાંચ વખાણોરે ॥ તી૦ ॥ ૪ ॥ રામ મુનીને નારદ મુનિવર શંખ પ્રદ્યુમ્ન કુમારરે. મહાનંદ પદ પામ્યા તેહના. મુનિવર બહુ પરિવારેરે ॥ તી૦ ॥ ૫ ॥ તેહ ભણી સિદ્ધ ક્ષેત્ર એહનું. નામ થયું નિરધારરે ॥ શત્રુંજય કલ્પ મહાત્મ્યે. એહનો બહુ અધિકારરે ॥ તી૦ ॥ ૬ ॥ તિરથ નાયક વાંછીત દાયક વિમળાચળ જે પાવેરો । ગ્નાન વિમળ સુરિ કહે તે ભવિને. ધર્મ શર્મ ઘરે આવેરે ॥ તીરથ ॥ ૭ ॥ ઇતી.

શત્રુંજય રાયણ વૃક્ષ સ્તવન.

નીલુડી રાયણ તળે. શુણ સુંદરી. પીલુડા પ્રભુના પાયરે ॥ ગુણ મંજરી ॥ ઉજવળ ધ્યાને ધ્યાઇએ ॥ સુણ૦ ॥ એહીજ મુકિત ઉપાયરે ॥ ગુણ૦ ॥ ૧ ॥ શિતળ છાયાએ બેસીએ સુણ૦ ॥ રાતડો કરી મન રંગરે ॥ ગુણ૦ ॥ પૂજીએ સોવન ફુલડે ॥ સુણ૦ ॥ જેમ હોય પાવન અંગરે ॥ ગુણ૦ ॥ ૨ ॥ ખીર ઝરે જેહ ઉપરે ॥ સુણ ॥ નેહ ધરીને એહરે ॥ ગુણ૦ ॥ બીજે ભવે તે શીવ લહેરે ॥ સુણ૦ ॥ થાયે નિરમળ દેહરે ॥ ગુણ૦ ॥ ૩ ॥ પ્રીત ધરી

પ્રદક્ષિણા ॥ સુણુ૦ ॥ દીએ એહને જે ॥ ગુણ૦ ॥ અભંગ પ્રીતી હોય જેહને ॥ સુણુ૦ ॥ ભવ ભવ તુમ આધારરે ॥ ગુણ૦ ॥ ૪ ॥ કુસુમ ફળ મંજરે ॥ સુણુ૦ ॥ આખા થડને મુળરે ॥ ગુણ૦ ॥ દેવ તણા વાસા છે ॥ સુણુ૦ ॥ તીરથને અનુકુળરે ॥ ગુણ૦ ॥ ૫ ॥ તીરથ ધ્યાન ધરી મુદા ॥ સુણુ૦ ॥ સેવો એહની છાંયરે ॥ ગુણ૦ ॥ જ્ઞાન વિમળ ગુણ ભાખીયો ॥ સુણુ૦ ॥ શત્રુંજય મહાતમ માંયરે ॥ ગુણ૦ ॥ ૬ ॥ ઇતી.

શત્રુંજય ધણી વિનતી.

સુણ જીનવર શત્રુંજય ધણીજી. દાસતણી અરદાસ. તુજ આગળ બાળક પરેજી હું તો કરૂં વેપાસરે ॥ જીનજી મુજ પાપીને તાર ॥ તુંતો કરૂણા રસ ભર્યોજી. તું સહુનો હિતકારરે જીનજી ॥ મુજ૦ ॥ ૧ ॥ હું અવગુણનો ઓરડોજી. ગુણ તો નહી લવલેશ પરગુણ. પેખી નવી શકુંજી. કેમ સંસાર તરેશરે જીનજી ॥ મુજ૦ ॥ ૨ ॥ જીવતણા વધ મેં કર્યાંજી. બોલ્યા મૃષાવાદ. કપટ કરી પરધન હર્યાજી સેવ્યા વિષય સંવાદરે જીનજી ॥ મુજ૦ ॥ ૩ ॥ હું લંપટ હું લાલચુજી. કર્મ કીધાં કઇ કરોડ. ત્રણ ભુવનમાં કો નહીંજી જે આવે મુંજ જોડરે ॥ જીનજી ॥ મુજ ॥ ૪ ॥ છીદ્ર પરાયાં અહનીશીજી. જોતો રહું જગનાથ. કુગતિ તણી કરણી કરીજી. જોડયો તેહશું સાથરે જીનજી ॥ મુજ૦ ॥ ૫ ॥ કુમતિ કુટીલ કદા અહીજી. વાંકી ગતિ મતિ મુજ. વાંકી કરણી મહારીજી. શી સંભળાવું તુંજરે ॥ જીનજી ॥ મુજ૦ ॥ ૬ ॥ પુન્ય વિના મુજ પ્રાણિયોજી. જાણે મેલું રે સાથ. ઉંચા તરવર મોરીયાંજી ત્યાંહી પ્રસારે હાથરે જીનજી ॥ મુજ૦

॥ ૭ ॥ વીણ ખાધા વીણ ભોગવ્યાંજી ફોગટ કર્મ બંધાય. આર્ત ધ્યાન મીટે નહીંજી કીજે કવણ ઉપાયરે જીનજી ॥ મુજ૦ ॥ ૮ ॥ કાજળથી પણ શામળાજી, મારા મન પરણામ, સોણા માંહી તાહરૂજી ॥ સંભારૂ નહી નામરે જીનજી ॥ મુજ૦ ॥ ૯ ॥ મુગ્ધ લોક ઠગવા ભણીજી, કરૂં અનેક પ્રપંચ, કુડ કપટ કેળવીજી, પાપ તણો કરૂં સંચરે જીનજી ॥ ॥ મુજ૦ ॥ ૧૦ ॥ મન ચંચળ ન રહે કીમેજી, રાચે રમણીરે રૂપ ॥ કામ વિટંબણ શી કહુજી, પડીશ હું દુર્ગતી કુપરે જીનજી ॥ મુજ૦ ॥ ॥ ૧૧ ॥ કિસ્યા કહુ ગુણ માહરાજી, કિસ્યા કહું અપવાદ॥ જેમ જેમ સંભાર્યું હૈયેજી ॥ તેમ તેમ વાધે વિખવાદરે જીનજી ॥ મુજ૦ ॥ ૧૨ ॥ ગીરૂઆ તે નવી લેખવેજી, નિગુણ સેવકની વાત, નીચ તણે પણ મંદિરેજી, ચંદ્ર ન ટાળે જ્યોતરે જીનજી ॥ મુજ૦ ॥ ૧૩ ॥ નિગણો તોપણ તાહરોજી, નામ ધરાવ્યું દાસ ॥ કૃપા કરી સંભારજોજી ॥ પુરજો મુજ મન આશરે જીનજી ॥મુજ૦॥ ૧૪ ॥ પાપી જાણી મુજ ભણીજી ॥ મત મુકો વિસાર ॥ વિષ હળાહળ આદર્યોજી ॥ ઇશ્વર ન તજે તાતરે જીનજી ॥ મુજ૦ ॥ ૧૫ ॥ ઉતમ ગુણકારી હુએજી ॥ સ્વારથ વિના શુજાણ, કરશણ સિંચે સરભરૂજી ॥ સોહન માગે દાનરે જીનજી ॥ ॥ મુજ૦ ॥ ૧૬ ॥ તું ઉપકારી ગુણ નિલોજી, તું સેવક પ્રતિપાળ તું સમરથ સુખ પુરવાજી, કર માહરી સંભાળરે, જીનજી ॥ મુજ૦ ॥ ॥ ૧૭ ॥ તુજને શું કહીએ ઘણુંજી, તું સૌ વાતે જાણ, સાહેબાજી, ભવભવ તાહરી આશરે જીનજી ॥ મુજ૦ ॥ ૧૮ ॥ નાભી રાયાકુળ ચંદલોજી, મારૂદેવીનો નંદ, કહે જીન હરખ નિવાજજોજી ॥ કેહજો પરમાનંદરે ॥ જીનજી ॥ મુજ પાપીને તાર ॥ ૧૯ ॥ ઇતિ ॥

શત્રુંજય તીર્થ સ્તવન.

જ્ઞાન રયણ રયણાયરરે. સ્વામિ રૂષભ જીણંદ, ઉપકારી અરિહા પ્રભુરે લોક લોકોત્તરાનંદરે ભવિયા૦ ॥ ૧ ॥ ભાવે ભજો ભગવંત. મહિમા અતુલ અનંતરે ॥ ભ૦ ॥ ભા૦ ॥ ચાંકણી ॥ તિગ તિગ આકર સાગરરે. કોડા કોડી અઢાર. જુગલા ધર્મ નિવારીયોરે ॥ ધર્મ પ્રવર્તંનહારરે ॥ ભ૦ ॥ ભા૦ ॥ ૨ ॥ જ્ઞાનાતિશયે ભવ્યનારે ॥ સંશય છેદનહાર ॥ દેવ નર તિરિ સમઝીયારે ॥ વચનાતિશય વિચારરે ॥ ભ૦ ॥ ભા૦ ॥ ૩ ॥ ચાર ધને મધવા સ્તવેરે ॥ પુજાતિશય મહંત. પંચ ધને યોજન ટળેરે. કષ્ટએ તુર્ય પ્રસંતરે ॥ ભ૦ ॥ ભા૦ ॥ ૪ ॥ યોગ ક્ષેમંકર જીનવરરે ॥ ઉપશમ ગંગા નીર॥ પ્રીતી ભકિતપણે કરીરે. નિત્ય નમે શુભવીરરે ॥ ભ૦ ॥ ભા૦ ॥ ૫ ॥ ઇતી.

શત્રુંજય સ્તવન.

॥ ચાલો સખી સિદ્ધાચલ જઇયે, ચાલો સખી વિમલાચલ જઇયે ॥ કે ગિરિવર દેખી સુખ લઇયે, કે પાલીતાણે જઇ રહિયે ॥ ॥ ચાલો૦ ॥ ૧ ॥ કે એ ગિરિ યાત્રાયે જે આવે, કે ભવ ત્રીજે સિદ્ધિ જાવે, કે અજરામર પદવી પાવે ॥ ચાલો૦ ॥ ૨ ॥ કે યાત્રા નવાણું કરિયે, કે નવકાર લાખ ખરા ગણિયે, કે ભવસાગર સહેજે તરિયે ॥ ચાલો૦ ॥ ૩ ॥ કે છઠ્ઠ અઠ્ઠમ કાયા કસિયે, કે મોહરાજા સામે ધસિયે, કે વેગે શિવપુરમાં વસિયે ॥ ચાલો૦ ॥ ૪ ॥ કે સર્વ તીરથનો એ રાજા, કે સુરજકુંડમાં જળ તાજા, કે રોગીયા નર હોય

તે સાજા ॥ ચાલો૦ ॥ ૫ ॥ કે કેશર ચંદન ઘશી ઘોળી, કે કસ્તુરી બરાસ ભેળી, કે પૂજો સર્વ મળી ટોળી ॥ ચાલો૦ ॥ ૬ ॥ કે પૂજીને ભાવના ભાવો, કે કેવળજ્ઞાન યુગલ પાવો, કે જો હોયે શિવપુરમાં જાવો ॥ ચાલો૦ ॥ ૬ ॥ કે પૂજીને ભાવના ભાવો, કે કેવળજ્ઞાન યુગલ પાવો, કે જો હોયે શિવપુરમાં જાવો ॥ ચાલો૦ ॥ ૭ ॥ કે અઢાર અઠોત્તરા વરસે, કે મહાવદી પંચમીને દિવસે, કે ભેટયા શ્રી આદીશ્વર ઉલટે ॥ ચાલો૦ ॥ ૮ ॥ કે અત્તમ ઉત્તમ પદની સેવા, કે દેજો મુને દેવાધિદેવા, કે શિવરૂપી લખમીને સુખ મેવા ॥ ચાલો૦ ॥ ૯ ॥

પુંડરિક સ્વામિનું સ્તવન.

॥ રસીયાની દેશી ॥

પ્રણમો પ્રેમે પુંડરિક ગિરી રાજીયો, ગાજીઓ જગમાં રે એહ ॥ ॥ સોભાગી ॥ યાત્રાયે જાતાં પગે પગે નિર્જરે, બહુ ભવ સંચિત ખેહ ॥ સોભાગી૦ ॥ ૧ ॥ પ્રણ૦ ॥ પાપ હોય વજ્ર લેપ સમોવડ. તેહ પણ જાયે રે દૂર ॥ સો૦ ॥ જો એહવા ગિરીનું દર્શન કીજીયે, ભાવ ભગતિ ભરપૂર ॥ સો૦ ॥ ૨ ॥ પ્રણ૦ ॥ ગૌહત્યાદિક હત્યા પંચ છે, કારક તેહનો જે હોય ॥ સો૦ ॥ તે પણ એ ગિરીનું દર્શન જો

કરે, પામે શિવગતિ સોય ॥ સો૦ ॥ ૩ ॥ પ્ર૦ ॥ શ્રી શુકરાજ નૃપતિ પણ ઇણિગિરી, કરતો જિનવર ધ્યાન ॥ સો૦ ॥ ષટમાસે રિપુ વિલય ગયા સવે, વાધ્યો અધિક તસ વાન ॥ સો૦ ॥ ૪ ॥ પ્ર૦ ॥ ચંદ્રશેખર નિજ ભગિની ભોગવી, કીધું પાપ મહંત ॥ સો૦ ॥ તેપણ એ તીરથ આરાધતાં, પામ્યો શુભગતિ સંત ॥ સો૦ ॥ ૫ ॥ પ્ર૦ ॥ મોર સર્પ વાઘણ પ્રમુખ બહુ, જીવ છે જે વિકરાલ ॥ સો૦ ॥ તેપણ એ ગિરી દર્શન પુણ્યથી, પામે સુગતિ વિશાલ ॥ સો૦ ॥ ૬ ॥ પ્ર૦ એહવો મહિમા એ તીરથતણો, ચૈત્રી પૂનમે વિશેષ ॥ સો૦ ॥ શ્રી વિજયરાજ સૂરીશ્વર શિષ્યના, દાન ગયાં દુઃખ લેશ ॥ સો૦ ॥ ૭ ॥ પ્રણ૦ ॥

શત્રુંજયનું સ્તવન.

ચાલો ચાલો વિમળગિરિ જઇએ રે, ભવજળ તરવાને ॥ તુમે જયણાએ ધરજો પાયરે, પાર ઉતરવાને ॥ એ આંકણી ॥ બાળ કાળની ચેષ્ટા ટાળી, હું તો ધર્મ યોવન હવે પાયોરે ॥ ભવ૦ ॥ ભૂલ અનાદિની દૂર નિવારી, હું તો અનુભવ મનમાં લાયોરે ॥ પાર૦ ॥ ચાલો૦ ॥ ૧ ॥ ભવતૃષા સવી દૂર નિવારી, મારી જિનચરણે લય લાગીરે ॥ ભવ૦ ॥ સંવર ભાવમાં દિલ હવે ઠરીયું, મારી ભવની ભાવઠ ભાંગી રે ॥ પાર૦ ॥ ચાલો૦ ॥ ૨ ॥ સચિત્ત સરવનો ત્યાગ કરીને, નિત્ય એકાસણાં તપકારી રે ॥ પડિક્કમણાં દોય ટંકના કરશું, ભલી અમૃતક્રિયા દિલધારી રે ॥ પાર૦ ॥ ચાલો૦ ॥ ૩ ॥ વ્રત ઉચ્ચરશું

ગુરૂની પાસે, હું તો યથાશક્તિ અનુસારે રે ॥ ભવ૦ ॥ ગુરૂ સાથે ચડશું ગિરિ પાજે, જે ભવોદધિ બુડતાં તારે રે ॥ પાર૦ ॥ ચાલો૦ ॥ ૪ ॥ ભવ તારક એ તીરથ ફરસી, હું તો સૂરજકુંડમાં નાહીરે ॥ ભવ૦ ॥ અષ્ટપ્રકારી ઋષભ જિણંદની. હું તો પૂજા કરીશ લય લાવીરે ॥પાર૦॥ ચાલો૦ ॥ ૫ ॥ તીરથપતિને તીરથસેવા, એ તો સાચા મોક્ષના મેવા રે ॥ ભવ૦ ॥ સાત છઠ્ઠ દોય અઠ્ઠમ કરીને, મને સામીવચ્છલની હેવા રે ॥ પાર૦ ॥ ચાલો૦ ॥ ૬ ॥ પ્રભુપદપદ્મ રાયણ તળે પૂજી, હું તો પામીશ હરખ અપાર રે ॥ ભવ૦ ॥ રૂપવિજય પ્રભુ ધ્યાન પસાએ, એ તો પામે સુખ શ્રીકાર રે ॥ પાર૦ ॥ ચાલો૦ ॥ ૭ ॥



શ્રી મંધર સ્વામિ સ્તવન સંગ્રહ.

શ્રી મંધરજીન સ્તવન.

(રાગ ઈડર આંબા આંબલીરે–એ દેશી.)

પુખ્ખલ વઈ વિજય જયોરે, નયરી પુંડરી ગિણિસાર,
શ્રી સિમંધર સાહેબારે, રાય શ્રેયાંસકુમાર ॥ ૧ ॥
જીણંદરાય ધરજો ધર્મ સ્નેહ ॥ એ આંકણી ॥
મોટા નાના અંતરોરે, ગિરૂઆ નવિ દાખંત,
શશિ દરિસણુ સાયર વધેરે, કૈરવ વન વિકસંત ॥ ૩ ॥ જીણંદ ॥
ઠામ કુઠામ ન લેખવેરે, જગ વરસંત જળધાર,
કરદોય કુસુમે વાસિયારે, છાયા સવિ આધાર ॥ ૩ ॥ જીણંદ॥
રાય રંક સરીખા ગણોરે, ઉદ્યો તે શશિ સૂર,
ગંગાજળ તે એહ તણારે, તાપ કરે સવિ દૂર ॥ ૪ ॥ જીણંદ ॥
સરિખા સહુને તારવારે, તેમ તુંમ છો મહારાજ ॥
મુઝશું અંતર કેમ કહોરે, બાંહે ગ્રહ્યાની લાજ ॥ ૫ ॥ જીણંદ ॥
મુહ દેખી ટીલું કરેરે, તે નવી હોય પરમાણ ॥
મુજરો માને સવી તણોરે, સાહેબ તેહ સુજાણ ॥ ૬ ॥ જીણંદ ॥
વૃષભ લંછન માતા સત્યકીરે, નંદન રૂખમણિ કંત ॥
વાચક જશ ઇમ વિનવેરે, ભવ ભંજન ભગવંત ॥ ૭ ॥ જીણંદ ॥

શ્રી મંધર સ્વામી સ્તવન.

ધન્ય તું ૨ સ્વામી શ્રી મંધરૂ, ધન્ય તુંજ શક્તિ,
વ્યક્તિ સનુરી ॥ કાર્ય કારણ દિશા સહજ ઉપગારતા,
શુદ્ધ એકત્વ પરિણમનપુરી ॥ ૧ ॥
નયરી પુંદરીગિણી સ્વર્ગપુરી સમ બની,
જહાં જીનવર વિચરે સદાયે ॥ ૨ ॥
વૃષભ લંછન ભાસે બોધી આરોપતા,
આત્મ ખેત્ર પ્રગટે જદાયે ॥ ૩ ॥ ધ૦ ॥
સ્વામિ ગુણ ઓળખી સાધી સાધક દર્શઃશન શુદ્ધતા તેહ પામે,
જ્ઞાન ચારિત્ર તપ વિર્ય ઉલ્લાસથી,
કર્મ જીપી વસે મુક્તિ ધામે ॥ ૩ ॥ ધ૦ ॥
અદ્યપિ ભાવ ત્રિકાળના જાણિતા, તોપણ નિજ વિતકકહુરે ॥
ભૂલ્યો અભિમાનમેં જુલ્યો પર ભવમેં,
વિષય કષાય આશ્રવ બહુંએ ॥ ૪ ॥ ધ૦ ॥
સંવર વચ્છલુ સુણી શ્રીમંધરૂ જૈન દરિશન અહિઆ સતોએ,
આસ નીજ પદ તણી સ્વામિ અવલંબને.
અનુપમ સુખ નિત્ય સાસ્વતોએ ॥ ૫ ॥ ધ૦ ॥ ઇતિ ॥

શ્રીમંધર સ્વામિ સ્તવન.

શ્રી સીમંધર સાહેબા, સુણો સંપ્રતિ હો ભરતખેત્રની વાત,
કે અહિંઆ કેવલી કો નહી કેને કહીયે હો
મનના અવદાત કે ॥ ૧ ॥

શ્રી સીમંધર સાહેબા, ॥ ઝાઝુ કહેતા જુગતુ નહી ॥
તુંમ સોહે હો જગકેવળ નાણુકે, ભુખ્યા ભોજન માંગતાં
આપે ઉલટ હો અવસર ના જાણુકે ॥૨॥ શ્રી ॥
કયસો તમે જુગતા નહી, જુગતાને હો વલી તારે સાંઇકે,
જોગ જનનું કહેવું કસ્યુ ભાવહીનને હો તારો ગ્રહી બાંહીકે ॥૩॥શ્રી॥
થોડુ હું અવસર આપીએ, ઘણુ જાણે પ્રભુ પછે વાત,
પગલે ૨ પાર પામીએ, પછી લહીયે હો સઘળા અવદાતકે ॥૪॥શ્રી॥
મોડુ વહેલુ તમે આપશો, બીજાનો હો હું ન કરૂં સંગકે,
શ્રીવીરવિમળ ગુરૂ શીશનો, રાખીજે હો પ્રભુ અવિચળ રંગકે.
શ્રી૦ ॥ ૫ ॥ ઇતિ.

શ્રી મંધર સ્વામી સ્તવન.

સુણો ચંદાજી શ્રીમંધર પરમાતમ પાસે જાજો,
મુજ વિનતડી પ્રેમ ધરીને એણી પેરે તુમે સંભળાવજો,
જે ત્રણ ભુવનનો નાયક છે, જસ ચોસઠ ઇંદ્ર પાયક છે,
જ્ઞાન દર્શન જેહને ખાયક છે–સુણો–૧.
જસ કંચન વરણી કાયા છે. જસ ધોરી લંછન પાયા છે,
પુંડરીકગિરિ નગરીનો રાયા છે–સુણો–૨.
બાર પર્ષદા માંય બિરાજે છે, જસ ચોત્રીશ અતિશય છાજે છે,
ગુણ પાંત્રીશ વાણીએ ગાજે છે–સુણો–૩.
ભવિજનને તે પડિબોહેછે, તુમ અધિક શિતળ ગુણ સોહે છે,
રૂપ દેખી ભવિજન મોહે છે–સુણો–૪.
તુમ સેવા કરવા રશીયો છું, પણ ભરતમાં દુરે વસીયો છું,
મહા મોહરાય કર ફસીયો છું–સુણો–૫.

પણ સાહેબ ચિત્તમાં ધરીયો છે, તુમ આણા ખડગ કર ગ્રહીઓ છે,
તેથી કંઇક મુજથી ડરીયો છે-સુણો-૬.
જીન ઉત્તમ પુંઠ હવે પુરો, કહે પદ્મવિજય થાઉં સુરો,
તો વાધે મુજ મન અતિ નુરો-સુણો-૭-ઇતિ ॥

શ્રી સીમંધર જીન સ્તવન.

ધનધન ક્ષેત્ર મહા વિદેહજી, ધન્ય પુંડર ગિણી ગામ,
ધન્ય તિંહાના માનવીજી. નિત્ય ઉઠી કરેરે પ્રણામ;
સીમંધર સ્વામિ કૈયેરે, હું મહાવિદેહ આવીશ,
જયવંતા જીનવર કૈયેરે. હું તમને વાંદીશ. ૧
ચાંદલીઆ સંદેસડોજી, કહેજો સીમંધર સ્વામ,
ભરતક્ષેત્રના માનવીજી, નિત્ય ઉઠી કરેરે પ્રણામ-સીમંધર૦ ૨
સમવસરણ દેવે રચ્યું તીહાં, ચોસઠ ઇંદ્રિ નરેશ.
સોનાતણે સિંહાસન બેઠા. ચામર છત્ર ધરેશ-સીમંધર૦ ૩
ઇંદ્રાણી કાઢે ગહુલીજી, મોતીના ચોક પૂરેશ,
લળિ લળિ લીએ લુંછનાજી, જીનવર દીએ ઉપદેશ-સીમં૦ ૪
એહવે સમે મેં સાંભળ્યુંજી, હવે કરવા પચ્ચખ્ખાણ,
બારે પરખદા સાંભળેજી, અમૃત વાણી વખાણ-સીમંધર૦ ૫
રાયને વહાલા ઘોડલાજી, વેપારીને વહાલા છે દામ,
અમને વહાલા સીમંધર સ્વામિ, જેમ સિતાને શ્રીરામ-સીમં૦ ૬
નહી માંગુ પ્રભુ રૂદ્ધિજી, નહી માગુ ગરથ ભંડાર,
હું માંગુ પ્રભુ એટલુંજી, તુમ પાસે અવતાર.-સીમંધર૦ ૭
દૈવે ન દીધી પાંખડીજી, કેમ કરી આવું હજુર,
મુજરો માહરો માનજોજી, પ્રહ ઉગમતે સૂર-શ્રીમંધર-૮.

સમય સુંદરની વિનતિજી, માનજો વારંવાર,
એહુ કર જોડી વિનવુંજી, વિનતડી અવધાર-શ્રીમંધર-૯.

શ્રી રૂષભાનન જીણંદ સ્તવન.

મન મનોરથ વાંદવા, સખી શ્રી રૂષભાનન દેવ,
ગિરૂઓ સાહેબ ગુણ નીલોરે,
સખી જસ સુરનર સારે સેવ ॥ ૧ ॥
જયવંતા જીણવર વંદીએરે, સખી વાંદતાં વાંદતાં પરમાણંદ ॥જયવં૦॥
સિંહાસણ સુરવર રચે, સખી તરૂ વર તુંગ,
અશોક તિહાં દીયે પ્રભુજી દેશના,
સખી દેશના સુણ લોક ॥ ૨ ॥ જ૦ ॥
ત્રણ છત્ર શિર સોહિયે, સખી ચામર ઢાલે ઇંદ,
એસે બારે પરખદા, સખી પરખદા લહે આનંદ ॥ ૩ ॥ જ૦ ॥
ધાતકી ખંડ મનોહર સખી પુરવ અરધ સુહાય,
વછ વિજય સોહંકર સખી નયરીએ નયરી,
સુસીમા રાય ॥ ૪ ॥ જ૦ ॥
કિરતીરાય કુલ ચંદલો સખી વીરસેના જસ માય,
રાણી જયાવતી નાહલોરે, સખી લંછન મૃગપતિ,
પાય ॥ ૫ ॥ જ૦ ॥
કિરતી વિજય ઉવઝાય નો, સખી વિનય વંદે કર જોડ,
વિહરમાન જીન વંદતા, સખી પામીયે,
પામીએ મંગળ કોડ ॥ ૬ ॥ જ૦ ॥ ઇતિ ॥

૧૪ શ્રી સિમંધર જિન વિનતિ સ્તવન.

પ્રભુ નાથ તું તિય લોકનો, પ્રત્યક્ષ ત્રિભુવન ભાણ;
સર્વજ્ઞ સર્વદર્શી તુમે, તુમે શુદ્ધ સુખની ખાણ.
જિનજી વિનતી છે એહ. ૧

પ્રભુ જીવ જીવન ભવ્યના, પ્રભુ મુજ જીવન પ્રાણ;
તાહરે દર્શને સુખ લહું, તું હ જગત સ્થિતિ જાણ જિનજી૦ ૨.

તુજ વિના હું બહુ ભવ ભમ્યો, ધર્યા વેશ અનેક;
નિજ ભાવને પરભાવનો, જાણ્યો નહીં સુવવેક. જિનજી૦ ૩

ધન્ય તેહ જે નિત્ય પ્રહસમે, દેખે જે જિન મુખચંદ;
તુજ વાણી અમૃત રસ લહી, પામે તે પરમાનંદ. જિનજી૦ ૪

એક વચન શ્રી જિનરાજનો, નયગમ ભંગ પ્રમાણ;
જે સુણે રૂચિથી તે લહે, નિજ તત્વ સિદ્ધિ અમાન. જિનજી૦ ૫

જે ક્ષેત્રે વિચરે નાથજી, તે ક્ષેત્ર અતિ સુપસથ્થ;
તુજ વિરહ જે ક્ષણ જાય છે, તે માનીયે અકયથ્થ. જિનજી૦ ૬

શ્રી વીતરાગ દર્શન વિના, વિત્યો જે કાલ અતીત;
તે અફળ મિચ્છા દુક્કડં, તિવિહં તિવિંહની રીત, જિનજી૦ ૭

પ્રભુ વાત મુજ મનની સહુ, જાણો છો જિનરાજ;
સ્થિર ભાવ જો તુમચો લહું, તો મિલે શિવપુર સાથ. જિનજી૦ ૮

પ્રભુ મિલે હું સ્થિરતા લહું, તુજ વિરહ ચંચળ ભાવ;
એકવાર જો તન્મય રમું, તો કરૂં અચળ સ્વભાવ. જિનજી૦ ૯

પ્રભુ વસો ક્ષેત્ર વિદેહમાં, હું રહું ભરત મઝાર;
તો પણ પ્રભુના ગુણ વિષે રાખું સ્વચેતન સાર. જિનજી૦ ૧૦

જો ક્ષેત્ર ભેદ ટલે પ્રભુ, તો સરે સઘળાં કાજ;
સન્મુખ ભાવ અભેદતા, કરી વરૂં આતમરાજ. જિનજી० ૧૧
પર પુંઠ ઇહાં જેહની, એવડી જે છે સ્વામ;
હાજર હજુરી તે મલે, નીપજે તે કેટલો કામ જિનજી० ૧૨
ઇંદ્ર ચંદ્ર નરેંદ્રનો, પદ ન માગું તિલ માત્ર;
માગું પ્રભુ મુજ મન થકી, ન વીસરો ક્ષણ માત્ર જિનજી० ૧૩
જ્યાં પૂર્ણ સિદ્ધ સ્વભાવની, નવી કરી શકું નીજ સિદ્ધ;
ત્યાં ચરણ શરણ તુમારડો, એહિજ મુજ નવનિધ. જિનજી० ૧૪
મ્હારી પૂર્વ વિરાધના, યોગે પડયો એ ભેદ;
પણ વસ્તુ ધર્મ વિચારતાં, તુજ મુજ નહિં છે ભેદ. જિનજી० ૧૫
પ્રભુ ધ્યાન રંગ અભેદથી, કરી આત્મભાવ અભેદ;
છેદી વિભાવ અનાદિનો, અનુભવું સ્વસંવેદ. જિનજી० ૧૬
વિનવું અનુભવ મિત્રને, તું ન કરીશ પર રસ ચાહ;
શુદ્ધાત્મ રસ રંગી થઇ, કર પૂર્ણ શક્તિ અવાહ. જિનજી० ૧૭
જિનરાજ સિમંધર પ્રભુ, તેં લહયો કારણ શુદ્ધ;
હવે આત્મ સિદ્ધિ નિપાવવી, શી ઢીલ કરી એ બુધ્ધ. જિનજી० ૧૮
કારણે કાર્ય સિધ્ધિનો, કરવો ઘટે ન વિલંબ;
સાધવી પુર્ણાનંદતા, નિજ કર્તા અવલંબ. જિનજી० ૧૯
નિજ શક્તિ પ્રભુ ગુણમાં દાખ, તે કરે પુર્ણાનંદ;
ગુણગુણી ભાવ અભેદથી, પીજીયે શમ-મકરંદ. જિનજી० ૨૦
પ્રભુ સિધ્ધ બુધ્ધ મહોદયી, ધ્યાને થઇ લયલીન;
નિજ દેવચંદ્ર પદ આદરે, નિત્યાત્મ રસ સુખ પીન. જિનજી० ૨૧

શ્રી મંધર સ્વામી સ્તવન.

ઢાલ ૧ લી.

શ્રીસીમંધર સાહિબ આગેં, વિનતડી એક કીજેં,
મારગ શુધ્ધ મયા કરી મુજને, મોહન મૂરતિ દીજેં રે;
જિનજી, વીનતડી અવધારો. એ આંકણી. ૧
ચાલે સૂત્ર વિરૂદ્ધાચારે, ભાખે સૂત્ર વિરૂધ્ધ;
એક કહે અમે મારગ રાખું, તે કેમ માનું શુદ્ધ રે. જિન૦વી૦ ૨
આલંબન કુડાદેખાડી, મુગધ લોકને પાડે;
આણા ભંગ તિલક તે કાલું, થાપે આપ નિલાડે રે. જિન૦વી૦ ૩
વિધિ જોતાં કલિયુગમાં હોવે, તિરથનો ઉચ્છેદ:
જિમ ચાલે તિમ ચલવે જાણીયેં, એહ ધરે મતિ ભેદરે. જિન૦વી૦ ૪
ઇમ ભાખિ તે મારગ લોપે, સૂત્ર ક્રિયા સવિ પીસી;
આચરણા સૂધ્ધી આચરિયે, જોઇ યોગની વીસીરે. જિન૦વી૦ ૫
પંચમે આરે જિમ વિષ મારે, અવિધિદોષ તિમ લાગે;
ઇમ ઉપદેશ પદાદિક દેખી. વિધિરસિઓ જન જાગેરે. જિન૦વી૦ ૬
કોઇ કહે જિમ બહુ જન ચાલે, તિમ ચલિયેં શીચર્ચા;
મારગ મહાજન મલી ભાખ્યો, તેહમાં લહીયે અર્ચારે. જિન૦વી૦ ૭
એ પણુ બોલ મૃષા મન ધરીયેં, બહુ જન મત આદરતાં;
છેહ ન આવે બહુલ અનારજ, મિથ્યા મતમાં ફિરતાંરે. જિન૦વી૦ ૮
થોડા આર્ય અનાર્ય જનથી, જૈન આર્યમાં થોડા;
તેમાં પણુ પરિણુત જન થોડાં, શ્રમણુ અલ્પ બહુ મોડારે. જિન૦વી૦ ૯

ભદ્રબાહુ ગુરૂ વંદન વચન એ, આવશ્યકમાં લહિયે;
આણા શુધ્ધ મહાજન જાણી, તેહની સંગે રહિયે રે. જિન૦વી૦ ૧૦

અજ્ઞાની નવિ હોવે મહાજન, જોપણુ ચલાવે ટોળું;
ધર્મદાસ ગણિ વચન વિચારી, મન નવિ કીજે ભોલું રે. જિન૦વી૦ ૧૧

અજ્ઞાની નિજ છંદે ચાલે, તસ નિશ્રાયે વિહારી;
અજ્ઞાની જો ગચ્છને ચલાવે, તે તો અનંત સંસારીરે. જિન૦વી૦ ૧૨

ખંડ ખંડ પંડિત જે હોવે. તે નવિ કહિયે નાણી;
નિશ્ચિત સમય લહે તે નાણી, સમતિ નિ સહિ નાણીરે. જિન૦વી૦ ૧૩

જિમ જિમ બહુ શ્રૂત બહુ જન સંમત, બહુ શિષ્યે પરવરિઓ;
તિમ તિમ જિન શાસનનો વયરી, જો નવિ નિશ્ચય ડરીઓરે. જિન૦વી૦૧૪

કોઇ કહે લોચાદિક કષ્ટે, મારગ ભિક્ષાવૃત્તિ;
તે મિથ્યા નવિ મારગ હોવે, જન મનની અનુવૃત્તિરે. જિન૦વી૦ ૧૫
જો કષ્ટે મુનિ મારગ પાવે, બલદ થાએ તો સારો;
ભાર વહે જે તાવડે ભમતો, ખમતો ગાઢ પ્રહારોરે. જિન૦વી૦ ૧૬
લહે પાપ અનુબંધી પાપે, બલ હરણી જન ભિક્ષા,
પૂરવ ભવ વ્રત ખંડન ફલએ, પંચ વસ્તુની શિક્ષારે. જિન૦વી૦ ૧૭
કોઇ કહે અમેં લિંગે તરસું, જૈન લિંગ છે વારુ;
તે મિથ્યા નવિ ગુણ વિણું તરિયે, ભુજ વિણુ ન તરે તારુરે. જિન૦વી૦ ૧૮

કૂટલિંગ જિમ પ્રગટ વિડંબક. જાણી નમતા દોષ;
નિદ્ધંધસ જાણીને નમતાં તિમજ કહ્યો તસ પોષરે. જિન૦વી૦ ૧૯

શિષ્ય કહે જિમ જિન પ્રતિમાને, જિનવર થાપી નમિયે;
સાધુ વેસ થાપી અતિ સુંદર, તિમ અસાધુને નમિયેરે. જિન૦વી૦ ૨૦

ભદ્રબાહુ ગુરૂ બોલે પ્રતિમા, ગુણવંતિ નહી દુષ્ટ;
લિંગ માંહે બે વાના દિસે, તે તો માની દુષ્ટરે. જિન૦વી૦ ૨૧

કોઈ કહે જિન આગે માગી, મુક્તિ મારગ અમે લેસું;
નિરગુણને પણ સાહેબ તારે, તસ ભક્તિ ગહગહિસુંરે. જિન૦વી૦ ૨૨

પામી બોધ ન પાલે મૂરખ, માગે બોધ વિચાલે;
લહિયે તેહ કહો કુણ મૂલે, બોલ્યું ઉપદેશ માલેરે. જિન૦વી૦ ૨૩

આણા પાલે સાહેબ તૂસે, સકલ આપદા કાપે;
આણાકારી જે જન માગે, તસ જસ લીલા આપે. જિન૦વી૦ ૨૪

શ્રી મંધર સ્વામી સ્તવન.

(ઢાલ)

આજ જિનરાજ મુજ કાજ સિદ્ધા સવે,
વીનતી માહરી ચિત્તધારી;
માર્ગજો મે લહ્યો તુઝ કૃપા રસ થકી,
તો હુઇ સંપદા પ્રગટ સારી. આજ૦ ૧

વેગલો મત હુજો દેવ મુઝ મન થકી,
કમલના વનથકી જેમ પરાગો;
ચમક પાષાણુ જેમ લોહને ખેંચસે,
મુક્તિને સેહેજ તુઝ ભક્તિ રાગો, આજ૦ ૨

તું વસે જો પ્રભો હર્ષ ભર હીયડલે,
તો સકલ પાપના બંધ તુટે;
ઉગતે ગગન સૂર્યતણે મંડલે,
દહદિશિ જેમ તિમિર પડલફૂટે. આજ૦ ૩

સીંચજે તું સદા વિપુલ કરૂણારસે,
મુઝ મને શુદ્ધમતિ કલ્પવેલી;
નાણ દંસણ કુસુમ ચરણવર મંજરી,
મુક્તિ ફલ આપશે તે એકેલી. આજ૦ ૪

લોક સંજ્ઞાથકી લોક બહુ બાઉલો,
રાઉલોદાસ તે સવિ ઉવેખે;
એક તુઝ આણસું જેહ રાતા રહે,
તેહને એહ નિજ મિત્ર દેખે, આજ૦ ૫

આણ જિન ભાણ તુઝ એક હું શિર ધરૂં,
અવરની વાણી નવિ કાને સુણિયે;
સર્વ દર્શન તણું મૂલ તુઝ શાસનં,
તેણે તે એક સુવિવેક થુણિયે. આજ૦ ૬

તુઝ વચન રાગ સુખ સાગરે હું ગણું,
સકલ સુર મનુજ સુખ એક બિંદુ;
સાર કરજો સદા દેવ સેવક તણી,
તું સુમતિ કમલિની વન દિણંદુ. આજ૦ ૭
જ્ઞાન યોગે ધરી તૃપ્તિ નવિ લાજિયે,
ગાજિયે એક તુઝ વચન રાગે;

શક્તિ ઉલ્લાસ અધિકો હુસે તુઝ થકી,
તું સદા સકલ સુખ હેત જાગે. આ૦જ૦ ८

વડ તપા ગચ્છ નંદન વને સુરતરૂ,
હીર વિજયો જયો સૂરિ રાયા,
તાસ પાટે વિજયસેન સૂરિસરૂ;
નિતનમે નરપતિ જાસ પાયા. આ૦જ૦ ९

તાસ પાટે વિજય દેવ સૂરિસરૂ;
પાટ તસ ગુરૂ વિજયસિંહ ધોરી;
જાસ હિત સીખથી માર્ગ એ અનુસર્યો,
જેહથી સવિ ટલી કુમતિ ચોરી. આ૦જ૦ १०

હીર ગુરૂશીશ અવતંસ મોટો હુઓ,
વાચકાં રાજ કલ્યાણવિજયો;
હેમ ગુરૂ સમ વડે શબ્દ અનુશાસને,
શીસતસ વિબુધવર લાભ વિજયો. આ૦જ૦ ११

શીસતસ જિત વિજયો જયો વિબુધવર,
નય વિજય વિબુધ તસ સુગુરૂ ભાયા;
રહિઅ કાશી મઠે જેહથી મે ભલે,
ન્યાય દર્શન વિપુલ ભાવ પાયા. આ૦જ૦ १२

જેહથી શુદ્ધ લહિયે સકલ નય નિપુણ,
સિદ્ધસેનાદિ કૃત શાસ્ત્ર ભાવા;
તેહ એ સુગુરૂ કરૂણા પ્રભો તુઝ સુગુણ,
વયણ રયણાયરી મુઝ નાવા. આ૦જ૦ १३

(કલશ.)

ઇમ સકલ સુખકર દુરિત ભયહર, સ્વામી સીમંધર તણી;
એ વીનતિ જે સુણે ભાવે, તે લહે લીલા ઘણી;
શ્રી નય વિજય બુધ ચરણ સેવક, જશ વિજય બુધ આપણી;
રૂચિ શક્તિ સારૂ પ્રગટ કીધી, શાસ્ત્ર મર્યાદા ભણી. ૧

શ્રી મંધર સ્વામી સ્તવન.

(ઢાલ ૧ લી.)

સ્વામિ સીમંધરા વીનતી, સાંભલો માહરી દેવરે;
તાહરી આણ હું શિર ધરૂં, આદરૂં તાહરી સેવરે; સ્વામિ૦ ૧

કુગુરૂની વાસના પાશમાં, હરિણ પરે જે પડયા લોકરે;
તેહને શરણ તુજ વિણ નહીં, ટલવલે બાપડા ફોકરે. સ્વામિ૦ ૨

જ્ઞાન દર્શન ચરણ ગુણ વિના, જે કરાવે કુલાચારરે;
લૂટીયા તેણે જન દેખતાં, કિહાં કરે લોક પોકારરે. સ્વામિ૦ ૩

જેહ નવિ ભવ તરયા નિરગુણી, તારશે કેણી પરે તેહરે;
એમ અજાણ્યા પડે ફંદમાં, પાપ બંધે રહ્યા જેહરે. સ્વામિ૦ ૪

કામકુંભાદિક અધિકનું, ધર્મનું કો નવી મૂલરે;
દોકડે કુગુરૂ તે દાખવે, શું થયું એહ જગ સૂલરે. સ્વામિ૦ ૫

અર્થની દેશના જે દીએ, ઓલવે ધર્મના ગ્રંથરે;
પરમ પદનો પ્રગટ ચોરજે, તેહથી કેમ વહે પંથરે. સ્વામિ૦ ૬
વિષય રસમાં ગૃહી માચિયા, નાચિયા કુગુરૂ મદપૂરરે;
ધૂમ ધામે ધમાધમ ચલી, જ્ઞાન મારગ રહ્યો દૂરરે, સ્વામિ૦ ૭
કલહકારી કદાગ્રહ ભરયા, થાપતા આપણા બોલરે;
જિન વચન અન્યથા દાખવે, આજ તો વાજતે ઢોલરે. સ્વામિ૦ ૮
કેઇ નિજ દોષને ગોપવા, રોપવા કેઇ મત કંદરે;
ધર્મની દેશના પાલટે, સત્ય ભાખે નહીં મંદરે. સ્વામિ૦ ૯
બહુ મુખે બોલ એમ સાંભલી, નવિ ધરે લોક વિશ્વાસરે;
ઢૂંઢતા ધર્મને તે થયા, ભમર જેમ કમલ નિવાસરે. સ્વામિ૦ ૧૦



અથ તિથિ સ્તવન સંગ્રહ.

પાંચમનું સ્તવન.

પંચમી તપ તમો કરોરે પ્રાણી, જેમ પામો નિર્મળ જ્ઞાનરે,
પહેલું જ્ઞાન ને પછી ક્રિયા, નહી કોઇ જ્ઞાન સમાનરે ॥
॥ પંચમી ॥ ૧ ॥

નંદી સુત્રમાં જ્ઞાન વખાણ્યું, જ્ઞાનના પંચ પ્રકારરે,
મતિશ્રૂત અવધિને મન, પર્યવ, કેવળ જ્ઞાન ઉદારરે ॥
॥ પંચમી ॥ ૨ ॥

મતિ અઠ્ઠાવીસ શ્રૂત ચૌદ વીસ, અવધિ અસંખ્ય પ્રકારરે ॥
દોય ભેદે મનઃ પર્યવ દાખ્યું, કેવળ એક ઉદારરે ॥
॥ પંચમી ॥ ૩ ॥

ચંદ્ર સૂર્ય ગ્રહ નક્ષત્ર તારા, એકથી એક અપારરે,
કેવળજ્ઞાન સમુ નહી કોઇ, લોકા લોક પ્રકાશરે ॥
॥ પંચમી ॥ ૪ ॥

પાર્શ્વનાથ પ્રસાદ કરીને, મહારી પુરો ઉમેદરે ॥
સમય સુંદર કહે હું પણ પ્રણમું, જ્ઞાનનો પંચમો ભેદરે ॥
॥ પંચમી ॥ ૫ ॥

આઠમનું સ્તવન.

(ઢાલ ૧ લી)

હાંરે મારે ઠામ ધરમના, સાડા પચવીશ દેશજો,
દીપે ત્યાં દેશ મગધ, સહુમાં શિરે રે લોલ,
હાંરે મારે નગરી તેમાં, રાજ ગૃહી સુ વિશેષ જો,
રાજેરે ત્યાં શ્રેણીક ગાજે, ગજપરે રે લોલ—૧.

હાંરે મારે ગામ નગરપુર, પાવન કરતા નાથ જો,
વિચરંતા તિહાં આવી વીર, સમો સર્યારે લોલ,
હાંરે માહે ચૌદ સહસ, મુનીવરના સાથે સાથ જો,
સુધારે તપ સંયમ શિયળે, અલંકર્યો રે લોલ—૨.
હાંરે મારે ફુલ્યારસ ભર, ઝુલ્યા અંબ કદંબ જો,
જાણેરે ગુણુશીલ વન, હસી રોમચીઓરે લોલ,
હાંરે મારે વાયા વાય સુવાય, તીહાં અવિલંબ જો,
વાસેરે પરિમલ ચિહું પાસે, સંચીઓરે લોલ—૩.
હાંરે મારે દેવ ચતુર્વીધ, આવે કોડા કોડ જો,
ત્રિગડું રે મણિ હેમ રત્નનું, તે રચે રે લોલ,
હાંરે મારે ચોસઠ સુરપતિ, સેવે હોડા હોડ જો,
આગેરે રસ લાગે, ઇંદ્રાણિ નચેરે લોલ—૪.
હાંરે મારે મણિમય હેમ, સિંહાસન બેઠા આપજો,
ઢાળેરે સુર ચામર મણિ, રત્ને જડયોરે લોલ,
હાંરે મારે સુણતાં દુંદભિ, નાદ ટળે સવિ તાપજો,

વરસેરે સુર ફુલ સરસ, જાનુ અડયાંરે લોલ-૫.
હાંરે મારે તાજે તેજે, ગાજે ઘન જેમ લુંબજો,
રાજેરે જીનરાજ સમાજે, ધર્મને લોલ,
હાંરે મારે નીરખી હરખી, આવે જન મન લુંબજો,
પોષેરે રસ ન પડે ધોષે, ભવમાં રે લોલ-૬.
હાંરે મારે આગમ જાણી, જીનનો શ્રેણીક રાય જો,
આવ્યોરે પરીવરીયો હય ગય રથ પાયગેરે લોલ,
હાંરે મારે દેઇ પ્રદક્ષિણા, વંદી બેઠો ઠાયજો,
સુણવારે જીન વાણી, મોટે ભાગ્યે રે લોલ-૭.
હાંરે મારે ત્રિભુવન નાયક, લાયક તવ ભગવંત જો,
આણીરે જન કરૂણા ધર્મ કથા, કહેરે લોલ,
હાંરે મારે સહેજ વિરોધ, વિસારી જગના જંત જો,
સુણવારે જીન વાણી મનમાં, ગહ ગહીરે લોલ-૮.

અષ્ટમી સ્તવન.

શ્રી રાજગ્રહી નયરી ઉદ્યાને, અતિશય છાજેરે,
વિચરંતા વીર જીણુંદ અતિશય છાજેરે ॥
તીંહા ચોત્રીશ ને પાંત્રીશ વાણી ગુણ ગાજેરે ॥
પધાર્યા શ્રેણીક રાય વંદન કાજેરે ॥ ૧ ॥
તિહાં ચોસઠ સુરપતિ આવી ત્રીગડું બનાવેરે ॥
તીંહા બેસીને મહાવીર ઉપદેશ સુણાવેરે ॥

તીંહા સુરનર નારી તિર્યંચ નીજ નીજ ભાષારે ॥
ભેદ સમજીને ભવી જીવ લહે સુખ વાસારે ॥ ૨ ॥
તવ ઇંદ્રભુતિ મહારાજ કહે પ્રભુ વીરનેરે,
કહો અષ્ટમીનો મહિમાય પ્રભુજી અમનેરે ॥
તવ ભાખે વિર જીણુંદ સુણો ભવિ પ્રાણીરે ॥
અષ્ટમી દીન જીનના કલ્યાણ ધરો ચિત્ત આણીરે ॥ ૩ ॥

ઢાળ ૨ જી.

પહેલુ રીખવનું જન્મ કલ્યાણરે, ચારિત્ર લહે શુભવાનરે,
ત્રીજું સંભવનું નિરવાણ, ભવી તુમે અષ્ટમી તિથિ સેવોરે,
એ છે શિવ વધુ મલવાનો મેવો ॥ ભવિ૦ ॥ ૧ ॥
અજીત સુમતિ જીન જન્મ્યારે, જીન સાતમા શીવ વિસરામ્યારે,
અભિનંદન શિવ પદ પામ્યારે ॥ ભવિ૦ ॥ ૨ ॥
વીસમા મુનિ સુવ્રત સ્વામિરે, તેનું જન્મ કલ્યાણક મોક્ષ ધામીરે,
એકવીસમા શીવ વીશરામી ॥ ભવિ૦ ॥ ૩ ॥
શ્રી પાર્શ્વજીન મોક્ષ મહંતારે, ઇત્યાદિક જીન ગુણવંતારે ॥
કલ્યાણક મોક્ષ કહંતારે ॥ ભવી૦ ॥ ૪ ॥
તેથી આઠ કર્મ દુર પલાયરે, એથી અષ્ટસીદ્ધિ અષ્ટનિધિ થાયરે,
તેણે કારણ શીવ ચિત્ત લાય ॥ ભવી ॥ ૫ ॥
એવી વીર જીણુંદની વાણીરે, સુણી સમજ્યા કેઇ ભવિ પ્રાણીરે ॥
ઇત્યાદિક જીન ગુણ ખાણીરે ॥ ભવિ૦ ॥ ૬ ॥

શ્રી ઉદયસાગર ગુરૂ રાયરે, તસ શિષ્ય વિવેક ધ્યાયરે ॥
શ્રી ન્યાયસાગર ગુણ ગાય ॥ ભવિ૦ ॥ ૭ ॥ ઇતિ ॥

પર્યુષણ સ્તવન.

(પાણી ભરવા હું ગઇ તીરે)

આવ્યો ઉત્તમ દહાડોરે, પર્યુસણનો વહાલી,
વાંચે સાધુ વખાણોરે, ધરમાં ધારે ચાલી—આવ્યો.
ભવ તરવા શબ્દ સુણે, જોને રાખી ધ્યાન,
શાસ્ત્ર વચન શ્રદ્ધા ધરે, નક્કી થાય કલ્યાણ,
એવું ભાખી ગયા છે રે, વીર જીન જયકારી,
તેમ તરી ગયા છે રે, ઘણા નર ને નારી—આવ્યો.
છઠ્ઠ અઠ્ઠમ કરતાં થકાં, વૃત્તિઓ વદ્યા થાય,
તો તેને જડશે નહિ, પાપ ખડકો કાંય,
સુખે નામ સંભારીરે, લેશે ભવજળ તારી,
નાન વાણી આ મારીરે, સદા છે સુખકારી—આવ્યો.

પર્યુષણ સ્તવન.

પર્વ પજુષણ આવીયાંરે લોલ,
કીજે ઘણું ધર્મ ધ્યાનરે—ભવીકજન—પર્વ.
આરંભ સકળ નિવારીયેરે લોલ,

જીવા દીજે અભય દાનરે-ભવીકજન-પર્વ.
સઘળા માસમાં માસ વડોરે લોલ,
ભાદ્રવ માસ સુ માસરે-ભવિકજન-પર્વ.
તેહમાં આઠ દીન રૂઅડારે લાલ,
કીજે સુકૃત ઉલ્લાસરે-ભવિકજન-પર્વ.
ખાંડણુ પીસણુ ગારનાંરે લાલ,
નહવણુ ધોયણુ જેહરે-ભવિકજન-પર્વ.
એવાં આરંભને ટાળીએરે લાલ,
પુસ્તક વાંચીને રાખીરે લાલ,
ઓચ્છવ કરીએ અનેકરે-ભવિકજન-પવ.
ધર્મે સાર વિત્ત વાવરોરે લાલ,
છઈડે આણી વિવેકરે-ભવીકજન-પર્વ.
પૂજી અર્ચાને આણીએરે લાલ,
સદ્‌ગુરૂની પાસેરે-ભવીકજન-પર્વ.
ઢોલ દદામા ફેરીયારે લાલ,
મંગલિક ગાવો ભાસરે-ભવિકજન-પર્વ.
શ્રીફળ સરસ સોપારીયોરે લાલ,
દીજે સ્વામીભાઇ હાથરે-ભવીકજન-પર્વ.
લાભ અનંતા બતાવીયારે લાલ,
શ્રીમુખ ત્રિભુવન નાથરે-ભવીકજન-પર્વ.

નવ વાંચના શ્રી સુત્રનીરે લાલ,
સાંભળો સુભાવરે-ભવીકજન-પર્વ.
સ્વામી વત્સલ કીજેએરે લાલ,
ભવજળ તરવા નાવરે-ભવીકજન-પર્વ.
ચિ-તે ચૈત્ય જુહારીએરે લાલ,
પૂજા સત્તર પ્રકારરે-ભવીકજન-પર્વ.
અંગ પૂજા સદ્ ગુરૂ તણીરે લાલ,
કીજીએ હરખ અપારરે-ભવીકજન-પર્વ.
જીવ અપાર પળાવીયેરે લાલ,
તેહથી શીવ સુખ હોયરે-ભવીકજન-પર્વ.
દાન સંવત્સરી દીજીએરે લાલ,
ઇસુ સમો પર્વ ન કોઇરે-ભવીકજન-પર્વ.
કાઉસગ્ગસ કરી સાંભળોરે લાલ,
આગમ આપણે કાનરે-ભવીકજન-પર્વ.
છઠ્ઠ અઠ્ઠમ તપસ્યા કરોરે લાલ,
કીજે ઉજવળ ધ્યાનરે-ભવીકજન-પર્વ.
ઇણ વીધ આરાધશેરે લાલ,
લેશે સુખની કોડરે-ભવીકજન-પર્વ.
મુક્તિ મંદીરમાં માલશેરે લાલ,
મુની હંસ નમે કર જોડરે-ભવીકજન-પર્વ.

દીવાળીનું સ્તવન.

મારે દીવાળીરે થઇ આજ, પ્રભુ મુખ જોવાને;
સર્યાં સર્યાંરે સેવકનાં કાજ, ભવદુઃખ ખોવાને,
મહાવીર સ્વામી મુગતે પહોત્યા, ગૌતમ કેવળ જ્ઞાનરે,
ધન અમાસ ધન દીવાળી મારે, વીર પ્રભુ નિરવાણુ–જીન.
ચારિત્ર પાળ્યા નિરમળાને, ટાળ્યા વિષય કષાયરે,
એવા મુનીને વંદીએ તો, ઉતારે ભવપાર–જીન.
બાકુળ હોર્યા વીરજીને, તારી ચંદનબાળારે,
કેવળ લઇ પ્રભુ મુગતે પહોચ્યા પામ્યા ભવનો પાર–જીન.
એવા મુનીને વાંદીએ જે, પંચજ્ઞાને ધરતારે,
સમવસરણ દેઈ દેશનારે, પ્રભુ તાર્યા નર ને નાર–જીન,
ચોવીસમા જીનેશ્વરને, મુગતીતણા દાતારરે,
કરજોડી કવી એમ ભણેરે, મારો દુનિયા ફેરો ટાળ–જીન.

દીવાળીનું સ્તવન.

જગ જીનવર જગ હીતકારી, કરે સેવા સુર અવતારીરે,
ગૌતમ પમુહા ગણધારી, સ્નેહી વીરજી જયકારીરે–૧.
અંતરંગ રીપુને ત્રાસેરે, તપ કોપા ટોપે નીવાસેરે,
લહ્યું કેવળ નાણ ઉદત્રાસે–સ્નેહી–૨
કટીબંકે વાદ વદાયરે, પણ જીન સાથે ન ઘટાયરે,

તીણે હરી લંછન પ્રભુ પાય-સ્નેહી-૩.
સારી સુર વહુ થેઇ થેઇ કારારે, જળ પંકજની પેરે ન્યારારે,
તજી તૃષ્ણા ભોગ વિકારા-સ્નેહી-૪.
પ્રભુ દેશનાં અમૃતધારારે, જીન ધર્મ વિષે જયકારારે,
જેણે તાર્યા મેઘકુમારા-સ્નેહી-૫.
ગૌતમને કેવળ આલીરે, વર્યા શ્વાતીએ શીવ વરમાલીરે,
કરે ઉત્તમ લોક દીવાળી-સ્નેહી-૬
અંતરંગ અલછ નિવારીરે, શુભ સજ્જનને ઉપકારીરે,
કવી વીર વિભુ હિતકારી-સ્નેહી-વીરજી-જયકારીરે-૭.

અખા ત્રીજ સ્તવન.

આદી જીનેસર કીનો પારણું, આ રસ સેલડી,
ઘડા એકસો આઠ સેલડી, રસ ભરીઆછે નીકા,
ઉલટ ભાવ શ્રેંયાસ વહોરાવે, માંદ દ્વિતીયા પુકારે-આદિ-૧.
દેવ દુંદુભિ બાજ રહીરે, સે નૈયારી વરખા,
બારે માસે કિયો પારણો, ગઇ ભુખ સબ તરસા-આદિ-૨.
રિદ્ધિ સિદ્ધિ કારજ મનો કામના, ઘર ઘર મંગળચાર,
દુનિયા હર્ષ વધામણા શિરે, અખા ત્રીજ તહેવારરે-આદિ-૩.
સંકટ કાટો વિઘ્ન નિવારો, રાખો હમારી લાજ,
બે કર જોડી એમ કહેતા, રીખવદેવ મહારાજરે-આદિ-૪.

બીજનું સ્તવન.

ઢાલ ૧ લી.

(હુતમલ પાણીડાને જાય, એ દેશી)

પ્રણમી શારદ માય, શાસન વીર સુહંકરું જી ॥
બીજ તિથિ ગુણગેહ, આદરો ભવિયણ સુંદરૂજી ॥ ૧ ॥
એહ દિન પંચ કલ્યાણ, વિવરીને કહું તે સુણોજી ॥
માહા શુદિ બીજેં જાણ, જન્મ અભિનંદન તણોજી ॥ ૨ ॥
શ્રાવણ શુદિની હો બીજ, સુમતિ ચવ્યા સુરલોકથીજી ॥
તારણ ભવોદધિ તેહ, તસ પદ સેવે સુરયોકથીજી ॥ ૩ ॥
સમેતશિખર શુભઠાણ, દશમા શીતલ જીન ગણુંજી ॥
ચૈત્ર વદિની હો બીજ વર્યા, મુકિત તસ સુખ ઘણુંજી ॥ ૪ ॥
ફાલ્ગુન માસની બીજ, ઉત્તમ ઉજ્જલ માસનીજી ॥
અરનાથ તસ ચ્યવન, કર્મદ્રયેં તવ પાસનીજી ॥ ૫ ॥
ઉત્તમ માધજ માસ, શુદિ બીજેં વાસુપૂજ્યનોજી ॥
એહિજ દિન કેવલ નાણ શરણ કરો જીનરાજનોજી ॥ ૬ ॥
કરણીરૂપ કરો ખેત સમકિત બીજ રોપો તીહાંજી ॥
ખાતર કિરિયા હો જાણ, ખેડ સમતા કરી જીહાંજી ॥ ૭ ॥
ઉપશમ તદ્રૂપ નીર, સમકિત છોડ પ્રગટ હોવેજી ॥
સંતોષ કરી અહો વાડ, પચ્ચખ્ખાણ વ્રત ચોકી સોવેજી ॥ ૮ ॥
નાસે કર્મ રિપુ ચોર, સમકિત વૃક્ષ ફલ્યો તીહાંજી ॥
આંજર અનુભવ રૂપ, ઉતરે ચારિત્ર ફલ જીહાંજી ॥ ૯ ॥

શાંતિ સુધારસ વારી, પાન કરી સુખ લીજીયેજી ॥
તંબોલ સમ લ્યો સ્વાદ, જીવને સંતોષ રસ કિજીયેજી ॥ ૧૦ ॥
બીજ કરો બાવીશ માસ, ઉત્કૃષ્ટિ બાવીશ માસનીજી ॥
ચોવિહાર ઉપવાસ પાલિયે શીલ વસુધસનીજી ॥ ૧૧ ॥
આવશ્યક દોય વાર, પડિલેહણ દોય લીજીયેજી ॥
દેવવંદન ત્રણ કાલ, મન વચ કાયાયેં કીજીયેજી ॥ ૧૨ ॥
ઉઝમણું શુભ ચિત્ત, કરી ધરીગે સંયોગથીજી ॥
જીન વાણી રસ એમ, પીજીયે વ્રત ઉપયોગથીજી ॥ ૧૩ ॥
એણિ વિધ કરિયે હો બીજ, રાગને દ્વેષ દૂરે કરીજી ॥
કેવલ પદ લહિ તાસ, વરે મુક્તિ ઉલટ ધરીજી ॥ ૧૪ ॥
જીન પૂજા ગુરૂ ભક્તિ, વિનય કરી સેવો સદાજી ॥
પદ્મવિજયનો શિષ્ય, ભક્તિ પામે સુખ સંપદાજી ॥ ૧૫ ॥

શ્રી એકાદશીનું સ્તવન.

ઢાલ ૧ લી.

॥ જગપતિ નાયક નેમિ જીણુંદ, દ્વારિકા નગરી સમોસર્યા ॥
જગપતિ વંદવા કૃષ્ણ નરિંદ, જાદવ કોડશું પરિવર્યા ॥ ૧ ॥
જગપતિ ધીગુણ ફૂલ અમૂલ, ભક્તિગુણે માલા રચી ॥
જગપતિ પૂજી પૂછે કૃષ્ણ, ક્ષાયિક સમકિત શિવરૂચિ ॥ ૨ ॥
જગપતિ ચરિત્ર ધર્મ અશક્ત, રક્ત આરંભ પરિગ્રહે ॥
જગપતિ મુજ આતમ ઉદ્ધાર, કારણ તુમ વિણુ કોણ કહે ॥૩॥

જગપતિ તુમ સરિખો મુઝનાથ, માથે ગાજે ગુણનિલો ॥
જગપતિ કોય ઉપાય બતાવ, જેમકરે શિવવધૂ કંતલો ॥ ૪ ॥
નરપતિ ઉજ્જવળમાગશિર માસ, આરાધો એકાદશી ॥
નરપતિ એકશોને પચાશ, કલ્યાણુક તિથિ ઉલ્લસી ॥ ૫ ॥
નરપતિ દશ ક્ષેત્રે ત્રણ કાલ, ચોવીશી ત્રીશે મલી ॥
નરપતિ નેવું જીનનાં કલ્યાણ, વિવરી કહું આગલ વલી ॥ ૬ ॥
નરપતિ અર દીક્ષા નમિ નાણ, મલ્લિજન્મ વ્રત કેવલી ॥
નરપનિ વર્તમાન ચોવીશી, માંહે કલ્યાણુક આવલી ॥ ૭ ॥
નરપતિ મૌન પણે ઉપવાસ, દોઢશો જપ માલા ગણો,
નરપતિ મન વચ કાય પવિત્ર, ચરિત્ર સૂણો સુવ્રત તણો ॥ ૮ ॥
નરપતિ દાહિણ ધાતકીખંડ, પશ્ચિમ દિશિ ઇક્ષુકારથી ॥
નરપતિ વિજય પાટણ અભિધાન, સાચો નૃપ પ્રજાપાલથી ॥૯॥
નરપતિ નારી ચંદ્રાવતી તાસ, ચંદ્રમુખી ગજગામિની ॥
નરપતિ શ્રેષ્ઠી શૂર વિખ્યાત, શીયલ સલીલા કામિની ॥ ૧૦ ॥
નરપતિ પુત્રાદિક પરિવાર સાર ભૂષણ ચીવર ધરી ॥
નરપતિ જાયે નિત્ય જીનગેહ, નમન સ્તવન પૂજા કરે ॥ ૧૧ ॥
નરપતિ પોષે પાત્ર સુપાત્ર, સામાયિક પોષધ વરે ॥
નરપતિ દેવવંદન આવશ્યક કાલ વેલાયે અનુસરે ॥ ૧૨ ॥ઇતિ૦

શ્રી રોહીણી તપનું સ્તવન.

ઢાલ ૧ લી.

॥ હાંરે મારે વાસુપૂજ્ય નંદન, મઘવા નામજો ॥
રાણી તેહની કમલા, પંકજલોયણી રે લો ॥
હાંરે મારે આઠ પુત્રને, ઊપર પુત્રી એકજો ॥
માત પિતાને વાહાલી, નામેં રોહિણી રે લો ॥ ૧ ॥
હારે મારે પેખી યૌવન, વય નિજપુત્રી ભૂપજો ॥
સ્વયંવર મંડપ માંડી, નૃપ તેડાવિયા રે લો ॥
હાંરે મારે અંગ વંગ ને, મરૂધર કેરા રાયજો ॥
ચતુરંગી ફોજાથી, ચંપાયેં આવિયા રે લો ॥ ૨ ॥
હાંરે મારે પૂરવ ભવના રાગે, રોહિણી તામજો ॥
ભૂપ અશોકને કંઠે, વરમાલા ધરે રે લો ॥
હાંરે મારે ગજ રથ ઘોડા, દાન અને બહુ માનજો ॥
દેઇ બોલાવી બેઠી, બહુ આડંબરેં રે લો ॥ ૩ ॥
હાંરે મારે રોહિણી રાણી, ભોગવતાં સુખ ભોગજો ॥
આઠ પુત્ર ને પુત્રી ચાર, સોહામણી રે લો ॥
હાંરે મારે આઠમા પુત્રનું, લોકપાલછે નામજો ॥
તે ખોલે લેઇ બેઠી, ગોખેં ભામિની રે લો ॥ ૪ ॥
હાંરે મારે એહવે ક્રીડ઼િ, નગર વણિકનો પુત્રજો ॥
આયુઃ ક્ષયેંથી બાલક, મરણદશા લહેરેલો ॥
હાંરે મારે માત પિતાદિક, સહુ તેહનો પરિવારજો ॥
રૂડતો પડતો ગોખ તલે, થઇને વહેરે લો ॥ ૫ ॥

હાંરે મારે તે દેખી અતિ હર્ષિત, રોહિણી તામજો ॥
પિયુને ભાંખે એ નાટક, કુણ ભાતિનું રે લો ॥
હાંરે મારે દીપ કહે એ પૂરવ પુણ્ય સંકેત જો ॥
જન્મથકી નવિ દીઠું દુઃખ, કોઇ જાતનું રે લો ॥ ૬ ॥

અથ શ્રી પુન્ય પ્રકાશનું સ્તવન.

દુહા.

સકળ સિદ્ધિદાયક સદા, ચોવીશે જીનરાય,
સતગુરૂ સામિની સરસતી. પ્રેમે પ્રણમું પાય;
ત્રિભુવન પતિ ત્રિસલાતણો, નંદન ગુણ ગંભીર,
શાસન નાયક જગજયો, વર્દ્ધમાન વડવીર,
એક દીન વીર જીણંદને ચરણે કરી પ્રણામ;
ભવિક જીવના હિત ભણી, પુછે ગૌતમ સ્વામ.
મુગતિ મારગ આરાધિએ, કહો કિણ પરે અરિહંત,
સુધાસરસ તવ વચન રસ, ભાખે શ્રી ભગવંત.
અતિચાર આલોઇએ, વ્રત ધરીએ ગુરૂ શાખ;
જીવ ખમાવો સયળ જે, યોની ચોરાશી લાખ,
વિધિશું વળી વોસિરાવિએ, પાપ સ્થાન અઢાર:
ચાર શરણ નિત્ય અનુસરે, નિંદો દુરિત આચાર.
શુભ કરણી અનુમોદિએ, ભાવ ભલે મન આણ,

અણુસણ અવસર આદરી, નવપદ જપો ગુણખાણ.
શુભ ગતિ આરાધન તણા, એ છે દશ અધિકાર,
ચિત્ત આણીને આદરો, જેમ પામો ભવપાર.

ઢાળ પહેલી.

જ્ઞાન દરિસણ ચારિત્ર તપવિરજ, એ પાંચે આચાર;
એહ તણા એહ ભવ પરભવના આલોઇએ અતિચારરે,
પ્રાણી જ્ઞાન ભણો ગુણખાણી, વીર વદે એમ વાણીરે. પ્રા. જ્ઞા.
ગુરૂ ઓળવીએ નહિ ગુરૂ વિનયે, કાળે ધરી બહુ માન,
સુત્ર અર્થ તદુભય કરી સુધાં, ભણીએ વહી ઉપધાનરે. પ્રા. જ્ઞા.
જ્ઞાનોપગરણ પાટી પોથી, ઠવણી નોકારવાળી,
તેહ તણી કીધી આશાતના જ્ઞાન ભક્તિ ન સંભાળીરે. પ્રા. જ્ઞા.
ઇત્યાદીક વિપરીતપણાથી જ્ઞાન વિરાધ્યું જેહ,
આભવ પરભવ વળી ભવોભવે મિચ્છામિ દુક્કડં તેહરે;
પ્રાણી સમકિત લ્યો શુદ્ધ જાણી, વીર વદે એમ વાણીરે. પ્રા. સ.
જીન વચને શંકા નવિકીજે, નવિ પર મત અભિલાખ,
સાધુ તણી નિંદા પરિ હરજો ફળ સંદેહ ન રાખરે. પ્રા. સ.
મૂઢપણું છંડો પરશંસા ગુણવંતને આદરિએ,
સાહમ્મીને ધર્મે કરી સ્થીરતા ભકિત પ્રભાવના કરીએરે. પ્રા. સ.
સંઘ ચૈત્ય પ્રાસાદ તણો જે અવર્ણવાદ મન લેખ્યો,
દ્રવ્ય દેવકો જે વિણસાડ્યો વિણસંતો ઉવેખ્યોરે. પ્રા. સ.

ઇત્યાદિક વિપરીતપણાથી સમકિત ખંડયું જેહ,
આ ભવ પરભવ વળી ભવોભવ મિચ્છામિ દુક્કડં તેહરે;
પ્રાણી ચારિત્ર લ્યો ચિત્ત આણી વીર વદે એમ વાણીરે. પ્રા. ચા.
પાંચ સમિતિ ત્રણ ગુપ્તિ વિરાધી આઠે પ્રવચન માય,
સાધુ તણે ધર્મે પ્રમાદે અશુદ્ધ વચન મન કાયરે. પ્રા. ચા.
શ્રાવકને ધર્મે સામાયીક પોસહમાં મન વાળી,
જે જયણા પૂર્વક એ આઠે પ્રવચન માય ન પાળીરે. પ્રા. ચા.
ઇત્યાદિ વિપરીતપણાથી ચારિત્ર ડોહોલ્યું જેહ,
આ ભવ પરભવ વળી ભવોભવ મિચ્છામિ દુક્કડં તેહરે. પ્રા.
બાર ભેદે તપ નવિ કીધું છતે જોગે નિજ શકતે,
ધર્મે મન વચન કાયા વીરજ, નવિ ફોરવીયું ભગતેરે. પ્રા.
તપ વિરજ આચારજ એણીપરે વિવિધ વિરાધ્યા જેહ,
આ ભવ પરભવ વળી ભવોભવ, મિચ્છામિ દુક્કડં તેહરે. પ્રા.
વળીયે વિશેષે ચારિત્ર કેરા અતિચાર આળોઇએ,
વીર જીનેશ્વર વચન સુણીને, પાપ મયળ સવી ધોઇએરે. પ્રા.

ઢાળ બીજી.

(પામી સુગુરૂ પસાય.)

પૃથ્વી પાણી તેઉ વાઉ વનસ્પતિ, એ પાંચે થાવર કહ્યાએ,
કરી કરસણ આરંભ ખેત્ર જે ખેડીયાં, કુવા તલાવ ખણાવીઆએ.
ઘર આરંભ અનેક ટાંકાં ભુંઇરાં, મેડી માળ ચણાવીયાએ;

લીંપણુ ધુંપણુ કાજ એણીપરે, પરપરે પૃથ્વી કાય વિરાધીઆએ.
ધોયણુ નાહણુ પાણી ઝીલણુ અપકાય, છોતિધોતિ કરી દુહવ્યાએ,
ભાઠીગર કુંભાર લોહ સોવનગરા, ભાડભુંજા લીહા લાગરાએ.
તાપણુ સેકણુ કાજ વસ્ત્ર નિખારણુ, રંગણુ રાધણુ રસધતએ,
એણીપરે કર્માદાન પરેપરે કેલવી તેઉ વાઉ વિરાધીયાએ.
વાડી વન આરામત્રાવી વનસ્પતી, પાન ફળ ફુલ ચુંટીયાંએ,
પહોંક પાપડી શાક શેકવ્યાં સુકવ્યાં, છેદ્યાં આથીઆંએ.
અળશીને એરંડ ધાણી ઘાલી, ઘણા તિલાદીક પીલીયાએ,
એમ એકેંદ્રીય જીવ હણ્યા હણાવીયા હણુતાં જે અનુમોદીયાએ,
આ ભવ પરભવ જેહ વળી ભવોભવે તે મુજ મિચ્છામિ દુક્કડંએ.
કમી સરમીયા કીડાગાડર ગંડોલા એલ પોરા અલશીયાએ,
વાળા જળો ચુડેલ વિચલીત રસ તણાં વળી અથાણું પ્રમુખનાએ.
એમ બેઇંદ્રીય જીવ જે મેં દુહવ્યાં તે મુજ મિચ્છામિ દુક્કડંએ.
ઉદ્દહી જુલીખ માંકણુ મંકોડા ચાંચડ કીડી કંથુઆએ,
ગદ્દહીઆ ધીમેલ કાન ખજુરડા ગીંગોડા ધનેરીયાંએ,
એમ તેઇંદ્રીય જીવ જે મેં દુહવ્યાં તે મુજ મિચ્છામિ દુક્કડંએ.
માંખી મત્સર ડાંસ મસા પતંગીયા કંસારી કોલિયાવડાએ.
ઢીકણુ વિંછુ તીડ ભમરા ભમરીયો કોતાં બગખડ માંકડીએ,
એમ ચઉઇંદ્રીય જીવ જે મેં દુહવ્યાં તે મુજ મિચ્છામિ દુક્કડંએ.
જળમાં નાંખી જાળ જળચર દુહવ્યાં વનમાં મૃગ સંતાપીયાએ,
પીડયા પંખી જીવ પાડી પાસમાં પોપટ ઘાલ્યા પાંજરેએ,
એમ પંચેંદ્રિય જીવ જે મેં દુહવ્યાં તે મુજ મિચ્છામિ દુક્કડંએ.

ઢાલ ત્રીજી.

(વાણી વાણી હીતકારીજી)

ક્રોધ લોભ ભય હાસીથીજી બોલ્યા વચન અસત્ય,
કુડ કરી ધન પારકાંજી લીધાં જેહ અદત્તરે.
જીનજી મિચ્છામિ દુક્કડં આજ, તુમ સાખે મહારાજરે.
જીનજી દેઇ સારૂં કાજરે, જીનજી મિચ્છામિ દુક્કડં આજ,
દેવ મનુષ્ય તિર્યંચનાજી મૈથુન સેવ્યાં જેહ,
વિષયા રસ લંપટપણેજી ઘણું વિટંબ્યો દેહરે. જીનજી.
પરિગ્રહની મમતા કરીજી ભવ ભવ મેલી આથ,
જે જીહાંની તે તીહાં રહીજી કોઇ ન આવી સાથરે. જીનજી.
રમણી ભોજન જે કર્યાંજી કીધાં ભક્ષ અભક્ષ,
રસના રસની લાલચેજી પાપ કર્યાં પ્રત્યક્ષરે. જીનજી.
વ્રત લેઇ વિસારીયાંજી વળી ભાગ્યાં પચ્ચખ્ખાણ,
કપટ હેતુ કીરીયા કરીજી કીધાં આપ વખાણરે. જીનજી.
ત્રણ ઢાળ આઠે દુહેજી આલોયા અતિચાર,
શિવ ગતિ આરાધન તણેજી એ પહેલો અધિકારરે. જીનજી.

ઢાળ ચોથી.

(સાહેલડીજી)

પંચ મહાવ્રત આદરો સાહેલડીરે અથવા લ્યો વ્રત બાર તો,
યથા શક્તિ વ્રત આદરી સા૦ પાળો નિરતિ ચાર તો.

વ્રત લીધાં સંભાળીએ સા૦ હૈડે ધરીય વિચાર તો,
શિવગતિ આરાધન તણો સા૦ એ બીજો અધિકાર તો,
જીવ સર્વે ખમાવીએ સા૦ યોનિ ચોરાશી લાખ તો,
મન શુધ્ધે કરી ખામણાં સા૦ કોઇ શું રોષ ન રાખ તો.
સર્વ મિત્ર કરી ચિંતવો સા૦ કોઇ ન જાણો શત્રુ તો,
રાગ દ્વેષ એમ પરિહરો સા૦ કીજે જન્મ પવિત્ર તો.
સ્વામિ સંઘ ખમાવીએ સા૦ જે ઉપની અપ્રીતિ તો,
સજ્જન કુટુંબ કરી ખામણાં સા૦ એ જીન સાસન રીત તો.
ખમીએ અને ખમાવીએ સા૦ એહ ધર્મનો સાર તો,
શિવ ગતિ આરાધન તણો સા૦ એ ત્રિજો અધિકાર તો,
મૃષાવાદ હિંસા ચોરી સા૦ વન મુર્છા મૈથુન તો.
ક્રોધ માન માયા તૃષ્ણા સા૦ પ્રેમ દ્વેષ પૈશુન્ય તો,
નિંદા કલહ ન કીજીએ સા૦ કુડા ન દીજે આળ તો,
રતિ અરતિ મિથ્યા તજો સા૦ માયા મોસ જંજાળ તો.
ત્રિવિધ ત્રિવિધ વોસરાવિએ સા૦ પાપ સ્થાન અઢાર તો,
શિવ ગતિ આરાધન તણો સા૦ એ ચોથો અધિકાર તો.

ઢાળ પાંચમી.

જનમ જરા મરણે કરીએ, એ સંસાર અસારતો,
કર્યાં કર્મ સહુ અનુભવેએ, કોઇ ન રાખણહારતો,
શરણુ એક અરિહંતનું એ, સરણુ સિદ્ધ ભગવતતો,

શરણુ ધર્મ શ્રીજૈનનો એ, સાધુ શરણુ ચિત્ત ધારતો.
અવર મોહ સવિ પરિહરિએ, ચાર શરણુ ચિત્ત ધારતો
શીવગતિ આરાધન તણોએ, એ પાંચમો અધિકારતો.
આ ભવ પરભવ જે કર્યાંએ, પાપકર્મ કેઇ લાખ તો,
આતમ સાખે તે નિંદીએએ, પડિક્રમિએ ગુરૂ શાખતો.
મિથ્યા મતિ વર્તાવિયાએ, જે ભાખ્યા ઉત્સુત્રનો,
કુમતિ કદાગ્રહને વશેએ, વળી ઉથાપ્યાં સુત્રનો,
ઘડયાં ઘડાવ્યાં જે ઘણાંએ, ઘરંટી હળ હથીયારતો,
ભવભવ મેલી મુકીયાંએ, કરતાં જીવ સંહારતો,
પાપ કરીને પોષીયાએ, જનમ જનમ પરિવારતો.
જન્માંતર પહોંતાં પછીએ, કોઇ ન કીધી સારતો.
આભવ પરભવ જે કર્યાંએ, એમ અધિકરણુ અનેકતો.
ત્રિવિધે ત્રિવિધે વોસરાવીએએ, આણી હૃદય વિવેકનો,
દુષ્કૃત નિંદા એમ કરીએ, પાપ કર્યાં પરિહારતો,
શિવગતી આરાધન તણોએ, એ છઠ્ઠો અધિકારતો.

ઢાળ છઠ્ઠી.

(આપે તું જોયને જીવડા.)

ધનધન તે દીન માહરો, જીહાં કીધો ધર્મ,
દાન શિયળ તપ ભાવના, ટાળ્યાં દુષ્કૃત કર્મ. ધન૦
શેત્રુંજાદિક તિર્થની જે કીધી જાત્ર,

જુગતે જીનવર પૂજીઆ, વળી પોખ્યાં પાત્ર. ધન૦
પુસ્તક જ્ઞાન લખાવીયાં, જીણુદ્ધર જીનચૈત્ય,
સંઘ ચતુર્વીધ સાચવ્યા, તે સાતે ખેત્ર, ધન૦
પડિક્કમણાં સુપરે કર્યાં, અનુકંપા દાન,
સાધુસુરી ઉવઝાયને, દીધાં બહુ માન. ધન૦
ધર્મકાજ અનુમોદીએ, એમ વારંવાર.
શિવગતી આરાધન તણોએ, સાતમો અધિકાર, ધન૦
ભાવ ભલો મન આણીએ, ચિત આણી ઠામ,
સમતા ભાવે ભાવીએ, એ આતમરામ. ધન૦
સુખદુઃખ કારણ જીવને, કોઇ અવર નહોય.
કર્મ આપ જે આચર્યાં, ભોગવીએ સોય. ધન૦
સમતા વિણ જે અનુસરે, પ્રાણી પુન્યના કામ,
છાર ઉપર તે લીંપણું, ઝાંખર ચિત્રામ. ધન૦
ભાવ ભલી પરે ભાવીએ, એ ધર્મનો સાર,
શિવગતિ આરાધન તણો, એ આઠમો અધિકાર,

ઢાળ સાતમી.

(રેવતગિરિ હુઆ, પ્રભુનાં ત્રણ કલ્યાણ.)

હવે અવસર જાણી, કરો સંલેખણ સાર. અણસણ આદરીએ.
પચ્ચખી ચારે આહાર, લલુતા સવિ મુકી, છાંડી મમતા અંગ;

એ આતમ ખેલે સમતા જ્ઞાન તરંગ.
ગતિ ચારે કીધા, આહાર અનંત નિશંક પણુ તૃપ્તી ન પામ્યો
જીવ લાલચીયો રંક.
દુલહો એવળી વળી, અણુસણુનો પરિણામ, એહથી પામી જે
શિવપદ સુરપદ ઠામ.
ધન ધન્ના શાલિભદ્ર, ખંધો મેઘ કુમાર–અણુસણુ આરાધી
પામ્યા ભવનો પાર. શિવમંદિર જાશે કરી એક અવતાર
આરાધન કેરો. એ નવમો અધિકાર
દશમે અધિકારે–મહામંત્ર નવકાર–મનથી નવી મુકો શીવસુખ ફલ સહકાર
એ જપતાં જાયે, દુર્ગતી દોષ વિકાર સુપરે એ સમરો, ચૌદપૂર્વનોસાર
જનમાંતર જાતાં, જો પામે નવકાર તો પાતીક ગામી,
પામે સુર અવતાર.
એ નવ પદ સરીખો, મંત્ર ન કો સંસાર,
એ ભવને પરભવે, સુખ સંપત્તી દાતાર.
જયું ભીલ ભીલડી, રાજા રાણી થાય,
નવપદ મહિમાથી રાજસિંહ મહારાય,
રાણી રતનવતી બેહુ, પામ્યાં છે સુર ભોગ,
એક ભવ પછી લેશે શિવવધુ સંજોગ,
શ્રીમતીને એવળી, મંત્ર ફળ્યો તતકાળ,
ફણિધર ફીટીને પ્રગટ થઇ ફુલમાળ,
શિવકુમારે જોગી, સોવનપુરીસો કીધ,
એમ એણે મંત્રે, કાજ ઘણાંનાં સિદ્ધ,
એ દશ અધિકારે, વીર જીનેશ્વર ભાખ્યો,

આરાધન કેરો વિધિ, જેણે ચિત્ત ખમાંહી રાચ્યો,
તેણે પાપ પખાલી, ભવ ભય દુરે નાંખ્યો,
જીન વિનય કરંતાં, સુમતિ અમૃતરસ ચાખ્યો.

ઢાળ આઠમી.

(નમો ભવિ ભાવશું.)

સિદ્ધારથ રાય કુળ તિલોએ, ત્રિસલા માત મલારતો,
અવનિતળે તમે અવતર્યા, કરવા અમ ઉપકાર તો,
જયો જીન વીરજી.
મે અપરાધ કર્યા ઘણાએ કહેતાં ન લહુ પારતો,
તુમ ચરણે આવ્યા ભણીએ, જો તારે તો તારતો,
જયો જીન વીરજી.
આશ ધરીને આવીયોએ, તુમ ચરણે મહારાજ તો,
આવ્યાને ઉવેખસોએ, તો કેમ રહેશે લાજતો,
જયો જીન વીરજી
કરમ અલુજણ આકરાંએ, જન્મ મરણ જંજાળતો,
હું છું એહથી ઉભગોએ, છોડવ દેવ દયાલતો,
જયો જીન વીરજીએ
આજ મનોરથ મુજ ફળ્યાએ, નાઠાં દુઃખ દંદોળતો,
તુઠયો જીન ચોવીસમોએ, પ્રગટયા પુન્ય કલ્લોલતો,
જયો જીન વીરજીએ.

ભવે ભવે વિનય તુમારડોએ, ભાવ ભક્તિ તુમ પાયતો,
દેવ દયા કરી દીજીએ ઓ, બોધી બીજ સુપસાયતો,
જયો જીન વીરજીએ.

કળશ.

ઇય તરણ તારણ સુગતિ કારણ, દુઃખ નિવારણ જગજયો,
શ્રી વીર જીનવર ચરણ થુણતાં, અધિક મન ઉલટ થયો,
શ્રી વિજય દેવ સૂરીંદ પટધર, તિરથ જંગમ એણી જગે,
તપ ગચ્છ પતિ શ્રી વિજય પ્રભુ સૂરિ, તેજે ઝગમગે,
શ્રી હીર વિજય સૂરી શિષ્ય વાંચક, શ્રી કીર્તિ વિજય સુર ગુરૂ સમો,
તસ શિષ્ય વાચક વિનય વિજયે, થુણ્યો જીન ચોવીસમો,
સય સત્તર સંવત ઓગણત્રીશ, રહી રાંદેર ચોમાસુંએ,
વિજય દશમી વિજય કારણ, કીયો ગુણ અભ્યાસએ,
નરભવ આરાધન સિદ્ધિ સાધન, સુકૃત લીલ વિલાસએ,
નિર્જરા હેતે સ્તવન રચિયું, નામે પુન્ય પ્રકાશએ,

ઇતિ પુન્ય પ્રકાશનું સ્તવન સમાપ્ત.

પદ્માવતીની જીવરાસી.

હવે રાણી પદમાવતી જીવરાસી ખમાવે;
જાણુપણું જગતે ભલું, ઇણુ વેળાએ આવે,
તે મુજ મીછામિ દોકડું, અરિહંતની સાખ;
જે મે જીવ વિરાધીયાં. ચોરાશી લાખ. તે મુજ૦
સાતલાખ પૃથ્વી તણા, સાત તે અપકાય,
સાતલાખ તેઉ કાયના, સાતે વળી વાય, તે મુજ૦
દશ પ્રત્યેક વનસ્પતિ, ચોદહસાધારણુ ધાર,
બી તિ ચઉરીંદ્રી જીવનાં, બબે લાખ વિચાર. તે મુજ૦
દેવતા તિર્યંચ નારકી, ચાર ચાર પ્રકાશી,
ચૌદહલાખ મનુષ્યના, એ લાખ ચૌરાશી. તે મુજ૦
ઇણુ ભવે પરભવ સેવિયા, જે પાપ અઢાર,
ત્રિવીધ ત્રિવીધ કરી પરહરૂં, દુરગતિ દાતાર. તે મુજ૦
હિંસા કીધી જીવની, બોલ્યા મૃષાવાદ,
દોષ અદત્તા દાનના, મૈથુન ઉન્માદ. તે મુજ૦
પરિગ્રહ મેલ્યો કારિમો, કીધો ક્રોધ વિશેષ,
માનમાયા લોભ મે કીયા વળી રાગ ને દ્વેષ. તે મુજ૦
કલહ કરી જીવ દુહવ્યા, દીધા કુડા કલંક,
નિંદા કીધી પારકી, રતિ અરતિ નીશંક. તે મુજ૦
ચાડી કીધી ચોતરે, કીધો થાપણુ મોસો,
કુગુરૂ કુદેવ કુધર્મનો, ભલો આણ્યો ભરોસો. તે મુજ૦
ખાટકીના ભવ મે કીધા, જીવ નાનાવિધ ઘાત,
ચડીમાર ભવે ચરકલા, માર્યા દીન ને રાત, તે મુજ૦

માછીને ભવે માછલા, ઝાલ્યા જળ વાસ,
ધીવર ભીલ કોળી ભવે, મૃગ પડયા પાસ. તે મુજ૦
કાજી મુલ્લાંને ભવે, પઢી મંત્ર કઠોર,
જીવ અનેક ઝબે કીયા, કીધા પાપ અઘોર, તે મુજ૦
કોટવાલને ભવે મે કીયા, આકરા કર દંડ;
બંધીવાન મરાવીઆ, કોરડા છડી દંડ, તે મુજ૦
પરમાધામીને ભવે, દીધા નારકી દુઃખ,
છેદન ભેદન વેદના, તાડના અતિ તીખ. તે મુજ૦
કુંભારને ભવ મેં કીધા, નીભાહ પચાવ્યા,
તેલી ભવે તેલ પીલીયા, પાપે પેટ ભરાવ્યા. તે મુજ૦
હાલીને ભવે હલ ખેડીયા, ફાડયા પૃથ્વીના પેટ,
સૂડ નિદાન કીધા ઘણા, દીધા બળદ ચપેટ. તે મુજ૦
માળીને ભવ રોપીયા, નાના વિધ વૃક્ષ,
મુળ પત્ર ફલ ફુલનાં લાગ્યાં પાપ તે લક્ષ. તે મુજ૦
અધોવાઇયાને ભવે, ભર્યા અધિકા ભાર,
પોઠી ઉપર કીડા પડયા, દયા ન રહી લગાર. તે મુજ૦
છીપાને ભવે છેતરી, કીધા રંગણ પાસ,
અગ્નિ આરંભ કીયા ઘણા, ધાતુવાદિ અભ્યાસ. તે મુજ૦
શુરપણે રણ ઝુઝતા, માર્યા માણસ વૃંદ,
મદીરા માંસ માખણ ભખ્યા, ખાધા મૂળ ને કંદ. તે મુજ૦
ખાણ ખણાવી ધાતુની, પાણી ઉલેચ્યા,
આરંભ કીધા અતિ ઘણા, પોતે પાપજ સંચ્યા. તે મુજ૦
અંગાર કર્મ કીયા વળી, વનમે દવ દીધા,
સુંસ કર્યા વિતરાગનાં, કુડા કોસજ પીધા. તે મુજ૦

બિલ્લી ભવે ઉંદર લીયા, ગિરોલી હત્યારી,
મુઢ ગમાર તણે ભવે, મેં જુ લીખ મારી. તે મુજ૦
ભાડભૂજા તણે ભવે, એકેંદ્રીય જીવ,
જુવાર ચણા ઘઉં સેકીઆ, પાડંતા રીવ. તે મુજ૦
ખાંડણુ પીસણુ ગારનાં, આરંભ અનેક,
રાંધણ ઈંધણુ અગ્નીના, કીયા પાપ ઉદેક. તે મુજ૦
વિકથા ચાર કીધી વળી, સેવ્યા પાંચ પ્રમાદ,
ઇષ્ટ વિયોગ પડાવીઆ, કીયા રૂદન વિષવાદ. તે મુજ૦
સાધુ અને શ્રમણ તણા, વ્રત લઇ ભાગ્યા,
મુલ અને ઉતર તણા, મુજ દુષણ લાગ્યા. તે મુજ૦
સાપ વીંછી સિંહ ચીતરા, સકરા ને સમલી,
હીંસક જીવતણે ભવે, હિંસા કીધી સબલી, તે મુજ૦
સુઆવડી દૂષણ ઘણા, વળી ગર્ભ ગળાવ્યા,
જીવાણી ઢોલ્યા ઘણા, શીલવ્રત ભંગાવ્યા. તે મુજ૦
ભવ અનંત ભમતા થકા, કીધા કુટુંબ સંબંધ,
ત્રિવિધ ત્રિવિધ કરી વોસીરૂ, તીણસુ પ્રતિબંધ. તે મુજ૦
ભવ અનંત ભમતા થકા, કીધા પરિગ્રહ સંબંધ,
ત્રિવિધ ત્રિવિધ કરી વોસિરૂ, તીણસુ પ્રતિબંધ. તે મુજ૦
એણીપેરે ઇણભવે પરભવે, કીધા પાપ અખત્ર.
ત્રિવિધ ત્રિવિધ કરી વોસિરૂ, કરૂં જન્મ પવિત્ર. તે મુજ૦
રાગી વૈરાગી જે સુણે, એ ત્રીજી ઢાળ,
સમય સુંદર કહે પાપથી, છુટે તતકાલ.

પરચુરણ સ્તવન સંગ્રહ.

પ્રભુ સ્તુતિ ગુણ સ્તવન.

(રાગ–ધનાશ્રી.)

આજ મ્હારા પ્રભુજી શાહમુ જુવો, સેવક કહી બોલાવોરે,
એટલે મેં મન ગમતું પામ્યો, રૂઠડા બાલ મનાવોરે,
મ્હારા સાંઇરે ॥ આ૦ ॥ ૧ ॥ આંકણી ॥
પતિત પાવન શરણાગત વચ્છળ એ જશ જગમાં ગાવો,
મન મનાવ્યા વિણુ નવિ મુકુ એહજ માહરે દાવો,
॥ ૪ ॥ આ૦ ॥ ॥ ૨ ॥
કબજે આવ્યા તે નહી મુકુ જ્યાં લગે તુમ સમ થાવો.
જો તુમ ધ્યાન વિના શીવ લહીએ, તો તે દાવ બતાવો ॥
॥ આ૦ ॥ ॥ આ૦ ॥ ૩ ॥
મહા ગોપને મહા નિર્યામિક ઇણીપરે બીરૂદ ધરાવો ॥
તો શું આશ્રીકને ઉદ્ધરતાં બહુ બહુ શું કહાવે,
॥ આ૦ ॥ આ૦ ॥ ૪ ॥
જ્ઞાન વિમળ પ્રભુ નામ મહા નિધિ મંગળ એહી વધાવો ॥
અચળ અભેદપણે અવિલંબી અહનિશ એહી દીલ આવો, ॥
॥ આ૦ ॥ આ૦ ॥ ૫ ॥

સમોવસરણ સ્તવન.

આજ ગયાથા અમે સમોવસરણમાં વાણી અમીઅ રસ પીવારે ॥ પીતારે હુતો પુરણ પામી, અનુભવ પ્યાલો લાધ્યો ॥ ॥ આજ ॥ ૧ ॥ પેલે પ્યાલે મુને સમકિત પ્રગટયું, બીજે અજ્ઞાનતા મેલીરે ॥ તત્વ તણોએ ત્રીજો પ્યલો, મગન હુતી પીતાં પેલીરે ॥ ॥ આજ ॥ ૨ ॥ મૃગ પાસે મૃગ બેસતા રાજત, નહી કોઈ એહનો વેરીરે ॥ એવી વાણી સુણીને હંસલો ત્રીજંચ જીવ જીવેરે ॥ ॥ આજ ॥ ૩ ॥ એણે આગણે બારે પરખડાં મલીઆ કોડા કોડીરે ॥ ચોસઠ ઇંદ્ર નમે શિર નામી ઉભા છે બે કર જોડીરે ॥ આજ ॥ ૪ ॥ અજબ અનોપમ મુરતિ દેખી, દેખત શુદ્ધ બુદ્ધ ભુલીરે ॥ શ્વાસો શ્વાસ તણી એ પરિ મુહ, ચંપક કેટકી ફુલીરે ॥ આજ ॥ ૫ ॥ પંચમે આરે પંચમા જીનથી તાતાને પ્રભુ દીઠારે ॥ સુણ બેન એની ગતિ ન્યારી, મુજ મન લાગે પ્યારીરે ॥ આજ ॥ ૬ ॥ આંગ લોલ માંહે સુમતિ બીરાજે, ચોખંડ માંહે ગાજેરે ॥ રતન વિબુધનો સેવક જાણી જીતના ડંકા વાજેરે ॥ આજ ॥ ૭ ॥ ઇતિ ॥


મહાવીર જીન જન્મકુંડળી સ્તવન.

દેશી ॥ કેરબાની ॥ અબએસે સાધ ક્યુંરે લગાઉ
અતિ બેરીઆ ॥ એ આંકણી ૦॥ દીન વિના ન ચલે ॥
છોર ન પીછે વલે ॥ બાબત આપ ઉછેરીયાં ॥ અલબે ૦॥
ભાખ અતુલ બલી ॥ માંગત અટકલી ॥ જન્મ વલી અહ

ચારીયાં ॥ અ૦ ॥૧॥ સંવત પાસ દશ ॥ દો શત અડતાલીશ
ઉજલે ચૈતર તેરસે ॥ અં ॥૦યું॥ સાઢી ઘડીઓ ઉપ્ણી॥
ઉતરા ફાલ્ગુણી ॥ મંગલવાર નિશા વસે ॥ અ૦ ॥ ૨ ॥ કયું૦ ॥
સિદ્ધિ યોગ ઘડી પન્નર ચારે ચરી ॥ વેલા મુહરત વીસતે ॥અ૦॥
લગ્ન મકર વહે સ્વામિ જન્મ લહે ॥ જીવ સૂર વીસ
હું તે સમે॥ અ૦ ॥ ૩ ॥ કયું૦ ॥ ત્રીસલા રાણીએ જાયો દેવ
દેવીએ ગાયો ॥ સૂત સિદ્ધારથ ભૂપકો ॥ અ૦ ॥ મંગલકેતુ
લગ્ને॥ રવી બુધ ચોથે ભવને ॥ દશમે શનિશ્ચર ઉંચકો
॥ અ૦ ॥ ૪ ॥ કયું ॥ પંચમેં જીવ રાહુ ॥ સાતમે વેદ સાહુ ॥
કેંદ્ર ભૂવન ગ્રહ મંડળી ॥ અ૦ ॥ ભાગ્ય ભુવન શશી ॥
શુક્ર સંતાન વંશી ॥ મેન હુઆ એક વીજળી ॥ અ૦ ॥ ૫॥ કયું ॥
ચંદ્ર દશા વિપાકી માસ ભુવન બાકી જન્મ દશા સમી
સંજમી ॥ અ૦ ॥ ગુરૂ મહાદશામે ॥ કેવળ જ્ઞાન પામે
તા મુખબાની મેરે દીલ રમી ॥ અ૦ ॥ ૬ ॥ કયું ॥ થાવર
વિગલમે ॥ કાળ અનંત ભમે ૦॥ મેં બીની કલીયા
સાથમેં ॥ અ૦ ॥ નારક તીરી ગતી સુખ ન એક રતી ॥
કાલ નિગમીઓ અનાથમે ॥ અ૦ ॥ ૭ ॥ કયું ॥ બહોત મેં
નાચ નચે ॥ ચિંહુ ગતિ ચોક બીચે ॥ નેકી ન મિલિ એ
નાથજી ॥ અ૦ ॥ પોત પ્રકાશ દીએ ॥ આશા નિરાશ કએ ॥
અલગ કીયા મે આજથી ॥ અ૦ ॥ કયું૦ ॥ માનવ ગણુ
લહી ॥ તુમ સન્મુખ રહી ભેર ભેર શિવ માંગને ॥ અ૦ ॥
બાત ન ઔર કહુ ॥ લીએ બીના ન રહુ ॥ બાલહલ્યૈ
રસ માંગને ॥ અ૦ ॥ ૮ ॥ કયું ॥ નાથ નજરે કરી પ્ર

ભેર ન એક ઘરી સદા મગન સુખ લહેસે ॥ અ૦ ॥
મંગલ સુરવરા ગાવત અપછરા શ્રી શુભવીર પ્રભુ મહેરસે
॥ અ૦ ॥ ૧૦ ॥ કયું ॥

મહાવીર સ્વામિજીની જન્મ કુંડળી



સિદ્ધ ચક્ર સ્તવન.

આરાહો પ્રાણી સાચી નવ પદ સેવા, નવ નિધિ આવે
નવ પદ સેવે ॥ એમ ભાષે શ્રી જીન દેવા ॥ આ૦ ॥
શ્રી સિદ્ધચક્ર ધરો નિત દિલમે ॥ જેસે જગમત રેવા ॥આ૦॥૨॥
અરિહંતાદિક એક પદ જપતાં॥ હાંરે લઇએ સુખ સદેવા આ૦॥
॥ સમુદિત જપતાં કિમ કર ન કરે ॥
• સુર સુખ દુમ ફળ લેવા ॥ આ૦ ॥ ૪ ॥ જીનેંદ્ર જ્ઞાન વિનોદ
પ્રસંગે હરખિત દો નિત મેવા ॥ આ૦ ॥ ઇતિ સિદ્ધચક્ર સ્તવન

સિદ્ધચક્ર સ્તવન.

રાગ સારંગ.

ગાૈતમ પૂછત શ્રી જીન ભાખત વચન સુધારસ પાનકી
બલિહારી નવપદ ધ્યાનકી ॥ ૧ ॥ નવપદ સેવે નવમે સ્વર્ગે
પાવત રૂદ્ધિ વિમાનકી ॥ વ૦ ॥ ૨ ॥ યાકે મહિમા વલ્લભ
હમકુ ॥ જેસે જશોદા કાહાનકી ॥ વ૦ ॥ ૩ ॥ પાવે રૂપ
સરૂપ મદનસો ॥ દેહી કંચન વાનકી ॥ વ૦ ॥ ૪ ॥
યાકો ધ્યાન હૃદય જબ આવત ॥ ઉપજત લહેરી જ્ઞાનકી
॥ વ૦ ॥ ૫ ॥ સમકિત જોતી હોય દીલ ભીતર જેસે
લોકનમેં ભાનકી ॥ બ૦ ॥ જીનેંદ્ર જ્ઞાન વિનોદ પ્રસંગે
ભક્તિ કરો ભગવાનકી ॥ ૬ ॥ઇતિ સિદ્ધચક્ર સ્તવન.

શ્રી વીર નિર્વાણનાં દીવાળી કલ્પનાં સ્તવનો.

(અબ તો પાર ભયે અમ સાધુ)

વીર નિસનેહી હું સસનેહી મોકલીયો મને ગામરે.
વિશ્વાસી વીરે છેતરીયો પહોંચ્યા અક્ષય ધામરે-વીર.

હે હે વીર કર્યું અણઘટતું ગૌતમ પભણે નાથરે.
અંત સમય છેહ દીધો મુજને શું હું આવત સાથરે-વીર.

ગૌતમ ગૌતમ કોણ હવે કહેશે પ્રતિઉત્તર કોણ દેશેરે,
સંઘ સહામ વીર વિણ કોણ કરશે કોણ સંશય હવે કહેશેરે-વીર.

અસ્ત થયો જીન ભાનુ આજે મિથ્યા તિમિર છવાશેરે.
કુમતિ કૌશિક જાગૃત થાશે ચોર જુગલ વધી જાશેરે-વીર.

ચૌદ સહસ મુનિવર પ્રભુ તારે મારે વીર તું એકરે,
રઝવડતો મુકી અહીં ચાલ્યા સાંકડુ થયું શિવ છેકરે-વીર,

આજ લગે સ્વપનાંતરે અંતર મેં તુજ સાથ ના રાખ્યોરે,
મોહન મુજ મન ચોરી લીધું તુજ મન નેહ ન દાખ્યોરે-વીર.

પુણ્ય કથા પ્રભુ કોણ હવે કહેશે તુજ વિણ જગદાધારરે,
ત્રિગડે બેશીને વીર વહાલા દો દર્શન એક વારરે-વીર.

પણ હું અહીં એ વાટે ચાલ્યા ન ગણે હૃદી નિરધારરે,
હું રાગી મહાવીર નિરાગી સાધ્યો સ્વાર્થ શ્રીકારરે-વીર.

હું વીર વીર કહું વીર ન બોલાવે સ્વારથીઓ સંસારરે,
નિષ્ઠુર હૈયા તેહ નહીં જે તેથી બાન જબળારે-વીર.

હું કોણુ કોણુ વીર નહિ કોઇકોઇનું રાગે ભવ દુખ ખાણુરે,
સહજ કલાનિધિ ગૌતમ ને તવ પ્રકટયું કેવળ જ્ઞાનરે-વીર.
કારતક માસ અમાસની રાતે ભાવ દીપક થયો અસ્તરે,
દ્રવ્ય દીવાળી દેવે કીધી પ્રકટી લોક સમસ્તરે-વીર.

રાગ

(વહાલા વેગે આવોરે)

વીર વેગે આવોરે ગૌતમ કહી બોલાવોરે
દર્શન વહેલાં દીજીએ હોજી.
તું નિસનેહી હું સસનેહી અજાણુ—દર્શન.
ગૌતમ જાણે બો નાથ તેં વિશ્વાસ આપી છેતર્યો,
પર ગામ મુજને મોકલી તું મુક્તિ રમણીને વર્યો.
જીનજી હું શું માંગત ભાગ સુજાણુ—દર્શન.
શિવનગર થયું સાંકડું કે હતી નહિ મુજ યોગ્યતા
એકસું મુજને હોત તો કોણુ કોઇને રોકતા,
પ્રભુજી તારા ગુપ્ત ભેદથી અજાણુ—દર્શન.
મમ પ્રશ્ન ઉત્તર દઇ ગૌતમ કહી કોણુ બોલાવશે,
કોણુ સાહ્ય કરશે સંઘની શંકા બિચારી કયાં જશે.
પુણ્ય કથા કહી પાવન કરો મમ કાન—દર્શન.
જીન ભાણુ અસ્ત થતાં તિમિર મિથ્યાત્વ સઘળે જામશે,

કૌશિક કુમતિ જાગશે વળી ચોર ચુગલ વધી જશે.
એકવાર ત્રિગડે બેસી દો દર્શન બાનુ—દર્શન.
મુની ચૌદ સહસ છે તાહરે વીર માહરે તું એક છે,
મુકી ગયા રડતો અહીં પ્રભુ ક્યાં તમારે ટેક છે.
સ્વપ્નાંતરમેં અંતર ન ધર્યો સુજાણુ—દર્શન.
પણુ અહીં હું એ વાટ ચાલ્યા નવ મળે કોઇ અવસરે,
હું રાગ વશ રખડું નિરાગી વીર શીવપુર સંચરે.
હું વીર વીર કરૂં વીર ન ધરે કાંઇ કાન—દર્શન.
કોણુ વીરને હું કોણુ ગૌતમ નહિ કોઇ કોઇનું કદા
એ રાગ ગ્રન્થી તુટતાં વર જ્ઞાન ગૌતમને તદા,
સુર તરૂમણિ ગૌતમ નામે નિદાન—દર્શન.
કારતક માસ અમાસ રાતે અરત ભાવ દીપક તણો,
કર દ્રવ્ય દિપક જ્યોત દેવે લોક દીવાળી ભણે.
વીર વજીરનાં લોક મળી કરે ગાન—દર્શન.

ભાવનાનું સ્તવન.

રે જીવ જીન ધર્મ કીજીએ ધર્મના ચાર પ્રકાર,
દાન શિયળ તપ ભાવના, જગમાં એટલું સાર-રે જીન.
વરસ દિવસને પારણે, આદીશ્વર અણુગાર,
ઇક્ષુ રસ વહોરાવીઆ શ્રી શ્રેયાંસકુમાર-રે જીવ.
ચંપા પોળ ઉઘાડવા ચારણીએ કાઢયા નીર,
સતી સુભદ્રા જશ થયો, શિયળ મેરૂ ગંભીર-રે જીવ.

તપ કરી કાયા શોષવી, સરસ નીરસ આહાર,
વીર જીણંદે વખાણીયો, ધન ધન ધન્નો અણગાર–રે જીવ.
અનિત્ય ભાવના ભાવતા, ધરતો નિર્મળ ગ્નાન,
ભરત આરિસા ભૂવનમાં, પામ્યા કેવળ ગ્નાન–રે જીવ.
એ જીવ વ્રત સુર તરૂ સમો, જેતાં ફળ છે સાર,
સમય સુંદર કહે સેવજો, જૈન ધર્મ મુકિત દાતાર–જીવ.

પરચુરણ સ્તવન.

આટલી આ અરજી જીનજી ધ્યાનમાં લેજો,
જેવો તેવો પણ પ્રભુજી પોતાનો રહેજો–જીનજી.
અમે તમે રમીયા ભેળા નાથ અનંતી વેળા,
પ્રીતલડી પાલી સમકિત સુખડલી દેજો–જીનજી.
અળગા જઇ બેઠા ભકતે મન ઘર પેઠા,
કબજે આવ્યા નહી મુકું અંતરમાં રહેજો–જીનજી.
કાગળનો કટકો કે સંદેશો નહી પહોંચે,
કોને કહુ પ્રભુને જઇને સંદેશો કહેજો–જીનજી.
શક્તિ નથી પણ ભકિત મુકિતને ખેંચે,
લોહ ચુંબક જેમ લોહને તેમ નિરવહેજો–જીનજી.
જીવાને દેહળપુરમાં મોહરાજાએ ઘેર્યો.
ધર્મરાજાને પ્રભુજી વહારે અહિં જોજો–જીનજી.
મોટાના મહિમા મોટો આશરો મોટો–જીનજી.
શાંતિ સમાજ શાકળચંદને શીવ દેજો–જીનજી.

પૂજાનું સ્તવન.

હો સાહેબજી પરમાતમ પૂજાનું ફળ મુને આપો,
હો સાહેબજી લાખેણી પૂજાનું ફળસેં નાપો,
ઉત્તમ ઉત્તમ ફૂળ હું લાવું, અરિહાની આગળ મુકાવું,
આગમ વિધિ પૂજા રચાવું, ઉભો રહી ભાવના ભાવું-હો.
જીનવર જીન આગળ એક રૂપે, સેવતાં ન પડો ભવ કુપે,
આરાધન ફળ તેહના કહીએ, આતમ માંહી સુખીયા થઇએ-હો.
પરભવે સુર લોકે તે જાવે, ઇંદ્રાદિક અપચ્છરા સુખ પાવે,
તિહાં પણ જીન પૂજા વિરચાવે, ઉત્તમ કુળમાં જઇ ઉપજાવે-હો.
તિંહા રાજ્ય રિદ્ધિ પરિકર રંગે, આગળ સુણતાં સદ્ગુરૂ સંગે.
આગળ શું રાગ વળી ધરતાં, જીન આગળ જીન પુજા કરતા-હો.
સિદ્ધાંત લખાવીને પૂજે, તસ કર્મ સકળ દુરે ધ્રુજે,
લહે કેવળ ચરણ ધરમ પામી, શુભવીર મળે જો વિશ્રામી-હો.

બ્રહ્મવ્રત સ્તવન.

એ વ્રત જગમાં દીવો મેરે પ્યારે, એ વ્રત જગમાં દીવો,
પરમાતમ પુજીને વિધીસું, ગુરૂ આગળ વ્રત લીજે,
અતિચાર પણ દુર કરીને, પરદારા દુર કીજે-મેરે પ્યારે-૧.
નીજ નારી સંતોષી શ્રાવક, અણુવ્રત ચોથું પાળે,
દેવતિરીયંચ નરનારી નજરે, રૂપ રંગે નવી ધારે-મેરે પ્યારે ૨.

વ્રતને પીડા કામની ક્રીડા, દુર્ગંધા જે બાળી,
નાશાવિણુ નારી પણુ રાગે, પંચાશકમાં ટાળી–મેરે પ્યારે-૩.
વિધવા નારી બાળકુમારી, વેશ્યા પણુ પરજાતી,
રંગે રાતી દુબંળ છાતી, નરમાણુ એકાતી–મેરે પ્યરે–૪.
પરનારી હેતે શ્રાવકને, નવ વાડે નીરધારી,
નારાયણુ ચેડા મહારાજે, કન્યાદાન નિવારી–મેરી પ્યારે–૫.
ભરતરાયને રાજ્ય ભલાવી, રામ રહ્યા વનવાસે,
ખર દુષણુ નારી ન સ્વીકારી, દેખી ન પડયા પાસે–મેરે પ્યારે–૬
દશ શિર રાવણ રણમાં રોળ્યો, સીતા સતીમાં મોટી.
સર્વ થકી જો બ્રહ્મ વ્રત પાળે, નાવે દાન હેમ કોટી–મેરે પ્યારે–૭.
વૈતરણીની વેદના માંહે. વ્રત ભાંગે તે પેસે,
વિરતીને પરણામ કરીને, ઇંદ્ર સભામાં બેસે-મેરે પ્યારે–૭.
મદિરા માંસથી વેદ પુરાણે, પાપ ઘણું પરદારા,
વિષ કન્યા રંડા પણ અંધા, વ્રત ભંજક અવતારા–મેરે–પ્યારે–૮.
વ્રત સંભાળે પાપ પખાળે, સુરતરૂ વંછીત સાધો,
કલ્પતરૂ ફળદાયક એ વ્રત, જગજશ કીરતી વાધે–મેરે–પ્યારે-૯.
દશમે અંગે બત્રીસ ઉપમ, શીળવતી વ્રત પાળી,
નાથ નિહાળી ચરણે આવ્યો, નેહ નજર તુમ ભાળી–મેરે પ્યારે–૧૦.
હાથી મુખશે દાણો નિકશે, કિડી કુટુંબ સહુ ખાવે,
શ્રી શુભવીર જીનેશ્વર સાહેબ, શોભા અમશીર પાવે-મેરે પ્યારે–૧૧.

શ્રી વીર જીણંદનાં ચઉદ સ્વપ્ન સ્તવન.

રાયદે સિદ્ધારથ ઘેર પટરાણી
નામે ત્રીસલા સુલક્ષણી એ
રાજ ભુવન માંહે પલંગે પહોડતાં ચઉદ સ્વપ્ન રાણીએ લહ્યાંએ
પહેલેરે સુપને ગયવર દીઠો બીજે વૃષભ સોહામણો એ
ત્રીજે સિંહ સુલક્ષણો દીઠો ચોથે લક્ષ્મી દેવતાએ
પાંચમે પંચ વરણી ફુલની માળા છઠે ચંદ્ર અમી ઝર્યોએ
સાતમે સુરજ આઠમે ધજા નવમે કળશ અમીઅ ભર્યોએ
પદ્મ સરોવર દશમે દીઠો ખીર સમુદ્ર દીઠો અગીયારમેએ
દેવ વિમાન તે બારમું દીઠું રણઝણ ઘંટા વાજતા એ
રતનનો રાશિ તે તેરમે દીઠો અગ્નિ શીખા દીઠી ચઉદમેએ
ચઉદ સુપન લહી રાણીજી જાગ્યાં રાય સમોવડ પોંહોચતાંએ
સુણોરે સ્વામી મેંતો સુહણલાં લાધ્યાં પાછલી રાત રળિયામણી
રાય સિદ્ધારથ પંડિત તેડયા કહોરે પંડિત ફળ એહનાંએ
અમ કુળ મંડણ તુમ કુળ દીવો ધનરે મહાવીર સ્વામિ અવતર્યા
જે નર ગાવે તે સુખ પાવે આનંદ રંગ વધામણાં એ

નવકારવાળી સ્તવન.

પહેલા પ્રણમુજી જીન પાસ, જેમ મન વંછીત પુરો આશ ॥ ચૌદ પુરવ કેરો સારઃ ભવિયણ ભાવે જપો નવકાર ॥૧॥ સુંદર સૂત્ર તણા મણિકડા ॥ અઠોતેરસો અતિ રૂઅડા ॥

જાપ જપો જપમાલા ફેર ॥ નવી ઓલંઘો મોહન મેર ॥ બારે ગુણુ અરિહંત ઉજલા ॥ આઠે ગુણુ સીદ્ધરે તપ ભલા ॥ સોહે સુરિ ગુણુ છત્રીશ ॥ કનક વરણુ નમીએ નીશદિશ ॥ સમ સમુદ્ર ને નીલી કાય ॥ પચવીસ ગુણે ગુર ઉવઝાય ॥ સાધુ ગુણે સોહે વીસને સાત શ્યામલા વરણુ તે વિશ્વવિખ્યાત ॥૪॥ અંગુષ્ઠ જાપ જપ્યો શીવકાજ॥ તર્જની ટાલે વૈરી ગ્રાજ ॥ મધ્યમ આંગુલી સુખદા સહી ॥ અનામીકા વશ કરણી કહી ॥ ૫ ॥ અંત્યાંગુંલી આકર્ષણ દેવ ॥ વાઈ વત્ર જપો નિતમેવ॥ શંખ જપમાલા શત ગુણ મર્મ॥ સહસ ગુણો પરવાલી ધર્મ ॥૬॥ કનક માંહી કલ્યાણી સાર ॥ દશ સહસ ગુણો છે અધિ-કાર ॥ લક્ષ ગુણો મુકતાફળ જાણુ ॥ કોડી ગુણો ચંદનનું વખાણુ ॥ સંખ્ય ગુણો રુઅડી રૂદ્રાક્ષ ॥ જીવાપોતા અસંખ્ય ભાખ ॥ સુત્ર તણી સુખ સંપતી કર ॥ એહ વિચાર જંપે જીનવર ॥૮॥ એણી પરે લક્ષ ગુણો નવકાર ॥ તિર્થંકર પદ પામે સાર ॥ પવિત્રપણે જપીએ નવકાર ॥ તે પામે ભવ સાગર પાર ॥૯ ॥ ગૌતમ પૂછે શ્રી જીનરાજ ॥ ભાખ્યો જપમાલાનો સાજ ॥ એહ થકી બહુ જન ઉધર્યા ॥ કવિજન એ ગુરૂ મુખ સાંભલ્યા ॥ ઇતિ નવકારવાળી સ્તવન

શ્રી પાર્શ્વનાથ સ્વામીનું પારણું.

માતા વામાજી ઝુલાવે પ્રભુને પારણે,
પાસ કુંવરની કાયા શોભે સોવન વાન
વપુ સુભ કોમળ નિરખી હરખે હૈયું માતનું,
રૂપ પ્રભુનું દેખી ભુલ્યો રતિ પતિ ભાન—માતા.

ચંદ્ર પ્રભા સમ કાન્તિ મુખની બાળારાજની
મનહર અંગો પાંગ સકળ તનુ શોભા સાર.
રક્ત કમળદલ પગલાં કંકુ વરણાં લલ છે,
મંગલકારી અવિકારી શુભ પાસ કુમાર–માતા.
માતા પ્રેમ ભરી દ્રષ્ટીથી નિરખી બાળને
મન વિકાસે તન ફરસે આનંદ અંગ ન માય.
અલોલોલો હાલખમા લાડકડા મારા લાલને.
લુંછણાં લઉં તારાં એમ મંગળ ગાણાં ગાય–માતા.
આશિષ વચન વદી જગમાતા હાલા ગાવતાં
આલ પાલ કરી ચાંપે હૃદય વિષે જીનરાજ
કુંવરજી ઘણું જીવો કુળનો દીવો તું થજે.
થાજો તારણ તરણ બનો ભવિ પારક ઝાઝ–માતા.
ઉત્તમ કુળમાં જન્મી જગમાં સુજસ વધારજો
કરજો ચૈદ રાજના પ્રાણીનો ઉદ્ધાર,
ધર્મ ધુરંધર ધોરી થઇ રથ ધર્મ ચલાવજો,
શિવ સુખ ભોગી થઇને કરજયો ભવનો પાર–માતા.
ભવ ભય ભંજન પાપ નિકંદન દેવ દયાળ છો,
ત્રિભુવન નાયક શિવ સુખદાયક જગ શિરતાજ
સેવક સાકળચંદ તણા ભવફંદ નિવારજયો
આરતિ બાળ કૃપાળ અચળ સુખ આપો રાજ–માતા.

મહાવીર સ્વામીનું પારણું.

હાલો હાલો મહાવીરજીને હાલો હાલો
હલુલુલુ હાલો હાલો (૨) હલુલુલુ હાં હાં હાં હાલો હાલો
સુંદર સોનાના પારણે પોઢાડું ઓઢાડું મલમલ ચીર,
રમકડે હું રમાડું છાના છાના મહાવીર (૨) હલુલુલુ હાં હાં હાં
ફુલની ટોપી ફુલના વાગા આંગણે બેલા ફુલ
ચંદરવા ગુંથી ફુલના બાંધુ મુકાવું મોતીની ઝુલ
માંહી મુકાવું મોતીની ઝુલ હલુલુલુ હાં હાં હાં હાલો હાલો,

પારણું

છાનો મોરા છબ છાનો મોરા વીર પછી તમારી દોરી તાણું
મહાવીર કુંવર ઝુલે પારણીએ ઝુલે
હીરના છે દોર ઘુમે છે મોર કોયલડી સુરતારી—મહાવીર
ઇંદ્રાણી આવે હાલણ હુલણ લાવે વીરને હેતે કરી હુલરાવે-મહાવીર
સુંદર બહેની આવે, આભુષણ લાવે, મોજાં રૂડાં લાવે, મોતીચુર
બાવે વીરને હેતે કરી જમાડે—મહાવીર.
વીર મોટા થાશે નિશાળે ભણવા જાશે એ ત્રીશલા
માતા હરખાશે-મહાવીર.
નંદી વર્ધન આવે રાણી રૂડી લાવે વીરને હેતે કરી પરણાવે-મહાવીર
વીર મોટા થાશે જગતમાં ગવાશે એમ કાંતિવિજય
ગુણ ગાશે—મહાવીર.

વીર ભગવાનનું પારણું.

(ભાઇને હાલરડું વહાલું)

વીરને હાલરડું વહાલું હાલરડું વહાલુંરે—મહાવીરને.
હેતે ઘુઘરડી ઘાલુંરે—વીરને.
રત્નજડિત પારણે પ્રભુ પોઢો ઝઝા હેતે ઝુલાવું,
મણિ માણેક મોતીનાં ઝુમખા પારણીએ લટકાવુંરે—વીરને.
ભાત ભાતની ભલી ભમરીઓ પુતળી પારણે જડાવું,
મોર ચકોર કોયલડી બાંધુ પારણે પોપટ પઢાવુંરે—વીરને.
વીરને રમવાને ભલી ભાતે ઘેલાણા સોને મઢાવું,
ગેંડી દડો દેવતાઇ મહામૂલનો રમવાને રંગે આલુંરે—વીરને.
અલોલોલો હાલ ખમાલા ડકલા હાલ્ય હાલ્ય ગાઇ હુલરાવું,
મખમલની રૂડી સ્હેજ બિછાવું ને ફુલની ચાદર ચઢાવું—વીરને
હીર જરીની દોરીએ હીંચોળું હાલરડાં ગાઇ હરખાઉં,
ત્રિશલા માતા પ્રભુ મુખ જોઇને કહે લળી લળી વીર જાઉંરે—વીરને.
છપ્પન દીગકુમરી હુલરાવે આનંદ અંગ ન માયે,
લહે ઓવારણાં ભકિત ભાવથી મુકતાફળથી વધાવેરે—વીરને.
આશિર્વાદ વદી ત્રિશલાદે આપે હૃદયમાં ભાવે,
કુળ દીવો કુંવર ઘણું જીવો દોય હાથે ચપટી બજાવેરે—વીરને.
રાજ રમણી પામી થઇ યોગી ત્રિભુવન જન ઉદ્ધરજો,
કર્મ કટક ભટ રણ સંહારી શિવ સુંદરી વીર વરજોરે—વીરને,
ત્રિશલા માતા કુંવર ઝુલાવે વિધ વિધ લાડ લડાવે,
જગત રીતે પ્રભુ પારણે પોઢયા ગુણીયલ જીન ગુણ ગાવેરે—વીરને.

મહાવીર સ્વામીનું હાલરીયું.

માતા ત્રિસલા ઝુલાવે પુત્ર પાલણે, ગાવે હાલો હાલો
હાલરવાનાં ગીતરે,
સોના રૂપા ને વળી રત્ને જડીયું પાલણું, રેશમ દોરી,
ઘુઘરી વાગે છુમ છુમ રીતરે,
હાલો હાલો હાલો હાલોરે મહાવીરને.
જીનજી પાસ પ્રભુથી વરસ અઢીસેં અંતરે, હોશે ચોવીસમો
તિર્થંકર જીત પરિણામ,
કેશી સ્વામી મુખથી એવી વાણી સાંભળી, સાચી સાચી
હુઇ તે માહરે અમૃત વાણુરે-હા.
ચૌદ સ્વપ્ને હોવે ચક્રીકે જીનરાજ, વીત્યા બારે ચક્રી
નહિ હવે ચક્રીરાજ,
જીનજી પાસ પ્રભુના શ્રી કેશી ગણધાર, તેહને વચને
જાણ્યા ચોવીસમા જીનરાજ,
મ્હારી કુખે આવ્યા ત્રણ ભુવન શિરતાજ, મ્હારી કુખે
આવ્યા તરણ તારણ ઝહાજ,
હું તો પુણ્ય પનોતી ઇંદ્રાણી થઇ આજરે-હાલો.
મુજને દોહલા ઉપન્યા બેસું ગજ અંબાડીએ, સિંહાસન
પર બેસું અમરછત્ર ધરાય,
સહુ લક્ષણ મુજને નંદન ત્હારા તેજના, તે દીન સંભારૂં
ને આનંદ અમ ન માયરે-હા.
કરતળ પગતળ લક્ષણ એક હજારને આઠ છે, તેહથી
નિશ્ચય જાણ્યા જીનવર શ્રી જગદીશ,

નંદન તમચી જાંઘે લંછન સિંહ બિરાજતો, મેતો પહેલે
સુપને દીઠો વિસવાવિસરે–હા.
નંદન નવલા બંધવ નંદી વર્દ્ધમાન તણે, નંદન ભોજાઇઓના
દેયર છો સુકુમાળ,
હસશે ભોજાઇઓ કહી દીયર મ્હારા લાડકા, હસશે રમશે
ને વળી ચુંટી ખણશે ગાલ–હા.
હસશે રમશે ને વળી હુંસા દેશે ગાલરે–હા.
નંદન નવળા ચેડા રાજાના ભાણેજ છો, નંદન નવલી
પાંચસો મામીના ભાણેજ છો,
નંદન મામલીયાના ભાણેજી સુકુમાળ, હસશે હાથે ઉચ્છાળી
કહીને નાના ભાણેજી,
આંખ્યો આંજીને વળી ટપકું કરશે ગાલરે–હા.
નંદન મામા મામી લાવશે ટોપી આંગલાં, રત્ને જડીયાં
ઝુલરો મોતી કસબી કોર,
નિલાં પીળાં ને રાતાં સરવે જાતીનાં, પહેરાવશે મામી
મારા નંદ કીશોરરે હા.
નંદન મામા મામી સુખલડી બહુ લાવશે, નંદન ગજુવે
ભરશે લાડુ મોતીચુર,
નંદન મુખડાં જોઇને લેશે મામા ભામણાં, નંદન મામી
કહેશે જીવો સુખ ભરપુરરે–હા.
નંદન નવલા ચેડા મામાની સાત સતી, મ્હારી
ભત્રીજીને બેન તમારા નંદ,

તે પણ ગુંજે ભરવા આકણુસાઇ લાવશે, તુમને જોઇ જોઇ
હોશે અધિકો પરમાનંદરે–હાં.

રમવા કાજે લાવશે લાડકડાને ઘુઘરો, વળી સુડા
મેના પોપટને ગજરાજ,

સારસ કોમલ હંસ તીતર ને વળી મોરજી, મામી લાવશે
રમવા નંદ તમારે કાજરે–હા.

છપ્પન કુમરી સમરી જળ કળશે નવરાવીયા, નંદન તમને
અમને કેળી ઘરની માંહ,

ફુલની વૃષ્ટી કીધી ચેજન એને માંડસે બહુ ચિરંજીવી
આશીષ દીધી તુમને તાંહરે-હા.

તમને મેરૂ ગિરિવર સુરપતિએ નવરાવીયા, નિરખી નિરખી
હરખી સુકૃત લાભ કમાય,

મુખડા ઉપર વારી કોટી કોટી ચંદ્રમા, વળી તનપર વારી
ગ્રહ ગણુ સમુદાયરે–હા.

નંદન નવલા ભણવા નિશાળે પણ મુકશું, ગજપર અંબાડી
બેસાડી માંહે રાજ,

પસલી ભરશું શ્રીફળ ફોફળ નાગર વેલશું, સુખડલી લેશું
નિશાળીયાને કાજરે–હા.

નંદન નવલા મોટા થાશો ને પરણાવશું, વહુવર સરખી
જોડી લાવશું રાજકુમાર,

સરખા સરખી વેવાઇ વેવાણુ પધરાવશું, વરવહુ પોંખી
લેશું જોઇ જોઇને વહેવાર–હા.

પીયર સાસર મ્હારા બેઠુ પખ નંદન ઉજળા, મ્હારી કુખે
આવ્યા તાત પનોતી નંદ,
મ્હારે આંગણે વુઠ્યા અમૃત દુધ મેહુલા, મારે આંગણે
ફળીયા સુરતરૂ સુખના કંદરે-હા.
ઇણી પેરે ગાયું માતા ત્રિસલા સુતનું હાલરૂં, જે કોઇ
ગાશે લેશે પુત્ર તણા સાત્રાજ,
બીલીમોરા નગરે વરણાવ્યું વીરનું હાલરૂં, જય જય મંગળ
હોજો દીપ વિજય કવી રાજરે-હા.

મહાવીર સ્વામીનું પારણું.

માતા ત્રીસલાએ પુત્ર રત્ન જાઇઓ, ચોસઠ ઇંદ્રનાં
આશન કંપે સાર,
અવધિ જ્ઞાને જોઇ ધાર્યો શ્રી જીનવીરને, આવે ક્ષત્રીય
કુંડ નયર મઝાર-માતા.
વીર પ્રતિબીંબ મુકી માતા કને, અવસ્વાપિણી નિંદ્રા દીએ સાર,
એમ મેરૂ શીખરે જીનને લાવે ભક્તીશું, હરિ પંચ રૂપ
કરી મનોહાર-માતા.
એમ અસંખ્ય કોટા કોટી મળી દેવતા, પ્રભુને ઓચ્છવ
મંડાણે લઇ જાય,
પાંડુક વન શિલાએ જીનને લાવે ભક્તીશું, હરિ અંગે
થાવે ઇંદ્ર ઘણું ઉચ્છાય-માતા.
એક કોડી આઠ લાખ કળશે કરે, વીરને સનાત્ર મહોચ્છવ કરે સાર,

અનુક્રમે વીર કુમરને લાવે જનની મંદિરે, દાસી પ્રીયંવદા
જાએ તેણી વાર–માતા.
રાજા સિદ્ધારથને દીધી વધામણી, દાસીને દાનને માન
દીએ મનોહાર
ક્ષત્રીકુંડ માંહે ઓચ્છવ મંડાવીઓ, પ્રજા લોકને હરખ
અપાર–માતા.
ઘર ઘર શ્રીફળ તોરણ ત્રાટજ બાંધીયાં, ગોરી ગાવે
મંગળ ગીત રસાળ,
રાજા સિદ્ધારથે જન્મ મહોચ્છવ કર્યો, માતા ત્રિસલા
થઇ ઉજમાળ–માતા.
માતા ત્રિસલા ઝુલાવે પુત્ર પારણે, ઝુલે લાડકડા પ્રભુજી
આનંદ ભેર,
હરખી નીરખીને ઇંદ્રાણીઓના આવારણે, આજે આનંદ
શ્રી વીર કુમરને ઘેર–માતા.
વીરના મુખડા ઉપર વારી કોડી ચંદ્રમા, પંકજ લોચન
સુંદર વિશાળ કપોળ,
શુક ચચુ સરખી દીસે નિ[illegible] નાસિકા કોમળ અધર
અરૂણ રંગરોળ–માતા.
ઓષધિ સોવન મઢીરે શોભે [illegible]ાલરે નાજુક આભરણ
સુઘળા કંચન મોતીહાર
કર અંગુઠો ધાવે વીર કુમાર [illegible]ખે કરી કાંઇ બોલાવતાં
કરે કીલકાર—માતા.
વીરને [illegible]લાટે [illegible] [illegible] કુ[illegible] ચાંદલો શોભે જડીત
મરકત દીસે મણીમાં લાલ,

ત્રિશલાએ જુગતે આંજી અણીયાળી બેઉ આંખડી સુંદર
કસ્તુરીનું ટપકું કીધું ગાલ–માતા

કંચન હીંચોળો જાતી રત્ને જડીયું પાલણું ઝુલાવતી વેળા
થાએ ઘુઘરનો ઘમકાર,

ત્રિશલા વિવિધ વચને હરખે ગાય હાલરૂં ખેંચે કુમતિ-
આલી કંચન દોરી સાર–માતા.

મારો લાડકડો સરખા સંગે રમવા જશે મનોહર સુખલડી
આપીશ એહને હાથ,

ભોજન વેળા રમઝમ રમઝમ કરતો આવશે હું ધાઈને
ભીડાવીશ હૃદય સાથ–માતા.

હંસ કારંડવ કોકિલ પોપટ પારેવડાં માંહી બપૈયા ને
સારસ ચકોર

મેનાં મોર મેલ્યાં રમકડાં રમવા તણાં, ઘમઘમ ઘુઘરા
બજાવે ત્રિશલા કીશોર–માતા.

મારો વીર કુમાર નિશાળે ભણવા જાશે સાથે સર્જન
કુટુંબ પરિવાર,

હાથી રથ ઘોડા પાલાયે ભલું શોભતું, કરી નિશાળ
ગરણું અતિ મનોહાર–માતા.

મારા વીર સમાની કન્યા સારી લાવશું, મારા કુંવરને,
પરણાવીશ મોટે ઘેર,

મારો લાડકડો વરરાજા ઘોડે બેસશે, મારો વીર કરશે
સદાય લીલા લહેર–માતા.

માતા ત્રિસલા ગાવે વીર કુમરનું હાલરૂં, મારો નંદન
જીવજો કોડી વરસ,
એતો રાજ રાજેશ્વર થાશે ભલો દીપતો, મારા મનના
મનોરથ પુરશે જગદીશ-માતા.
ધનધન ક્ષત્રીકુંડ ગામ મનોહરૂં, જીહાં વીર કુમરનો
જનમ ગવાય,
રાજા સિદ્ધારથના કુળ માંહી શીરમણી, ધનધન ત્રીસલા
રાણી જેહની માત-માતા.
એમ સહીયર ટોળી ભોળી ગાવે હાલરૂ, થાશે મનના
મનોરથ તેને ઘેર,
અનુક્રમે મહોદય પદવીરૂપ વિજયપદ પામશે, ગાશે અમિય
વિજય કહે થાશે લીલા લહેર-માતા.

સમોવ શરણ સ્તવન.

પ્રભુ તેરી ઠકુરાઇકુ, ગઢ તીન બિરાજે.
રત્ન રચીત માનુ દેહરી, દુંદુભિ મહલ છાજે—પ્રભુ૦ ૧
ઝગાકત હહો દિશી તેજમે, બિંબ કંચન કોટા,
તેરે પ્રબલ પ્રતાપકા, માનુ મહલ મોટા—પ્રભુ૦ ૨
અતિ ઉજ્વલ રૂપે બન્યા, ત્રીજા ગઢ તેરા,
નિજ ભુવનમેં વિસ્તર્યા, જશ સુજશ ઘણેરા—પ્રભુ૦ ૩
વામાનંદ જીણંદકી, ઠાકરે કહુ બડાઈ
આનંદ વદન લહ્યુ બુદ્ધિએ, છબી બરનીન જાઇ—પ્રભુ૦ ૪

પરમાત્મ સ્તવન.

સકળ સમતા સુર લતાનો, તુંહી અનોપમ કંદરે,
તુંહી કૃપારસ કનક કુંભો, તુંહી જીણંદ મણીંદરે—૧
પ્રભુ તુંહી તુંહી તુંહી, તુંહી ધરતા ધ્યાનરે,
તુંજ સ્વરૂપી જે થયાં, તેણે લહ્યું તાહરૂ તાનરે—૨
તુંહી અળગો, ભવ થકી પણ, ભવિક તાહરે નામરે,
પાર ભવનો તેહ પામે, એહ અચરીજ કામરે—૩
જન્મ પાવન આજ માહરો, નિરખીઓ તુંજ નુરરે,
ભવો ભવ અનુમોદનાજી હુંઓ આમ હજુરરે—૪
એહ મારે આખય આતમ, અસંખ્યાત પ્રદેશરે
તાહરા ગુણ છે અનંતા, કીમ કરૂતાસ નિવેસરે—૫
એક એક પ્રદેશ તાહરે, ગુણ અનંતનો વાસરે.
એમ કરી તુજ સહજ મીળત, હુંએ જ્ઞાન પ્રકાશરે—૬
ધ્યાન ધ્યાતા ધ્યેય એકે, એકી ભાવ હોએ એમરે,
એમ કરતાં સેવ્ય સેવક, ભાવ હોએ ક્ષેમરે—૭
શુદ્ધ સેવા તાહરી જે, હોય અચળ સ્વભાવરે
જ્ઞાન વિમળ શુરિંદ પ્રભુના, હોએ સુજશ જમાવરે—૮

રીખવ જીનેશ્વરનું સ્તવન.

રીખવ જીનેસર પ્રિતમ મહારોરે, ઓર ન ચાહુંરે કંત,
રીઝયો સાહેબારે સંગ ન પરિહરે, ભાંજે સાદી અનંત-૧.

પ્રીત સગાઇરે જગમાં સહુ કરે, પ્રિત સગાઇ ન કોઇ,
પ્રિત સગાઇરે નિરૂપાધિક કહીરે, સોપાધિક ધન ખોઇ-૨.
કોઇ કંત કારણ કાષ્ટ ભક્ષણ કરે, મળશું કંત ને ધાઇ,
એ મેલો હોએ કહો કેમ સંભવે, મળશું ઠામ ન ઠાય,-૩.
કોઇ પતિ રંજન અતિ ઘણો તપ કરે, પતિ રંજન તન તાપ,
એ પતિ રંજન મેં નવી ચિત્ત ધર્યો, રંજન ધાતુ મેળાપ-૪.
કોઇ કહે લીલારે લલખ અળખ તણી, લખ પુરે મન આશ,
દોષ રહિત ને લીલા નવી ઘટે, લીલા દોષ વિલાસ-૫.
ચિત્ત પ્રસન્નરે પૂજન ફળ કહ્યું, પૂજા અખંડિત એહ,
કપટ રહિત થઇ આતમ અરપણો, આનંદ ઘન પદ રેહ-૬.

તિર્થંકર સ્તવન સંગ્રહ.

(૧) શ્રી રીખવદેવ સ્તવન.

(મહા વિદેહ ક્ષેત્ર સોહામણું એ દેશી)

જગ જીવન જગ વાલહો, મરૂદેવીનો નંદ લાલરે; મુખ દીઠે
સુખ ઉપજે દર્શન અતિહિ આનંદ લાલરે ॥ જગ૦ ॥ ૧ ॥
આંખડી અંબુજપાંખડી, અષ્ટમી શશિ સમ ભાલ લાલરે,
વદન તે શારદ ચંદલો વાણી અતિહિ રસાલ લાલરે ॥જગ૦॥૨॥
લક્ષણ અંગે વિરાજતાં અડસહસ ઉદાર લાલરે; રેખા
કર ચરણાદિકે અભ્યંતર નહિ પાર લાલરે ॥જગ૦॥૩॥
ઈંદ્ર ચંદ્ર રવિ ગિરિ તણા, ગુણ લઇ ઘડિયું અંગ લાલરે,
ભાગ્ય કિહાં થકી આવિયું અચરિજ એહ ઉતંગ લાલરે ॥જ૦॥૪॥
ગુણ સઘળા અંગી કર્યા દૂર કર્યા સવિ દોષ લાલરે; વાચક
યશ વિજયે થુણ્યો દેજો સુખનો પોષ લાલરે; ॥જગ૦॥૫॥

---

(૨) અથ શ્રી ઋષભજીન સ્તવનમ.

આદિ જીનં વંદે ગુણસદનં, સદનંતામલ બોધરે; બોધનતા
ગુણ વિસ્તૃતકીર્તિ, કીર્તિતપથમ વિરોધરે. ॥ આદિ૦ ॥૧॥
રોધ રહિત વિસ્ફુર ઉપયોગં, યોગં દધત મભંગરે; ભંગનય

વ્રજ પેશલ વાચં, વાચં યમ સુખ સંગંરે. ॥ આદિ૦ ॥૨॥
સંગત પદ શુચિ વચન તરંગં રંગં જગતિ દદાનંરે; દાન
સુરદ્રુમ મંજુલ હૃદયં હૃદયંગમ ગુણ ભાનંરે ॥ આદિ૦ ॥૩॥
ભાનંદિત સુરવર પુન્નાગં, નાગર માનસ હંસંરે, હંસગતિં
પંચમગતિ વાસં, વાસવ વિહિતાશંસંરે. ॥ આદિ૦ ॥૪॥
શંસંતં નયવચન મનવં, નવ મંગલ દાતારંરે; તાર
સ્વર મઘઘન પવમાનં, માન સુભટ જેતારંરે. ॥ આદિ૦ ॥૫॥
ઇત્થિં સ્તુતઃ પ્રથમ તીર્થપતિઃ પ્રમોદાત્, શ્રીમદ્ યશો
વિજય વાચક પુંગવેન, શ્રી પુંડરીક ગિરિરાજ વિરાજમાનો
માનોન્મુખાનિ વિતનોતુ સતાં સુખાનિ ॥ ૬ ॥ ઇતિ ॥

---

(૨) શ્રી ઋષભદેવનાં સ્તવન.

(હરે મ્હારે યોવનીઆનો લટકો દાહાડા ચાર જો એ દેશી)

હાંરે આજ મળિઓ મુજને તીન ભુવનનો નાથ જો,
ઉદયો સુખ સુરતરૂ મુજ ઘટ ઘર આંગણે રે જો ॥
હાંરે આજ અષ્ટ મહાસિદ્ધિ આવી મારે હાથ જો,
નાઠા માઠા દાહાડા દરિસણ પ્રભુ તણેરે જો ॥ ૧ ॥
હાંરે મ્હારે હિયડે ઉલટી ઉલટ રસની રાશિ જો,
નેહ સલુણી નજર નિહાળી તાહરીરે જો ॥
હાંરે હું તો જાણું નિશદિન બેસી રહું તુજ પાસ જો ॥
વાહરે નેહે ભેદી મીંજી માહરીરે જો ॥ ૨ ॥
હાંરે મ્હારી પૂગી પૂરણ રીતે મનની હુંશ જો,

દુરજનિયાં તે દુઃખ ભર્યા આવટશે પડયારે જો ॥
હાંરે પ્રભુ તું તો સુરતરૂ બીજા જાણ્યા તૂસ જો,
તુજ ગુણ હીરો મુજ હિયડા ઘાટે જડયોરે જો ॥૩॥
હાંરે પ્રભુ તુજશું મ્હારે ચોળ મજીઠો રંગ જો,
લાગ્યો એહવો તે છે કુણ ટાળી શકેરે જો ॥
હાંરે પ્રભુ પલટે તેતો કાચોં રંગ પતંગ જો,
ડાઘ ન લાગે દુરજનનો કો મુજ શકેરે જો ॥ ૪ ॥
હાંરે પ્રભુ તાહરી મુદ્રા સાચી મોહનવેલ જો,
મોહ્યા તીન ભુવન જન પ્રાસ ચસ રહ્યારે જો ॥
હાંરે પ્રભુ જે નવિ રંજ્યા તે સુરતરૂને કેલિ જો,
દુઃખ વિષ વેલિ આદર કરવા નિસર્યારે જો ॥ ૫ ॥
હાંરે પ્રભુ તાહરી ભકિત ભીન્યું મહરૂં ચિત્ત જો,
તલ જિમ તેલે તેલે જેમ સુવાસનારે જો ॥
હાંરે પ્રભુ તાહરી દીઠી જગમાં નાટી રીત જો,
સફળ ફળ્યા અરદાસ વચન મુજ દાસનારે જો ॥૬॥
હાંરે માહરે પ્રથમ પ્રભુજી પૂરણ ગુણનો ઇશ જો,
ગાતાં ઋષભ જીણેસર હુશે મન તણીરે જો,
હાંરે મ્હારે વિમલ વિજય વર વાચકને શુભ શિષ્ય જો,
રામે પામી દિન દિન દોલત અતિ ઘણીરે જો ॥૭॥

(૨)

ઋષભ જિણંદશું પ્રીતડી, કિમ કીજે હો કહો ચતુર વિચાર
પ્રભુજી જઇ અલગા વસ્યા. તિહાં કિણે નવિ હો કો વચન ઉચ્ચાર ॥ ઋ૦ ॥ ૧ ॥

કાગળ પણ પહોંચે નહિ, નવિ પહોંચે હો તિહાં કો પરધાન ॥
જે પહોંચે તે તુમ સમો, નવિ ભાખે હો કોનું વ્યવધાન ॥ઋ.॥૨॥
પ્રીત કરે તે રાગિયા, જીનરાજ હો તુમે તો વીતરાગ ॥
પ્રીતડી જેહ અરાગીથી, ભેળવવી હો લોકોત્તર માગ ॥ઋ૦॥૩॥
પ્રીતિ અનાદિની વિષ ભરી, તે રીતે હો કરવા મુજ ભાવ ॥
કરવી નિરવિષ પ્રીતડી, કિણ ભાતે હો કહો બને
બનાવ ॥ ઋ૦ ॥ ૪ ॥
પ્રીતિ અનંતી પર થકી, જે તોડે હો તે જોડે એહ ॥
પરમ પુરૂષથી રાગતા, એકત્વતા હો દાખી ગુણ ગેહ ॥ઋ૦॥૫॥
પ્રભુને અવલંબતાં, નિજ પ્રભુતા હો પ્રગટે ગુણરાસ ॥ દેવ
ચંદ્રની સેવના, આપે મુજ હો અવિચળ સુખવાસ ॥ ઋ૦ ॥ ૬ ॥

રૂષભદેવ સ્તવન.

પ્રભુજી ઓલભડે મત ખીજો, બાલપણે આપણ સસનેહિ,
રમતા નવ નવ વેષે; આજ તુમો પામ્યા પ્રભુતાઇ,
અમે તો સંસારને વેષે હો. પ્ર૦ ॥ ૧ ॥
જો તુમ ધ્યાતાં શિવસુખ લહીયેં તો તુમને કેઇ ધ્યાયે
પણ ભવસ્થિતિ પરિપાક થયા વિણ, કોઈ ન મુગતિં
જાયે હો. પ્ર૦ ॥ ૨ ॥
સિદ્ધ નિવાસ લહે ભવિ સિદ્ધિ, તેહમાં શ્યો પાડ તુમારો;
તો ઉપગાર તુમારો વહિએ, અભવ્ય સિદ્ધનો તારો હો. પ્ર૦॥૩॥
નાણરયણ પામી એકાંતે, થઇ બેઠા મેવાસી; તે માંહેલો
એક અંશ જો આપો, તે વાતે શાબાશી હો. પ્ર૦ ॥ ૪ ॥

અક્ષયપદ દેતાં ભવિજનને, સંકીર્ણતા નવી થાય, શિવપદ
દેવા જો સમરથ છો, તો જશ લેતાં શ્યું જાય હો. પ્ર૦ ॥૫॥
સેવા ગુણ રંજ્યો ભવિજનને જો તુમે કરો વડભાગી; તો
તુમે સ્વામી કેમ કહાવો, નિર્મમ ને નિરાગી હો. પ્ર૦ ॥ ૬ ॥
નાભિનંદન જગવંદન પ્યારો, જગગુરૂ જગ જયકારી, રૂપ
વિબુધનો મોહન પભણે વૃષભ લંછન બલીહારી હો. પ્ર૦ ॥૭॥

અજીત જીન સ્તવન.

(હવે ન જાઉં મહી વેચવારે લો)

અજીત જીનેસર સાહિબારે લો. વિનતડી અવધાર,
મારા વાલાજીરે ॥ હવે ન છોડું તોરી ચાકરીરે લો.
તું મનરંજન માહરોરે લો, દિલડાનો જાણણહાર—મારા.
લાખ ચોરાશી હું ભમ્યોરે લો. કાળ અનંતો અનંત,
ઓળખ લીધી મે પ્રભુ તાહરીરે લો. ભાંગી છે ભવ તણી ભ્રાંત-મારા.
કરીશું નજર હવે ચાહિલારે લો દીઅધરો દિલમાંહ—મારા.
લાખ ગુન્હે પણ તાહરોરે લો, સેવક છું મહારાય—મારા.
અવગુણ ગણતાં માહરો લો. નહિ આવે પ્રભુજીપાર—મારા.
પણ જીન પ્રવચંરણની પહેરે, લો તુમે છો તારણહાર—મારા.
તમ અયોધ્યાના ધણિરે લો વિજયા ઉરસર હંસ—મારા.
જીતશત્રુ તાતનો નંદલોરે લો, ધન ઇસ્વાકુનો વંસ—મારા.
ધનુષ સાઢાચારની રેલો દેહડી, રંગ સનુંર—મારા.
બહોતેર પુરવ લાખનુરે લો, આયુ અધિસુક ખ કર—મારા.
પાંચમે આરે તું મળ્યોરે લો, પ્રગટ્યાં છે પુન્ય નિધાન-મારા.
સુમતિ ગુરૂપદ સેવતાંરે લો, હાલ અધિક તનુ વાન—મારા.

શ્રી સંભવજીન સ્તવન.

સમકિત દાતા સમકિત આપો, મન માગે થઇ મીઠું;
છતી વસ્તુ દેતા શું શોચો, મીઠું તે સહુએ દીઠું;
પ્યારા પ્રાણ થકી છો રાજ, સંભવ જીનવર મુજને-૧.
એમ મત જાણો જે આપે લહીએ, તો લાધ્યું શું લેવું,
પણ પરમારથ પ્રીછી આપે, તેહજ કહીએ દેવું-૨.
આહ અર્થી હું અર્થ સમર્પક, એમ મત કરજો હાંસું;
પ્રગટ ન હતું તુમને પણ પહેલા, જોઈ હાંસાનું પાસું-૩.
પરમ પુરૂપ તમે પ્રથમ ભજીને, પામ્યા એ પ્રભુતાઈ;
તેણે રૂપે તુમને ભજીએ, તેણે તુમ હાથે વડાઇ-૪.
તુમે સ્વામી હું સેવા કામી, મુજરે સ્વામી નિવાજો;
નહિ તો હઠ માંડી માંગતા, સેવક કોણ વિધ લાજે-૫.
જ્યોતે જ્યોત મીલે મત પ્રીછો, કોણ લેશે કોણ વરસે;
સાચી ભકિતને હંસ તણી પરે, ખીર નીર મય કરશે-૬.
ઓલગ કીધી લેખે આવી, ચરણ ભેટ પ્રભુ દીધી;
રૂપ વિબુધનો મોહન પભણે, રસના પાવન કીધી-૭.

શ્રી અજીતનાથજી સ્તવન.

(ઓધવજી સંદેશો કહેજો શ્યામને. એ દેશી.)

પ્રીતલડી બંધાણીરે અજીત જીણંદ શું,
કાંઈ પ્રભુ પાખે ક્ષણ એક મન ન સુહાયજો,
ધ્યાનની તાલીરે લાગી નેહ શું,
જલદ ઘટા જીમ શિવસુત વાહન દાયજો-પ્રીતલડી૦-૧.

નેહ ઘેલું મન મારૂંરે પ્રભુ અલજે રહે,
તન મન ધન એ કારણથી પ્રભુ મુજજો,
મારે તો આધારરે સાહિબ રાવલો,
અંતર ગતનું પ્રભુ આગળ કહ્યું ગુજજો—પ્રીતલડી૦—૨.
સાહેબ તે સાચોરે જગમાં જાણીએ,
સેવકના જે સહેજે સુધારે કાજ જો:
એહવેને આચરણે કેમ કરીને રહું,
બિરૂદ તુમારો તારણ તરણ જહાજ જો—પ્રીતલડી૦—૩.
તારકતા તુજ માંહેરે શ્રવણે સાંભળી,
તે ભણી હું આવ્યો છું દીન દયાલ જો.
તુજ કરૂણાની લહેરેરે મુજ કારજ સરે,
શું ઘણું કહીએ જાણ આગલ કૃપાલ જો—પ્રીતલડી૦—૪.
કરૂણા દ્રષ્ટિ કીધીરે સેવક ઉપરે,
ભવ ભવ ભાવઠ ભાંગી ભકિત પ્રસંગ જો,
મન વંછિત ફલીયાંરે જીન આલંબને,
કર જોડી મોહન કહે મન રંગ જો—પ્રીતલડી૦—૫.

અજીતજીન સ્તવન.

(રાગ સોરઠી.)

તાર કીરતાર સંસાર સાગર થકી, ભગત જન વીનવે રાત દીશે,
અવર દ્વારાંતરે જાઈ ઉભા રહ્યા, તાહરો પણ ભલે, નહિ દીસે ॥
॥ ૧ ॥ તા૦ ॥

આપણે કોડી કર જોડી જે ઓળગે, દાસ અરદાસ તે કરણ પાવે,
પણ ધણી જો હુવે જાણ એવા તણે, તો કીસું ભગત પાસે કહાવે ॥
॥ ૨ ॥ તા૦ ॥

માહરો કથન મન માંહી જો આણસ્યો, પુરશો તો સહિ એહ આશા,
કેડે લાગ્યા તીકે કેડ કેમ મુકશે, તેથી કાંઈ એક કરિસો દિલાસા ॥
॥ ૩ ॥ તા૦ ॥

શું વલી તારવા કે નવા આવશે, અજીત જીન એટલું શું વિમાસે,
અકળ જીનરાજનો માજનો કુણ વહે, સહિ તે તરે જે રહે
તુજ પાસે ॥ ૪ ॥ તા૦ ॥

અજીતજીન સ્તવન.

અજીત જીણેશર ચરણની સેવા હેવા એહું હલીઓરે.
કહીએ અણુ ચાખ્યો પણ અનુભવ રસનો ટાણો મલીઓ ॥ ૧ ॥
પ્રભુજી મહેર કરીને આજકાજ હમારા સારો,
મુકાવ્યો પણ હું નવી મુકું, ચુકુ એ નવી ટાણોરે,
ભકતીભાવ ઉઠયો જે અંતરે તે કેમ રહે શરમાણો ॥ ૨ ॥
લોચન શાંત સુંધારસ સુભગા મુખ મટકાળુ સુપ્રસન્નરે,
યોગ મુદ્રાનો લટકો ચટકો, અતિશયનો અતિ ધન્ન ॥ ૩ ॥
પીંડ પદસ્થ રૂપસ્થ લીનો, ચરણ કમળ તુજ ગ્રહીઆ,
ભ્રમર પરે રસ સ્વાદ ચખાવો, વીર કાં કરો મહીયાં ॥ ૪ ॥
બાળ કાળમાં વાર અનંતી, સામગ્રીયે હું નવી જાગ્યો,

યૌવન કાળે તે રસ ચાખન, તું સમરથ પ્રભુ માંગ્યો ॥ ૫ ॥
તું અનુભવ રસ દેવા સમરથ, હું પણ અરથી તેહનો.
ચિત્ત વિત્તને પાત્ર સંબંધી, અજર રહ્યો હવે કેહનો ॥ ૬ ॥
પ્રભુની મેહેરે તે રસ ચાખ્યો, અંતરંગ સુખ પામ્યોરે,
માન વિજય વાચક એમ જંપે, હુઓ મુજ મન કામ્યો ॥૭॥પ્ર૦॥

સંભવનાથ સ્તવન.

સાહિબ સાંભળોરે, સંભવ અરજ અમારી.
ભવોભવ હું ભમ્યોરે, ના લહી સેવા તુમારી,
નરક નીગોદમાંરે, તિહાં હું બહુ ભવ ભમીયો,
તુમ વિના દુઃખ સહ્યાંરે, અહનિશ ક્રોધે ધમધમીયો—સાહિબ.—૧
ઇંદ્રી વશ પડ્યારે, પાળ્યા વ્રત નવી હુંશે,
તૃણ પણ નવી ગણ્યારે, હણીયા થાવર હુંશે,
વ્રત પણ ચિત્ત નવી ધર્યારે, બીજું સાચું ન બોલ્યું,
પાપની ગોઠડીરે, તિહાં મેં હૈડલું ખોલ્યું—સાહિબ.—૨
ચોરી મેં કરીરે, ચૈવિહ અદત્ત ન ટાળ્યું,
શ્રી જીન આણશુંરે, મેં નવી સંજમ પાળ્યું,
મધુકર તણી પરેરે, શુદ્ધ ન આહાર ગવેષ્યો,
રસના લાલચેરે, નિરસ પિંડ ઉવેખ્યોરે—સાહિબ.—૩
નરભવ દોહિલોરે, પામી મોહ વશ પડિયો,
પરસ્ત્રી દેખીનેરે, મુજ મન ત્યાં જઈ અડીયો,
કામ ન કો સર્યાંરે, પાપે પિંડ મેં ભરીયો,
શુદ્ધ બુદ્ધ નવી રહીરે, તેણે નવિ આતમ તાર્યો—સાહિબ.—૪

લક્ષ્મીની લાલચેરે, મેં બહુ દીનતા દાખી,
તોપણ નવી મળીરે, મળી તો નવી રહી રાખી.
જે જન અભિલખેરે, તેહ તો તેહથી નાસે,
તૃણસમ જે ગણેરે, તેહને નિત્ય રહે પાસે–સાહિબ.–૫
ધન્ય ધન્ય તે નરારે, એહનો મોહ વિછોડી,
વિષય નિવારીનેરે, જેહને ધર્મમાં જોડી,
અભક્ષ તે મેં ભખ્યાંરે, રાત્રી ભોજન કીધાં,
વ્રત નવી પાળીયાંરે, જેહવા મુખથી લીધાં–સાહિબ.–૬
એમ અનંતા ભવ ભમ્યોરે, ભમતાં સાહિબ મળીયો,
તુમ વીણ કોણ દીયેરે, બોધ રયણ મુજ બળીયો,
સંભવ આપજોરે, ચરણ કમળ તુજ સેવા,
નય એમ વિનવેરે, સુણજો દેવાધી દેવા–સાહિબ.–૭

સંભવજીન સ્તવન.

(મન મધુકર મોહી રહ્યો–એ દેશી.)

સંભવ જિનવર વિનતી, અવધારો ગુણ જ્ઞાતારે; ખામી નહિ મુજ ખિજમતે, કદીય હોશો ફલદાતારે ॥ સંભવ૦ ॥ ૧ ॥ કર જોડી ઉભો રહું, રાત દિવસ તુમ ધ્યાનેરે; જો મનમાં આણો નહીં, તો શું કહીએ છાનોરે ॥ સંભવ૦ ॥ ૨ ॥ ખોટ ખજાને કો નહીં, દીજે વંછીત દાનોરે; કરૂણા નજર પ્રભુજી તણી, વાધે સેવક વાનોરે ॥ સંભવ૦ ॥ ૩ ॥ [illegible] મુજ મત [illegible]ણો, ભાવ [illegible] તુ[illegible]

હાથેરે; લડથડતું પણ ગય બચ્યું, ગાજે ગજવર સાથેરે ॥ સંભવ૦ ॥ ૪ ॥ દેશો તો તુમહી ભલા, બીજા તો નવિ જાચુંરે; વાચક યશ કહે સાંઈશું, ફલશે એ મુજ સાચુંરે ॥ સંભવ૦ ॥ ૫ ॥

---

૨૩ શ્રી અભિનંદન જિન વાણી મહિમા સ્તવન.

તુમે જોજો જોજો રે, વાણીનો પ્રકાશ, તુમે જોજો જોજો રે.
ઉઠે છે અખંડ ધ્વની, જોજને સંભલાય:
નર તિરિય દેવ આપણી, સહુ ભાષાએ સમજાય　　તુમે૦ ૧
દ્રવ્યાદિક દેખી કરીને, નય નિક્ષેપે જુત્ત:
ભંગ તણી રચના ઘણી, કાંઈ જાણે સહુ અદ્‌ભુત.　　તુમે૦ ૨
પય સુધા ને ઇક્ષુ વારિ, હારી જાયે સર્વ;
પાખંડી જન સાંભળીને, મુકી દીયે ગર્વ,　　તુમે૦ ૩
ગુણ પાંત્રીશે અલંકરી, કાંઈ અભિનંદન જિન વાણ:
સંશય છેદે મન તણા, પ્રભુ કેવલ જ્ઞાને જાણ.　　તુમે૦ ૪
વાણી જે જન સાંભળે, તે જાણે દ્રવ્ય ને ભાવ;
નિશ્ચય ને વ્યવહાર જાણે, જાણે નિજ પર ભાવ.　　તુમે૦ ૫
સાધ્ય સાધન ભેદ જાણે, જ્ઞાન ને આચાર:
હેય જ્ઞેય ઉપાદેય જાણે, તત્વાતત્વ વિચાર.　　તુમે૦ ૬
નર્ક સ્વર્ગ અપવર્ગ જાણે, થિર વ્યય ને ઉત્પાદ
રાગ દ્વેષ અનુબંધ જાણે. ઉત્સર્ગ ને અપવાદ.　　તુમે૦ ૭

નિજ સ્વરૂપને ઓલખીને, અવલંબે સ્વરૂપ;
ચિદાનંદ ઘન આત્મા તે, થાયે નિજ ગુણ ભૂપ. તુમે૦ ૮
વાણીથી જિન ઉત્તમ કેરા, અવલંબે પદ પદ્મ
નિયમા તે પર ભાવ તજીને, પામે શિવપુર સદ્મ તુમે૦ ૯

અભિનંદન સ્તવન.

(આજની હેજેરે દીસે નાહીલો—એ ચાલ.)
અભિનંદન જીન દરસન તરસીએ, દર્શન દુર્લભ દેવ,
મત મત ભેદેરે જો જઇ પૂછીએ, સહુ થાપે અહમેવ ॥ ૧ ॥
સામાન્યે કરી અતિ દોહીલું, નિર્ણય સકળ વિશેષ,
મદમેં ઘેર્યોરે આંધો કેમ કરે, રવિ શશિ રૂપ વિશેષ ॥ ૨ ॥
હેતુ વિવાદે હો ચિત્ત ધરી જોઇએ. અતિ દુર્ઘટ નયવાદ,
આગમ વાદે હો ગુરૂગમ કો નહી, એ સબળો વિષવાદ ॥ ૩ ॥
ઘાતી ડુંગર આડા અતિ ઘણા, તુજ દરિશન જગનાથ.
ધીઠાઇ કરી મારગ સંચરે, સેંગુ કોઇ ન સાથ ॥ ૪ ॥
દરિશન દરિશન રટતો હું ફીરૂ, તો રણ રોઝ સમાન,
જેને પિપાસારે અમૃત પાનની, કિમ ભાંજે વિષપાન ॥ ૫ ॥
તરસ ન આવે હો મરણ જીવન તણો, સિઝે જો દરિસન કાજ
દરસન દુર્લભ સુલભ કૃપા થકી, આનંદ ઘન મહારાજ ॥
॥ ૬ ॥ અભિ૦ ।

અભીનંદન સ્તવન.

(તિરથની આશાતના નવિ કરીએ)

અભિનંદન જીનરાજને નિત્યવંદો, હાંરે નીત્ય વંદોરે નિત્યંવંદો,
હાંરે નિત વંદીને પાપ નિકંદો, હાંરે એ છે દીન દયાળ—અભિનંદન.૧
નંદન સંવર રાયનો સુખકારી, હાંરે એની મુરતી મોહનગારી,
હાંરે સૌ સંઘને લાગે છે પ્યારી, હાંરે એ તો કૃપાવતાર—અભિનંદન.૨
સિધ્ધાર્થ રાણી માતાની કુખે આવ્યા, હાંરે સાડા ત્રણસેં
ધનુષની કાયા.
હાંરે કંચન વરણી તજી જેને માયા, હાંરે પ્રભુ ક્ષમા
ભંડાર—અભિનંદન. ૩
પચાસ લાખ પુરવ તણું જીન આયું, હાંરે સરીએ મુખથી,
એમ ગાયું,
હાંરે ભવી જીવોના મનમાં ભાવ્યું, હાંરે પ્રભુ જ્ઞાન દાતાર—અભિનંદન.૪
અયોધ્યા નગરી વળી બહુ દીપે. હાંરે જાણે સ્વર્ગ પુરીને જીપે,
હાંરે ચોથા જીનવર કર્મને ટીપે, હાંરે સિદ્ધિ પ્રભુ ગુણ ગાય
અભિનંદન. ૫

સુમતીજીન સ્તવન.

ધન ધન દિવસ આજનો માહરેરે, ધન ધન વલી ઘડી એહ,
ધન ધન સમય વલી જે તાહરરે, દરસણ દીઠું નયણેહ ॥ ૧ ॥
માહારૂ મન માન્યુરે સુમતિ જીણંદસ્યુંરે ॥ સુંદર મુરતિ દીઠી મેં
તાહરીરે, કેટલે દીવસે આજ, નયન પાવન થયા પ્રભુજી માહરારે,

પાપ તિમિર ગયાં ભાજ ॥ ૨ ॥ મા૦ ॥ ખાસો ખીજમતગાર તે જાણીનેરે, કરૂણા ધરો મન માંહે, સેવક ઉપર હિત બુધ આણીનેરે ॥ ધરે વલી હૃદય ઉમાહ ॥ ૩ ॥ મા૦ ॥ નિર્મલ સેવામૃત મુઝ આપીએરે ॥ જીમ બુઝે ભવનારે તાપ, હવે દરિસણનો વિરહ તે મત કરોરે, વલીમેં તજ્યો મનનો સંતાપ ॥ ૪ ॥ મા૦ ॥ ઘણું ઘણું સ્યુ કહિએ તુમનેરે, છો તુમે ચતુર સુજાણ, મુઝ મનવંછિત પૂરજો એમ ભણેરે, પંડિત પ્રેમનો ભાણ ॥ ૫ ॥ મા૦ ॥ ઇતિ ॥

પદ્મપ્રભુજી સ્તવન.

(વાહાલો મારો દીએ છે દેશનારે,

અંતર જામી પ્રભુ માહારારે, પદ્મપ્રભુ વિતરાગ, સનેહલ સામુખ પેખનારે, મેં ધર્યો તુજથી રાગ ॥ ૧ ॥ વાહાલો મારો પદ્મજીન સેવીયેરે ॥ ગુણ સત્તાધર ઓલખેરે ॥ તે ગુણ ગુણનો જાણ, અવગુણ છાંડીને ગુણસ્તવેરે, તે જશ જગત્ર પ્રમાણ ॥ ૨ ॥ વહાલો ॥ અંગ થકીરંગ ઉપનોરે ॥ જેમ ચાતક ઘન મેહ, તેલ બિંદૂ જેમ વિસ્તરેરે ॥ તેમ હમ તુંજશું નેહ ॥ ૩ ॥ વા૦ ॥ સુરનર ઇંદ મુનીવરારે અહનિશ ધરે તુજ ધ્યાન, સરીખી સરીખી સાહેલીરે, ગાવે જીન ગુણ ગાન ॥ ૪ ॥ વહાલા ॥ ચરણ કમળની ચાકરીરે ॥ અવિહડ ધરજો નેહ॥ નવળ વિજય જીન સાહેબારે ॥ ચતુરની વધતી રેહ ॥ વાહાલો ॥ ૫ ॥ ॥ ઇતિ ॥

સુપાર્શ્વજીન સ્તવન.

શ્રી સુપાસ જીનરાજનુંરે, મુખ દીઠે સુખ હોઇરે,
માનુ સકળ પદમેં લહ્યુંરે, જો તું નેહ નજર ભરી જોય,
એ પ્રભુ પ્યારોરે, માહરા ચિત્તનો ઠારણહાર ॥ મોહનગારોરે-૧.
સિંચે વિશ્વ સુધારસેરે, ચંદ રહ્યો પણ દુરરે,
તીમ પ્રભુ કરૂણા દ્રષ્ટિથીરે, લહિયે સુખ મહમૂર-એ-૨.
વાચક જશ કહે તીમ કરોરે, રહિયે જેમ હજુરરે,
પીજે વાણી મીઠડીરે, જેહવો સરસ ખજુરરે-એ-૩,

સુવિધિ જીન સ્તવન.

તાર ભવ પાર ઉતાર સુવિધિ પ્રભો સાર મુજ એટલી
દેવ કીજે. મોહ મહા જોરજન દ્રોહ કારી ઘણો તેહને
દુર દેશોટ દીજે ॥ તા૦ ॥ ૧ ॥
એક પણ નેક પરિ ઝુઝતો મહાબળી વાગતો ભાગતો કદી
ન દીસે, આણુ તુજ બાણુ સાણી ચઢાવી અસિ.
એહની નારી વિધવા કરીસે. ॥ તા૦ ॥ ૨ ॥
રાગ પણ છાગ પરિ નાશતો દેખીએ, આ પ્રભુ તાહરી
હાક વાગે ॥ દ્વેષ તજી રેખ મદ જાએ ગિરિ કંદરે આવતો
ધાવતો કદી ન ગાજે ॥ તા૦ ॥ ૩ ॥
કામ મુખ શામ કરી દુષ્ટ ઘરે ટલે ઉછળે ધ્યાન તુંઝ
નાળ ગોળા, બાપડી લાપડી શું કરે રતિ પ્રિયા, રોવતાં
તેહનાં જાય ડોળા ॥ તા૦ ॥ ૪ ॥

નાથ ધર હાથ મુજ મસ્તકે પ્રેમશું એટલે મોહનું
સૈન ભાંજે, મોક્ષની ફોજમાં રહું ચિદાનંદની સત્ય
સુખાસન યાન લાધે.

શ્રી ચંદ્રપ્રભુજી.

॥ રાગ ॥ રાયજી અમે નહિ દુવાણા કે રાજ ગરાશીઓરે લોલ—એ દેશી

જીનજી ચંદ્ર પ્રભુ અવધારો કે નાથ નીહાળજોરે લોલ ॥
બમણી બિરૂદ ગરીબ નિવાજકે વાચા પાળજોરે લોલ ॥
હરખે હું તુમ શરણે આયો કે મુજને રાખજોરે લોલ ॥
ચોરતા ચાર ચુગલ જે ભુંડાં કે તેને દુરે નાંખજોરે લોલ ॥ ૧ ॥
પ્રભુજી પંચ તણી પ્રસંશા કે રૂડી થાપજોરે લોલ ॥
મોહન મહેર કરીને દરીશન મુજને આપજોરે લોલ ॥
તારક તુમ પાલવ મેં ઝાલ્યો કે હવે મુજને તારજોરે લોલ ॥
કુતરી કુમતિ થઇ છે કેડે કે તેહને વારજોરે લોલ ॥ ૨ ॥
સુંદરી સુમતી સોહાગન સારી કે પ્યારી છે ઘણુંરે લોલ ॥
તાતજી તે વિણ જીવે ચૌદ ભુવન કેરૂ આંગણુંરે લોલ ॥
લખ ગુણ લખમણા રાણી જાયો કે મુજ મન આવજોરે લોલ ॥
અનુભવ અનુપમ અમૃત મીઠી કે, સુખડી લાવજોરે લોલ ॥ ૩ ॥
દીપતી દોઢસો ધનુષ્ય પ્રમાણ કે પ્રભુજીની દેહડીરે લોલ ॥
દેવની દસ પુરવ લખમાને કે આયુષ વેલડીરે લોલ ॥
નિર્ગુણ નીરાગી પણ રાગી કે મન માંહે રહ્યોરે લોલ ॥
શુભ ગુરૂ સુમતિ વિજય સુપસાયકે રાગે સુખ લહ્યોરે લોલ ॥૪॥

સુવિધિનાથજીનું સ્તવન.

(રાગ કેદારો.)

મે કીનો નહીં તુમ વીન ઓરશું રાગ ॥ દીન દીન વાન વધે
ગુણ તેરો, જીઉં કંચન પરભાગ ॥ ઓરનમે હે કસાયકી
કાલીપ સો કયું સેવા લાગ ॥ મે૦ ॥ ૧ ॥
રાજહંસ તું જ્ઞાન સરોવર, ઓર અશુચિ કાગ,
વિષય ભુજંગમ ગરૂડ તું કહીએ. ઓર વિષય વિષ નાગ ॥મે૦॥૨॥
ઓર દેવ જલ છીલર સરીખો તું તો સમુદ્ર અથાગ,
તું સુરતરૂ જન વંછીત પુરણ ઓર તો સુકે સાગ. મે૦ ॥ ૩ ॥
તું પુરુષોતમ તુંહી નીરંજન તું શંકર વડ ભાગ.
તું બ્રહ્મા તું બુદ્ધી મહાબલ તુંહીજ દેવ વીતરાગ. મે૦ ॥ ૪ ॥
સુવીધિનાથ તુજ ગુણ ફુલનકો મેરો દીલ હે બાગ,
જશ કહે ભમર રસીક હોય તાકું દીજે ભકિત પરાગ ॥મે૦॥ ૫ ॥

શ્રી સુવિધિ જીન સ્તવન.

॥ રાગ ॥ પ્રથમ ગોવાળ તણે ભવેજી ॥ એ દેશી ॥

જગજીવન જીન ચંદ મલીઓ તું પ્રભુએ સમેજી, ફલીઓ
સુર તરૂ વૃંદ ॥ ૧ ॥
સુવિધિ જીન તુમ્હશુ અવિહડ નેહ ॥ જેમ બપૈયા મેહ ॥સુ૦॥
માનુ મઇ મરૂ મંડળેજી પામ્યો સુરતરૂ સાર ॥
ભુખ્યાને ભોજન ભલુંજી તરસ્યાને અમૃત વારિ ॥ સુ૦ ॥ ૨ ॥
દુષિત દૂષમ કાળમાંજી પુરવ પુણ્ય પ્રમાણ,
તું સાહિબ જો મુઝ મીલ્યોજી, પ્રગટ્યો આજ વિહાણ, ॥ સુ૦ ॥ ૩ ॥

સમરણ પણ પ્રભુજી તણુંજી, જે કરે તે કૃત પુણ્ય ॥
દરિસણ જે એ અવસરેજી, પામે તે ધન્ય ધન્ય ॥ સુ૦ ॥ ૪ ॥
ધન્ય દિવસ ધન્ય એ ઘડીજી ધન્ય મુજ વેલારે એહ.
જગજીવન જગ વાલહોજી ભેટયો તું સસ્નેહ ॥ સુ૦ ॥ ૫ ॥
આજ ભલી જાગી દશાજી, ભાંગી ભાવઠ દુર ॥
પામી વાંછીત કામનાજી, પ્રગટયો સહજ સનુર ॥ સુ૦ ॥ ૬ ॥
અંગીકૃત નિજદાસનીજી, આશા પુરોરે દેવ ॥
નય વિજય કહે તો સહિજી, સુગુણ સાહેબની સેવા ॥ સુ૦ ॥ ૭ ॥ ઇતિ

શીતલજીન સ્તવન.

અલી કદી આવેગો—એ દેશી.

શ્રી શીતલજીન ભેટીએ કરી ચોખ્ખું ભગતે ચિત ॥ તેહ સું
કહો છાનું કીસ્યું જેને સોંપ્યા તનમન ચિત ॥ શ્રી ॥ ૧ ॥
દાયક નામે છે ઘણા પણ સાયર તે કુપ ॥ હો ॥ તે બહુ
ખજુઆ ટગટગે તું દીનકર તેજ સ્વરૂપ હો, ॥ શ્રી. ॥ ૨ ॥
મોટો જાણી આદર્યો, દારિદ્ર ભાજે જગ તાત હો ॥ તું
કરૂણાવંત શિરોમણિ હું કરૂણાપાત્ર વિખ્યાત હો ॥ શ્રી. ॥ ૩ ॥
અંતરજામી સવી લહો અમ મનની જે છે વાત હો ॥
મા આગળ મોસાળના, શા વર્ણવવા અવદાત હો ॥ શ્રી. ॥૪॥
જાણો તો તાણો કીસ્યુ, સેવાફળ દીજે દેવ હો ॥
વાચક જશ કહે ઢીલની, એ ન ગમે મુજ મન ટેવ હો ॥ શ્રી॥૫॥ઇતિ॥

સુવિધિનાથજીનું સ્તવન.

(રાગ કેદારો.)

મે કીનો નહી તુમ વીન ઓરશું રાગ ॥ દીન દીનવાન વધે
ગુણ તેરો, જીઉં કંચન પરભાગ ॥ ઓરનમે હે કસાયકી
કાલીપ સો કયું સેવા લાગ ॥ મે૦ ॥ ૧ ॥
રાજહંસ તું જ્ઞાન સરોવર, ઓર અશુચિ કાગ,
વિષય ભુજંગમ ગરૂડ તું કહીએ. ઓર વિષય વિષ નાગ ॥મે૦॥૨॥
ઓર દેવ જલ છીલર સરીખો તું તો સમુદ્ર અથાગ,
તું સુરતરૂ જન વંછીત પુરણ ઓર તો સુકે સાગ. મે૦ ॥ ૩ ॥
તું પુરુષોતમ તુંહી નીરંજન તું શંકર વડ ભાગ.
તું બ્રહ્મા તું બુદ્ધી મહાબલ તુંહીજ દેવ વીતરાગ. મે૦ ॥ ૪ ॥
સુવીધિનાથ તુજ ગુણ ફુલનકો મેરો દીલ હે બાગ,
જશ કહે ભમર રશીક હોય તાકું દીજે ભકિત પરાગ ॥મે૦॥ ૫ ॥

શ્રી સુવિધિ જીન સ્તવન.

॥ રાગ ॥ પ્રથમ ગોવાળ તણે ભવેજી ॥ એ દેશી ॥

જગજીવન જીન ચંદ મલીઓ તું પ્રભુએ સમેજી, ફલીઓ
સુર તરૂ વૃંદ ॥ ૧ ॥
સુવિધિ જીન તુમ્હશુ અવિહડ નેહ ॥ જેમ બપૈયા મેહ ॥સુ૦॥
માનુ મઇ મરૂ મંડળેજી પામ્યો સુરતરૂ સાર ॥
ભુખ્યાને ભોજન ભલુંજી તરસ્યાને અમૃત વારિ ॥ સુ૦ ॥ ૨ ॥
દુષિત દુષમ કાળમાંજી પુરવ પુણ્ય પ્રમાણ,
તું સાહિબ જો મુઝ મીલ્યોજી, પ્રગટ્યો આજ વિહાણ, ॥ સુ૦ ॥ ૩ ॥

સમરણ પણ પ્રભુજી તણુંજી, જે કરે તે કૃત પુણ્ય ॥
દરિસણ જે એ અવસરેજી, પામે તે ધન્ય ધન્ય ॥ સુ૦ ॥ ૪ ॥
ધન્ય દિવસ ધન્ય એ ઘડીજી ધન્ય મુજ વેલારે એહ.
જગજીવન જગ વાલહોજી ભેટયો તું સસ્નેહ ॥ સુ૦ ॥ ૫ ॥
આજ ભલી જાગી દશાજી, ભાંગી ભાવઠ દૂર ॥
પામી વાંછીત કામનાજી, પ્રગટયો સહજ સનુર ॥ સુ૦ ॥ ૬ ॥
અંગીકૃત નિજદાસનીજી, આશા પુરેરે દેવ ॥
નય વિજય કહે તો સહિજી, સુગુણ સાહેબની સેવા ॥ સુ૦ ॥ ૭ ॥ ઇતિ

શીતલજીન સ્તવન.

અલી કહી આવેગો—એ દેશી.

શ્રી શીતલજીન ભેટીએ કરી ચોખ્ખું ભગતે ચિત ॥ તેહ સું
કહો છાનું કીસ્યું જેને સોંપ્યા તનમન ચિત ॥ શ્રી ॥ ૧ ॥
દાયક નામે છે ઘણા પણ સાયર તે કુપ ॥ હો ॥ તે બહુ
ખજુઆ ટગટગે તું દીનકર તેજ સ્વરૂપ હો, ॥ શ્રી. ॥ ૨ ॥
મોટો જાણી આદર્યો, દારિદ્ર ભાજે જગ તાત હો ॥ તું
કરૂણાવંત શિરોમણિ હું કરૂણાપાત્ર વિખ્યાત હો ॥ શ્રી. ॥ ૩ ॥
અંતરજામી સવી લહો અમ મનની જે છે વાત હો ॥
મા આગળ મોસાળના, શા વર્ણવવા અવદાત હો ॥ શ્રી. ॥૪॥
જાણો તો તાણો કીસ્યુ, સેવાફળ દીજે દેવ હો ॥
વાચક જશ કહે ઢીલની, એ ન ગમે મુજ મન ટેવ હો ॥ શ્રી॥૫॥ઇતિ॥

શ્રી શ્રેયાંશનાથજીનું સ્તવન.

તુમે બહુ મિત્રરે સાહીબા મારે તો મન એક
તુમ વિણુ બીજારે નવી ગમે એ મુજ મોટીરે ટેક,
શ્રી શ્રેયાંસ કીરપા કરો.
મન રાખો તુમે સવી તણાં પણુ કીહાં એક મળી જાવો
લલચાવી લખ લોકને સાખી સહજ ન થાઓ-શ્રી શ્રેયાંસ.

રાગ ભરે જનમન રહો પણુ તિહું કાળ વૈરાગ.
ચિત તુમારે સમુદ્રનો કોઇ ન પામેરે તાગ—શ્રી શ્રેયાંસ.

એહવા શું ચિત મેળવ્યું કેળવ્યું પહેલાં ન કાંઈ
સેવકનિપર અમુઝ છે નિરવહસ્યો તુમે શાંઇ—શ્રી શ્રેયાંસ

નિરોગી સુર કેમ મિલે પણુ મળવાનો એકાંત,
વાચક જશ કહે તુંમ મીલ્યો ભગતી તે કામણ તંત-શ્રી શ્રેયાંસ

શ્રી વાસુપુજયજી સ્તવન.

શ્રી વાસુપૂજ્ય નરિંદનોજી નંદન ગુણમણિ ધામ, વાસુપૂજ્યજીન રાજીયોજી ॥ અતિશય રત્ન નિધાન. ॥ ૧ ॥ પ્રભુ ચિત્ત ધરીને અવધારો મુજ વાત ॥ દોષ સયળ મુજ સાંસહોજી ॥ સ્વામિ કરી સુપસાય ॥ તુમ ચરણે હું આવીયોજી ॥ મહેર કરો મહારાય ॥૨॥ પ્ર૦ ॥ કુમતિ કુસંગતિ સંગ્રહીજી અવિધિને અસદાચાર ॥ તે મુજને આવી મીલ્યાજી અનંતઅનંતી વાર ॥૩॥ જબમેં તુમને નિરખીયાજી, તબ

તેનાકાદુર॥ પુણ્યે પ્રગટે શુભ દિશાજી આયો તુમ હજુર ॥ ૪ પ્ર૦ ॥ જ્ઞાન વિમળ પ્રભુ જાણુને શું કહેવું બહુવાર॥ દાસ આસ પુરણ કરોજી આપો સમકિત સાર ॥ ૫ ॥ પ્ર૦ ॥ ઇતિ ॥

વિમળજીન સ્તવન.(૧)

વિમલ સુહંકર નાથ આશ અબ હમારી પુરો રોગ સોગ ભય ત્રાસ આશ મમતા સબ ચુરો ॥ દીજે નીર્ભય થાન ખાન અજરામર-ચંગી ॥ જનમ જનમ જીનરાજ તાજ બહુ ભગત સુરંગી ॥૧॥ માત તાત સુત ભ્રાત જાન બહુ સજજન સુહાવે ॥ કનક રતન બહુ કેલ કરાવે સંધ્યા રંગ વિરંગ દેખ છીનમેં વીર લાયે ॥ ૨ ॥ પદમ રાગ સમચરણ કરણ અતિ સોહે નીકે ॥ તરૂણ અરૂણ સિત નયન વચન અમૃત રસ નીકે ॥ વદન ચંદ જ્યું સોમ મદન સુખ માનેજીકે ॥ બહુ તુજ ભકિત વિન નાથ રંગ પતંગ જ્યુ ફીકે ॥ ૩ ॥ ગજવર તરલ તુરંગ રંગ બહુ ભેદ બીરાજે ॥ કંકણહાર કિરીટ કરણ કુંડલ અતિ સાજે ॥ રાગ રંગ સુખ ચંગ ભોગ મનનીકે ભાયો ॥ તુઝ ભકિત વિન જાન તિન જનમ ગુમાયો ॥ ૪ ॥ રતન જરત વિન ભાનજુ ભયે સનુરે ॥ રંભા રમણ અનંદ કંદ સુખ પાયપુરે. ષોડસ નિત્ય શણગાર નાચ સ્થિતિ સાગર પુરે.॥ જીન ભકિતફળ પાય મોક્ષ તીન નાહિ દુરે, ॥ ૫ ॥ ધન ધન તીન અવતાર ધરી જીન ભકિત સુહાની ॥ દયા દાન તપ નેમ શીલગુણ મનસા ઠાની ॥ જીનવર જસમે લીન પીન પ્રભુ અર્ચ કરાની તુંજ કીરપા ભડનાથ આજ હું ભકિત પછાની ॥ ૬ ॥

જગ તારક જગદીશ કાજ અબ કીજે મેરો ॥ અવર ન શરણ આધા નાથ હું ચેરો તેરો ॥ દીન હીન અબ દેખ કરો પ્રભુ વેગ સહાઇ ચાતક જ્યું ઘનઘોર સોર નીજ આતમ લાઈ ॥ ૭ ॥

વિમળજીન સ્તવન.(૨)

(રાગ માહરી સહીરે સમાણી--એ દેશી.)

વિમલ જીનેશ્વર મુંજ પરમેશ્વર અલવેસર ઉપગારીરે ॥ સુણ સાહેબ સાચા ॥ જગજીવન જીનરાજ જયકર મુંજને તુજ મુરતી પ્યારીરે સુ૦ ॥ ૧ ॥ મહેર કરીજે વંછીત દીજે સેવક ચિત ધરીજેરે સુ૦ ॥ સેવા જાણી શીવસુખ પામી ભકિત સહી નાણી દીજે: સુ૦ ॥ ૨ ॥ કામ કુંભને સુર તરૂથી પણ પ્રભુ ભકિત મુજ પ્યારીરે સુ૦ ॥ જે હોયે ખીણ એક લગી સેવી ॥ શીવ સુખનં દાતારીરે સુ૦ ॥ ૩ ॥ ભગતી સુવાસના વાસે વાસિત જે હોયે ભવિ પ્રાણીરે. સુ૦ ॥ જીવણ મુકત ચિદાનંદ રૂપી તે કહે શુદ્ધ નાણી: સુ૦ ॥ ૪ ॥ પ્રભુ તુમ ભકિત તણી અતિ મોટી શકિત એ જગમ વ્યાપેરે સુ૦ ॥ એકવાર પણ ભાવે એવી ચિદાનંદ પદ આપેરે સુ.॥૫॥ પુરણ પુરવ પુણ્ય પસાયે તુમ ભગતિ મેં પામીરે. સુ૦ ॥ તો હું દુકકર એ ભવ દરિયો તરિઓ સહજે સ્વામીરે સુ૦ ॥ ૭ ॥ સાહેબ સેવક જાણી સાચો ॥ નેહ સુનજરે જોજોરે સુ૦ ॥ નય વિજય કહે ભવ ભવ જીનજી ॥ તુમ ભકિત મુજ હોજોરે ॥ સુ૦ ॥ ૮ ॥ઇતિ:

વિમલજીન સ્તવન.

નમોરે નમો શ્રી શેત્રુંજા ગિરિવર—એ દેશી.

સેવો ભવિયા વિમલ જિણેસર, દુલહા સજ્જન સંગાજી, એવા પ્રભુનું દરિશન લેવું, તે આલસમાંહિ ગંગાજી ॥ સેવો૦ ॥ ૧ ॥ અવસર પામી આલસ કરશે, તે મૂરખમાં પહેલોજી; ભૂખ્યાને જેમ ઘેબર દેતાં, હાથ ન માંડે ઘેલોજી ॥ સે૦ ॥ ૨ ॥ ભવ અનંતમાં દર્શન દીઠું, પ્રભુ એહવા દેખાડેજી; વિકટ ગ્રંથ જે પોળ પોળિયો, કર્મ વિવર ઉઘાડેજી ॥ સે૦ ॥ ૩ ॥ તત્વ પ્રીતિ કરિ પાણી પાએ, વિમલા લોકે આંજિજી; લોયણ ગુરૂ પરમાન્ન દિએ તબ ભ્રમ નાંખે સવિ ભાંજિજી ॥ સે૦ ॥ ૪ ॥ ભ્રમ ભાગ્યો તવ પ્રભુશું પ્રેમે, વાત કરૂં મન ખોલીજી; સરલ તણે જે હઇડે આવે, તેહ જણાવે બોલીજી ॥ સે૦ ॥ ૫ ॥ શ્રી નયવિજય વિબુધ પય સેવક, વાચક જશ કહે સાચુંજી; કોડિ કપટ જો કોઈ દિખાવે, તોહી પ્રભુ વિણ નહિ રાચુંજી ॥ સે૦ ॥ ૬ ॥

અનંતનાથજીનું સ્તવન.

રાગ સામગ્રી કડખો.

ધાર તરવારની સોહીલી દોહિલી, ચૌદમા જીન તણી ચરણ સેવા ॥ ધારપર નાચતાં દેખ બાજીગરા, સેવના ધાર પર રહે ન દેવા ॥૧॥ એક કહે સેવીએ વિવિધ કિરિયા કરી, ફળ અનેકાંત લોચન ન દેખે ॥ ફળ અનેકાંત કિરિયા કરી બાપડા; રડવડે ચાર ગતી માંહી લેખે, ॥ ધા૦ ॥ ૨ ॥ ગચ્છના ભેદ બંહુ નયન નિહાલતાં, તત્વની વાત કરતાં ન લાજે ॥ ઉદર ભરણાદિ નિજ કાજ કરતાં થકા ॥ મોહ નડીયાં કલી

આળ રાજે ॥ ૩ ॥ ધા૦ ॥ વચન નિરપક્ષ વ્યવહાર જૂઠો કહ્યો, વચન સાપેક્ષ વ્યવહાર સાચો ॥ વચન નિરપેક્ષ વ્યવહાર સંસારફળ, સાંભળી આદરી કાંઈ રાચો ॥ ૪ ॥ ધા૦ ॥ દેવગુરૂ ધર્મની શુદ્ધિ કહો કેમ રહે, કેમ રહે શુદ્ધ શ્રદ્ધા ન આણો ॥ શુદ્ધ શ્રદ્ધાન વિણુ સર્વ કિરિયા કહી, છારપર લીંપનો સરસ જાણો ॥ ૫ ॥ ધા૦ ॥ પાપ નહી કોઈ ઉત્સૂત્ર ભાષણ જેસો, ધર્મ નહી કોઈ જગ સૂત્ર સરિખો ॥ સૂત્ર અનુસાર ભવિક કિરિયા કરે, તેહનો શુદ્ધ ચારિત્ર પરિખો ॥ ૬ ॥ ધા૦ ॥ એહ ઉપદેશનું સાર સંક્ષેપથી, જે નરા ચિત્તમે નીત્ય ધ્યાવે ॥ તે નરા દિવ્ય બહુ કાળ સુખ અનુભવી, નિયત આનંદ ઘન રાજ પાવે ॥ ધા૦ ॥ ૭ ॥ ઇતિ ॥

ધર્મનાથનું સ્તવન.

(હાંરે મારે આસો માસે શરદ પુનમની રાત જો)

હાંરે મારે ધર્મ ધુરંધર, ધર્મનાથ મહારાજ જો,
વારેરે ભવ ભય ઉધ્ધારે, જીન પતિરે લોલ,
હાંરે મારે મોહ નિવારક, તારક ભવોદધિ ઝાઝજો,
નાથ કહે ત્રિભોવન નાયક, શુભ મતિરે લોલ,
હાંરે મારે ભાનુ નંદન પાપ નિકંદન દેવજો,
રાચારે રત્નપુરીના જાયા, સુવ્રતારે લોલ,
હાંરે મારે લંછન વજ્ર, સુકંચન વરણી દેહજો;
ધેનુરે સુર પારસમણિ, પ્રભુ સુરલતારે લોલ,
હાંરે મારે ભવરણ તાપ, તપીત જનને વિશ્રામજો,
શીતળરે સુરતરૂની છાંયા, નવી નમેરે લોલ,

હાંરે મારે મન ઇચ્છીત, વંછીત ફળદે જીન રાજજો,
આધીરે ભય રોગ શોગ, વ્યાધી સમેરે લોલ,
હાંરે મારે સમરથ સાહિબ, તું જગમાં જીનરાજજો,
રક્ષણરે શરણાગત તું કરે, તારજ્યોરે લોલ,
હાંરે મારે મોહ સુભટની, ખટપટ ચાલે આજજો,
ચાર ચોર એ વૈરીનો ભય, વારજ્યોરે લોલ,
હાંરે મારે આઠ ધુતારા, મારા કરે કુકાજજો,
કરતારે અતિ વિઘ્ન હઠીયા, ધર્મ માંહેરે લોલ,
હાંરે મારે અધમ ઉધારણ, તારણ હાથ લાજજો,
ભુલ્યોરે હું વિષય અંધમતિ, ભર્મમાંરે લોલ,
હાંરે મારે દોષો મારા, જોશો નહિ જગ તાતજો,
અરજીરે પ્રતિપાળ બાળની ધારજ્યોરે લોલ,
હાંરે મારે પદકજ મન મધુકર, સેવે દીન રાતજો,
સેવક સાંકળચંદ કહે પ્રભુ તારજ્યોરે લોલ.

શ્રી ધર્મનાથનું સ્તવન.

હાંરે મારે જોબનીયાંનો લટકો ધડી બે ચારજો. એદેશી
હાંરે મારે ધર્મજીણંદ શું લાગી પૂરણ પ્રીતજો,
જીવડલો લલચાણો જીનજી ઓલગેરે લોલ ॥
હાંરે મુને થાશે કોઇક સમે પ્રભુ સુપ્રસન્નજો,
વાતલડી માહારીરે સવી થાશે વગેરે લોલ ॥ ૧ ॥
હાંરે પ્રભુ દુરીજનનો ભંભેર્યો માહરો નાથજો
ઓળવશે નહીં કયારે કીધી ચાકરીરે લોલ ॥

હાંરે મારા સ્વામી અંતર્યામી કોણ છે દુનિયામાંહજો,
જાચુંએરે જઇને તેહને ઘેર આશા કરીરે લોલ ॥ ૨ ॥
હાંરે જૂઠ સેવા સેતી સ્વારથની નહિ સિધજો,
કાંહીરે શી કરવી તેહથી ગોઠડીરે લોલ ॥
હાંરે કાંઇ જુઠું ખાય તે મીઠાઇને માટેજો,
કોઇરે પરમાર્થ વીણ નહીં પ્રીતડીરે લોલ ॥ ૩ ॥
હાંરે અંતરજામી જીવન પ્રાણઆધારજો,
વાધોરે નવી જાણ્યો કલિયુગ વાયરેરે લોલ ॥
હાંરે લાયક નાયક ભક્તવછલ ભગવંતજો,
વારૂરે ગુણ કેરો સાહિબ સાયરૂરે લોલ ॥ ૪ ॥
હાંરે લાગી મુજને તારી માયા જોર જો,
અલગારે રહ્યાથી હોય ઓસંગલોરે લોલ ॥
હાંરે કુણ જાણે અંતરગતની વિણ મહારાજજો,
હેજેરે હસી બોલો છાંડી આંબળોરે લોલ ॥ ૫ ॥
હાંરે તારે મુખને મટકે અટક્યું માહરૂં મનજો,
આંખલડી અણીયાળી કામણગારડીરે લોલ ॥
હાંરે મારાં નયણાં લંપટ જોવે ખીણખીણ તુજજો,
રીતેરે પ્રભુ રૂપે ન રહે વારીયોરે લોલ ॥ ૬ ॥
હાંરે પ્રભુ અલગા તોપણ જાણજ્યો કરીને હજુરજો,
તાહરીરે બલીહારે હું જાઉં વારણેરે લોલ ॥
હાંરે કવિ રૂપ વિબુધનો મોહન કરે અરદાસજો,
ગિરૂઆથી મન આણી ઉલટ અતિ ઘણેરે લોલ ॥ ૭ ॥

શાંતિનાથજીનું સ્તવન.

તું મેરે મનમેં તુમેરે દીલમે, નામ જપું પળપળમે હો ॥ પ્રભુજી ॥ ॥ તું ॥ શાંતિ જીણેશર સાહેબ સાચો, શાંતિકરણ એક પળમેં હો ॥ પ્રભુજી ॥ તું૦ ॥ ભવભવ ભમતાં મેં દરિશણ પાયો, આશા પુરો એક પળમેં હો ॥ પ્રભુજી ॥ તુ૦ ॥ જીન રંગ કહે પ્રભુ શાંતિ જીણેશર ॥ દેખ્યો જ્યું દેવ સકળ મેં હો ॥ પ્રભુજી ॥ તુ૦ ॥ ૩ ॥

શાંતિનાથજીનું સ્તવન.

શાંતીનાથ સાહામણોરે, સોલમો એ જીનરાય
શાંતી કરો ભવ ચક્રનીરે ચક્રેશ્વર કહેવાય ॥ ૧ ॥
મુનીસર તું જગજીવન સાર; ભવોદધિ મથતાં મેં લહ્યોરે ॥
અમુલખ રત્ન ઉદાર, લક્ષ્મી પામી સાયર
મથીરે ॥ જેમ હર્ષ મુરાર ॥ ૨ ॥ મુ૦ ॥
રજની અટતાં થકી પૂર્ણમાસે પૂર્ણચંદ,
તિમમે સાહેબ પામીઓરે, ભવમા નયણાનંદ ॥ મુ૦ ॥ ૩ ॥
ભોજન કરતાં અનુદીનેરે, બહુલહે ઘૃતપુર,
તેમ મુજને તુંહિ મિલ્યારે આતમ રૂપ સનુર મુ૦ ॥ ૪ ॥
દરિદ્ર તારી સેજલીરે, નાસી ગઈ પાતાલ,
શેષનાગ કાળો થઇરે, ભૂભાર ઉપાડે બાલ મુ૦ ॥ ૫ ॥
યોગીશ્વર જોતા થઇરે, સમરે યોગ સુજાણ,
અજ્તેગીના વાંછીઓરે, યોગ્યા લોક નિદાન મુ૦ ॥ ૬ ॥
અચિરાનંદન તું જયોરે, જય જય તુ જગનાથ,
કિર્તિ લક્ષ્મિ મુજ ઘણીરે, જો તું ચઢાયો હાથ ॥ મુ૦ ॥ ૭ ॥

શાંતિનાથનું સ્તવન.

માહરો મુજરો લોને રાજ સાહેબ શાંતી સલુણા,
અચિરાજીના નંદન તોરે, દરિશણ હેતે આવ્યો
સમકિત રીઝ કરોને સ્વામિ, ભગતિ ભેટણું લાવ્યો ॥ મા૦ ॥૧॥
દુઃખ ભંજન છે બીરૂદ તુમારો, અમને આશ તુમારી
તુમ નિરાગી થઇને છુટયા શી ગતિ હુવે અમારી ॥ મા૦ ॥૨॥
કહેશે લોક ન તાણી કહેવું, એવડુ સ્વામિ આગે ॥
પણ બાલક જો બોલી ન જાણે તો કેમ વહાલો લાગે ॥ મા૦ ॥ ૩ ॥
માહરે તો તું સમરથ સાહેબ, તો કેમ ઓછું માનું
ચિંતામણી જેણે ગાંઠે બાંધ્યું, તેહને કામ કિસ્યાનું ॥ મા૦ ॥ ॥ ૪ ॥
અધ્યાત્મ રવિ ઉગ્યો મુઝઘટ, મોહ તિમિર હર્યા જુગતિ
વિમળ વિજય વાચકનો સેવક રામ કહે શુભ ભગતિ ॥ મા૦ ॥ ૫ ॥

શાંતિનાથજીનું સ્તવન.

સોલમા શાંતિ જીનેશ્વર દેવકે અચિરાના નંદરે ॥
જેહની સારે સુરપતિ સેવકે, અચિરાના નંદરે ॥
તિરિ નર સુર સહુ સમુદાયકે ॥ અચિરા ॥
એક યોજન માંહિ સમાયકે ॥ અ૦ ॥ ૧ ॥
તેહને પ્રભુજીની વાણી કે અ૦ ॥
પરિણમે સમજે જે ભવિ પ્રાણીકે ॥ અ૦ ॥
સહુ જીવના સંશય ભાંજેકે ॥ અ૦ ॥
પ્રભુ મેઘ ધ્વની પેરે ગાજેકે ॥ અ૦ ॥ ૨ ॥
તેહને ચૌપણ સવાસો માનકે ॥ અ૦ ॥
જે ચુપના રોગ તેણે થાનકે ॥ અ૦ ॥

સવિ નાશ થાયે નવા નાવેકે ॥ અ૦ ॥
ષટમાસ પ્રભુ પ્રભાવેકે ॥ અ૦ ॥ ૩ ॥
જીહાં જીનજી વિચરે રંગકે ॥ અ૦ ॥
નવી કોઇને વૈર વિરોધકે ॥ અ૦ ॥
અતિવૃષ્ટિ અનાવૃષ્ટિ રોધકે ॥ અ૦ ॥ ૪ ॥
નિજ પર ચક્રનો ભય નાશેકે ॥ અ૦ ॥
વલી મૃગી નાવે પાસેકે ॥ અ૦ ॥
પ્રભુ વિચરે તિંહા ન દુકાળકે ॥ અ૦ ॥
જાયે ઉપદ્રવ સવી તત્કાળકે ॥ અ૦ ॥ ૫ ॥
જશ મસ્તક પૂંઠે રાજેકે ॥ અ૦ ॥
ભામંડળ રવિ પરે છાજેકે ॥ અ૦ ॥
કર્મ ક્ષયથી અતિશય અગીઆરકે ॥ અ૦ ॥
ભાનુયોગ સામ્રાજ્ય પરિવારકે ॥ અ૦ ॥ ૬ ॥
કબ દેખુ ભાવ એ ભાવેકે ॥ અ૦ ॥
એમ હોંશ ઘણી ચિત્ત આવેકે ॥ અ૦ ॥
જીન ઉત્તમ તુમ પ્રભાવેકે ॥ અ૦ ॥
કહે પદ્મ વિજે બના આવેરે ॥ ૭ ॥ ઇતિ.

શાંતિનાથજીનું સ્તવન.

ક્ષણુ ક્ષણુ સાંભરો શાન્તી સલુણા
ધ્યાન ભુવન જીનરાજ પરૂણા—ક્ષણુ ટેક ॥
શાંતિ જીણંદકો નામ અમીસે,
ઉલસિત હોત હમ રોમ વપુના ॥ ક્ષ૦ ॥

જસ ચોગાન મેં ફિરત પાવે,
છોરત મૈ નહિ ચરણ પ્રભુના ॥ ક્ષ૦ ॥ ૧ ॥
છીલ્લરમેં રતિ કબહુ ન પાવે
જે ઝીલે જલ ગંગાયમુના ॥ ક્ષણુ ॥
તુમ સમ હમ શિર નાથ ન ચાહે
કર્મ અરૂના દુના દુના ॥ ક્ષણુ૦ ॥
મોહ લડાઇએ તેરી સહાઈ તો જાણુંમે કોન કોન કરૂના ॥ ક્ષ૦ ॥
નાહિ ઘટે પ્રભુ આનાકુના ॥
અચિરાસુન પતિ મોક્ષ વધુના ॥ ક્ષણુ૦ ॥ ૩ ॥
ઓરકા પાસમે આશ ન કરતો ॥
ચાર અનંત પસાય કરના ॥ ક્ષ૦ ॥
કયો કર માગત પાસ ધતુરે ॥
યુગલિક યાચક કલ્પતરૂના ॥ ક્ષણુ૦ ॥ ૪ ॥
ધ્યાન ખડ્ગ વરતેરે આસંગે ॥
મોહ ડરે સારી ભીક ભરના ॥ ક્ષણુ૦ ॥
ધ્યાન અરૂપીતો સોઈ અરૂપી
ભકતે ધ્યાવત તાન્યા તુંન્યા ॥ ક્ષ૦ ॥ ૫ ॥
અનુભવ રંગ વધ્યો ઉપયોગે ॥
ધ્યાન સુપાન મેં કાથા ચુના ॥ ક્ષ૦ ॥
ચિદાનંદ ઝક ઝોલ ઘટાસે,
શ્રી શુભવિર વિજ્ય પડિપુના ॥ ક્ષ૦ ॥ ૬ ॥ ઇતિ

કુંથુનાથજી.

સુખ દાયક સાહેબા સાંભળો, મુજને તમ શું અતિ રંગરે
તુમ તો નિરાગી હુઈ રહ્યારે, એસ્યો એકંગો ઢંગરે સુ૦-૧
તુમ્હ ચિંત્તમાં વસવું મુજ ઘણું, તે તો ઉંબર ફુળ સમાંનરે
મુજ ચિત્તમાં વસહો જો તુમ્હે, તો પામ્યા નવ નિધાનરે સુ૦-૨
શ્રી કુંથુનાથ અમ નિરવહુ, ઇમ એકંગો પણ નેહરે
ઇણ આકીને ફળ પામશું, વળી હોશે દુઃખનો છેહરે સુ૦-૩
આરાધ્યો કામિત પુરવે ચિંતામણી પાષાણરે,
વાચક જશ કહે મુજ દીજીએ, ઇમ જાણી કોડી કલ્યાણરે સુ૦-૪

અરનાથજીન.

અરજીન દરિશન દીજીયેરે, ભવિક કમળ વનશુરરે
મન તરશે મળવા ઘણુંરે, તુમ્હે તો જઇ રહ્યા દુરરે.
શોભાગી તુમ શું મુજ મન નેહરે. ૧
તુમ શું મુજ મન નેહલોજી, જીમ બપઈયા મેહ,
આવાગમન પથિક તણુંજી, નહી શિવનગર નિવેશરે
કાગળ કુણ હાથે લીખુંજી, કોણ કહે સંદેશરે શો૦-૨
તો સેવક સંભારશોજી, અંતરયામિરે આપ.
જશ કહે તો મુજ મન તણોજી, ટાળશો સઘળા સંતાપરે સો૦-૩

મલ્લીજીન.

જીનરાજા તાજા મલ્લીજીન બીરાજે ભોયણી ગામમાં ॥ દેશ દેશકે યાત્રા આવે પુજા સરસ રચાવે ॥ મલ્લી જીનેશ્વર નામ સમરકે મન વંછીત ફલી પાવેજી ॥ જીન ॥ ૧ ॥ ચતુર ચરણ કે નરનારી મીળ મંગળ ગીત કરાવે ॥ જય જયકાર પંચ ધ્વની વાજે. શિરપર છત્ર ફીરાવેજી ॥ જીન૦ ॥ ૨ ॥ હિંસક જન હીંસા તજી પૂજે, ચરણે શીશ નમાવે. તું બ્રહ્મા તું શિવ શંકર અવર દેવ નહી ભાવેજી ॥ જીન૦ ॥ ૩ ॥ કરૂણા રસ ભર નયન કચોરે, અમૃત રસ વરસાવે વદન ચંદ ચકોર જ્યુ નીરખી તન મન ઉલસાવેજી ॥ જીન૦ ॥ ૪ ॥ આતમરાજા ત્રીભુવન તાજા. ચિદાનંદ મન ભાવે ॥ મલ્લીજીનેશ્વર મનહર સ્વામિ. તેરા દરશ સુહાવેજી ॥ જીન૦ ॥ ૫ ॥

મલ્લીનાથજી સ્તવન.

ગરબો.

પંચમ સુર લોકના વાસીરે, નવ લોકાંતિક સુવિલાસીરે.
કરે વિનતી ગુણ નીરશી ॥ ૧ ॥ મલ્લીજીન નાથજી વૃત લીજેરે
ભવી જીવને શીવ સુખ દીજેરે ॥ મલ્લી ॥
તુમે કરૂણા રસ ભંડારરે, પામ્યા છો ભવનો પારરે,
સેવકનો કરો ઉધ્ધાર ॥ મલ્લી૦ ॥ ૨ ॥
પ્રભુદાન સંવત્સરી આવેરે, જગના દાલિદ્ર કાપેરે,
ભવ્યત્વપણે તસ થાપે ॥ મલ્લી૦ ॥ ૩ ॥
સુરપતિ સઘળા મળી આવેરે, મણિરયણ સોવન વરસાવેરે ॥
પ્રભુ ચરણે શિશ નમાવે ॥ મલ્લી૦ ॥ ૪ ॥
તિર્થોદક કુંભા લાવેરે, પ્રભુને સિંહાસન થાવેરે,
સુરપાત ભકતે નવરાવે ॥ મલ્લી૦ ॥ ૫ ॥

વસ્ત્રા ભરણે શણગારેરે, ફુલમાલા હૃદય ઉપર ધારેરે ॥
દુઃખડાં ઈંદ્રાણી ઉવારે ॥ મલ્લી૦ ॥ ૬ ॥
મલ્યા સુરનર કોડા કોડીરે, પ્રભુ આગે રહ્યા કરજોડીરે ॥
કરે ભક્તિ યુક્તિ મદમોડી ॥ મલ્લી૦ ॥ ૭ ॥
મૃગશીર સુદી અજુવાલીરે, એકાદશી ગુણની આલીરે ॥
વર્યા સંયમ વધુ લટકાળી ॥ મલ્લી૦ ॥ ૮ ॥
દિક્ષા કલ્યાણક એહરે, ગાતાં દુઃખ ન રહે રેહરે ॥
લહે રૂપ વિજ્ય જશ નેહ ॥ મલ્લી૦ ॥ ૯ ॥

મલ્લીનાથ સ્તવન.

(માતા મરૂદેવાના નંદ દેખી તારી)

માતા પ્રભાવતિના નંદ મલ્લિનાથ મહારાજા ભોયણી ભલે બિરાજોજી.
ભલે બિરાજો, ભલે બિરાજો, ભલે બિરાજોજી—મલ્લીનાથ.
ઓગણીસેં ત્રીશના વૈશાખે પૂનમદિન ઉદ્યોત
કેવળ પટેલના ખેતરથી પ્રકટી જાગતી જ્યોત—માતા.
કુકવાવને ભોયણી વચ્ચે, થયો વાદ તે ઠામ
એક કહે પ્રભુને લઈ જઈએ બીજા કહે અમ ગામ—માતા.
વૃદ્ધ કહે હઠવાદ કરો નહીં પ્રભુ ઇચ્છા ત્યાં જાય,
વગર બળદને ગાડે સ્થાપ્યાં, પણ ત્યાં અચરજ થાય—માતા.
કુકવાવ ભણી કર્યો ઉંટડો, વળ્યો ભોયણી આપ
વગર બળદીએ ગાડું ચાલ્યું, જુવો દેવ પરતાપ—માતા.
અમથા પટેલને ઘેર લાવી પધરાવ્યાં પ્રભુ તાંમ
મલ્લિનાથજીને કાઉસગ્ગીયા, સ્થાપ્યા ભોયણી ગામ—માતા.
ગામ નગર પુર દેશ વિદેશે, પ્રસર્યો પ્રભુ પ્રભાવ
સંઘ ઘણા જાત્રાએ આવ્યા, સહુકો રંકને રાવ—માતા.

વંશી અઢારે પ્રભુને માને, ફળે આશ ભરપુરે
ચમત્કાર દેખીને દુનિયાં, આવે પ્રભુ હજુર—માતા.
ભુવન વેદ ભક્તિ શશિ વર્ષે મહા સુદ દશમ શ્રીકાર
નવિન ચૈત્યમાં પ્રભુ બિરાજ્યા, વર્ત્યો જયજયકાર—માતા.
નલિની ગુલ્મ વૈમાન બનાવ્યું, મનહર ચૈત્ય વિશાળ
મણિમય સ્થંભની રચના કીધી, શિખર બંધ ઉજમાળ—માતા.
શિખર પતાકા પ્રમુદિત ફરકી નભથી કરે વિવાદ
શું ગાજે હું જીનમંદિર ચડી, ઉતર્યો તારો નાદ—માતા.
કળિયુગમાં એ સાચો સાહેબ, દીન દુઃખ ભંજન દેવ
પરચા પૂરે ચિંતા ચૂરે, પ્રકટયા પ્રભુ સ્વયમેવ—માતા.
વર્ષે વર્ષે વર્ષગાંઠ દિન, મેદની અહીં ભરાય
શેઠ ભગુભાઈ તનુજ તરફથી, સ્વામી વત્સલ થાય—માતા.
ધ્યાન પ્રભુનું જે જન ધરશે, તરશે તે સંસાર.
આધિ વ્યાધિ જશે ઉપાધિ, થશે સમાધિ સાર—માતા,
યુગ્મ ઋતુ ભક્તિ શશિ (૧૯૬૨) વર્ષે માઘ દશમ રવિવાર
વર્ષ ગાંઠ દિન સાંકલચંદે, ગાયો જગદાધાર—માતા.

મુનીસુવ્રત સ્તવન.

॥ પાંડવ પાંચે વાંદતાં ॥ એ દેશી ॥

મુનીસુવ્રતજીન વંદતા, અતિ ઉલ્લસિત તન મન થાયરે, વદન અનોપમ નિરખતાં, મ્હારા ભવ ભવના દુઃખ જાયરે ॥૧॥ માહરા૦ ॥ જગતગુરૂ જાગતો સુખકંદ અમંદ આનંદ જગત૦ ॥ એ આંચલી ॥ નિશદિન સુતા જાગતાં હીયડાથી નરહે દુરરે, જબ ઉપગાર સંભારીએરે, તવ ઉપજે આનંદપુરરે ॥ ૨ ॥ જગત૦ ॥ પ્રભુ ઉપગાર ગુણે

ભર્યાં, મન અવગુણ એક ન સમાયરે ॥ ગુણ ગુણાનુ બંધી હુઆ, તે તો અક્ષય ભાવ કહાયરે ॥ ૩ ॥ જગત૦ ॥ અક્ષય પદ દીયે પ્રેમજે, પ્રભુનો તે અનુભવ રૂપરે ॥ અક્ષર સ્વર ગોચર નહી, એ તો અકળ અમાત્ર અરૂપ ॥ ૪ ॥ જગત૦ ॥ અક્ષર થોડા ગુણ ઘણા સજ્જનના તે ન લખાયરે, વાચક જશ કહે પ્રેમથી, પણ મન માંહે પરખાયરે ॥ ॥ ૫ ॥ જગત૦ ॥ ઇતિ ॥

મુની સુવ્રતસ્વામી સ્તવન.

સુણ સુવ્રત જીનેંદ્ર સુનિજર મુજ પરવર દરશણ દીજીયે, પ્રભુ દરશ પ્રીત નિરૂપાધિકતા, કરિયે લહિયે શિવસધકતા, તવ તુરત મીટે શિવ બાધકતા કરીયે લહિયે શિવ સધકતા, તબ તુરત મીટે શિવ બાધકતા ॥ સુ૦ ॥ ૧ ॥ અમતમેં સાધ્યપણો વિલસે પ્રભુ દરિશણ સાધનતા ઉલસે, તદ મુઝો સાધકતા મીલસે ॥ સુ૦ ॥ ૨ ॥ ભિન્ના ધિકરણ તાપ દિવિ ઘટે, એકહદિ કરણ તાપદિ સુઘટે, તદ મુઝ શિવ સાધકતા પ્રગટે ॥ સુ૦ ॥ ૩ ॥ એકાધિ કરણતા મુઝ કરિયે ભિન્નાધિ-કરણના પરિહરિયે, શિવચંદ્ર વિમળ પદ વદ વરિયે ॥ સુ૦ ॥ ૪ ॥ ઇતિ

નેમનાથજી સ્તવન.

શ્રી નમીજીન તુજ સ્યુંસહીરે, મેં કરી અવિહડ પ્રીત,
તું ને સનેહી થઇ રહ્યો, પ્રભુ એ નહી ઉત્તમ રીતરે ॥ ૧ ॥
સલુણા મન ખોલી સાંમુ જુઓ, મારો વાલ્હા,
જુઓરે જુઓરે મ્હારા વાલ્હા મન ખોલી, એ આંકણી.

એટલા દીનમે ત્રેવડીરે, પ્રભુજી તાહરી લાજ,
આજથી ઝઘડો માંડશું, જો નહી સારે મુજ કાજરે ॥ ૨ ॥
આગળથી મન માંહરૂરે, તેં કીધું નીજ હાથ,
હવે અળગો થઇને રહ્યોરે, તેડાવો છો તુમ સાથરે ॥ ૩ ॥
કઠિન હૃદય સહિ તાહરૂંરે ॥ વજ્ર થકી પણ વેજ,
નિગુણ ગુણ રાચે નહી, તિલ માત્ર નહિ તુજ હેજરે ॥ ૪ ॥
મેં એક તારી આદરીરે, નાવે તુજ મન નેહ,
છોડંતા કેમ છુટશો, આવે પાલવ વિલગ્યારે જેહરે ॥ ૫ ॥
સો વાતે એક વાત છેરે, ઉંડું આલોચી જોય,
આપણને જે આદર્યા, એમ જાણે જગ સહુ કોયરે ॥ ૬ ॥
જો રાખે સહુ તાહરૂરે, ભગત વચ્છળ અભિધાન,
હંસ રત્નને તોસહી, દીજે, મનવંછીત દાનરે ॥ઝાસ.મ.ા૭ઇતિ॥

નેમનાથજી સ્તવન.

નેમજીન સાંભળો વિનતિ મુજ તણી, આશ નીજ
દાસની સફળ કીજે,
બ્રહ્મચારી શિર સેહેરો તું પ્રભો, તાત મુજ વાત
ચિત્ત ધરીજે ॥ ૧ ॥ ને ॥
નગર સૌરીપુર નામ રલીઆમણું, સમુદ્ર વિજયાભિદો ભૂપ દીપે ॥
શ્રી શીવાદેવી નંદન કરૂ વંદના, અંજન વાનરતિ
નાથજીપે ॥ નેં૦ ॥ ૨ ॥
શંખ ઉજળ ગુણા શંખ લાંછનસુ, સાર ઇગ્યાર
ગણધર સોહાવે ॥

આઉ એક સહસ્સ વરસમાને કહ્યું, અંગ દશ
ધનુષમાને કહાવે ॥ નેo ॥ ૩ ॥
યક્ષ ગોમેધને અંબીકા યક્ષીણિ, જીન શાસન સદા સૌખ્યકારી ॥
અઢાર હજાર અણગાર શ્રુત સાગરા, સહસ્સ ચાલીસ
આ રજા વિચારી ॥ નેo ॥૪॥
કાંચનાદિક બહુ વસ્તુ જગકારમી, સાર સંસારમાં તુંહી દીઠો ॥
પ્રમોદ સાગર પ્રભુ હરખથી નિરખતાં પાતિકપુર
સવી દૂર નીઠો ॥ નેo ॥ ૫ ॥ ઇતિ ॥

પારસનાથજી સ્તવન.

અંતર જામી સુણ અલવેસર, મહિમા ત્રિજગ તુમારો,
સાંભળીને આવ્યો હું તીરે, જન્મ મરણ દુઃખ વારો,
સેવક અરજ કરે છે રાજ, અમને શીવ સુખ આપો,
સહુ કોનાં મનવાંચ્છીત પુરો, ચિન્તા સહુની ચુરો,
એવું બીરૂદ છે રાજ તમારૂં, કેમ રાખો છો દુરો—સેવક.
સેવકને વલવલતો દેખી, મનનાં મહેર ન ધરશો,
કરૂણા સાગર કેમ કહેવાશો, જો ઉપકાર ન કરશો—સેવક.
લટપટનું હવે કામ નહિ છે, પ્રત્યક્ષ દર્શન દીજે,
ધુઆડે ધીજું નહિ સાહેબ, પેટ પડયા પતીજે—સેવક.
શ્રી શંખેશ્વર મંડણ સાહેબ, વિનતડી અવધારો,
કહે જીન હર્ષ મયાકારી મુજને, ભવસાગરથી તારો—સેવક.

ભીડ ભંજન પાર્શ્વનાથજી સ્તવન.

શા માટે સાહેબ સામુ ન જુવો, હું તો રહ્યો છું
હેરી પ્રભુજીરે ॥
બીજા સાથે બોલ ન બોલું, મુને ન ગમે વાત
અનેરી પ્રભુજીરે ॥ ૧ ॥ શા માટે ॥
જોરે પોતાનો કરીને જાણો, દો મુજ સમકીત
વાસો પ્રભુજીરે ॥
ભલો ભુંડો પણ બંદા તુમારો, એવું જાણીને દો
દીલાશોજી પ્રભુજીરે ॥ શા માટે ॥ ૨ ॥
છેલ છબીલો ને દેવ છોગાલો, અલવેસર અંતર જામી ॥
॥ પ્રભુજીરે ॥
વગડાનો વાસી સાહેબ (પ્રભુ) મુજને મલીઓ,
તેહને નીત નમીએ શિરનામી ॥ પ્રભુજીરે ॥ શા માટે ॥ ૩ ॥
દરજીરે સેવાની હોંસ હૈયામાં, હું તો રાખું છું ગુણરાગી ॥
॥ પ્રભુજીરે ॥
ભીડ ભંજન પ્રભુ ભક્તિને જોરે, જાલીમ વાસના જાગીસા ॥
॥ પ્રભુજીરે ॥ શા માટે ॥ ૪ ॥
આપ સ્વરૂપ દેખાડોને આછો, પડદો ખોલીને પાછો ॥ પ્રભુજીરે ॥
પ્રેમ ઉદય પદ પગથીએ ચઢતાં, તીહાં ન રહ્યો લાભનો લાછો ॥
પ્રભુજીરે ॥ શા માટે ॥ ૫ ॥ ઇતિ ॥

પારસનાથજી સ્તવન.

આજ શંખેશ્વર જીન ભેટીએ, ભેટતાં ભવ દુઃખ નાશે, સાહેબ મોરારે ॥ જયો અશ્વસેન કુલ ચંદ્રમા, માતા વામા સુતપાસે ॥૧॥ ભક્ત વત્સલ જન ભય હર ॥ હસતાં હણીયા પરહાસ્ય ॥ સા૦ ॥ દાનાદિક પાંચને દુહવ્યા, ફરી નાવે પાસની પાસ ॥૨॥ કરી કામને કારમી કમકમી, મિથ્યાત્વને નહીઉમાન ॥ સા૦ ॥ અવિરતિને રતિ નહી એક ઘડી, અત્રગુણી અલગુ અજ્ઞાન ॥૩॥ નિદ્રક નિદ્રાને નાસવી, મૃન રાગને રોગ અપાર ॥ સા૦ ॥ એક ધક્કે દ્વેષને ટાળીઓ, એમ નાઠા દોષ અઢાર ॥૪॥ વલી મત્સર મોહ મમત ગયા અરિહા, નિરહા નિરદોષ ॥ સા૦ ॥ ધરણેંદ્ર કમઠ સુર બીહુપરે ॥ તુસમાત્ર નહિ તોસરોષ ॥૫॥ અચરિજ સુણજો એક તેણે સમે શત્રુને સમકિત દાય ॥ સા૦ ॥ ચંદન પારસ ગુણ અતિ ગણ્યા, અક્ષર થોડે ન કહાય ॥૬॥ જાગરણ દિશા ઉપર ચઢયા, ઉજાગરણે વિતરાગ ॥સા૦॥ આલંબન ધરતાં પ્રભુ તણો સેવક સૌભાગ્ય ॥૭॥ ઉપાદાન કારણ કારિય સિધ્ધે, અસાધારણ કારણ નિત્ય ॥ સા૦ ॥ જો અપેક્ષા કારણ ભવિ લહે, ફળદાયી કારણ નિમિત્ત ॥૮॥ પ્રભુ ત્રાયક સહાયકતા ધરી, દાયક નાયક ગંભીર ॥સા૦॥ નિજ સેવક જાણી નિવાજીયે ॥ તુમ ચરણે નમે શુભવીર ॥ સા૦ ॥ આ૦ ॥ ૯ ॥

—❀—

શ્રી પંચાસરા પાર્શ્વનાથનું સ્તવન.

"પ્રથમ જિનેશ્વર પ્રણમીએ," એ દેશી.

પરમાતમ પરમેશ્વરૂ, જગદીશ્વર જિનરાજ;
જગ બંધવ જગ ભાણુ બલીહારી તુમ તણી,
ભવ જલધિમાં રે જહાજ. પરમા૦ ૧

તારક, વારક મોહનો, ધારક નિજ ગુણ ઋદ્ધિ;
અતિશયવન્ત ભદંત કૃપાળી શિવવધુ,
પરણી લહિ નિજ સિદ્ધિ. પરમા૦ ૨
જ્ઞાન દર્શન અનંત છે, વળી તુજ ચરણ અનંત,
એમ દનાદિ અનંત ક્ષાયિક ભાવે થયા,
ગુણ તે અનંતા અનંત. પરમા૦ ૩
બત્રીશ વરણ સમાય છે, એકજ શ્લોક મઝાર;
એક વર્ણ પ્રભુ તુજ ન માયે જગતમાં
કેમ કરી થુણીએ ઉદાર. પરમા૦ ૪
તુજ ગુણ કોણ ગણી શકે, જો પણ કેવલ હોય;
આવિર્ભાવે તુજ સયલ ગુણ માહરે,
પ્રચ્છન્ન ભાવથી જોય. પરમા૦ ૫
શ્રી પંચાસરા પાર્શ્વજી, અરજ કરૂં એક તુજ,
અવિર્ભાવથી થાય દયાલ કૃપા નિધિ,
કરૂણા કીજેજી મુજ. પરમા૦ ૬
શ્રી જિન ઉત્તમ તાહરી, આશા અધિક મહારાજ;
પદ્મવિજય કહે એમ લહું શિવ નગરીનું,
અક્ષય અવિચલ રાજ. પરમા૦ ૭

૧૩ શ્રી મંડાવરા પાર્શ્વનાથ જિન સ્તવન.

(કડખાની દેશી. પ્રભાતિ ચાલમાં.)

તાર મુજ તાર મુજ તાર ત્રિભુવન ધણી,
પાર ઉતાર સંસાર સ્વામી;

પ્રાણ તું ત્રાણ તું શરણ આધાર તું;
આતમારામ મુજ તુંહિ સ્વામી. તાર૦ ૧
તુંહિ ચિન્તામણિ તુંહિ મુજ સુરતરૂ,
કામઘટ કામધેનુ વિધાતા,
સકલ સંપતિ કરૂ, વિકટ સંકટ હરૂ,
પાસ મંડોવરો મુકિત દાતા. તાર૦ ૧
પુન્ય ભરપૂર અંકૂર મુજ જાગીઓ,
ભાગ્ય સૌભાગ્ય મુખ નૂર વાધ્યો;
સકલ વંછિત ફલ્યો માહરો દિન વળ્યો,
પાસ મંડોવરો દેવ લાધ્યો. તાર૦ ૩
ધન્ય મરૂ દેશ મંડોવરા નરવરી,
ધન્ય ધન્ય અયોધ્યા નયરી લોકા;
ધન્ય તે ધન્ય તે ધન્ય કૃત પુન્ય તે,
પાસ પૂજે સદા દેવલોકા. તાર૦ ૪
પાસ મુજ તું ધણી પ્રીતિ તુજ બની ઘણી,
વિબુધવર કહાનજી ગુરુ વખાણી;
મુકિત પદ આપજો આપ પદ થાપજો,
કનકવિજય આપણો ભકત જાણી. તાર૦ ૫

---

૪૦. શ્રી સુરત મંડણ પાર્શ્વનાથ સ્તવન.

સુરત મંડન પાસ જીણંદા, અરજ સુણો ટાલો દુઃખ દંદા
સાહેબા રંગીલા હમારા, મોહના રંગીલા;
તું સાહેબ હું છું તુજ બંદા, પ્રીતિ બની જૈસી કૈરવ ચંદા.
સા૦ ૧

તુજથું નેહ નહિ મુજ કાચો, ધનહીન માંગે હીરો જાચો;
દેતાં દાન તે કાંઇ વિમાસો, લાગે મુજ મન એહ તમાસો.
સા૦ ૨

કેડ લાગા તે કેડ ન છોડે, દીયો વંછિત સેવક કર જોડે;
અખય ખજાનો તુજ નવી ખુટે, હાથ થકી તો શું નવી છૂટે.
સા૦ ૩

જો ખીજમતમાં ખામી દાખો, તો પણ નિજ જાણી હિત રાખો
જેણે દીધું છે તેહજ દેશે, સેવા કરશે તે ફળ લેશે સા૦ ૪
ધેનુ કૂપ આરામ સ્વભાવે, દેતાં દેતાં સંપત્તી પાવે;
તિમ મુજને તમો જો ગુણ દેશો, તો જગમાં જગ અધિક વહેશો.
સા૦ ૫

અધિકું ઓછું કિશુંરે કહાવો, જિમ તિમ સેવક ચિત મનાવો;
માગ્યા વિણ તો માય ન પિરસે, એ ઉખાણો સાચો દીસે.
સા૦ ૬

ઇમ જાણીને વિનતી કીજે, મોહનગારા મુજરો લીજે;
વાચક જશ કહે અમિયે આસંગો, દિયો શિવ સુખ ધરી અવિહડ
રંગો. સા૦ ૮

શ્રી પાર્શ્વજિન સ્તવન.

વન્દેહં જિન દેવ પાર્શ્વં, ષડ વિધ દેવ દયાલં. (બે વાર)
વાણા રસ્યાં પુર્વ્યાં, યસ્ય જાતં જન્મ વિશાલં;
અશ્વસેન તન નંદન વંદિન, વિદલિત કલિમલ જાલં. વન્દેહં૦ ૧
કમઠાસુર મદ મર્દવ ધીરં, કૃતાંત કર્માતારં;
અગ્નિ દહદ્ભ્યાં ફણિની ફણિભ્યાં, દત્ત નમસ્કૃતસારમ્. વન્દેહં૦ ૨

રાગાદિ રિપુમાર નિકારં, સંચિત દુર્જય ટારં;
રત્ન ત્રયાંબર ભૂષણુ હૃદયં, દશ વિધ ધર્મ સુપાલં. વન્દેહં૦ ૩
સમેતાચલ પર્વત શિખરં, મુક્તિ ગતં ગુણ માલં;
જગત પ્રસિદ્ધા કીર્તિયંસ્યા, જાતા તં જિન પાલં. વન્દેહં૦ ૪

શ્રી મહાવીરજીન સ્તવન.

પંથીડા સંદેશો કહેજો મારા નાથને, વર્દ્ધમાન જે ચોવીસમો જીનરાયજો
રાજ ઇંહાંથી સાત ઉંચા તમે જઇ રહ્યા, ધ્યાતા નરનારી હૃદય મેંઝારજો—પંથીડા૦

જે દીનથી પ્રભુ આપ સિધાવીયા, તે દીનથી પ્રભુ જ્ઞાન ખજાનો લુંટાયજો
આપે જેના રક્ષાકાર કર્યા હતા, તે તો સર્વ આપ કેડે સધાયજો, પંથીડા૦

આપે જે પ્રભુ ધર્મ વૃક્ષ રોપ્યો હતો, તે તો ખંડોખંડ કરી વેચાયજો
દીગંબર શ્વેતાંબર આદી અનેકજો, નિજ નિજ મતીએ ગચ્છા ગચ્છ ઠરાયજો—પંથીડા૦

એતાં પંથ છતાંએ મન તૃપ્ત ન થયો, ત્રણે ગચ્છમાં એક પંથે જગરાયજો
કહે જીવ દાસ મુંઝાયો પંથ દેખી ઘણા, કેમ કરી પહોંચુ આપ કને સૌ કહેવાયજો—પંથીડા૦

મહાવીર સ્વામિનું સ્તવન.

વીરજી સુણો એક વિનતી મોરી, વાત વિચારો તુમે ધણીરે.
વીર મને તારો મહાવીર મને તારો, ભવજળ પાર ઉતારોનેરે
પરિભ્રમણ મેં અનંતારે કીધા, હજીએ ન આવ્યો છેડલોરે
તુમે તો થયા પ્રભુ સિદ્ધ નિરંજન, હમે તો અનંતા ભવ ભમ્યારે-વીર

તુમે હમે વાર અનંતી ભેળા, રમીયા સંસારી પણેરે.
તેહ પ્રીતજો પુરણ પાળો, તો હમને તુમ સમ કરોરે-વીર.

તુંમ હમને જોગ ન જાણો તો કાંઇ થોડું દઇજી મેરે,
ભવોભવ તુમ ચરણની સેવા, પામી હમે ઘણું રીઝીએરે-વીર.

ઇંદ્રજાળીઓ કહેતોરે આવ્યો, ગણધર પદ તેહને દીઓરે.
અર્જુનમાળી જે ઘોર પાપી, તેહને જીન તમે ઉદ્ધર્યોરે-વીર.

ચંદન બાળાએ અડદના બાકુળા, પડિલાભ્યા તુમને પ્રભુરે.
તેને સાહુની સાચી કીધી, શિવ વધુ સાથે ભેળવીરે-વીર.

ચરણે ચંડ કોશીયો ડશીયો, કલ્પ આઠમે તે ગયોરે.
ગુણ તો તુમારા પ્રભુ મુખથી સુણીને, આવી તુમ સન્મુખ રહ્યોરે-વીર

નિરંજન પ્રભુ નામ ધરાવો, તો સહુને સરખા ગણોરે,
ભેદ ભાવ પ્રભુ દુર કરીને, મુજશું રમો એકમેકશુંરે-વીર.

વહેલા મોડા તુમહિજ તારશો, હવે વિલંબ શા કારણેરે.
જ્ઞાન તણા ભાના પાપ મિટાવો, વારી જાઉં વીરતોરા વારણેરે-વીર

મહાવીર સ્તવન.

સિદ્ધારથનારે નંદન વિનવું, વિનતડી અવધાર,
ભવ મંડપમારે નાટક નાચીયો, હવે મુજ દાન દેવરાવ-સિદ્ધા.
ત્રણુ રતન મુજ આપો તાતજી જેમ નાવે સંતાપ
દાન દેઅંતારે પ્રભુ કોશલકરે આપો પદવી આજ-સિદ્ધા૦
ચરણુ અંગુઠે તેમેરૂ કંપાવીયા મોડયાં સુરનાજ માન,
અષ્ટ કરમના તે ઝગડા જીતવા, દીધાં વરશીદાન-સિદ્ધા૦
સાસન નાયક શીવ સુખદાયક ત્રિશલા કુખે રતન.
સિદ્ધારથ નારે વંશ દીપાવીયા, પ્રભુજી તમને ધન્ય ધન્ય-સિદ્ધા૦
વાચક શીખરે કીરતી વિજયગુરૂ, પ્રણમું તાસ પસાય,
ધરમ તણુા એ જીન ચોવીસમા, વિનય વિજય ગુણુગાય-સિદ્ધા

મહાવીર સ્તવન.

જગપતિ તારક શ્રી જીનદેવ, દાસનો દાસ છું તાહરો,
જગપતિ તારક તું કિરતાર, મન મોહન પ્રભુ માહરો
જગપતિ તાહરે તો ભકત અનેક, મારે તો એકજ તું ધણી,
જગપતિ વીરામાં તું મહાવીર, સુરત તાહરી સોહામણી.
જગપતિ ત્રીસલા રાણીનો તું તન ગંધાર બંદર ગાજીયો,
જગપતિ સિદ્ધારથ કુળ શણુગાર, રાજ રાજેશ્વર રાજીયો.
જગપતિ ભકતોની ભાગે છે ભીડ, ભીડ પડેરે પ્રભુ વારીએ,
જગપતિ તુંહી પ્રભુ આગળ અપાર સમજયો નજાયે મુજ સારીખે
જગપતિ ઉદય નમે કરજોડ, સત્તર નેવ્યાસી સમકીયો,
જગપતિ ખંભાયત જંબુસર સંઘ, ભગવંત ભાવશું ભેટીયો,

મહાવીર સ્તવન.

॥ ગિરૂઆરે ગુણ તુમ તણા, શ્રી વર્ધમાન જીનરાયારે, સુણતાં શ્રવણે અમીઝરે, મારી નિર્મળ થાએ કાયારે ॥ ગિ૦ ॥ ૧ ॥ તુમ ગુણ ગણ ગંગા જલે ॥ હું ઝીલી નિર્મલ થાઉરે, અવર ન ધંધો આદરૂ, નીશદીન તેરા ગુણ ગાઉરે ॥ ગી૦ ॥ ૨ ॥ ઝીલ્યા જે ગંગાજલે, તે છીલર જલ નવિ પેસેરે. જે માળતી ફુલે મોહિઆ ॥ તે બાઉલ જઈ નવી બેસેરે ॥ ગી૦ ॥ ૩ ॥ એમ અમે તુજ ગુણ ગોઠશું, રંગે રાચ્યા ને વલી માચ્યારે, તે કેમ પરસુર આદરે, જે પરનારી વસ રાચ્યારે ॥ ગી૦ ॥ ૪ ॥ તું ગતિ તું મતિ આસરો, તું આલંબન મુઝ પ્યારોરે, વાચક જશ કહે માહરે, તું જીવ જીવન આધારોરે ॥ ગી૦ ॥ ૫ ॥ ઇતિ ॥

મહાવીર સ્તવન.

ધનાશ્રી ॥ રાગ ॥ આજ જીનરાજ મુજ કાજ સિદ્ધાસવે, તું કૃપા કુંભ જો મુજ તુઠો ॥ કલ્પતરૂ કામ ધેનુ મીલ્યો, આંગણે અમિયરસ મેહ વુઠો ॥૧॥આંકણી॥ વીર તું કુંડપુર નયર ભૂષણ હુઓ, રાય સિદ્ધારથ ત્રિસલા તનુજો, સિંહ લંછન કનક વર્ણ કર સપ્તતનું, તુજ સમો જગતયમાં કેન દુજો ॥ ૨ ॥ આ૦ ॥ સીંહપરે એકલો ધીર સંયમ ગ્રહે, આયુ બોહોતેર વરસ પૂર્ણ પાલી ॥ પૂરી આપાપાયે નિઃપાપ શિવ વહુ વર્યો, તીંહા થકી પર્વ પ્રગટી દીવાલી ॥ ૩ ॥ આ૦ ॥ સહસ તુજ ચૌદ મુનીવર મહા સંયમી, સાહુણી સહસ છત્રીશ રાજે ॥ યક્ષ માતંગ સિદ્ધાયિકા વર સુરી, સકળ તુજ ભક્તિકની ભીતિ ભાંજે ॥ ૪ ॥ આ૦ ॥ તુજ

વચન રાગ સુખ સાગરે ઝીલતો, પીલતો મોહ મિથ્યાત વેલી ॥ આવીઓ ભાવીઓ ધરમ પથ હું હવે, દીજીએ પરમ પદ હોય બેલી ॥ ૫ ॥ આ૦ ॥ સીહ નિસિદિહ જો હૃદય ગિરિ મુજ રમે તું સુગુણ લહી અવિચળ નિરી હો ॥ તો કુમતરંગ માતંગના યુથથી મુઝ નહી કોઇ લવલેશ બીહો ॥ ૬ ॥ આ૦ ॥ ચરણ તુંજ શરણ મૈ ચરણ ગુણ નિધિ ગ્રહ્યા, ભવ તરણ કરણ દમ સરમ દાખો ॥ હાથ જોડી કહે જશ વિજય બુધ ઇસ્યું ॥ દેવ નીજ ભુવનમાં દાસ રાખો ॥ ૭ ॥ આ૦ ॥ ઇતિ ॥

મહાવીર સ્તવન.

રાગ ધનાશ્રી ॥ વંદો વીર જીનેશ્વર રાયા, વર્ધમાન સુખ દાયજી ॥ શાસન નાયક જેહ કહાયા, જગ જશવાદ સવાયાજી ॥ ૧ ॥ વં૦ ॥ હરી લંછન કંચન વન કાયા, સિદ્ધારથ નૃપ તાયાજી ॥ સિદ્ધારથ થયા કર્મ ખપાયા. ત્રીશલા રાણી માયાજી ॥ ૨ ॥ વં૦ ॥ લઘુવયથી જેણે મેરૂ ચલાયા, વીર વૈતાલ હરાયાજી ॥ દુર્ધર મોહ જેહ જીતીને, જ્યોતિમે જ્યોત મિલાયાજી ॥ ૩ ॥ વં૦ ॥ જશ શાસનથી ખટ્ દ્રવ્ય પાયા, સ્યાદ્વાદ સમઝાયાજી, અભિનય નંદન વનની છાયા, દર્શન જ્ઞાન ઉપાયાજી ॥ ૪ ॥ વં૦ ॥ જાસ વજીર છે ગૌતમરાયા, લબ્ધી નિધાન મન ભાયાજી, ન્યાય સાગર પ્રભુના ગુણ ગાયા. સુજશ સુમોધ સવાયાજી ॥ ૫ ॥ વં૦ ॥ ઇતી.

મહાવીર સ્તવન.

તાર હો તાર પ્રભુ મુજ સેવક ભણી, જગતમે એટલો સુયજશ લીજે. દાસ અવગુણ ભર્યો જાણી પોતા તણો, દયા નીધિ દીન પરે દયા કીજે ॥ ૧ ॥ તા૦ ॥ રાગ દ્વેષે ભર્યો મોહ વેરી નડયો, લોકની રીતીમેં ઘણું રાતો, ક્રોધ વશ ધમધમ્યો, શુદ્ધ ગુણ નવી રમ્યો, ભમ્યો ભવ માંહિ હું વિષય માતો ॥ તા૦ ॥ ૨ ॥ આદર્યો આચરણ લોક ઉપચારથી, શાસ્ત્ર અભ્યાસ પણ કોઇ ન કીધો ॥ શુદ્ધ શ્રદ્ધાન વલી આત્મ અવલંબ વિનુ, તેહવો કાર્ય તિણે કોન સીધો ॥ તા૦ ॥ ૩ ॥ સ્વામિ દરશણ સમો નિમિત્ત લહી નીરમલો, જો ઉપાદાન એ સુચિ ન થાશે, દોષ કો વસ્તુનો અહવ ઉધમ તણો સ્વામિ સેવા સહિ નિકટ લાશે ॥ તા૦ ॥ ૪ ॥ સ્વામિ ગુણ ઓળખી, સ્વામિને જે ભજે, દરિશન શુદ્ધતા તેહ પામે, જ્ઞાન ચારિત્ર તપ વિર્ય ઉલ્લાસથી કર્મ જીપી વસે મુકિત ધામે ॥ તા૦ ॥ ૫ ॥ જગત વચ્છલ મહાવીર જીનવર સુણી, ચિત્ત પ્રભુ ચરણને શરણ વાસ્યો ॥ તારજો બાપજી બિરૂદ નીજ રાખવા, દાસની સેવના રખે જોશો ॥ ૬ ॥ તા૦ ॥ વીનતી માનજો શકિત એ આપજો, ભાવ સ્યાદ્વાદતા શુદ્ધ ભાસે ॥ સાધી સાધક દશા સિદ્ધતા અનુભવી, દેવચંદ્ર વિમળ પ્રભુના પ્રકાશે ॥ તા૦ ॥ ૭ ॥ ઇતી.

મહાવીર સ્તવન.

વંદો વીર જીનેશ્વર રાયા, ત્રીસલા દેવી જાયારે, હરી લંચન કંચન વન કાયા. અમર વધુ હુલરાયારે ॥ ૧ ॥ વંદો૦ ॥ બાલપણે સુરગીરી ડોલાયા, અહિ વૈતાળ હરાયારે ॥ ઇંદ્ર કહ્યુ વ્યાકરણ નીપાયા, પંડિત વિસ્મય પાયારે ॥ વંદો ॥ ૨ ॥ ત્રીસ વરસ ઘરવાસ રહાયા, સંયમસ્યુ લય લાયારે, બાર વરસ તપ કર્મ ખપાયા કેવળ નાણુ ઉપાયારે ॥ વંદો૦ ॥૩॥ ખાયક રિદ્ધિ અનંતી પાયા અતિશય અધિક સુહાયારે ॥ ચાર રૂપ કરી ધર્મ બતાયા, ચઉવિહ સુર ગુણ ગાયારે ॥ વદો૦ ॥ ૪ ॥ તીન ભુવનમે આણ મનાયા, વિશ્ર દોય છત્ર ધરાયારે ॥ વંદો૦ ॥ ૫ ॥ સિંહાસન બેસણ ઠાયા દુંદુંહી નાદ બજાયારે, દાનવ માનવ વાસ વસાયા, ભકતે શિશ નમાયારે ॥ વંદો૦ ॥ ૬ ॥ પ્રભુ ગુણ ગણ ગંગાજળ નાહ્યા, પાવન તેહની કાયારે, પંડિત ક્ષમા વિજય સુપસાયા, સેવક જીન સુખ દાયારે ॥ વંદો૦ ॥ ૭ ॥ ઇતી ॥

મહાવીર સ્તવન.

આજ માહરે સુરતરૂ ફલીઓ શાહ, ઘર આંગણે સોભા કરૂં જીરેજી. આજ મેં ત્રીસલા નંદન દેવ. દીઠો દેવ દયાકર જીરેજી. ॥ ૧ ॥ જીનજી તારાં ગુણ અવદાત, ગંગતરંગ પરે નિર્મલા જીરેજી ॥ જીનજી સંભારૂં દીન રાત. મુકી મનના આમલા જીરેજી ॥ ૨ ॥ જીનજી ઉત્તમ જનસુ રંગ ચોળ મજીઠ પરે જીરેજી. તુમશું અવિહડ નેહ, નિરવહજો રૂડી પરે જીરેજી ॥ ૩ ॥ જીનજી તાહરી ગુણ

મણી માલ, કહે જે ભવી ધારશેરે ॥ જી૦ ॥ જીનજી ધન ધન તસ અવતાર જે તાહરૂ નામ સંભારસે જીરેજી ॥ ૪ ॥ જીનજી મેરૂ વિજય ગુરૂ શીશ, વિનિત વિજયના વયણુડાં જી૦ જીનજી જે ચિત્ત ધરશે નિત તસઘર રંગ વધામણા જીરેજી ॥ ૫ ॥ ઇતિ ॥

મહાવીર સ્તવન.

નારે પ્રભુ નહી માનું ॥ નહી માનુરે અવરની આણ ॥ નારે પ્ર૦ ॥ મહારે તાહારૂ વચન પ્રમાણ ॥ નારે પ્રભુ૦ ॥ હરિ હરાદિક દેવ અનેરા, તે દીઠા જગ માંહરે ॥ ભામિની ભ્રમ ભ્રકુતિ મૈ ભૂલ્યા. તે મુજને ન સોહાય ॥ નારે૦ ॥ ૧ ॥ કેઇક રાગી ને કેઇક દેષી કેઇક લોભી દેવરે ॥ કેઇક મદ માયામાં ભરીઆ કેમ કરીએ તસસેવ ॥ નારે૦ ॥ ૨ ॥ મુદ્રા પણ તેમાં નવિ દીસે પ્રભુ ॥ તુંજ માંહેલી તિલ માતરે ॥ તે દેખી દીલડુ નવિ રીઝે, શી કરવી તેહની વાત ॥ નારે૦ ॥ ૩ ॥ તું ગતિ તું મતિ તું મુજ પ્રીતમ, જીવ જીવન આધારરે ॥ રાત દિવસ સ્વપનાંતર તુંહિ ॥ તું માહારે નિરધાર ॥ નારે૦ ॥ ૪ ॥ અવગુણ સહુ ઉવેખીને પ્રભુ સેવક કરીને નિહાલરે ॥ જગ બંધવ એ વિનતિ મોરી ॥ મહારાં સવિ દુઃખ દુરે ટાલ ॥ નારે૦ ॥ ૫ ॥ ચોવીસમા પ્રભુ ત્રિભુવન સ્વામિ સિદ્ધારથના નંદરે ॥ ત્રિસલાજીના ન્હાનડીઆ પ્રભુ ॥ તુમ દીઠે અતિ આનંદ ॥ નારે૦ ॥ ૬ ॥ સુમતિ વિજય કવિ રાયનોરે, રામ વિજય કરજોડરે ॥ ઉપગારી અરિહંતજી માહારા. ભવભવના બંધન છોડ ॥ નારે૦ ॥ ૭ ॥

મહાવીર જીન સ્તવન.

પ્રભુજી વીર જીણંદને વંદીએ ॥ ચોવીસમો જીનરાય ॥ હો ત્રીસલાના જાયા ॥ પ્રભુજીને નામે તે નવનીધ સંપજે ॥ ભવ દુઃખ સવી મીટી જાય હો ॥ ત્રીસલાના જાયા ॥ ૧ ॥ પ્રભુજી કંચનવાન કરસાતનો ॥ જગ તાતનો એટલો માન હો ॥ ત્રીસ૦ ॥ પ્રભુજી મૃગપતિ લંછન રાજતો ભાંજતાં મદગજ માન હો ॥ ત્રી૦ ॥ ૨ ॥ પ્રભુજી સિદ્ધારથ ભગવંત છો ॥ સિદ્ધારથ કુલચંદ હો ॥ ત્રી૦ ॥ પ્રભુજી ભક્ત વચ્છલ ભવ દુઃખ હરૂ ॥ સુરતરૂ સમ સુખ કંદ હો ॥ ત્રી૦ ॥ ૩ ॥ પ્રભુજી ગંધાર બંદર ગુણ નીલો ॥ જગ તાત તું જગદીશ હો ॥ ત્રી૦ ॥ પ્રભુજી દર્શન દેખીને ચીત્ત ઠર્યું ॥ સર્યું મુજ વળી કાજ હો ॥ ત્રી૦ ॥ ૪ ॥ પ્રભુજી શીવ નગરીનો રાજીઓ ॥ જગ તારણ જીન દેવ હો ॥ત્રી૦॥ પ્રભુજી રંગ વિજયને આપજો ॥ ભવભવ તુમ પાયસેવ હો૦ ॥ ત્રી૦ ॥ ૫ ઇતિ ॥

અથ પદ સંગ્રહ.

ૠષભજીન સ્તવન.

મોસે નેહ ધરી માહારાજ આજ રાજ દર્શ દીજીએ ॥ દરસ દીજીએરે ભવ દુ:ખ છીજીએ ॥ મો૦ ॥ એ ટેક ॥ તુમ જ્ઞાની જગતતાત ભ્રાત તુમ સરન રીજીએ ॥ શરન રીજીએ તો ભવ દુ:ખ છીજીએ ॥ મો૦ ॥ ૧ ॥ નરપ નાભીજીકે નંદ ચાહીત ધંદ ચંદ વિંદ ॥ જયો જયો જીણંદ નિત વંદન કીજીએ ॥ મો૦ ॥ ૨ ॥ તુમ ધુલેવા નાથ મોક્ષ સાથ અચળ આદ બ્રહ્મ ગ્રહિ હાથ પ્રભુ રતનકો ઉદ્ધાર કીજીએ ॥ મો૦ ॥ ૩ ॥ ઇતિ ॥

શ્રી ૠષભ સ્તવન.

નેના સફળ ભઇ મેં નીરખ્યા નાભી કુમાર ॥ અખીયાં સફળ ભઇ ॥ મે૦ ॥ ભવોભવ ભટકત શરણુ હું આયો અબ તો રાખોને મોરી લાજ ॥ મેના૦ ॥ ૧ ॥ રોમ રોમ આનંદ ભયો મેરે ॥ અશુભ કરમ ગયે ભાગ ॥ મે૦ ॥ ૨ ॥ ઔર ચાહત કછુ રહો નહી મેરે ॥ પાયક ગજરથ વાજ ॥ મે૦ ॥ ૩ ॥ રામચંદ્ર પ્રભુ એ માંગત હે ॥ લોક શીખરકો રાજ ॥ નેના સફળ ભઇ ॥ મે૦ ॥ ૪ ॥ ॥ ઇતિ સંપૂર્ણ ॥

ઋષભ પદ.

॥ રાગ બીહાગ ॥

નાભી રાજા ઘર જાઇ, સબ મીલ દેત બધાઇ ॥ નાભી૦ ॥ ટેક ॥ નાભી રાજાજીકું પૂત્ર ભયો હે ॥ સબ સખીઅન મીલ મંગળ ગાઇ ॥ સબ ॥ ઇંદ્રાણી મીલ મંગલ ગાવે ॥ મોતીઅન ચોક પુરાઇ ॥ સબ૦ ॥ ૨ ॥ શ્રી આદીશ્વર દરસન કરેરે ॥ છલવીને ગુણ ગાઇ ॥ ૩ ॥ ઇતિ ॥

આદિજીન પદ.

॥ રાગ ભૈરૂં ॥

ઉઠત પ્રભાત નામ જીનજીકો ગાઇએ, નાભીજીકે નંદકે ચરણ ચિત્ત લાઇરે ॥ આનંદકે કંદ જાકે, પુજીત સુરિંદ વૃંદ, એૈસો જીન- રાજ છોડ ઔરકુ ન ધ્યાઇએ ॥૧॥ ઉ૦ ॥ જન્મ અજોધ્યા ઠામ, માતા મરૂ દેવા નામ, લંછન વૃષભ જાકે ચરણ સુહાઇએ, ઉ૦ ॥ પાંચસે ધનુષમાન, દીપત કનકવાન, ચોરાશી પુરવ લાખ, આયુ સ્થિતિ પાઇએ ॥ ૨ ॥ ઉ૦ ॥ આદીનાથ આદિદેવ, સુરનર સારે સેવ, દેવનકે દેવ પ્રભુ, સીવ સુખ દાઇએ, ઉ૦ ॥ પ્રભુકે પાદાર વૃંદ, પૂજત હરખચંદ, મેટો દુખ દંડ, સુખ સંપત્તી બઢાઇએ ॥ ૩ ॥

શ્રી ઋષભદેવ પદ.

મરૂદેવીનો નંદ મારો સ્વામિ સાચોરે, શીવ વધુની ચાહ ધરો તો, એહને યાચોરે ॥ મ૦ ॥ ૧ ॥ કેવળ કાચના કુપા સરીખો,

પીંડ કાચોરે ॥ સત્ય સરૂપી સાહેબો એને રંગે રાચોરે ॥ મ૦ ॥ ૨ ॥ યમરાજાના મુખડા ઉપર દેઇ તમાચોરે, અમર થઇ ઉદયરત્ન પ્રભુ શું મીલી માચોરે ॥ મ૦ ॥ ૩ ॥

શ્રી સંભવજીન પદ.

રાગ કાફી.

લાગી મોરી પ્રીત પ્રભુજીસે. લા૦ ॥ એસી બની જીનજી મોહે તો સો. જ્યો જલ મીન પ્રતીત ॥ પ્ર૦ ॥ ૧ ॥ ઘડી ઘડીપલ તું ચિત આવે, જ્યું મન રાઘવ સીત ॥ લગન લગી મોરી કયું કર છુટે ચંદ ચકોરશી રીત ॥ પ્ર૦ ॥ ૨ ॥ દીલથી પ્યારી પ્રભુ તુમ ગુણ ધારી. જ્યોં ચાતક ઘન ચીત, પરસો તોરીમેં તુમસે જોરી માલતી મધુકર મિત ॥ પ્ર૦ ॥ ૩ ॥ યાવિધ પ્રીત ભઇ પ્રભુ તુમસે કહા કહું કરી ગીત ॥ અપનો જાણુ શ્રી સંભવ જીનજી. તારીએ અમૃત પ્રતિત ॥ પ્ર૦ ॥ ૪ ॥

અભિનંદન પદ.

તુજ ગુણ કમળ પરાગ સુગંધી. મુજ મન ગધુપ રહ્યો મનબંધી ॥ સાહેબા મુજ અરજ સુણીજે, જીવના કાંઇ મહેર કરીજે મોહના માનોજી ॥ એ આંકણી. અમલ બહુલ પરિમલનો લોભી થઇ એક ચિતે રહ્યો થીર થોભી ॥ સા૦ ॥ ૧ ॥ નીલ કણુયર સમાન ઘણેરા. છંડી દેવ અનેક અનેરા ॥ સા૦ ॥ ૨ ॥ અધીક સોરંભ દેખાડી શોભા. ચપળ ભમર મુજ મન વશ કીધો ॥ સા૦ ॥ લેવા ગુણ મકરંદનો લાહો. આઠે પહોર ધરી ઉમાહો ॥ સા૦ ॥ ૩ ॥

ટેક ધરી મન મોટી આશે. મુજરો કરી માગુ પ્રભુ પાસે. ॥ સા૦ ॥ ૪ ॥ ગુણ પંકજ મંજરી લીન આણી. પ્રભુજી આપો પોતાનો જાણી ॥ પામી ત્રીભુવન નાથ નગીનો, ભેદ તજી રહું અહોનીશ ભીનો ॥ સા૦ ॥ સાહેબ અભીનંદન શોભાગી. હંસ રતન મને એ લય લાગી ॥ સા૦ ॥ ૫ ॥

અભીનંદન પદ.

॥રાગ નટ॥ પ્રભુ તેરે નેનનકી બલીહારી, પ્રગટ યાકી શોભા બીજીત તપસ્યા કમળ કર તુહે જલચારી, વીધુ કે શરણ ગયો મુખ અરિકે વનથે ગગન હરીણુ હારી ॥ પ્ર૦ ॥ ૧ ॥ સેજહી અંજન મંજન નીરખત, ખંજન ગરવ દીયો ડારી. ॥ પ્ર૦ ॥ ૨ ॥ ચંચળતા ગુણ લીઓ મીનકો, અલી જ્યૌં તાગી કે કારી. ॥ કહે શુભ ગતી કેલી ઇનકી, મોહી સબહી અમરનારી ॥ પ્ર૦ ॥ ૩ ॥ ધુમત હે સમતા રસ પને જેસે ગજવર મદ ભારી ॥ તીન ભુવનમે નહી કોઇનીકો. અભીનંદન જીકા અનુકારી ॥ પ્ર૦ ॥ ૪ ॥ મેરે મન તો તુહિ રૂચત હે, પરે કોણ પરકી લારી. તેરે નયનકી મેરે નયનમેં જશ કહે દીઓ છબી અવતારી ॥ પ્ર૦ ॥ ૫ ॥

સુમતિજીન પદ.

॥ રાગ જેજવંતી ॥

તુંહી એક પ્યારો પ્રાણ, તિહારોહી જ્ઞાન ધ્યાન, સબ ગુણકો નિધાન, તેરોહી સરનહે ॥ તું૦ ॥ ૧ ॥ તુમહો અનાથ નાથ, મોક્ષકો ચલાવે સાથ, જીને સુખ કીનો હાથ, સુખકો કરનહે ॥

॥ તું૦ ॥ ૨ ॥ તું મેરો આતમરામ નામ તેરો આઠ જામ, કરૂં હું તો ગુણગ્રામ, દુઃખકો હરનહૈ ॥ તું૦ ॥ ૩ ॥ સુમતી સુમતી તેરે. દરસ પરસ કરે, કહત અમૃતમેરે. જીઉકો ઠરનહૈ ॥ તું ॥ ૪ ॥ ઇતિ

સુમતિનાથ પદ.

॥ રાગ ભૈરવ ॥

તેરી ગતિ તુંહી જાણે મેરે મન તુંહી હે. ઔર સર્વ ભર્મ ભાવ, મોહ જાળ યુહીહૈ ॥ ૧ ॥ તે૦ ॥ જ્ઞાનમેં વિચાર હાનિ શુદ્ધિ બુદ્ધિ ગહી હૈ. આપકી પ્રસાદ પાઇ સુષ્ટ દૃષ્ટિ લહી હૈ ॥ ૨ ॥ તે૦ ॥ ચંદ જ્યો ચકોર પ્રિતિ, ઐસી રીતી સહીહૈ. આદિ અંત એક રૂપ, તો સો હોઇ રહી હે ॥ ૩ ॥ તે૦ ॥ એ દયાળ અદ્ભુત બાત કહી જાત નહિ હૈ, તારી હો સુમતિનાથ ગુણ વિલાસ વહી હૈ ॥ ૪ ॥ તે૦ ॥

સુમતીજીન પદ.

॥ રાગ રામકલી ॥

નીરખતવદન સુખ પાયો મેં પ્રભુ તેરો ॥ ની૦ ॥ સુમતીનાથજીકે મુખકી શોભા દેખત ચીત્ત ઉમાયો ॥ ૧ ॥ મેઘ નૃપતીકે નંદ આનંદન, માત સુમંગળ જાયો, લંછન ક્રૌંચ અયોધ્યા ઉપજત, કનક વરણ તણુ છાયો ॥ ૨ ॥ ધનુષ તીન સત માન બિરાજત, જસુ જસ ત્રિહુ જગ છાયો, ચાલીસ લાખ પૂરવ વરસકો, આયુ પ્રમાણુ બતાયો ॥ ૩ ॥ પંચમ જીન પંચમ ગની ગામી, પરમ પુરૂષ જીહ ધ્યાયો, હરખચંદકે ચિત્તમેં તુમ વિન, અવર દેવ નહી આયો ॥ ॥ ૪ ॥ ઇતિ ॥

પદ્મ પ્રભુ પદ.

॥ રાગ પુરવી ॥

ઘડી ઘડી સાંભરે સાંઇ સલુણા ઘ૦ પદ્મ પ્રભુ જીન દીલથી ન વિસરે, માનુ કયુ કહું ગુન કો દુના, દરસન દેખનહી સુખ પાઉ તો બીન હુન હુ ઉના હુના ॥ ઘ૦ ॥ ૧ ॥ પ્રભુ ગુણ ગ્યાન ધ્યાન નીચી રચના. પન સે પરી કાથા ચુના. ॥ રાગ ભગો દીલમે યા જોગે રહે છીપાયા ન છાના છુના ॥ ઘ૦ ॥ ૨ ॥ પ્રભુ ગુણ ચીત બાંધ્યો સબ સાથે, કુન પૈસે લેઇ ઘર ખુના ॥ રાગ જગ્યો પ્રભુશું મોહી પરગટ, કહો નયા કોઉ કહા જુના ॥ ઘ૦ ॥ ૩ ॥ લોક લાજથે જે ચીત ચોરે, સો તો સહજ વિવેકહી ચુના. પ્રભુ ગુણ ધ્યાન વિગર ભ્રમ ભુલા, કરે કિરિયા સો રાનેરૂના ॥ ઘ૦ ॥ ૪ ॥ મેં તો નેહ કિયો તો સાથે અબ નીવાહોગે બેઇ હુંના. જશ કહે તો વિનુ ઓર ન સેવું, અમીય ખાઇ કોન ચાખે લુના ॥ ઘ૦ ॥૫॥

ચંદ્રપ્રભુજી પદ.

॥ રાગ ટોડી ॥

એ દેખા તેરી લીલા, વરણી ન જાત મોપે, સુરનર પતિ સેવે જાકે ચરણ ॥ એ૦ ॥ ૧ ॥ તખત જરાવ જડયો, સીર પર છત્ર ધર્યો, તાકે બીચ બેઠે સોહે, નભમે રતન ॥ એ૦ ॥ ૨ ॥ દેવનકો તુંહી દેવ, ત્રીભોવન સારે સેવ, એસે જીનરાજ દેખો, ચિત્તકો હરન ॥ એ૦ ॥ ૩ ॥ લક્ષ્મણા નંદ તેરો, ચંદ જેસો ગાત તેરો, કહો અમૃત સબ સુખકો કરનહે ॥ એ૦ ॥ ૪ ॥ ઇતિ ॥

ચંદ્રપ્રભુજી પદ.

॥ રાગ કલ્યાણી ॥

ચંદા પ્રભુજી સે ધ્યાનરે, મોરી લાગી લગનવા,
લાગી લગનવા છોડી ન છુટે, જબ લગ ઘટમેં પ્રાણુરે–મોરી.
દાન શીયળ તપ ભાવના ભાવો, જૈન ધર્મ પ્રતિપાળરે–મોરી.
હાથ જોડ કે અરજ કરત હે, વંદત શેઠ ખુશાલરે–મોરી.

ચંદ્રપ્રભુ પદ

ચંદ્ર પ્રભુના મુખની સોહે કાંતી સારીરે, કોડી ચંદ્રમા નાંખુ વારી, હું બલીહારીરે ॥ ૧ ॥ સ્વેત રજતસી જ્યોતિ બિરાજે તનની તાહરીરે ॥ આશક થઇ તે ઉપર ભમે, આંખડી માહરીરે ॥ચંં॥૨॥ ભાવ ધરી તુજને ભેટે જે નર નારીરે ॥ ઉદય રત્ન પ્રભુ પાર ઉતારે, ભવ જળ તારીરે ॥ ચં૦ ॥ ૩ ॥ ઇતિ

શ્રેયાંસનાથજી પદ.

॥ રાગ મલ્હાર. ॥

મહેર કરો માહારાજ હમપર મહેર ॥ તુંમ બિન સુખ દુઃખ અંતર ગતકી કીસ આગે કહો જાય ॥ હ૦ ॥ ૧ ॥ અપને સેવકકું સબ ચાહે તુમકો રહે હો ભુલાય, જો કછુ ચુક પરીહે હમપે, તો દીજે બક્સાય ॥ ૨ ॥ હ૦ ॥ તુમહો સબળ નિબળ હમ સામી, જોર કછુ ન વસાવ, સોઈ ભાંતિ કરો તુમ સાહેબ, જો કછુ આવે

દાય ॥ ૩ ॥ હ૦ ॥ એસો કોણ સંદેશો શિવપુર, જો આવે પુહચાય, ગુણ વિલાસ શ્રેયાંસ કૃપા કરી લીજે પાસ બુલાય ॥ ૪ ॥ હ૦ ॥

વાસુપુજય પદ.

(રાગ સોરઠ તથા આમેરી.)

પ્રભુજી તેરી પરતીત ન જાણી, મે નીત વિનતિ કરી થકો, તુમ મનમે કછુ જાણી ॥ ૧ ॥ પ્ર૦ ॥ ઓર અનેક વિવેક રહિત જે, માંસ ભખી મદ્ય પાની, વેનુ વિચાર સંસાર ઉદધિતે, પાર ઉતારે પ્રાની ॥ ૨ ॥ પ્ર૦ ॥ મેરી વેર કહા ભયે સાહિબ, આજકાલકે દાની, તારક બિરૂદ ધરાઈ જગતમેં કોન સયન પડાની ॥૩॥પ્ર૦॥ અબ તો તાર હી બની આવે, ઓર વાત સબ કાની, ગુણ વિલાસ શ્રી વાસુપુજયજી, દો શીવપુર રાજધાની ॥ ૪ ॥ પ્ર૦ ॥ ઇતિ ॥

ધર્મનાથજી પદ.

(રાગ સારંગ)

મન ધ્યાન સદા જીનકો ધરૂં, પ્રિતિ પ્રતિતિ ધરી ચિત્ત અંદર એક તુંહી તુંહી કરૂં ॥ ૧ ॥ મ૦ ॥ જગકે મુલ ભુલ ચેતનકી, રાગાદિક અરિ પરિહરૂ, રત્નત્રયી ગુણ નિરમલ કરકે, દુરગતિ દુખમે ના પરૂ ॥ ૨ ॥ મ૦ ॥ જીનવર નામ ધ્યાન નાવા ચઢી અગમ અપાર ભવ જળ તરૂ, ગુન વિલાસ ધર્મનાથ કૃપા કર, સિવ કમળા હેલાવરૂ ॥ ૩ ॥ મ૦ ॥ ઇતિ ॥

શાંતીનાથજી પદ.

પોસહમાં પારવડો રાખ્યો, શરણુ લઇરે, ॥ તન સાટે જીવાડયો અભય દાન દેઇરે ॥ ૧ ॥ પો૦ ॥ અનાથ જીવનો નાથ કહાવે ગુણુનો ગેહીરે, તો મુજે પ્રભુ તારતા કહો એ વાત કહીરે ॥ પો૦ ॥ ૨ ॥ ગરીબ નીવાજ તું ગીરવો સાહેબ શાંતી સ્નેહારે ॥ઉદય રત્ન પ્રભુ મુજ સું બાંધી પ્રીત અછેહીરે ॥ ૩ ॥

કુંથુનાથજી પદ.

॥ રાગ કઠીન લગનકી પ્રીત ॥

કઠીન જગતકી પ્રીત, હેરી વો કરી સોઇ જાણે ॥ ક૦ ॥ લાખ જંજાલ ભગતી કરનમે, ઓછી ન આવે ચિત્ત ॥ હેરી વો૦ ૧ ॥ છીન છીન ખબર પરે નહી ઘટકી, તાસો રહે ચિત્ત ભીત્ત ॥હેરી વો૦॥ ભગતી લગન મો મનમાં બેઠી, જ્યું રાઘવ મન સીત ॥હેરી વો૦॥ ॥ ૨ ॥ જેસી તેસી ગેરી ભગતી ઉગનકું, માની લે મોહન મિત્ત ॥ ॥ હે૦ ॥ પ્રેમસું કાંતિ કલાકું જગાવે કુંથુ ભગતી રસ પ્રિત ॥ ॥ ૩ ॥ હેરી વો૦ ॥ ઇતિ ॥

કુંથુજીન પદ.

(રાગ તુમ રહોરે આજીમ દો ઘડીઆં ॥ એ દેશી ॥

તુમ રહોરે પ્રીતમ પાય પરીઆં ॥ એ આંકણી ॥

રૂપે રતી શ્રી રાણી જાયા, અરજ કરે અંતે ઉરીઆ ॥ તું ૧॥ સુરનૃપતાકે થોટે મોટે, કયું ન કરો હમ દીલ વરીઆં ॥ તું૦ ॥ ૨ ॥

નાહ વિવાહ ઉછાહ કરી આએ, અવગુણ વીન કયું પરહરીયાં ॥ તું૦ ॥ ૪ ॥ ત્રિલપતિ નેહ દીવાની લલના, તજી જીન સંયમ શ્રી વરીયાં ॥ તું૦ ॥ ૫ ॥ કેવળ પામી ત્રીગડે બેઠે, બાની સુણી ભવ દીલ ઠરીયાં ॥ તું ॥ ૬ ॥ ન્યાય સાગર પ્રભુ લીલા બહુત્રી, મહાનંદ પદ અનુસરીયાં ॥ તું૦ ॥ ૭ ॥

મલ્લીનાથજી પદ.

॥ રાગ ગોડી ॥

મોહન મહેલ બનાવ, મુરતિ કનક રચીરી, ઓછવ વરણી ન જાય ચેતન રૂપ મચીરી. ॥ ૧ ॥ પુરવ ભવકે મીત, આયે છહરા જારી, હયવર ગયવર કોડ પાયક રચના ભારી ॥ ૨ ॥ મોહન મુરતી સંગ, અતિ બુઝે નૃપ ગોરી, પૂરવ ભવકી પ્રીતી, તપ સંઘાત-યતીરો ॥ ૩ ॥ મલી મહીરીરૂપ, ત્રિભુવનનાથ ભઇરી, અજબ કરમોકી રેખ, અંત લગે નીવહીરી ॥ ૪ ॥ ઉલસંત અંગોઅંગ પ્રભુજી કો નામ લીએરી, આનંદ વદન સુરંગ મનકુ મગન કીયેરી ॥૫॥ઇતિ

મલ્લીજીન પદ.

તુજ સરીખો પ્રભુ તુજ દીસે, જોતાં ધરમાંરે, અવર દેવ કુણ એહવો બળીયો હરીહરમારે ॥ ૧ ॥ તારા અંગનો લટકો મટકો નારી નરમાંરે ॥ મહી મંડળમાં કોઇ ના આવે માહરા હરમાંરે ॥૨॥ મલ્લી જીન આવીને મારા મન મંદીરમારે ॥ ઉદય રત્ન પ્રભુ આવીને વસો તું નિજરમારે ॥૩॥

નેમનાથ પદ.

॥ રાગ કહારવો ॥

લેતા જાઈઓરે સામગીઆ બીડી પાનનકી ॥ લેતાં ॥ કથારે ચુના લવંગ સોપારી. વારી તેરા દીલ જાનનકી ॥ લેતા ॥ ૧ ॥ તાલ મંદંગ સગુણાઇ સરેદા ॥ બાજી બની રંગ તાનનકી ॥ લેતા ॥ ૨ ॥ સેહસ્રાવનકી કુંજ ગળનમો લાગી ઝરી શુભ ધ્યાનનકી ॥ લેતા ॥ ૩ ॥ કહે નથુ પ્રભુ ધર્મ પ્રકાશિત ॥ હું બલીહારી કેવળ જ્ઞાનનકી ॥ લેતા ॥ ૪ ॥

નેમનાથ પદ.

(પીલુની ઠુમરી.)

હારે તું તો નજર મહેરકી કર નાવે ॥ મે હું અધમ પાપકી મુરત; દોષ ધરનાવે ॥ હારે ॥ ૧ ॥ આઠ ભવાંતર નેહજ કીનો, નવમે ભવ નિભાવનારે ॥ ૨ ॥ હારે ॥ રૂપચંદ કહે નાથ નિરંજન આવાગમન નીવારનારે ॥ હારે ॥ ૩ ॥

નેમનાથજી પદ.

હારે કીને દેખા હમેરા સ્વામિ, સ્વામિજી અંતર જામીરે ॥ આઠ ભવકી પ્રીત પ્રકાશી, નવમે ગયા શિવગામીરે ॥ કીને ॥ ૧ ॥ સેસાવનકી કુંજ ગલનમે મલ્યા મુને અંતરજામીરે ॥ કીને ॥ ૨ ॥ આપ ચલે ગીરનારી ઉપર નારી તારી કેવળ પામીરે ॥ કીને ॥ ૩ ॥ કહે નથુ પ્રભુ નેમ નગીનો, કહું છઉં આજ શિરનામીરે ॥ કીને ॥ ॥ ૪ ॥ ઇતિ ॥

નેમનાથજી પદ.

(રાગ શામેરી)

પધારો રાજા કુંકુમને પગલે ॥ પધારો ॥ સંસાર છોડી સંજમ આદરવા, દાન દીઓ ઢગલે ॥ પધારો ॥ ૧ ॥ શીવીકાદેવી સહસ પુરૂષસે પ્રભુ બેસી ફરો સઘળે ॥ પધારો ॥ ૨ ॥ વન જઇ પ્રભુ દિક્ષા લીની, ઉપજે જ્ઞાન ચોથુ ડગલે ॥ પધારો ॥ ૩ ॥ કરમ ખપાવી કેવળ લીધું, મોક્ષ પહોંતા તેતો એક મજલે ॥ પધારો ॥ ૪ ॥ નથુ કલ્યાણ કહે ચેતનને, તું તો એવા પ્રભુ ભજ લે ॥ પધારો ॥ ૫ ॥

નેમનાથજી પદ.

(રાગ શામેરી)

રહોરે રહોરે જાદવરાય દોય ઘડીઆ, દો ઘડીઆરે દોય ચાર ઘડીઆરે ॥ રહો ॥ આંકણી ॥ પ્રેમકા પ્યાલા બહોત મછાલા પીવત મધુરી સેલડીઆં ॥ રહો ॥ ૧ ॥ હાથશું હાથ મીલાવો સાંઇ, ફુલડાં બીછાવું સેજડીઆં ॥ રહો ॥૨॥ રાજુલ છોડી ગયે ગીરનારે ॥ દીપતાં મોહન વેલડીઆંરે ॥ રહો ॥ ૩ ॥ રૂપચંદ કહે નાથ નિરંજન, મુકિત વધુ ગુણ સેલડીઆં ॥ રહો ૪ ॥ ઇતિ ॥

પારશનાથજી પદ.

॥ રાગ બિભાસ ॥

પ્રભુજીકો દરશ પાયો ॥ આજ મેં તો પ્રભુજીકો દરશન પાયો ॥ વંછીત પુરણ પાસ ચિંતામણ. દેખત દુરિત ગમાયો ॥ આજ ॥ ૧ ।

મોહીની મુરત મહિમા સાગર, કીરતી સબ જુગ છાયો ॥આ૦॥૨॥
ભાનુચંદ પ્રભુ સકળ સંઘકુ, આનંદ અધિક ઉપાયો ॥આ૦॥૩॥ઇતિ॥

પારશનાથ પદ.

મેરો પ્રભુ પારશનાથ આધારરે ॥ મેરો ॥ આ ભવ પરભવ વંછીત પુરવે ॥ શીવ પદકો દાતાર ॥૧॥ વામાજીકો નંદન નીરખ્યો તે પામ્યા ભવ પારે ॥ મેરો ॥ ૨ ॥ કહત શામળ દેવ આશા પુરો મન તણી ॥ સેવકની કરો સારરે ॥ મેરો ॥ ૩ ॥

પાર્શ્વનાથ જીન સ્તવન.

લાગો મેરો પાસ પ્રભુજીસે ધ્યાન ॥ લાગો૦ ॥ મુગતાગિરિ પર આપ બીરાજે ॥ ફરકત જરીયન નીશાન ॥ લાગી ॥ ૧ ॥ બારાવ્રત તપબાહ્યઅભ્યંતર ॥ સમકિત ભાવ ધરાન ॥ લા૦ ॥ ૨ ॥ નેમીચંદ કહે સુણો ભાઇ સાવકો, આપહી આપ પીછાન ॥ લાગી૦ ॥ ૩ ॥ ઇતિ ॥

પારશનાથ પદ.

॥ કેરબો ॥

મેં મુખ દેખો ગોડી પારસકો. મેરો સફળ ભયોજી દીન આજ ॥ આજરે મેરો ॥ અન્ય દેવકુ બહોતમે ધ્યાયો, તોએ ન સર્યોજી મેરો કાજ ॥ આજરે ॥ ૧ ॥ ભવ ભવ ભટકત શરણે હું આયો

અબ તો રાખોજી મોરી લાજ ॥ આજરે ॥૨॥ કમઠ હરાવણુ નાગકું તારણુ, સંભલાવ્યો નવકાર ॥ આજરે ॥ ૩ ॥ રૂપચંદ કહે નાથ નિરંજન. તારણ તરણ ઝહાજ ॥ ભલા તુમ તારણુ મહારાજ. ॥ આજરે ॥ ૪ ॥ ઇતિ

પારસનાથજી પદ.

ચાલ ચાલરે કુમર તારી ચાલ ગમેરે, તુજ દીઠડા વીના મીઠડા માહરા પ્રાણુ ભમેરે ॥ ચા૦ ॥ ૧ ॥ ખોલા માંહી પડતું મેલે રીસે દમેરે, માવડી વિના આવડી ખુડયું કોણુ ખમેરે ॥ ચ૦ ॥ ૨ ॥ માતા વામા કહે સુખડું જોતાં દુઃખ શમેરે॥ લલી લલી ઉદયરત્ન પ્રભુ. તુજને નમેરે ॥ ૩ ॥ ઇતિ

પારશનાથ જીન પદ.

॥ રાગ રામકલી ॥

અખીયા દરશન લાગી હમારી ॥ આ૦ ॥ દરશન દેખત પાસ જીણંદકો ॥ ભાગ્ય દશા અબ જાગી ॥ હ૦ ॥ ૧ ॥ આ૦ ॥ અલક્ષ અરૂપ અને અવિનાશી ॥ જગથે તુંહી નીરાગી ॥ સુંદર સુરતી અરી રીજ એહી ॥ જગ જનને કરે રાગી ॥ હ૦ ॥ ૨ ॥ શરણુ ગત પ્રભુ તુમ્હ પદ પંકજ સેવન મુજ મન જાગી ॥ લીના લહેર દીઇ નીજ પદવી ॥ તુમ સમ કો નહી ત્યાગી ॥ હ૦ ॥ ૩ ॥ વામાનંદન ચંદનની પરે ॥ શીતળ તું શોભાગી ॥ જ્ઞાન વિમળ પ્રભુ ધ્યાન કરતાં ॥ ભવ ભય ભાવટ ભાંગી ॥ હ૦ ॥ ૪ ॥

ગોડી પારસનાથ પદ.

હરખ શોક જ્ઞાની મન નવિ ગણે, સંપત્ અથિર સ્વભાવેરે–જીવડા.

ભવ નાટક ભાવે જે ભવિજના, પરભાવે નવિ રાચેરે;
સાંકળચંદ સ્વભાવે જે રમે, ભવ નાટક નવિ નાચેરે—જીવડા.

ચેતનને શિખામણ.

(ચેને તો ચેતાવું તનેરે પામર પ્રાણી)

કાળ તારે શિર ભમેરે—ચેતન પ્યારા;
મનવા તું જો વિચારી, જગમાં ન રહ્યા જારી.
રામ શંભુ કે મોરારી, ચેતન પ્યારા-કાળ. ચેતન પ્યારા.
નામ તેનો નાશ થાશે, જનમ્યા તે મરી જાશે;
ઘડી ન રાખી શકાશેરે—ચેતન પ્યારા.
જેમ હોલાપર દોડે બાજ પંખી ડોક મોડે
કોઇને ન કાળ છોડેરે—ચેતના પ્યારા.
જેની રાજ રીદ્ધી ભારે, ક્રોડ સેના સાજ સારે
કાળને ન કોઇ વારેરે—ચેતન પ્યારા.
આવ્યો જો તું મુઠીવાળી, જવું જીવ હાથ ખાલી;
કરે માથાકુટ ઠાલીરે—ચેતન પ્યારા.
લખપતિ છત્રપતિ ગયા કંઇ કરોડપતિ
દીઠાં તેં નયન વતિરે—ચેતન પ્યારા.
ચક્રિ હરિ બળરાયા, ખટ ખંડમાં ન માયા,
બળતી ચ્હેમાં સમાયારે—ચેતન પ્યારા.
જર જોરૂ ને જવાની, મોહની એ રાજધાની;
દુનિયા બની દિવાનીરે—ચેતન પ્યારા.
ધન ધરણી ને ધરા, અંત વેળા થાય પરા,
પુણ્ય પાપ સાથે ખરારે—ચેતન પ્યારા.
જીવ તારી જીંદગાની એક વેળા ધુળધાણી.
કર તું સાચી કમાણીરે—ચેતન પ્યારા.

રેંટ ઘર માપ જેવો વારા પછી વારો લેવો;
એક દહાડો સૌને દેવોરે—ચેતન પ્યારા.
પણ માયાને ન તજે, પ્રાણીઓ ન પ્રભુ ભજે;
સામગ્રી ન રૂડી સજેરે—ચેતન પ્યારા.
માયા તજી ધ્યાન ધરે, સહેજમાં સંસાર તરે;
સાંકળો પોકાર કરેરે—ચેતના પ્યારા.

મનની ભ્રાન્તિ.

(ક્યાંથી આ સંભળાય મધુર સ્વર)

સમજ મન ભમરા ભુલ્યો ભાન. (૨)
કાળ અનાદિથી ભમતો આવ્યો, થાક્યો નહીં નાદાન-સમજ.
કમળ કોષ ગત ભમર વિચારે, કરશું પ્રભાતે પ્રયાણ;
કાળ મતંગજ કરે કોળીયો, હાર્યો ભવ હેવાન—સમજ.
ચક્રિ હરિ બળભદ્ર દશાનન, પોઢયા જઇ સમશાન,
અમર રહ્યા ન કોઇ જગતમાં, રંક રાય વિદ્વાન-સમજ.
ગંગ તરંગ રંગ આ તનનો, જયમ સંધ્યા અસમાન,
ઉલટ પલટ થાંગે ત્યાં તડકો, અસ્તોદય શશિભાણુ-સમજ.
મંત ધરા માની નિજ ચેતન, વ્યર્થ કરે અભિમાન,
સાથ ન આવે દોલત દુનિયા, પુણ્ય પાપ પ્રસ્થાન-સમજ.
તન ધન યોવન કુંભ કાચનો, જયમ જળધિ ઉધાન,
વિણસંતાં કાંઇ વાર ન લાગે. પિંપળ પાન નિદાન-સમજ.

અરહટ ઘડી ઠલવાય ભરાએ, તેમ સુખ દુઃખ જીવ જાણ,
કરમ કરે તે કોઇ પણ ન કરે, હરખ શોક નવ આણ—સમજ.
મન ભમરા પર ઘર નવ ભટકો, નિજ ઘર રહો સાવધાન,
સાંકળચંદ કહે મન ભમરા, નિશદિન ધર પ્રભુ ધ્યાન—સમજ.

મનને હિત શિક્ષા.

(જંજાળી જીવડે મુકિતની ભુકિત ન જાણી.)

મુરખડા મનતું મુકને માથાકુટ ઠાલી,
હારી ભવબાજી હાથ, જવું જીવ ખાલી—મુરખડા.
ડાભ અણી જળ બિંદુ સરખું, જીવતર જીવડા જાણો,
ધર્મ ઝાઝ વિણ ભવસાગરમાં, તરશી કયમ કરી પહાણોરે—મુરખડા.
પાતાળમાં પાયો નાંખીને, મંદિર બેસ બનાવ્યું,
વાસ્તુ કર્યા વિણ સ્વર્ગ સિધાવે, સાથે કાંઇ ન આવ્યુંરે-મુરખડા.
જગત રૂપ જંગલ ઝાડીમાં, મન મરકટ આથડીયો,
કાળ વ્યાળ વશ ફાળ ચુકિયો, ચોગતિ કુપમાં પડયોરે—મુરખડા.
પ્રપંચથી પૈસા પેદા કરી, પાપ એકલે બાંધ્યું,
સ્વજન સંબંધી ગીધના ટોળે, ફોલી ફોલીને ખાધુંરે—મુરખડા.
ચેતન ચેતી મન મરકટને, દાન રશીથી બાંધો,
વિષય કષાય તજને સાંકળચંદ, અંતે શિવ સુખ સાધોરે—મુરખડા.

ઉઠોરે ઉઠોરે મારા આતમ રામ જીનમુખ જોવા જઈએ રે ॥ પ્રભુજીનો દરીશણ છે અતી દોહલો, ઠિયમ મોએસો જાણોરે. ॥ વારવાર માનવ ભવ જેવો. મીલવા મુશકેલ ટાણોરે ॥ ઉઠો ॥ ૧ ॥ ચાર દિવસનો ચટકો મટકો, દેખીને મત રાચોરે ॥ વિણસી જાતા વાર ન લાગે. કાયા ગઢ છે કાચોરે ॥ ઉઠો ॥ ૨ ॥ હીરો હાથ અમુલક પાયો. મૂઢ પણે મત ગમજોરે ॥ સેજ સલુણા પાસ જીણેશર ॥ રાજી હોઇ ચિત્ત રમજોરે ॥ ઉઠો ॥ અનંતગુણે કરી ભરીઆ જીનવર પુરવ પુણ્યે પાયોરે ॥ તે દેખીને મારા મનમાં આણંદ અધિક સેહાયોરે ॥ ૪ ॥ મન ગત મોરા આતમરામ કરજો સુકૃત કમાઇરે ॥ લાભ ઉદય જીણચંદ લઇ જે વરને સિદ્ધ સવાઇરે ॥ ઉઠો ॥ ૫ ॥

અંતર મેલ મીટયો નહી મનકો, ઉપર તનકા ધોયારે—અંતર.
સોળ શણગાર સજીરે શરિરપર, મુખડા કાચમે જોયારે—અંતર,
અગર અત્તર અબીલ અરગજા, ગંદી દેહ સંગ મોહ્યોરે—અંતર;
સરસ આહાર કરી તનને પોખે, તીરીયા પલંગ પર સોયારે—અંતર.
કહે જીન દાસ જે આક્ષય અમર પદ, જબ નિરખ્યા તબ રોયારે
અંતર.

રાગ ધનાશ્રી

કૌન કીસીકો મિત જગતમે કૌન કીસીકો ગીત ॥ માત તાત ઔર જાત સજનસો॥ કાંહી રહેત નિચિંત ॥ જગતમે ॥૧॥ સબહી અપને સ્વાર્થ કે હે ॥ પરમાર્થ નહી પ્રીત ॥ સ્વારથ વિનસે સગો નહોસી ॥ મીતા મનમે ચિત્ત ॥ જગત ॥ ૨ ॥ ઉઠ ચલેગો આપ

ઓળીસો ॥ તુંહી તું સુવિદિત ॥ કો નહી તેરો તું નહી કીસીકો એહ અનાદિ રીત ॥ જગત ॥ ૩ ॥ તાતે એક ભગવાન ભજનકી રાખો મનમે પ્રિત ॥ જ્ઞાનસાર કહે એહ ધનાશ્રરી, ગાયો આતમ ગીત ॥ જગત ॥ ૪ ॥ ઇતિ ॥

(તાલ સુરફાગ)

કાયકું જોડત માયા, સમજ મન ॥ ટેક ॥ એક દીન ચેતન ઉડકે ચલેગો, પડી રહેગી તેરી કાયા ॥ સમજ ॥ ૧ ॥ ધનકણ કંચન વાડી હવેલી ॥ લાખ કરોડ કમાયા ॥ કયા લેઆયા, કયા લે જાયગા ॥ સોઇજાન નહી પાયા ॥ સમજ ॥ ૨ ॥ કાંહાસે આયા કાંહા જાવેગા નાહક ભરમ ભુલાયા, કલ્યાણ વિમળ પ્રભુ રીખવ સ્મરણથી, રીદ્ધી આનંતી પાયા ॥ કાયા ॥ ૩ ॥

બેર બેર નહી આવે અવશર, બેર બેર નહી આવે ॥ જ્યું જાણે ત્યું કર લે ભલાઇ, જન્મ જન્મ સુંખ પાવે ॥ અવશર ॥ ૧ ॥ તન ધન જોબન સબહી જૂઠો પ્રાણ પલકમે જાવે ॥ અવશર ॥ ૨ ॥ તન છુટે ધન કોન કામકો, કાયકુ કૃપણ કહાવે ॥ અવશર ॥ ૩ ॥ જાકે દીલમે સાચ બસતહે ॥ તાકુ જૂઠ ન ભાવે ॥ અવશર ॥ ૪ ॥ આનંદઘન પ્રભુ ચલત પંથમે, સમરી સમરી ગુણ ગાવે ॥અવશર॥૫॥

(ગમે તે રાગમાં.)

મગન ભયે પ્રભુ ધ્યાનમે ॥આંકણી॥ બીસર ગઇ દુવિધા તન મનકી અચિરા સુત ગુણ જ્ઞાનમે ॥ મગન ॥ હરીહર બ્રહ્મા પુરંદર કીરીધર ॥ આવત નહી કોઇ કામમે ॥ ચીદાનંદકી મોજ મચી હે ॥ સમતા રસકે પાનમે ॥મગન ॥ ૧॥ ઇતને દીન તુમ નાહી પીછાનો ॥ મેરો જનમ ગયો સબ અજાનમે ॥ અબ તો અધીકારી હોઇ બેઠે ॥ પ્રભુ ગુણ અક્ષય ખજાનમે ॥ ૨ ॥ ગઇ દીનતા સબહી હમારી ॥ પ્રભુ તુમ સમકિત દાનમે ॥ પ્રભુ ગુણ અનુભવકે રસ આગે ॥ આવત નહી કો તાનમે ॥ મગન ॥ ૩ ॥ જેનેહી પાયા તેનેહી છુપાયા॥ ન કહે કોઉકે કાનમે ॥ તાલી લાગી જબ અનુભવકી ॥ તબ સમજે કોઉ સાનમે ॥ મગન ॥ ૪ ॥ પ્રભુ ગુણ અનુભવ ચંદ્રહાસ જ્યું ॥ સો તો ન રહે મ્યાનમે ॥ વાચક જશ કહે મોહ માયા અરી ॥ જીત લીઓ મેદાનમે ॥ મગન ॥ ૫ ॥

પથારી પાપની લાગી, પ્રભુજી આજ જાગું છું,
અમણા મોહની ભાંગી, ચરણમાં સ્થાન માંગુ છું.
પ્રવૃર્તી માનને પ્રેર્યો, જગતના ઘેનમાં ઘેર્યો,
સુતો હું તો ઘણા દિવસો, હવે હું ઉંઘ ત્યાગુ છું.
વિષયના ગીતડાં ગાતો, બન્યો હું મસ્ત મદમાતો,
પડી છે દેવની લાતો, હવે તો હારી ભાગું છું.
વીસારી કર્મની ધારા, વટાવી કર્મની ધારા,
ક્ષમા એ પાપની પ્યારા, પડીને પાય માગું છું.
હણ્યો બુરા વિચારોએ, અણાયો સૌ વિકારોએ,

જગતના વજ્ર તારાએ, જડાયો આજ ગણું છું.
ગણ્યો પાપી નઠારો હું, થયો તમને અકારો છું.
ભરીને આંખમાં આંસુ, પિતાજી પાય લાગું છું.
ભરી કાંઇ શુદ્ધ મંત્રોને, સજી કર્તવ્ય તંત્રોને,
હૃદયના પ્રેમ યંત્રોને, સ્વીકારી એજ માગું છું.
ભલો બુરો ગમે તેવો, શિશુને આશરો દેવો,
બની પુરો તમારો છું, હવે ધર્માનુરાગી છું. ઇતિ.

રાગ ભેરવી.

કયા ભરોસો તનકા ઓધુ ॥ કયા ॥ ભિન્ન રૂપ છીન છીનકા ॥ ઓધુ ॥ આંકણી ॥ છીનમે તાતા છીનમે શીરા ॥ છીનમે ભુખા પ્યાસા ॥ છીનમે રંક રંક તે રાજા ॥ છીનમે હર્ષ ઉદાસા ॥ ઓધુ॥૧॥ તીર્થંકર ચક્રી બળદેવા, ઇંદ્ર ચંદ્ર ધરણેંદા, અસુર સુરવર સામાનિક નર ॥ કયા રાણા રાજેંદા ॥ ઓધુ ॥ ૨ ॥ સંસારી જીવ પુદ્દગલ રાતે॥ પુદ્દળ ધર્મપ્રચારા ॥ યા સંગત તે જન્મ મરણ ગણુ ॥ જયું જલ બીચ બતાસા ॥ઓધુ॥૩॥ ભિન્ન ભાવ પુદ્દગળ તે ભાવે ॥ તું અકળ અવિનાશા ॥ જ્ઞાનસાર નીજ રૂપે નાહીં, જન્મ મરણ ભવ પાસા ॥ ॥ ઓધુ ॥ ૪ ॥

॥ રાગ નટ ॥

થીર નાંહીરે થીર નાંહી યાવત ધન યૌવન થિર નાંહી ॥ પલક એકમે છેહ દીખાવત, જૈસી બાદરકી છાંહી ॥ થીર૦ ॥ ૧ ॥ મેરે મેરે કર મરત બિચારે ॥ દુનિયા અપની કર ચાહી ॥ કુલટા યું

ઉલટા હોવે ॥ યા સાથ કીસીકે ના રાહી ॥ થીર૦ ॥ ૨ ॥ કહે દુનિયા કહો હસો બાઉરે ॥ મેરી ગતી સમજો નાંહી ॥ કેતેહી છોરે મેં પ્યાસે ॥ કેતેહી ગહે બાહી ॥ થિં૦ ॥ ૩ ॥ શયન સનેહ સકળ હે ચંચર ॥ કીસકે સુત કીસકી માઇ ॥ રૂતુ વસંત શિર રૂખ પાન જ્યું જાઇ પરોગે કો કાંહી ॥ થિ૦ ॥ ૪ ॥ અજરા મર અલંક અરૂપી સબ લોગનકું સુખદાઇ ॥ વિનય કહે ભવ દુઃખ બંધનથેં ॥ છોડણહાર વૈસાઇ ॥ ૫ ॥

૫૬.

કોણ કરે જંજાળ જગતમે જીવના થોડા,
માતા પિતા તોકુ જન્મ દીઓ હે કરમ દીઓ હે કિરતાર.
જુદીરે કાયા ને જુદીરે માયા જુદા સબ સંસાર,
કોઇમરે દશ વીસ વરસમે કોઇ બુઠ્ઠા કોઇ બાળ-કોણ કરે.
એહી સસાર હે ઉસકા પાણી ધુપ પડે મર જાય-કોણ.
એહી સંસાર હે અડકી ખાડીઆ ફીર આવે કોઇવાર-કોણ.
ચેતન રાય સમજકર ચાલો જ્યું પામો ભવપાર-કોણ.

૫૭.

અબધુ સો જોગી ગુરૂ મેરા, ઉસ પદકા કરે નીવેડા.
તરૂવર એક મુળ બીન છાયા, બીન ફુલે ફળ લાગ્યા.
શાખાપત્ર એક કછુ ઉનકુ અમર ગગને લગાયા,-અબધુ. ૧
તરૂવર એક પંછી દોઉ બેઠે, એક ગુરૂ એક ચેલા.
ચેલેને જુગ ચુગ ચુણ ખાયા, ગુરૂ નિરંતર ખેલા,-અબધુ. ૨

ગગન મંડળમેં અધબીચ કુવા, હુવા હૈ અધિકા વાસા.
સુગરા હોએ સો ભર ભર પીવે, નુગરા ભએ પ્યાસા.–અબધુ. ૩
ગગન મંડળમે ગૈઆ બીઆની, ધરતી દૂધ જમાયા.
માખણ થા સો વિરલા પાયા, છાશ જગત ભરમાયા-અબધુ. ૪
થડ બીન પત્ર પત્ર બીન તુખા, બીના જીભ્યા ગુણ ગાવે.
ગાવન વાલેકુ રૂપ ન રેખા, સદગુરૂ સોહી બતાવે.–અબધુ. ૫
આતમ અનુભવ બીના નહીં જાને અંતર જ્યોત જગાવે.
ઘટ અંતર પરખે સોહી મુરત, આનંદ ઘન પદ પાવે–અબધુ. ૬

(રાગ ભેરવી)

ભુલ્યો શું ભોંય પથારી, પડવું છે પાય પસારી–ભુલ્યો શું.
ભારે ભુવન ચણાવ્યાં ઉંચાં, અગણીત ગોખ અટારી.
વાળાની ટટીઓમાં છાંટ્યાં, સ્વચ્છ સુગંધી વારીરે.–ભુલ્યો.
ગાદી તકીયા છત્ર પલંગે, સુઇ રહયા શણગારી.
પવન તણા ચાલે છે પંખા, પાય તતાંરો પ્યારીરે.–ભુલ્યો.
ચંદન પુષ્પ અગરજા અત્તર, શીતળ જળની ઝારી.
ખાશાં ખાનપાનની ખાંતે, રોજ કરે તૈયારીરે–ભુલ્યો.
ભોગ વિલાસ વિષે સુખ સીમા, ધન યૌવનથી ધારી.
બુરા બગીનાં પ્રેમદા સાથે, આમ હવા પરવારીરે–ભુલ્યો.
બાગ બગીચામાં બહુ રીઝયો, નચવી નકટી નારી.
દયા ધર્મ કે દાન ન દીધાં, પુંજી ગઇ પરબારીરે–ભુલ્યો.
પુત્ર કલંક મીત્ર મમતાએ, મારી મોહ કટારી.
દુઃખદ કાળ ક્રોધ લોભને, તું સમજ્યો સુખકારીરે–ભુલ્યો.

ઠાઠ બધો અહીંયાં રહી જાશે. સાથ ન આવે તારી.
અંતે તે સર્વે મૃગજળ છે, ખોટી મેલ ખુમારીરે-ભુલ્યો.
શમ દમ સાધન સાધ્ય વિવેક, કર સંગતિ અતિ સારી,
અરિહંત ગુણ અંતર સંઘરી લે, વશમી વાટ વિચારીરે-ભુલ્યો.

(મને હરીનામથી નેહ લાગ્યો)

ચેતનજી ચેતો કોઇ ન દુનિયામાં તારૂં,
મીથ્યા માને છે મારૂં મારૂંરે—ચેતનજી.
લાખ ચોરાશીમાં વાર અનંતી, દેહ ધર્યા દુઃખપામી,
મલીયો માનવ ભવ હારત આતમ, ઉધમમાં રાખ નહી ખામીરે-ચેતનજી.
કયારે બંગલો મુસાફર જીવડા, જોને તું આંખને ઉઘાડી,
ઉચાળો અણધાર્યો ભરવોરે પડશે, પડયા રહેશે ગાડી વાડીરે-ચેતનજી.
રામ રાવણને પાંડવ કૌરવ, મુકી ચાલ્યા સહુ માયા,
બનીઠણી શું ફુલી ફરે છે, પડતી રહેશે તારી કાયારે-ચેતનજી.
માયા મમતાને આલસ છાંડી ધ્યાન ધરો સુખકારી,
બુદ્ધિસાગર સદ્‌ગુરૂના પ્રતાપે, પામો જીવ ભવપારારે-ચેતનજી,

(હવે મને હરી નામથી નેહ લાગ્યો)

ચેતનજી સમજો જુઠી આ દુનિયાની બાજી,
રહ્યો શું તેમાં રાચી માચીરે—ચેતનજી.
અજ્ઞાને અંધ થઇ જોયું ન જીવડા, આપ સ્વરૂપ જેહ સાચું,
હસતાં હેં હેં કરતાં ઉ માનવી, ફાટી જાશે તારૂં ડાચુંરે-ચેતનજી.

મહેલ ચણાવ્યા બાગ બનાવ્યા, લક્ષ્મીના લોભમાં તણાયો,
એક દીન અણધાર્યો ઉઠી સદેહથી, કોઇ ન જાણે કયાં ગયોરે-ચેતનજી.
મનમાં આવે તેવું માની લે માનવી, અંતે તો કાંઇ નથી તારૂં,
ચેતન ચલે ગંદીરે કાયા, મીથ્યા માને મરૂં મારૂં રે-ચેતનજી.
ચેતન પણ જડ જેવો બની તે, કાંઇ ન મનમાં વિચાર્યું,
ગણકાર્યું નહી ગુરૂનું બોલવું, મોહે આયુષ સહુ હાર્યું રે-ચેતનજી.
સમજ સમજ દીલમાંહીરે જીવડા, ધર્મ ઉદ્યમ ચિત્ત ધારો,
બુદ્ધિસાગર સદ્ ગુરૂજીના શરણે, રહી આતમ ઝટ તારોરે-ચેતનજી.

(હવે મને હરી નામથી નેહ લાગ્યો)

મુસાફર જીવડા કાયાનો મહેલ નથી તારો,
માને શું મોહે મારો મારોરે-મુસાફર.
લાખ ચોરાશીમાં દેહ ધર્યા બહુ જન્મ જરા દુઃખ પામી,
માનવ ભવ એળે ચુક ન જીવડા, ભજી લેને અંતર્યામીરે-મુસાફર.
કાયા મહેલનો કાંઇ ન ભરૂંસો, જળમાં ઉઠેલ પરપોટો,
અમુલ્ય શ્વાસો શ્વાસ વહે છે, મુરખ વાળ નહી ગોટોરે-મુસાફર.
કળા કરો કાયા માટે કરોડ પણ તારી ન થાય કોઇ કાળે,
ચેતો ચેતનજી સમજી સ્વરૂપ નીજ પડ નહી મોહની જંજાળેરે-મુસાફર.
આરે જગતમાં જન્મીને જીવડા શું, ધર્મ સાધન તેં તો સાધ્યું,
ક્ષણ ક્ષણમાં ભુલ્યો ભાન પોતાનું, મનડું તો મોહ માંહી વાધ્યું રે-મુસાફર.
વિષય વાસના અવળાજે ઘાટે, ઉલંગી ચાલજેરે વાટે,
બુદ્ધિસાગર ખેલ નહી બાળકનો, શીવ સુખ છે શીર સાટેરે-મુસાફર

(કાફી)

અમે તો આજ તમારા બે દીનના મેમાન,
સફળ કરો આ સહેજ સમાગમ, ગુણનું એજ નિદાન—અમે તો.
આવ્યા જેમ જાશું તે રીતે, સર્વ એમ સમાન
પાછા કોઈ દીને નહિ મળીએ, ક્યાં કરસો સન્માન—અમે તો.
સાચવજો સંબંધ પરસ્પર, ધર્મે રાખી ધ્યાન,
સોંપી સદ્‌ગુરુ સેજે દેજો, દૂર કરી અભિમાન—અમે તો
લેશ નથી અમને અંતરમાં, માન અને અપમાન,
હોય કશી કડવાશ અમારી, તો પીયૂ કરજો પાન—અમે તો.

(રાગ દેશ—તાલ—લાવણી)

ચેતે તો ચેતાવું તુંનેરે, પામર પ્રાણી.
તારે હાથે વપરાશે, તેટલુંજ તારું થાશે.
બીજું તો બીજાને જાશેરે—પામર પ્રાણી.
સઉ ઘર બાર સારું, તું કહે છે મારું મારું,
તેમાં નથી કશું તારુંરે—પામર પ્રાણી.
માખીએ મધ પૂરું કીધું, ન ખાધું ન ખાવા દીધું
લુંટનારે લુંટી લીધુંરે—પામર પ્રાણી.
ખંખેરીને હાથ ખાલી એચીંતું જવું છે ચાલી,
કરે માથા ફોડ ઠાલીરે—પામર પ્રાણી,
સાહુકારમાં સવાયો, લાખપતિમાં લેખાયો,
કહે સાચું શું કમાયોરે—પામર પ્રાણી.
કમાયો તું માલ કેવો, આવે તારી સાથે એવો,

અવેજ તપાસ તેવારે—પામર પ્રાણી,
હજી હાથમાં છે બાજી, કરતું પ્રભુને રાજી.
મુડી તારી થાશે તાજીરે—પામર પ્રાણી.
હાથમાંથી બાજી જાશે, પછીથી પસ્તાવો થાશે.
કશું ન કરી શકાશેરે—પામર પ્રાણી.
હાથમાંથી ધન ખોયું. ધુળથી કપાળ ધોયું.
જાણ પણું તારું જોયુંરે—પામર પ્રાણી.
મનનો વિચાર તારો, મનમાં રહી જનારો.
પળતી ન આવે વારોરે—પામર પ્રાણી,
નીકળ્યો શરીરમાંથી, પછી તું માલીક નથી.
કહે દલપત કળીરે—પામર પ્રાણી.

(ધનાશ્રી)

તનનો ભરૂંસો નથીરે ચેતન તારા તનનો ભરૂસો નથીરે
ચંચળ જળ કલ્લોલ આવરદા, ફોગટ રહયા મથીરે–ચેતન.
જન્મ્યો જે નર જગતમાં, તે નીશ્ચય મરનાર
આશા ઉમર જેવડી, તૃષ્ણાનો નહિ પાર—તનનો
છત્રપતિ લખપતિ ગયા, ગયા નૃપતિ કંઇ લાખ
જરા ફુંકે જન ફાટતાં, બાળી કીધા રાખ—તનનો.
ખમા ખમા પરિજન કરે, રાવણ સમ અભિમાન,
નામદાર નર વહી ગયા, ઠામ કર્યાં સમશાન—તનનો.

પરિગ્રહના આરંભથી, કર્યા કુકમ અપાર,
પાપે પૈસા મેળવી, થયો શ્રેષ્ટ શાહુકાર—તનને.
લોક ભણે લખપતિ થયો, પણ શું પામ્યો બેલ.
તુજ સાથે શું આવશે. તપાસ તારો મેલ—તનને.
નિજ હાથે જે વાપરે, તે પોતાનું થાય,
પછી વધારો જે વધે, માલીક ઓર ગણાય—તનને.
મધપૂડો માખી રચે. દાન ન દીધું પાન,
લુંટનારો લુંટી ગયો, ઘશી પગ ધોયા પ્રાણ—તનને.
હજી વખત છે હાથમાં, કર શુભ સુકૃત કામ,
પરમારથ પ્રીતે કરી, કરો અમર નિજ નામ—તનને.
ભવ નાટકના ભવનમાં, ભજવ્યા વિધ વિધ વેશ,
રાય રંક ખગ પશુ બન્યો, લહ્યો ન તત્વ પ્રવેશ—તનને.
આત્મ અર્પો નિર્મલો, પ્રભુ ચરણ ચિત્ત લાય,
તાપ મટે જીન જાપથી, સકળ મહોદય થાય—તનને.

(કાનુડો ન જાણે મારી પ્રીત)

ચેતન સ્વાર્થીઓ સંસાર, સગપણ સર્વે ખોટારે—ચેતન.

જુઠી છે કાયા વાડી, ન્યારી છે ગાડી લાડી.
ફોગટ શાને મન ફુલાય, અંતે સર્વે જાશેરે—ચેતન.
હાકે ધરણી ધ્રુજાવે, ભયતો દીલમાં નહી લાવે.
ચાલ્યા રાવણ સરખારાય, પાંડવ કૌરવ યોદ્ધારે—ચેતન.

સ્વારથથી જુઠા બોલે, સ્વારથથી જુઠા તોલે.
સ્વારથ માટે યુદ્ધો લડતાં, રંકને રાણારે—ચેતન.
સ્વારથથી નિતિ ત્યાગે, સ્વારથથી પાયે લાગે.
સ્વારથ કપટ કળાનું મુળ, પાપ અનેક કરાવેરે—ચેતન.
સ્વારથમાં સર્વે ડુબ્યા, ભણતર ભણીને ભુલ્યા.
સ્વારથ આગળ સત્ય હણાય, અંધા નરને નારીરે—ચેતન.
સ્વારથથી મસ્તક કાપે, સ્વારથથી પદવી આપે.
સ્વારથ આગળ શેનો ન્યાય, બહેરા આગળ ગાણુંરે—ચેતન.
સ્વારથથી વીરલા છુટ્યા, સ્વારથમાં સર્વે ખુંચ્યા.
જગમાં સ્વારથ તણો પ્રપંચ, ન્યાય ચુકાદા ભેલોરે—ચેતન.
ધર્મી સ્વારથને ત્યાગે, દીલમાં આતમના રાગે.
તમ રવી કીરણે સ્વારથ નાશ, હોવે આતમ જ્ઞાનેરે—ચેતન.
પરમારથ પ્રીતી ધારી, સેવો ગુરૂ ઉપકારી.
સર્વ સજ્જનો ધરજો ધર્મ, દુનિયા સર્વ વિસારીરે—ચેતન.

સાર આ સંસારમાં ન જોયો, મે બહુ રીતે તપાસતાં—સાર.
ધન ધરા સુત તાતની પ્રીતે, મોંઘા અવસરને મેં ખોયો—મેં.
મૃગજળ પીવા કામ ન આવે, વ્યર્થ ઈંદ્ર જાળમાં હું મોહ્યો—મેં.
પુન્ય પરમાર્થનો માર્ગ ન શોધ્યો, જન્મને વૃથા મેં વગોવ્યો—મેં.
ધ્યાન ધરીને જોયું સ્વરૂપ તો, આનંદ અતિશય પાયો—મેં.
સદ્દગુરૂએ મને ભેદ બતાવીને, વિષય વાસનાથી વાર્યો—મેં.
બુદ્ધિ સાગર ધન ધન ગુરૂજી, આપ તર્યા મુને તારો—મેં.

લાગ્યો મને સંયમનો રંગ ન્યારો,
છે ભવ તાંતાનો આરો (૨)—લાગ્યો.
પાપ તાપને ક્લેશ ભરેલો, જાય વૃથા જન્મારો (૨)
ભર દરિયામાં નાવ ભાંગશે, દૂર રહેશે કિનારો—લાગ્યો.
પતિત પાવન અધમો દ્ધારણ ભવજળ તારણ હારો,
યમ ભય વારણ પાપ નીવારણ, અરિહંત પ્રીતે ધારો—લાગ્યો.

અવધુ સુતા ક્યા ઇસ મઠમેં,
ઇસ મઠકા હૈ કવન ભરોંસા, પડ જાવે ચટ પટમેં—અવધુ.
છિનમેં છિનમેં શીતળ, રોગ શોક બહુ મઠમેં—અવધુ.
પાની કિનારે મઠકા વાસા, કવન વિશ્વાસ એતટમેં—અવધુ.
સુતાં સુતાં કાળ ગમાયો, અજ હુ ન જાગ્યો તું ઘટમેં—અવધુ.
ઘટકી ફેરી આટો ખાવે, ખરચી ન બાંધી વાટમેં—અવધુ.
ઇતનીસુની નિધિ ચારિત્ર મીલકર, જ્ઞાનાનંદ આયે ઘટમેં—અવધુ.

(અમારી આમ બાબત છે)

મુસાફર એકલો તું છે, જવું જ્યાં સિદ્ધ એક છે.
તીહાં છે મોક્ષની બારી, તમારે, ત્યાં જવાનું છે—મુસાફર.
નથી ખાવા નથી પીવા, નથી ત્યાં દેખવા દીવા.
નથી ત્યાં મરણ કે પીરાડ, તમારે ત્યાં જવાનું છે—મુસાફર.
નથી ત્યાં ગાડી કે વાડી, નથી ત્યાં સુંદરી લાડી.
નથી ત્યાં ધોતી કે સાડી, તમારે ત્યાં જવાનું છે—મુસાફર.

નથી ત્યાં મેડી કે માળા, નથી ત્યાં હસ્તી મતવાલા.
નથી ઘોડા નથી પાળા, તમારે ત્યાં જવાનું છે—મુસાફર.
અરજ પ્રભુ દીલમાં ધારો, હવે નથી બીજો આરો.
સુરજનો ભવ સુધારો, તમારે ત્યાં જવાનું છે—મુસાફર.

(ગોવીંદ ગુણ ગાવોરે નર નાર)

દુનિયાની જુઠી બાજીરે, સંસારની જુઠી યારીરે, આભવમાં,
આવી માનવના ભવમાં, કરવાનું તેતો વિસાર્યું.
પણ જવું પડશે અણધાર્યુંરે (૨) આભવમાં—દુનિયા.
કોણુ તારૂં આ ભવમાં છે, વિચારી જો તું જીવડા.
વખત વહે છે છેલી છેલીરે (૨) આભવમાં—દુનિયા.
જાણે છે જગમાં મારા જેવો, નથી સરજેલો.
કાળ ઝપટશે તુને પહેલોરે (૨) આ ભવમાં—દુનિયા.
ફોગટ વખત શું ગાળો, ભરવો પડશે ઉચાળો,
નજરે જગતમાં સર્વે ભાળોરે (૨) આ ભવમાં—દુનિયા.
આતમ પ્રીતે સાચી, રહેજો સદા ત્યાં માચી,
સુરજ નમે છે તુમને જાચીરે (૨) આભવમાં—દુનિયા.

કાયા અને જીવનો સંવાદ

(ચેતે તો ચેતાવું તુનેરે)

કાયા જીવને કહે છે રે ઓ પ્રાણ પતિ.
લાડતો લડાવ્યાં સારાં, કદીન કર્યા દુંકારા.
આજ તો રીસાણા પ્યારા રે-ઓ પ્રાણ પતિ.

ભેળા બેશીને જમાડી, બાગ બગીચાને વાડી.
ફેરવી બેસાડી ગાડીરે, અમે પ્રાણ પતિ,
અત્તર ફુલેલ ચોળી, કેસર કસુંબા ઘોળી.
રમ્યા રંગ રસ રોળીરે—એ પ્રાણપતિ.
શણગારતો સજાવી, આભુષણોને પહેરાવી.
મોજ મનને કરાવીરે, એ પ્રાણ પતિ.
રોજતો હશીને રહેતા, પાણી સાટે દુધ દેતા.
આજ મૌન ધારી બેઠારે, એ પ્રાણ પતિ.
સુજનની એવી રીતી, જેની સાથે કરી પ્રીતી,
વગડે ન મુકે રોતીરે, એ પ્રાણ પતિ.
કરૂં છું કાલાવાલા, મુજને ન મુકો વ્હાલા.
સાથે રાખોને છોગાળારે, એ પ્રાણપતિ,

જીવ અને કાયાનો સંવાદ

(ચેતે તો ચેતાવું તુનેરે)

જીવ કાયાને સુણાવેરે, એ કાયા ભોળી.
કાયતું કામણ ગારી, પાસમાં પડયો હું તારી.
પ્રભુને મુકયા વિસારીરે—એ કાયાભોળી.
તારી સાથે પ્રીત કરી, જરી ન બેઠો ઠરી,

પાપની મેં પોઠ ભરીરે—ઓ કાયા ભોળી.
ઘણીવાર સમજાવી, હઠીલી સાન ન આવી,
મુજને દીધો ડુબાવીરે—ઓ કાયા ભોળી.
નિતિનો પ્રવાહ તોડયો, અનિતિનો પંથ જોડયો,
સજ્જનનો સંગ છોડયોરે—ઓ કાયા ભોળી.
સદ્‌ગુણને નિવાર્યા, દુર્ગુણને વધાર્યા,
કથન ન કાન ધાર્યારે—ઓ કાયા ભોળી.
આત્મા હું ચિદાનંદી, કાયા તું દીસે છે ગંદી,
તારી સંગે રહ્યા મંડીરે—ઓ કાયા ભોળી.
સોબતે અસર આવે, લસણનો સંગ થાવે,
કસ્તુરી સુગંધ જાવેરે—ઓ કાયા ભોળી.
બગડયો હું તારી સંગે, રમ્યો પર રામા રંગે,
કુડાં કૃત્ય કીધાં અંગેરે—ઓ કાયા ભોળી.
પારકી થાપણ રાખી, આળ ઓર શીર નાખી,
જુઠી મેં તો પુરી સાખીરે—ઓ કાયા ભોળી.
પ્રાણ પાંજરામાં પ્યારી, રહ્યો છું કરાર ધારી,
કાયા નાવે કોઇ વ્હારીરે—ઓ કાયા ભોળી.
મારો છેડો છોડો કાયા, કારમી લગાડો માયા,
તારાથી ભોળા ઠગાયારે—ઓ કાયા ભોળી.
કાયાની માયાને છોડી, શુકરાજ ગયા ઉડી,
પ્રાણ પીંજરાને ત્રોડીરે—ઓ કાયા ભોળી.
અનિતિના કામ તજો, નિંદા તજી પ્રભુ ભજો,
સાંકળાની શીખ સજોરે—ઓ કાયા ભોળી.

(આશાવરી)

કહા કરૂં મંદિર કહા કરૂં દમરા, ન જાનું કહાં ઉડ બેઠેગા ભમરા—કo
જોરી જોરી ગએ છોરી કુમાલા, ઉડ ગયા પંખી પડ રહ્યા માલા—કo
પવનકી ગંઠરી કેસે ઠરાઉં, ધર ન બસત આય બેઠ બટાઉ.
અગનિ બુઝાની કાહેકી ઝારા, દીપ છીપે તબ કેસે ઉજારા—કo
મિત્ર કે તરૂવર કબહું ન મોરે, માટીકા ઘોરા કેતેક દોરે.
છું એકી હેરી તુરકા થંભા, ઉંહાં ખેલે હંસા દેખો અચંભા—કo
ફિરી ફિરી આવત જાત ઉસાસા, બાંપરે તારેકા કૈસા વિશ્વાસ.
યા દુનિયાંકી જુઠી હે યારી, જૈસી બનાઇ બાજીગર બાજી—કo
પરમાતમ અચિંત્ય અવિનાશી, સોહે શુદ્ધ પરમપદ વાસી.
વિનય કહે વે સાહીબ મેરા, ફીર ન કરૂં યહ દુનિયામેં ફેરા—કo

રાગ બીહાગ

॥ માયા કારમારે માયા મ કરો ચતુરસુજાણ ॥

માયા વાયો જગત વલુધોરે, દુઃખિયો થાય અજાણ.
જે નર માયાએ મોહી રહ્યાં, તેને સ્વપ્ને નહી સુખ ઠામ—માયા.
નાના મોટા નરને માયા, નારીને અધિકેરી
વળી વિશેષે અધિકીમાયા, ઘરડાને ઝાઝેરી—માયા.
માયા કામણ માયા મોહન, માયા જગ ધુતારી
માયાથી મન સહુનું ચળીઉં, લોભીને બહુ પ્યારી—માયા.

માયા કારણ દેશ દેશાંતર, અટવી વનમાં જાય.
ઝહાજ બેશીને દ્વીપ દ્વીપાંતરે, જઇ સાયર ઝંપલાય–માયા.
માયા મેલી કરી બહુ ભેલો. લોભે લક્ષણ જાય.
ભયથી ધન ધરતીમાં ધાલે ઉપર વિષધર થાય–માયા.
જોગી જતી તપસી સન્યાસી નગ્ન થઇ પરવરિયા.
ઉંધે મસ્તક અગ્નિ તાપે, માયાથી ન ઉગરીયા–માયા.
શિવભુતી સરખો સત્યવાદી, સત્ય ઘોષ કહેવાય.
રત્ન દેખી તેનું મન ચળીયું, મરીને દુરગતી જાય–માયા.
લબ્ધીની માયાએ નડીયો, પડીયો સમુદ્ર મોઝાર.
મુખ માંખણીયો થઇને મરીયો, પહોંચ્યો નરક મોઝાર–માયા.
મન વચન કાયા એ માયા, મુકી વનમાં જાય.
ધન્ય ધન્ય તે મુનીશ્વર રાયા, દેવ ગાંધર્વ જશ ગાય–માયા.

(આશાવરી)

માયા મહા ઠગણી મેં જાની–માયા.
ત્રિગુન ફાંસા લેઇ કર દોરત, બોલત અમૃત બાની–માયા.
કેશવ ઘર કમલા હોઇ બેઠી, શંભુ ઘેર ભવાની,
બ્રહ્મા ઘર સાવિત્રી હોઇ બેઠી, ઇંદ્ર ઘેર ઇંદ્રાણી–માયા.
પંડિતકું પોથી હુઇ બેઠી. તિરથીયાકું પાની;
જોગી ઘેર ભભુત હોઇ બેઠી; રાજાકે ઘર રાની–માયા.
કિને માયા હીરો કરે લીનો, કીને ગ્રહી કોડીજાની;
કહત વિનય સુનો ભાઇ સાધો, ઉન્હે હાથ બિકાની–માયા.

તુંહીજ પવિત્ર, પદમ પ્રભુ તું.
ઓર સંદેહ દિલમા ન આણુ, જાનો મન અચિત-પદમ. (૧)
હરિ-હરાદિક બહુત દેવ હય, દિલમાં નાંહી જચીન.
યહિ સમજ કરજો કરૂં ભક્તિ, ભવ ભવ ભટક ન રીત-પદમ, (૨)
ઓર દેવનકો સેવન કર કર, હુઆ રહયો ચારો ગતિત.
અબ પ્રભુ તુમહિજ રોમ રોમ રહયો નાકરૂ ઓર પતિજ-પદમ. (૩)
પ્યાસી પંચમ ગતિકો અબમય, ચાહુ ઓર ના ચિત્ત
કહત રતન પદમ પ્રભુ આગે, અબ તાર લીઓ પતિત-પદમ. (૪)

કાહે કહત અબધિર, શુણો શ્યાણા ચેતન, કાહે.
અયસો ઉતમ નરભવ ચેતન, પાવત નહી ફીર ફીર-સુણા.
બચપન તેરો ગયો અજ્ઞાનમે, જતન કર્યો તેં શરીર
કરો કરણી અબ મતલબ જો હય, ઓર સબ જાણો અથીર-સુણુ.
યોવન દારા દોખત ચાહત, યાચત ઘર ઘર ફીર;
યહી નિસાન સંસારમા રૂલના, કયું પાવે બનતિર-સુણુ.
યહી સમજ સોચકર અબમન, છોડો કરણી કહીર
રતન ચિંન્તામણી રતન અબ પાય કે, કાયકુ રહત ફકીર-સુણુ,

માઇ મેરો મન તેરો નંદ હરે
કંચન વરણુ કમળ દોય લોચન, નિરખત નયન ઠરે-માઇ.
પંચવરન મન હરન જરન પર, ઠમ ઠમ પાંઉ ધરે,
રતન જડિત કંચન ઘુઘરીયા, રણુ ઝણુકાર કરે-માઈ.

હળતળ સલ મુકતાફળ માળા, સિત વસન ઉપરે;
માનસુ લેહી માન શીખર પર, ગંગ પ્રવાહ કરે (૩)
ધન ત્રીસલાદે ભાગ્ય તિહારો, તુંહી ત્રીભુવન શ્રીરે;
ત્રણ ભુવનનો નાયક તેરે, આંગણમેં ખિચરે (૪)
શ્રી વર્ધમાન જીણંદકી મુરત, બિન દેખે ના સરે;
હરખચંદ પ્રભુ વદન બિલોકત, સબહી કાજ સરે (૫)

પ્રભુજી મેરા કોણ ઉતારે બેડાપાર.
યહી સંસાર સમુદ્ર ગંભીરા.
કિસ બીધ ઉતરૂ ભવપાર સાંવરીયા—મેરા. (૧)
રાગ દવેષ દોય નદીયા બહુત હય
ભમત ફીરત ગતિ ચાર,—નાવરીયા—(૨)
રૂષભ દાસકો દરશન ચાહીયે.
બિનતડી અવધાર, પ્રભુ બીના—(૩)

જો ઘડી જાય પ્રભુકે ધ્યાનમે, ધન (૨) ભવીપ્રાનો,
સારમે સાર એહી સંસારમે, આચારમે એહવાત પ્રમાણો—જો.

સાખી.

મોહમદારી મનુષ્યકો, મરકટ જયું હી બનાય.
હર ઘડી હરપળ હુકમસે, વિધ (૨) નાચનચાય.

કરાવત સબકો સલામી, ઉમર ભર અયસી ગુલામી.
અમુલ્ય નરભવ જગપામી.
અયસો અવસર ખોના નહીં સંસારમે વિચારમે આચારમે
એહ વાત પ્રમાણો.

સાખી.

બાહીર સુખકે કારણે, જો જો કષ્ટ સહાય.
સહસમે એક હીસાબસે, ધર્મમે ડગ ના ભરાય
ધર્મસે સંપત પાવનેકી, કચ્છુ કરલે કમાઇ.
ધર્મ બિન રહે ના સદાઇ.
પ્રાણી પરમ સુખ ચાહે જો સંસારમે બિચારમે આચારમે
એહ વાત પ્રમાણો–જો૦

શ્રી અજીતજીન સ્તવન.

શ્રી અજીત નાથ મહારાજ હમારી પાર ઉતારો નૈયા.
મેરી અષ્ટ કર્મકી પિડ, તુમ બિન કોન હરે કહોધીર.
મેરી માફ કરો તકસીર, પડું વારંવાર તુમારે પૈયા (૧)
લક્ષ ચૈર્યાસી રૂલ રૂલ આયો, અબ મેં સચા સાહેબ પાયો.
અબ દેર કરો નહી રાયા, તરણ તારણ આપ કહે બૈયા (૨)
એહી અરજ તુમારી આગે, કરકે શીવપુર વાસ માંગે.
અબ દયા મયા કરી તારો, પડે રતન લક્ષો વાર તુમપૈયા. (૩)

માનો માનો મોરી ઇતની બીનતી હૈ જગ તારકરી.
હોય ગઇ સો ગઇ અબ બીગડી, આપ સુધાર કરી—મા૦
આબ્યો મય આસ ધરી, હવે છોડુ ના એક ઘડી.
આપજો અયસે અનોખે રહોગે, મેરા કોન ઉદ્ધાર કરી—મા૦
ડેર કરો ન જરી મોહે પીડત કર્મ અરી.
પ્રાણુકે પાલણુ હાર પ્રભુ, જપુ નિત્ય નામ મુખારકરી—મા૦

તેરા દરશન કે હોનેસે મુઝે આરામ હોતા હૈ ।। દર્શ મોહે દિજીએ પ્રભુજી દર્શકા દીલ હમારા હૈ ।। અંધેરી રેનમય જયસે ચાંદનિકા પસારા હૈ. (૧) મેરા મહારાજ દિલ જાની મંદીરકે બિચ બસતા હૈ ।। ઉસીકે ધ્યાનમે મોતી ઝગાઝગ સા ઝગકતા હૈ. (૨) કહું કચ્છુ ઔર કરૂં કચ્છુ ઔર એહી જંજાળ હોતા હૈ ।। યહી સચ બાત સાધનકી સરાસર કામ હોતા હૈ (૩)

સમર સમર જીયા શ્રી નવકાર ।। એ પદ તો તેરા કાજ સુધારે સબી, પાવે ભવજલકો તું પાર. સમર (૧) દેવ ધર્મગુરૂ દ્રઢ કરી સેવીયે, કદીય ન હોય તેરી હાર. સમર (૨) તપ જપ સંજમ સાર ખજાનો બન્યો, ખરચી લીજ્યો એહી બાર. સમર (૩) અરજુન માલી અરૂ ગજસુકમાલકુ તુરત દિયો હેય તાર. સમર (૪) કહેવ નકુ જીનદાસ ઉતાવળો, કરણેકુ બડો હૈ ગમાર. સમર (૫)

પાર્શ્વનાથ સ્તવન.

દોહા.

ચિંતામણી પારસ પ્રભુ સુર તરૂ સમ અવદાત :
પુરિસાદાણી જગતમેં ષટ દર્શન વિખ્યાત
પ્રાણી આરે પાંચમે સિમરે ઉઠી પ્રભાત
મન વાંચ્છીત પુરણ કરે દુઃખ દોહગ જાત,
અવસરપિણી તે ઇસમેં પાર્શ્વનાથ ભગવંત.
તસ ગણ ધર પદ પામશે. હોગા શિવ વધુકત
દામોદર જીનસે સુણી નિજ આતમ ઉદ્ધાર.
તબ આષાઢી શ્રાવકે મુર્તી બનાઇ ચાર.
અંજન શિલાકા કરાયકે સુવિહિત આચારજ પાસ
પાંચ કલ્યાણક ભાવસે કરી ઓચ્છવ કરી આશ
સિદ્ધ સ્વરૂપસુ રમણકો નુતન પડિમાસાર.
થાપી પાંચ કલ્યાણકે પૂજે ધન નર નાર.
કલ્યાણક ઓચ્છવ કરી સુર મન આનંદ કાજ;
નાનંદીશ્વર પૂજતે શાશ્વત શ્રી જીનરાજ,
કલ્યાણક પૂજન સહીત રચના કરશું તેમ,
દુર્જન વિષધર શાલસા સજ્જન મન અતિ પ્રેમ
કુસુમ ફલ અક્ષત સહી જલ ચંદન મનોહાર,
ધુપ દીપ નૈવેદસે પુજન અષ્ટ પ્રકાર.

(ચેતો તો ચેતાવું તુનેરે)

ફુલ્યો શું ફરે છે ફુલીરે, મુરખ પ્રાણી.
કાયા માયા જુઠી કેવી, ઝાંઝવના નીરજેવી.
તેને તુચ્છ કરી દેનીરે, મુરખ પ્રાણી—ફુલ્યો શું.
આઉખુ જાવે છે ખુટી, કરે તું શું માથા કુટી.
બુટી તેની નહિ બુટીરે, મુરખ પ્રાણી—ફુલ્યો શું.
પાણી માંહી પરપોટા, ખેલ સહુ એમ ખોટા.
માન નહિ મન મોટારે, મુરખ પ્રાણી—ફુલ્યો શું.
કુટુંબ કબીલો સારો, માન નહી મન મારો.
એક દિન થશે ન્યારોરે, મુરખ પ્રાણી—ફુલ્યો શું.
આંખે જે જે દેખે સારૂં, તે તે ભાઇ નહી તારૂં
માને કેમ મારૂંરે, મુરખ પ્રાણી—ફુલ્યો શું.
ચેતી લેને જાય ચાલી, કરી માથા કુટ ખાલી.
માયામાં શીદ રહ્યો મ્હાલીરે, મુરખ પ્રાણી—ફુલ્યો શું.
કાયા માયાથીરે તારો, અરૂપી અલખ ધારો.
બુદ્ધિ સાગર મન પ્યારોરે, મુરખ પ્રાણી—ફુલ્યો શું.

(રેતીમેં બંગલા બનાદે)

પુન્યના પતંગ ચગાઉ, પ્રભુ પ્યારા પુન્યના પતંગ ચગાઉ.
દયાની દોરીને ક્રીયાની કીન્યા, જ્ઞાનની ગોઠ લગાઉં—પ્રભુ.
સત્ય પવનમાં સાવધ રહીને, પાપથી પેચ લગાઉં—પ્રભુ.

ધૈર્યની દોરી ધીમે ધીમે મુકી, આત્મ શ્રદ્ધાથી અડાઉં—પ્રભુ.
કામ ક્રોધ મોહ માયા હરીફને, અડતાઇ ચકુક ઉડાઉં—પ્રભુ.
અવનવા ઉત્તમ નાન પતંગ આ, બારે માસ બનાઉં—પ્રભુ.

(સઝાય)

ઉંચા મંદિર માળીયાં, સોડવાળીને સુતો,
કહાડો કહાડો એને સહુ કહે જાણે જન્મ્યોજ ન હોતો,
એકરે દીવસ એવો આવશે, મને સબલોજી સાલે,
મંત્રી મળ્યાં સર્વે કારીમા, તેનું કાંઇ નવ ચાલે—એકરે દીવસ.
સાવ સોનાનાંરે સાકળાં, પેરણુ નવ નવા વાઘા.
ધોળુંરે વસ્ત્ર એના કર્મનું, તતો સોધવા લાગ્યાં—એકરે દીવસ.
ચરુ કડાયાં અતિ ઘણાં, બીજાનું નહી લેખું.
ખોખરી હાંડી એના કર્મની, તેતો આગળ દેખું—એકરે દીવસ.
કેનાં છોરૂંને કેનાં વાછરૂ, કેનાં માને બાપ
અંત કાળે જાવું જીવને એકલા, સાથે પુણ્યને પાપ—એકરે દીવસ.
સગીરે નારી એની કામીની, ઉભી ટગમગ જુવે.
તેનું પણ કાંઇ ચાલે નહી, બેઠી ધ્રુસકે રૂવે—એકરે દીવસ.
વહાલાં તે વહાલાં શું કરો, વહાલાં વળાવી વળશે.
વહાલાં તે વનમાં લાકડાં, તે તો સાથેજી બળશે—એકરે દીવસ.
નહી તાપ નહી તુંબડી, નહી તરવાનો આરો.
ઉદય રત્ન પ્રભુ એમ ભણે, મુને પાર ઉતારો—એકરે દીવસ.

(પ્રાણીયા ભજી લેને કીરતાર)

મુરખો ગાડી દેખી મલકાય, ઉંમર તારી રેલતણી પરે જાય;
સંસાર રૂપી ગાડી બનાવી, રાગ દ્વેષ દો પાટા;
દેહ ડબામાં પલ પલ પેસે, તેમ ફરે આઉખાના આંટારે-મુરખો.

કરમ ઈન્જીનમાં કષાય અગ્નિ, વિષ વાયુ માંહે ભરીયું;
ત્રષ્ણાનું ભુંગળુ આગળ કરીને, ત્યારે ગતી માંહે ફરીયુ-મુરખો.

પ્રેમ રૂપી આંકડા વળગાડયા, ડબે ડબા જોડયા ભાઇ
પુરવ ભવની ખરચી લઇને, ચેતન બેસાર બેઠા માંહીરે-મુરખો.

કોઇએ ટીકીટ લીધી નર્ક તિર્યંચની, કોઇએ લીધી મનુષ્ય દેવા
કોઇએ ટીકીટ લીધી સિદ્ધગતીની, પામ્યા અમૃત મેવારે-મુરખો.

ઘડી ઘડી ઘડીયાળો વાગે, નિશાન એમ વહી જાવે;
વાગે સિટીને ઉપડે ગાડી, આડા અવળા માઇલ આવેરે-મુરખો.

આયુષ રૂપી આવ્યું સ્ટેશન, હંસલો તે હાલુ હાલુ થાયે;
પાપ ભરી પાકીટ લઇ જતાં, કાળ કોટવાળ ત્યાં આવેરે-મુરખો.

કાળી નરકમાં જમરાય પાસે, જઇને સોંપ્યો તતકાળો;
આરંભ કરીને આવ્યો પરોણો તેને, કુંભી પાકમાં ઘાલેરે-મુરખો.

લાખ ચોરાશી જીવા યોનીમાં, જીવડો તે ફરી ફરી આવે,
સદગુરુ શીખજો ધર્મ આરાધે, તો પામે મુક્તિ દ્વારરે-મુરખો.

ઓગણીસો છાશીના વર્ષે, આતમ ધ્યાન લગાઇ;
ગોપાળ ગુરૂના પુન્ય પસાયથી, મોહને આગગાડી ગાઇરે-મુરખો.

(રાગ હોરી)

પ્રભુને કૈસી રેલ ચલાઇ;
તનકી ગાડી બળકા એન્જીન, ક્રોધકી આગ લગાઇ
પાની અપાર ઉધર હે ભારી, મનકા વેગ લેજાઇ
શ્વાસકી સીટી બજાઇ—પ્રભુને.
નાડી તાર સમ ખબર દેનકો, દસો દ્વાર ફૈલાઇ
ઇંદ્રિઓકે દસ થને સ્ટેશન, જ્ઞાનકી ઘંટી સુનાઇ,
ધર્મકી ક્ષેપ લગાઇ—પ્રભુને.
ઉત્તમ મધ્યમ અધમ તીન હે, દરજે ઇનકે ભાઇ,
કર્મો કર્મ કે ટીકીટ બટત હે, પાપ પુન્ય પહુચાઇ,
સુનો તુમ કાન લગાઇ—પ્રભુને.
જીવાત્મા બેઠે હે ઇસમે, નિકટ અપના દીખલાઇ,
દેખનહાર વહ જગદીશ્વર, જીસનેયહ રેલ બનાઇ,
કહે આતમ મન સમઝાઇ-પ્રભુને.

(વરમાળ હાથ ઝાલી)

આયુષ આગગાડી, સંસાર સડકે ચાલી.
બાળ જુવાની વૃદ્ધ વય ડબ્બા.
સુખ દુઃખ લગેજ લગાડી—આયુષ,
દશા તણાં નાવાં નદી, દરિયો પણ દેખાય.
પાપ પુન્યના પુલ છે, પસાર ત્યાંથી થાય—આયુષ.

કાળ કોટડી દેખીને, શ્વાસ સીસોટી થાય.
કુટુંબ કબીલા કામદાર, જમને સોંપી જાય—આયુષ.
વડું મથક વૈરાગ્યનું, પુન્ય તણા ત્યાં પાસ.
સત્ય શિયળ જપ તપ તણો, તપાસ થાશે ખાસ—આયુષ.
ચતુર ચેતન ચેતજો, સહેજે દઉં સુબોધ.
નેહે નાનાલાલ કહે, મારી ધમનો બોધ—આયુષ,

તને સંસારી સુખ કેમ સાંભરેરે લાલ
દુઃખ વિસર્યાં ગર્ભાવાસના જો.
નવ માસ રહ્યો તું માતા ઉદરેરે લાલ
મળમુત્ર અસુચિ વાસમાં જો—તને.

તીહાં હવા પણ નહિ સંચરેરે લાલ;
નહી સેજ તલાઇ પલંગ જો.
તીહાં લટકી રહ્યો ઉંધે શીરેરે લાલ;
દુઃખ સહત અપાર અનંત જો.
ઉઠ કોડી સુઇ તાતી કરીરે લાલ;
સમ કાલે ચાંપે કોઇ કાય જો—તને.

તેથી અનંત ગુણી તીહાં કણેરે લાલ;
દુઃખ સહન વિચાર તવ થાય જો.
હવે પ્રસવે મુજ માવડીરે લાલ;
તહિં કરું તપ જપ ધ્યાન જો—તને.

હવે સદા સેવું જીનરાજનેરે લાલ;
કહું છું દેવ શું ગુરૂ ને અજ્ઞાન જો.
જ્યારે જનમ્યો ત્યારે ભુલી ગયોરે લાલ
ઉહાં ઉહાં રહ્યો ઇમ કહંત જો—તને.
તીહાં લાગી લાલચ રમવા તણીરે લાલ;
આયુ અંજલી જળ સમ જાય જો.
ઇમ બાળક વય રમતાં ગઇરે લાલ,
થયો જોબને મકરધ્વજ સાંઢ જો—તને.
પ્રીત લાગી તદા રમણી સુખેરે લાલ;
પુત્ર પૌત્ર દેખી હરખાય જો.
થઇ ચિંતા વીવાહ વાજમનીરે લાલ;
ધન કારણે ધ્યાવે નીશદીન જો—તને.
પુણ્ય હીણ થકો પામે નહિરે લાલ;
ચિંતે ચોરી કરૂં કે લુટું દેશ જો.—તને.
ગયું જોબન આવી જરા ડાકણીરે લાલ
ધૂજે કર પગ શીરને શરીર જો.
ઘરે કહ્યું કોઇ માને નહિરે લાલ,
પડ્યો કરે પોકાર નાહિં ધીર જો—તને.
ઈમ કાળ અનંતો વહી ગયોરે લાલ;
અબ ચેત મુરખ અબ ચેત જો.
જીનરાજ કહે જોગ એહવોરે લાલ;
મળવો છે મહા મુશ્કેલ જો—તને.

શ્રી આદિનાથ સ્તવન પદ.

(રાગ ધનાશ્રી)

રૂષભદેવ હિતકારી, જગત ગુરૂ રૂષભદેવ હિતકારી;
પ્રથમ તીર્થંકર પ્રથમ નરેસર, પ્રથમ યતિ બ્રહ્મચારી. રૂ૦ ૧
વરસી દાન દેઇ તુમ જગમેં, ઇતિ ભીતિ નિવારી,
તૈસી કાહી કરતુ નાહી કરૂના, સાંહિબ બેર હમારી. રૂ૦ ૨
માંગત નહિં હમ હાથ ઘોરે, ધન કન કંચન નારી;
દિયો મોહિ ચરન કમલકી સેવા, વાહિ લગત મોહે પ્યારી. રૂ૦ ૩
ભવ લીલા વાસિત સુર ડારે, તુંપર સબહી ઉન્વારી;
મેં મેરો મન નિશ્ચલ કીનો, તુમ આણા સિર ધારી. રૂ૦ ૪
એસો સાહિબ નહિં કોઉ જગમેં, યાસું હોય દિલદારી;
દિલહિ દલાલ પ્રેમકે બીચે, તિહાં હઠ ખેંચે ગમારી. રૂ૦ ૫
તુમહિ સાહિબ મેં હું બંદા, યા મત દેઓ વિસારી;
શ્રી નયવિજય વિબુધ સેવક કે, તુમ હો પરમ ઉપકારી. રૂ૦ ૬

આત્મબોધ પદ.

જ્યાં લગી આત્મા તત્ત્વ ચિન્ચો નહી, ત્યાં લગી સાધના સર્વ જૂઠી.
મનુષ દેહ ત્હારો એમ એળે ગયો, માવઠાંની જેમ વૃષ્ટિ વુઠી. જ્યાં૦ ૧
શુ થયું સ્નાન સેવાને પૂજા થકી, શું થયું ઘેર રહી દાન દીધે;
શું થયું ધરી જટા ભસ્મ લેપન કરે, શું થયું લાલ લોચની દીધે. જ્યાં૦ ૨
શું થયું તપને તીર્થ કીધા થકી, શું થયું માળા ગ્રહી નામ લીધે;
શું થયું તિલક ને તુલસી ધર્યા થકી, શું થયું ગંગજળ પાન કીધે. જ્યાં૦ ૩
શું થયું વેદ વ્યાકરણ વાણી વદે, શું થયું રાગ ને રંગ જાણે;
શું થયું ખટ દર્શન સેવા થકી, શું થયુ વરણના ભેદ આણ્યે. જ્યાં૦ ૪

એ છે પ્રપંચ સહુ પેટ ભરવા તણા, આત્મારામ પર બ્રહ્મ ન જોયો;
ભણે નરસૈંયોકે તત્ત્વ દર્શન વિના, રત્ન ચિંતામણી જન્મ ખોયો. જ્યાં૦ ૫

વૈરાગી પદ.

ઠુમરી ગઝલ.

આ તન રંગ પતંગ સરીખો, જાતાં વાર ન લાગેજી;
અસંખ્ય ગયા ધન સંપતિ મેલી, ત્યાંની નજરે આગેજી. આ તન૦ ૧
અંગે તેલ ફુલેલ લગાવે, માથે છોગા ઘાલેજી;
જોબન ધનનું જોર જણાવે, છાતી કાઢી ચાલેજી. આ તન૦ ૨
જેમ ઉંદરડે દારૂ પીધો, મસ્તાનો થઇ ડોલેજી;
મગરૂરીમાં અંગ મરોડે, જેમ [illegible] ખુમારીમાં [illegible]લેજી. આ તન૦ ૩
મનમાં જાણે મુજ સરખો, રસિયો કોઇ નથી રાગીજી;
બહારે તાકી રહી બિલાડી, લેતાં વાર ન લાગેજી. આ તન૦ ૪
આજ કાલમાં હું તું કરતાં, જમડા પકડી જાશેજી;
બ્રહ્માનંદ કહે ચેત અજ્ઞાની, અંત ફજેતી થાશેજી. આ તન૦ ૫

શ્રી પાર્શ્વનાથ પ્રાર્થના પદ.

રાગ ભૈરવી.

બીના પ્રભુ પાર્શ્વકે દેખે, મેરા દિલ બે કરારી હે. એ ટેક.
ચોરાશી લાખમેં ભટક્યો, બહુતસા દેહ ધારી હે;
મેરા મુજે કર્મ આઠોને, ગલે જંજીર ડાલી હે. બીના૦ ૧
દુનીકે દેવ સબ દેખે, સબીકે સેજ ભારી હે;
કોઇ ક્રોધી કોઇ માયા, કીસીકે સંગ નારી હે. બીના૦ ૨
મુસીબત જો પડી હમપે, ઉનોને ખુબ [illegible]નીહારી હે.
પન્નાકું કુગતીસે તારો, એહી બીનતી હમારી હે. બીના૦ ૩

શ્રી જિન ભક્તિ ભાવના પદ.

અરીહંત નમો ભગવંત નમો. એ દેશી.

કરે મંદોદરી રાણી નાટક, રાવણ તંત બજાવે;
માદલ વીણા તાલ તંબુરો, પગ રવ ઠમ ઠમકાવે. કરે૦ ૧
ભક્તિ ભાવ નાટક એમ કરતાં, ત્રુટી તાંત વિચાલે;
સાંધી આપ નસા નીજ કરથી, લધુ કલા તત્કાલે. કરે૦ ૨
દ્રવ્ય ભાવ ભક્તિ નવી ખંડી, તો અક્ષય પદ સાંધે
સમકિત સુરતરૂ ફલ પામીને, તીર્થંકર પદ બાંધે કરે૦ ૩
એણીપરે જે ભવીજન જિનઆગે, ભલી પરે ભાવના ભાવે;
જ્ઞાનવિમલ ગુણ તેહના, અહનીશ સુરનર નાયક ગાવે, કરે૦ ૪

હિત શિક્ષા પદ.

પ્રભાતી રાગ.

જાગ જાગ જીવ તું ઉઠ થયો પ્રભાતરે;
પ્રભુજીકો નામ ભજ, પાવે જ્યું શિવ શાંતરે . જાગ૦ ૧
પૂર્વ દીશી ઉદીત સૂર. ધરી પ્રવાળ રંગ રાત રે.
વિબુધ વૃંદ પઠત પાઠ, નાગ ગઇ છે રાત રે. જાગ૦ ૨
મોહ ગહેલી નિંદ છાંડી, દૂર કરી મિથ્યાત રે;
સુગુરૂ વચન બોધ કરી, ધર્મ શું ધરી ધ્યાન રે. જાગ૦ ૩
દાન શીયલ તપો ભાવ, ભાવન શું બહુ ભાત રે;
ચાર મંગળ ચાર બુદ્ધિ, હોત નામથી વિખ્યાત રે. જાગ૦ ૪
પંચ પદકો ધ્યાન કરી, ગુણીગલ ગુણ ગાત રે;
આપહિ મેં દોષ દેખી, ટાળ પરાઇરે તાંત રે. જાગ૦ ૫
ચરણ કમળ વિવેક શુદ્ધ, મનડું કરી થીર શાંત રે;
કહત મુની મલુકચંદ, હોત સદા સુખ શાંત રે. જાગ. ૬

અધ્યાત્મિક પદ.

રાગ મારૂ, જંગલો.

માયડી મુને નિરપખ કિણુહી ન મુકી, નિરપખ. માય૦
નિરપખ રહેવા ઘણુંહી ઝુરી, ધીમે નિજમતિ ફુકી. માય૦
યોગીયેં મલીને યોગણુ કીની, યતિયેં કીની યતણી;
ભગતેં પકડી ભગતાણી કીની, મતવાલે કીની મતણી. માય૦
કેણે મુકી કેણે લૂંચી, કેણે કેસેં લપેટી;
એકપખો મેં કોઈ ન દેખ્યો, વેદના કિણુહી ન મેટી. માય૦
રામ ભણી રહીમાન ભણાઇ, અરહિંત પાઠ પઢાઈ;
ઘરઘરને હું ધંધે વલગી, અલગી જીવ સગાઈ માય૦
કેણે તે આપી કેણે ઉથાપી, કેણે ચલાવી કિણુ રાખી;
કેણે જગાડી કેણે સૂઆડી. કોઇનું કોઇ નથી સાખી. માય૦
ધીંગ દુબંલને ઠેલીજે, ઠીંગે ઠીંગો વાજે;
અબલા તે કેમ બોલી શકિયેં, વડ યોધ્ધાને રાજે. માય૦
જે જે કીધું જે જે કરાવ્યું, તેહ કહેતી હું લાજું;
થોડે કહે ઘણું પ્રીછી લેજો, ઘરશું તીરથ નહીં બીજું. માય૦
આપ વીતી કહેતાં રીસાવે, તેથી જોર ન ચાલે;
આનંદઘન વાહાલો બાંહડી ઝાલે, તો બીજું સઘલું પાલે. માય૦

રાગ આશાવરી.

અવધુ એસો જ્ઞાન બિચારી, વામેં કોણ પુરૂષ કોણ નારી. અવધૂ૦
એ આંકણી.

બ્રહ્મનકે ઘર ન્હાતી ધોતી, જોગીકે ઘર ચેલી;
કલમા પઢ પઢ ભઇ રે તુરકડી, તોયે આપહી આપ અકેલી. અવધુ
સસરો હમારો બાલો ભોલો, સાસૂ બાલ કુંવારી;
પીયુજી હમારો પ્હોઢે પાલણીએ, તોયે મેં હું ઝુલાવન હારી અવધુ
નહીં હું પરણી નહીં હું કુંવારી, પુત્ર જણાવનહારી;
કાલી દાઢીકો મેં કોઇ નહીં છોડયો, તોયે હજુએ હું બાલ કુંવારી
અવધુ
અઢી દ્વિપમેં ખાટ ખટુલી, ગગન ઉંશીકું તલાઇ;
ધરતીકો છેડો આભકી પીછોડી, તોય ન સોડ ભરાઇ. અવધુ
ગગન મંડલમેં ગૈઆ વીઆણી, વસુધા દુધ જમાઇ;
સઉરે સુનો ભાઇ વલોણું વલોવે, તોયે, તત્ત્વ અમૃત કોઇ પાઇ, અવધુ
નહીં જાઉં સાસરીયે ને નહીં જાઉં પીયરીયે પીયુજીકી સેજ બિછાઇ
આનંદઘન કહે સુનો ભાઇ સાધુ, તોયે જ્યોતસે જ્યોત મિલાઇ

રાગ વેલાવલ એકતાલી.

રે ઘરિયા રે બાઉરે, મત ઘરીય બજાવે;
નર સિર બાંધત પાઘરી, તું કયા ઘરીય બજાવે. રે૦
કેવલ કાલ કલા કલે, પૈ તું અકલ ન પાવે;
અકલ કલા ઘટમેં ઘરી, મુજ સો ઘરી ભાવે. રે૦
આતમ અનુભવ રસ ભરી, યામેં ઔર ન માવે,
આનંદઘન અવિચલ કલા, વિરલા કોઇ પાવે. રે૦

પાર્શ્વનાથનું સ્તવન.

(કામણગારી નારી કહેને મને વાત તારીરે)

પ્રભુ પાસ જીનેશ્વર પ્યારા, પૂજુ પ્રેમ ધરીરે–પૂજુ પ્રેમ
બનારસી નગરીમેં આયા, કમઠ યોગી અબધુત,
પંચાગ્નિમેં બહોત દિખાયા દયાહીણે અયુક્ત–પ્રભુ.
હાથ પૂજા પર લોકે સારી, આલમ હોમણુ આય,
પુરૂષાદાની પાસ કુમરજી, કૌતક જોવા જાય–પ્રભુ.
અવધિ નાણે નીરખી નાથે, જોગીકું બુલાય,
ધર્મ નામ દયા બીન કૈસે, ભુલા ક્યા ભરમાય-પ્રભુ.
નાગ નાગણી જલને ઇસિમેં, કૈસા ધ્યાન ધરાય,
નહીં ઓળખાયા ધર્મ ધરામેં, ફોકટ કાન ફુકાય પ્રભુ.
અશ્વ ખેલાવણહાર રાયજી, મત હમકો બતલાવ,
તેરા ગુરૂજી કોન બડા હૈ, ક્યા તનુ કષ્ટ સમઝાવ–પ્રભુ.
બેર બેર ક્યા બોલે તુજકોં, કહ દેતે અબસાફ,
ભુલચુક હમેરા હોવે, સો કીજે સબ માફ–પ્રભુ.
બડા કાષ્ટ કપવાયા જબ તો, જલતા દીઠા નાગ,
સેવક મુખ નવકાર સુણાયા, પ્રણુમે સબ જન પાગ–પ્રભુ.
ધરણેંદ્રકી પદવી મહા પાયા, નાથજી નીજ ઘર આય,
દીક્ષા લઇ કાઉસગ્ગ મુદ્રાએ, ધ્યાન ધરે ચીત્ત લાય–પ્રભુ.
કમઠ મરી હોવે મેઘ માળી, વૈર વિરોધ કરાય,
મુસલ ધારા મેઘ વરસતે, નાક બરાબર આય–પ્રભુ.
નિશ્ચલ મનસે ધીર ખડે હે, ધરણેંદ્ર આયા ધ્યાય,
પદ્માવતીકો સંગ લેઇ કે, શીર પર બસ બિઠાય-પ્રભુ.

સહસ્ત્ર ફણાકા છત્ર ધરાયા, ઉપસર્ગ એમ હઠાય,
કમઠા સુર તબ હાથ જોડકે. પ્રણુમે પ્રભુકા પાય-પ્રભુ.
કર્મ કટક કાટી શીવ રમણી, વરીયા જીનવર રાય,
લલિ લલિ તસ પ્રણુમું હું પાયા, રાયચંદ ગુણ ગાય-પ્રભુ.

શ્રી કુંથુંનાથ સ્વામીનું સ્તવન.

(રે ના બોલો આવી વાત)

વશી ઉર ભક્તિ કુંથુંનાથ, જુક્તિથી મુક્તિ સાધી-વશી.
જડ કર્મ નિકંદન વીર, ભવ તાપ નિવારણ નીર,
જય ધર્મ ધુરંધર ધીર, જય ધર્મ ધુરંધર ધીરરે.
ઉર ભક્તિ કુંથુંનાથ, વશી ઉર ભક્તિ કુંથુનાથ-જુતિક

સાખી.

મિથ્યા તિમિર હઠાવવા, કરવા જ્ઞાન વિકાસ.
ભવિજન મનકજ બોધવા, અભિનવ ભાનુ પ્રકાશ
જુક્તિથી મુક્તિ સાધી, વશી ઉર ભક્તિ કુંથું નાથ;
ગતિ ચાર નિવારી નાથ, મેળવ શિવપુરનો સાથ.
ભવ બુડતાં ઝાલો હાથ, ભવ બુડતાં ઝાલો હાથરે-ઉર ભ.

શ્રી સંભવનાથનું સ્તવન.

(ઠગી મને ઠગી ઠગારે મને ઠગી)

હાંહાંરે લગની લાગી લાગી મને લાગી લગન મનેલાગી.
શંભવ જીનરાજ વહેલા દર્શન દયોને દયાળ,
આવો ખોટો સંસાર (ખોટો ખોટો) હાં હાંરે,
અંતર નિરંતર સદા જાપ જપું જીનરાજ,
ચરણ કમળની ચાકરી અનુચર માંગે આજ.
આપો આપો મહારાજ (આપો આપો) હાં હાંરે.
સંસારી સુખ અનુભવ્યાં નથી અમારી સાથ.
કરી ઉતાવળ એકલાં કેમ તર્યા ભવ પાર.
તારો તારો મહારાજ (તારો તારો) હાં હાંરે.

સ્તવન.

(બોલો મારા પ્રેમી પોપટજી.)
ચાલો પ્યારા ચેતન સિધ્ધાચળ ચાલો,
ચાલો ચાલો રૂષભ જીન વંદો.
વહાલો મરૂ દેવી માતાજીનો લાલો.
ચાલો ચાલો પાપ નીકંદો
પ્રભુ તારા દર્શનની બલિહારી.
ધારી, ધારી, વદન જોઉં ધારી—ચાલો.
મુર્તી તારી શાન્તી સુધારસ કયારી,
ન્યારી, ન્યારી, અકળ ગતિ તારી—ચાલો.

સ્તવન.

(દાસ પરે દયા લાવોરે)

આશ ધરે મન મારૂંરે, શીવ સુખ લેવા;
આશ ધરે મન મારૂં.
કોઇ નાચે હરિની પાસે, કોઇ રહ્યા શિવની આશે
મારે તો શરણુ તારૂં તારૂંરે—શીવ સુખ.
તેથી દેવાધિ દેવા, કરૂં એક ચિતે સેવા.
ધ્યાન તમારૂં ધારૂં ધારૂંરે—શીવ સુખ.
દાસ તમારો સ્વાગી, બોલે શીર નામી,
શીવ સુખ આપો પ્યારૂં પ્યારૂંરે—શીવ સુખ.

સ્તવન.

આજ આંગી બની નવરંગી બની નવરંગી,
બની નવરંગી—આજ આંગી બની નવરંગી.
સુદર સુરત જીનજીની શોભે, સેવા કરણ મમ મનડું લોભે.
દરશન કરવા સુ સંગી—બની—આજ૦
ઝગમગ જોત ચીહુ દિશ ઝળકે, ફુલ ગુલાબ સુગંધી મલકે.
જૈન મંગળ શિવ અંગી—બની—આજ૦
તાલ મૃદંગ વાજીંત્ર વાગે, સત્ય શુરનસે પ્રભુ ગુણ ગાજે.
કહે જીનદાશ ઉમંગીબની આજ૦

શ્રી સિદ્ધાચળજીના સ્તવનો.

(વહાલા વેગે આવોરે)

સિદ્ધાચળ ગાવુંરે, મોતીડે વધાવુંરે, દાદા સુણો વિનંતી હોજી,
પ્રભુ મારાં ભવો, ભવનાં દુઃખવાર–દાદા.
પ્રથમ પતિ પૃથ્વી તણા, પહેલા જીણંદ મુણિંદ,
યોગિંદ્ર શ્રી આદીશ્વર, મરૂદેવી માતા નંદ,
હુંતો ગિરિવરના ગુણ ગાઉરે–દાદા.
જો પ્રિત પાળો પુર્વની, સન્મુખ ભાળો આપ,
પાપી અધમને ઉદ્ધરો, પ્રતિપાળની એ છાપ,
દયાનિધિ દિલમાં હું લાવુંરે–દાદા.
કુરકટ મટી રાજા થયો, જે સુરજ કુંડ ચંદ,
ભગિની ભોગી ઉદ્ધર્યો, જે ચંદ્રશિખર નરિંદ,
હુંતો મોહથી જંગ મચાવુંરે–દાદા.
એ ઠામ સિદ્ધ અનંતનો છે, શાશ્વતો ગિરિરાજ,
સિધ્ધ વર્યા પાંડવ પ્રમુખ, એ મુક્તિ મંદિરરાજ,
પ્રભુ તારૂં ધ્યાન લગાવુંરે–દાદા.
તારો પ્રભુ જો મુજને, તો ગણું જગદાધાર,
નથી ખજાને કાંઇ ખોટ તારે, તારીયાં નરનાર,
રૂડી તારી આંગીયો રચાવુંરે–દાદા.
ત્રિભુવન વિષે નહિં તીર્થ બીજું. કહે વીર જીણંદ,
ગિરિરાજના ગુણગાન ગાવે, સેવક સાંકળચંદ,
હુંતો આવાગમન ન પાવુંરે–દાદા.

શ્રી શાન્તિનાથ સ્વામીનું સ્તવન.

(ક્યાંથી આ સંભળાય મધુર સ્વર ક્યાંથી)

ઉતારો ભવ પાર શાંતિ જીન ઉતારો ભવ પાર
નર ભવ પામી કામી ક્રોધી હાર્યો ભવ આ વાર,
રાગ દ્વેષ રિપુ દળમાં પેરો ન લહ્યો તત્વ લગાર–શાંતિ૦
ફટફટ હૈયા નફટ કપટ કરી તરીએ કયમ સંસાર,
ડુબ્યો ભવસાગરમાં સેવક બાંહ્ય ગ્રહીને તાર–શાંતિ૦
વિષય અંધ મતિ મંદપણાથી પર રમણીપર પ્યાર;
બગ પરે ઠગ થઇ જગને ધુતી કીધો કેર અપાર–શાંતિ૦
હું અનાથ તું નાથ કૃપાળુ, સઘળો તુજ આધાર,
રંક ઉપર કરૂણા કર સાહીબ દાસ કરે પોકાર–શાંતિ૦
અર્પો આતમ મેલ નિવારી જીન ચરણે ચિત્તધાર;
રાગ દ્વેષનો વિજય કરો તો પામો ભવ જળપાર–શાંતિ૦

શ્રી કુંથુનાથ સ્વામીનું સ્તવન.

(બલીહારી રશીયા ગીરધારી)

બલિહારી, જીન જાઉં તારી, જગ તાત હો
નમું તુજને કુંથું જીનરાયા દર્શન દીજીએજી
ચાર ગતિ આથડીયો લથડીયો ભવોદધિ પડીયો
દીઠો દેદાર ન તુજ સુખકારી–જગતાત હો–નમું તુજને.

નરક નિગોદે ભમીયો, છેદન ભેદન ખમીયો;
વેચાણો સુચિ અગ્ર બહુ વારી—જગ૦
દેવપણું હું પામ્યો વિષય રસથી ન વિરામ્યો
ઉદય ન આવે વ્રત કોઇ દહાડી—જગ૦
માનવ ભવમાં આવ્યો ધર્મ સામગ્રી પામ્યો.
લલનામાં લુબ્ધ થયો નિશ દહાડી—જગ૦
રાગને દ્વેષ કષાયા મોહ રાજાની માયા.
નર ભવ બાજી જઉં હારી—જગ૦
ભવ જળ તારો જીનજી પાર ઉતારો વહાલા,
સાંકળચંદની અરજ સ્વીકારી—જગ૦

શ્રી અરનાથ સ્વામીનું સ્તવન.

(શું કહું કથની મારી રાજ)

અરજી અર જીનવરજી રાજ, અરજી અર જીનવરજી
નિજ દાસની કાને ધરજી રાજ, અરજી અર જીનવરજી
મોર રીઝે સુણી મેઘ ગર્જના, કુમુદ ચંદ્રને નીરખે,
પ્રભુ મુખચંદ્ર નિહાળી મુજ મન ચકોર પંખી હરખે રાજ–અ૦
સૂક્ષ્મ બાદર ગાઢ નિગોદે, પ્રભુ મુખ ચંદ્ર ન દેખ્યો,
પૃથ્વી અપતેજ વાયુ વનસ્પતિ, બીતી ચૌરેંદ્રિ ન પેખ્યો રાજ–અ૦
સન્ની પંચેંદ્રિમાં પણ મિથ્યાત્વે, આવ્યો ન પ્રભુ અનુભવમાં
નરક તિર્યંચ સુરગતિમાં ન જાણ્યો મનુષ્ય અનારજ ભવમાં–અ૦

આર્ય ક્ષેત્ર માનવ ભવ મોંઘો, પામ્યો છું પુણ્ય યોગે,
વિષય કષાય પ્રમાદ વશે મ્હેં, ઓળખ્યો પ્રભુ ન પ્રયોગે રાજ—અ૦
લોક લજ્જા કુળ ધર્મે સેવ્યો, પૂજ્યો ન અંતર ભકતે.
નાથ તજી ભજ્યાં દેવી દેવલાં જાણ્યો ન જીનજી જુકતે રાજ—અ૦
કામ કુંભ સુરતરૂ ચિંતામણી નાથ મ્હેં નયને દીઠા.
અધમ ઉધ્ધારણ બંધુ નિષ્કારણ સાંકળચંદ મન મીઠારાજ—અ૦

સ્તવન.

(નહિ ચીજ કોઇ ગળી ગરજ સમ)

મહાવીર મુરતી મળી મુજને, મહાવીર મુરતી મળી,
દેવ દયાળુ દર્શન પામી, આશ આજ મુજ ફળી—મુજને.
નાથ નિરંજન નયણે નીરખી, ભવો ભવની પીડ ટળી,
પ્યારા મોહન ગારા મારા, મહાવીરને નમું લળી—મુજને.
મહેર કરો મહારાજ આપતો, જાય કર્મ મમ બળી,
સુમતિ દાયક સુમતિ દો તો, કુમતિ જાય ટળી—મુજને.
અનેક તરીયા આપ પસાયે, કરીને ભગતિ ભલી,
હરનીશ હું તુમ ચરણુ સેવીસ, ચંદ્રોદયમાં ભળી—મુજને.

મહાવીર સ્તવન.

(કવાલી)

સુણો મહાવીર જીન સ્વામી, તમે ભવસિંધુ તારક છો,
કહું કર્મની કહાણી, અમારી આ વિનંતી છે.
બને છે લોકા લોકે તે, તમે જાણો છો વિજ્ઞાને,
છતાં હું વાત વિતક એ. અમારી આ વિનંતી છે.
તજી સ્વરૂપ હું પોતે, રમ્યો પર પુદ્ગલો માંહી,
વિષય તૃષ્ણા તણાજોરે. અમારી આ વિનંતી છે.
છુપાવા અવગુણો મારા, કરૂં જીન ધર્મ કરણીને,
છતાં અવગુણના તજીએ, અમારી આ વિનંતી છે.
પ્રભુ આ આર્યા વર્તમાં, સકળ ગુણસ્થાન આપજ છો,
સ્તુતિ કરવા અશકતજ છું, અમારી આ વિનંતિ છે.
આહા ભવ રોગીના માટે, ખરે ધનવંતરી જાણું,
ભવાર્ણવ માંહી નાવીક છો, અમારી આ વિનંતિ છે.
પ્રભુ તુજ નામ રટનાથી, બને ગુણધામી એ નિશ્ચય,
કરો સ્થીર વાસના એવી, અમારી આ વિનંતિ છે.
પ્રભુ ફરમાન જે જે છે, નિરંતર સેવવા શક્તિ,
અમોને આપ જો સ્વામી, અમારી આ વિનંતી છે.

મહાવીર સ્વામીનું સ્તવન.

(થઇ પ્રેમ વશ પાતળીયા)

જગનાથ મહાવીર મળીયા, મારે આંગણે સુરતરૂ ફળીયારે,
જગનાથ મહાવીર મળીયા,
રાગ દ્વેષ દોય મલ્લને મારી, કરી ભવરણ જય ભારી,
જેણે શિવપુરી શુભ શણગારી, ધીરવીરમાં મહાવીર
બળીયારે-જગ.

નયન કૃતારથ પ્રભુ મુખ ભાવી જન્મ સફળ થયો તારો
મને ભવસાગરથી તારો, તારા દર્શનથી દુઃખ ટળીયારે-જગ.
અપરાધી મહા પાપી ઉધ્ધર્યા નાગ ને અર્જુન માળી,
ત્હેં તારી ચંદન બાળા મહા ઉપસર્ગે નવી ચવિયારે,-જગ.
ભકત વત્સલ ભગવંત તું મારો. ઉધ્ધરજો જગ સ્વામી.
શી દીઠી મુજમાં ખામી મારા ભવના ફેરા ટળીઆરે-જગ.
પ્રીત અનાદીની જે પ્રભુ પાળો. નિજ સમ સેવકને કીજે,
સાંકળચંદને સુખ દીજે મારા વહાણુ ગએલાં વળીયાંરે-જગ.

શ્રી મલ્લીનાથ સ્વામીનું સ્તવન.

(વહાલા વેગે આવોરે દયા દીલે)
ભોયણીમાં ભારીરે-જગ જયકારીરે મલ્લિજીન ભેટીએ હોજી.
પ્રભુને ભેટતાં ભવ દુઃખ જાય, પ્રભુ મારા સેવતાં શિવસુખ થાય-મ૦

સંવત ઓગણીશસેં અને તીશ સાલે વૈશાખ
પૂનમ દીન પ્રકટયા પ્રભુ સફળ થયા અભિલાખ
મૂરતી પ્રભુની મંગળકારીરે—મલ્લિ૦
કેવળના ખેતર થકી પ્રગટી જાગતી જ્યોત.
એ કાઉસગ્ગીયા ને પ્રભુ નીકળ્યા ભવજળ પોત
પ્રભુ તમે છો ઉપકારીરે—મલ્લિ૦
મહીમા પસર્યો જગતમાં વર્ણું અઢારે માંહ્ય.
જાત્રા કારણુ સર્વદા મેદની અહીં ભરાય.
પ્રભુ તારા મુખડા ઉપર જાઉં વારીરે—મલ્લિ૦
પરચા પૂરે દુઃખ હરે દીન વત્સલ જીનરાજ;
ભીંગ ધણી જગ જાગતો સાંકળચંદ શિરતાજ
જીનવરજી અરજી લ્યો સ્વીકારીરે—મલ્લિ૦

શ્રી નમીનાથ સ્વામીનું સ્તવન.

(સંસાર સમજ લે શાણા મુસાફર ખાનું)

નમીએ નમીનાથને ભવિકા સદા સમ ભાવે,
ચરણુ કમળની સેવા મન મધુકર પાવે;—સદા૦
ચાર લુંટારા લુંટે આઠ ધુતારા ધુતે.—સદા૦
કરમ કટક ભવ રણુમાં જંગ મચાવે—ભવીકા—સદા૦
સંસારના કાંતારમાં બહુ કાળથી ભુલ્યા ભમ્યા.
નહિ નીર કે વળી તીર પામ્યા કીચ ભવ દુઃખો ખમ્યા,

પાપો કર્યાં દ્રવ્યો હર્યાં વળી કૃત્ય કુડાં આદર્યાં,
પામર અમે જગ જીવ આર્ત રોદ્ર ધ્યાને અનુસર્યા.
સજ્જન સંગે જીનજી પારસમણી પ્રભાવે,
કથીર છતાં પણ કંચન સાકળચંદ થાવે–ભવિકા–સદા.

શ્રી મહાવીર સ્વામીજીનું સ્તવન.

(આંખી આલમને ઠગનારી)

આવી મૂરતી મોહનગારી ચિદાનંદ મહાવીર તારી
રાગને વારી દ્વેષને મારી–કર્મ કંટક ભવરણ સંહારી.
મુક્તિપુરી શણગારી—આવી.
કર્મ શું કરશે ભરમ શું કરશે. પ્રભુ કરૂણા કરશે તો ડરશે.
મુજથી મોહ શિકારી—આવી.
રોગ ન આવે શોક ન આવે ચાર ચોરનું જોર ન ફાવે.
સાહ્ય થાય જો તારી—આવી.
પામર પાળો બીરૂદ સંભાળો એકવાર જો સન્મુખ ભાળો.
તો થઉં લઘુ સંસારી—આવી.
પ્રભુતા ધારી પતિત ઉધ્ધારી સેવક સાંકળચંદ સુધારી.
અરજી લ્યો અવધારી—આવી.

શ્રી પાણુસર મંડન શ્રી મહાવીર સ્વામીનું સ્તવન.

(શું કહું કથની મારી રાજ)

પાણુસરા મહાવીરજી રાજ, પાણુસરા મહાવીરજી,
સુણો સેવકની આ અરજીરાજ-પાણુસરા મહાવીરજી,
દક્ષિણ ભરતે ગુર્જર દેશે, કલ્લોલ પ્રગણું રાજે,
પ્રકટી પાણુસરે ભુતળથી, પ્રતિમા જ્યોતિ દીવાજે રાજ-પા.
વિક્રમ સંવત ઓગણીશસેંને, છાસઠ શ્રાવણ માસે,
સુદ નવમી રવીવારે પ્રકટી, જાગતી જ્યોત ઉલ્લાસે રાજ-પા.
જલા તેજા રાવળના ઘરના, ભડાથી પ્રકટયા સ્વામી,
આનંદ આનંદ આજ દીવાળી, જય જય અંતરજામી રાજ-પા.
માનવને પશુમાં મહા મરકી, હતી ગામમાં ભારી,
પ્રકટ થયા પ્રભુ જાણી તત્ક્ષણ, ઇતિ ભિતિ ગઈ મારીરાજ-પા.
ત્રિસલાનંદન પાપ નિકંદન, અંતિમ જીન પતિ પ્યારા,
શાસનના સુલતાન શ્રી મહાવીર, વરતે જયજયકારા-રાજ-પા.
મૂરતિ અલૌકિક તેજ અનુપમ, ચમકાર બહુ ભાળી,
ભકિત વશે જૈનો જૈનેતર, સંઘ આવ્યા પુણ્યશાળીરાજ-પા.
મૃગપતિ લંછન મૂરતિ પુરાતન. લેખન પ્રભુની પલાંઠી,
માનું સંપ્રતિરાયે ભરાવી, સુરત મૂરત જોઇ ધાટી-રાજ-પા.
સ્વપ્ન સૂચક મહા જ્યોતિ પ્રકટી, મંગળ માળા વરતી,
પરમ મહોદય ભવસાગરમાં સાંકળચંદ સુખ ભરતી રાજ-પા.

શ્રી પાણુસર મંડન શ્રી મહાવીર સ્વામીનું સ્તવન.

(થઈ પ્રેમ વશ પાતળીયા)

જગનાથ મહાવીર તૃઠયા, મારે મોતીડે મેહ આજ વુઠયારે,
જગનાથ મહાવીર તૃઠયા,
પાણુસરા મહાવીર જીનવરજી, પ્રકટયા આજ દીવાળી,
પ્રભુ પ્રતિમા પરમ પ્રભાવી, પડયા પાપ મેહ વારી ભુંડારે–જગ.
જીવ દયા પ્રતિપાળ જીનેશ્વર, જગજન અંતર જામી,
હું શરણે આવ્યો સ્વામી, શું કરશે વૈરી રૂઠયારે–જગ.
પામર પાળો બિરૂદ સંભાળો, સન્મુખ ભાળો સ્વામી,
કહે સાંકળચંદ શીર નામી, પ્રભુ વીણુ સૌ સાધન જુઠારે જગ.

સ્તવન.

(શું કહું કથની મારી રાજ)

હું ચહું ચરણ ત્હારૂં રાજ–હું ચહું.
હું તો ધ્યાનજ આપનું ધ્યાવું રાજ–હું ચહું.
પુન્ય પસાયે પ્રાણુથી પ્યારા, પામ્યો પ્રભુ પદનામી,
વહાલા વિભુશ્રી વીરને વંદતાં; વિપતિ વેગે વાળી રાજ–હું ચહું.
કર્મ કલંકી કિંકર કેરા, કર્મને કાપો કૃપાળુ,
દયાના દરિયા દાસના દુઃખને, દુર કરો હે દયાળુ રાજ–હું ચહું.
અંતર જામી આપની આશે, આવ્યો હું આવારે.
શ્રી ચંદ્રોદય મંડળીને, આપ વિના કોણ તારે રાજ–હું ચહું.

નેમનાથનું સ્તવન.

(બલીહારી બલીહારી બલીહારી જગનાથ હો)

વાલમજી રસીયાજી કાં વીસારી, નેમ પ્રાણરે તજી અમને;
સહેસાવન વાસી, આવા ન બનીયેજી.
ફુલડે વધાવું પ્યારા, નેમજી નગીના માહરા;
વ્યાપી છે જગમાં કીરતી તમારી......નેમ પ્રાણરે.
તોરણથી વળીયા પાછા, મુકાવી સર્વ આશા;
જાઓ છો મુકી મુને નીરાધારી......નેમ પ્રાણરે.
પશુને અભય દાન દીધું, પણ અમારૂં કામ નવ કીધું,
અરજ સુણોને પ્રભુજી માહરી......નેમ પ્રાણરે,
જાદવ થયા ઉદાસી પ્રીત કરી ક્યાં ગયા નાશી;
તોરણે આવી ઉભી આ દાશી......નેમ પ્રાણરે.
દયા દીલમાં નવ આણી મુકી ચાલ્યા ગીરનારી,
સાથે લેજો રાજુલા આ નારી......નેમ પ્રાણરે.
મુરતી શી મોહન ગારી, લાગે સુરજ ને વ્હાલી.
જાશ દીન રાખો લાજ અમારી......નેમ પ્રાણરે,

આત્મપદ.

(સીતા પતીનું નામ પ્યારૂં અમને લાગે સારૂં)

શાને કરે છે મારૂં મારૂં રે લોભીડા હંસા...શાને.
કુડ કપટ કરી ધન સંચરીયું, મનથી ન કાંઈ વિચાર્યું—લોભીડા
વિષયા રસમાં અંધ બનીને, કર્મ કર્યું તેં નઠારૂં—લોભીડા
આયુષ તારૂં અલેખે જાય છે, હજુ સમજે તો સારૂં—લોભીડા
કુકર્મનો ભય મનમાં રાખી, તરવા તણું શોધ બારૂં—લોભીડા
સાચા સ્નેહીને આજે ઓળખી લીધો, ઘટમાં થયું અજવાળું--લોભીડા
સુરજ કહે પ્રભુના ચરણુ સેવીને શીવપુર જવા નિશ્ચે ધાર્યું—લોભીડા

પદ.

(ગોવીંદ ગુણુ ગાઓરે)

શી રીતે સમજાવુરે, મુરખ મન શી રીતે સમજાવું,
ક્ષણુમાં રીઝાતું ક્ષણુમાં ખીજાતું અનેક રંગી આવુરે—મુરખ.
ક્ષણુમાં છત્ર ધારી ક્ષણમાં ભીખારી, પળ પળમાં પલટાવુંરે—મુરખ.
ક્ષણુમાં ભોગી ક્ષણુમાં જોગી, પોતાનું ગમે ગાવુંરે—મુરખ.
જુઠી કાયા જુઠી માયા, જુઠામાં શું જડાવું રે—મુરખ.
ચરણુ સેવીને સુખીયો થાને, પડે નહિ પસ્તાવું રે—મુરખ.
સુરજે ભક્તિ ભજી, તન મમતાને તજી સ્વરૂપમાં સમાવુંરે—મુરખ.

(સુંદર શામળીઆ, નામ જપીશ નીત્ય તારૂં.)

જુગતે જીનવરજી, ધ્યાન તમારૂં ધારૂં,
સુણજો આ અરજી, તનમન તમપર વારૂ.
ભાવ થકી નિત્ય હું ધારૂં, કેશર ચંદન ચરચુ પ્યારૂં.
નૈવેદ્ય નાથ ધરાવું સારૂ, આરતી મંગળ આજ ઉતારૂં.
કાપજો કષ્ટ કૃપાળુ, જુગતે જીનવરજી.
કામ ક્રોધ મદ મોહ નીવારી. સાહેબ સાચી ભક્તિ તમારી,
નાન સંઘ ઉછરંગ વધારી, સુરત સંગત મંડળી સારી.
ગાય ગુણ માયાળુ જુગતે જીનવરજી.

નેમ નાથનું સ્તવન.

(કામણગારી નારી કહેને મને વાત તારીરે)

રંગે રાજુલ સંગે આવે જાદવનાથ ભારીરે (૨)
નેમ પ્રભુ નીરમળ મન રાખી, તારો નીજ જન આજ,
પોપટ પર કરૂણા કંઇ કરજ્યો, રાખો મારી લાજરે—રંગે.
તન મન ધન અરપું તમ પદમાં સેવું દીન દયાળ.
હરપળ નીશદીન જીન મંદીરમાં, ગાઉ ગુણ રસાળ—રંગે.
તુચ્છ માત્ર પણ હું નથી પ્રભુજી, ટાલો ભવની ફાંસ,
દીન ગણી દેવી દુઃખ હરજો, તાહરો સુરજ પ્રભુ પાસ—રંગે.

પરચુરણ સ્તવન.

(ચમકી ચમકી ચતુરા કયાં ચાલી)

જીનજી (૨) મુજ પાપો કાપો. નિજ શરણે સેવક સ્થાપો,
પ્રભુજી (૨) તારો ભવ તાપો, જપું સતત તમારા જાપો-જીન.
ભુલ્યો (૨) નર ભવની બાજી, સમ ગણીમેં ભાજીપાજી,
વારો (૨) કુમતિ ભય ભારી, સુમતિ આપો સુખકારી-જીન.
તારો (૨) ભવપાર ઉતારો, મમકૃતિયો અધમ સુધારો,
વંદે (૨) સુરનર નિશ દારી, લઘુ જૈન સભા જયકારી-જીન.

શ્રી જીનેશ્વર ભગવાનનું સ્તવન.

(મારા હૈયા કેરા હાર નજર કયાં)

મારા જીનજી જગ શિરતાજ, ગરીબને તારજોરે,
કુમતિ સંગ નિવારી તાતજી, ભવ ભીડ વારજોરે,
રાગ દ્વેષ વૈરી સહચારી, ભવરણ જંગમ આવ્યો ભારી,
દાસ ગણી નિજ મોહ, સુભટ સંહારજોરે-મારા.
ચાર ચોરનો ભય છે ભારી, આતમ ધન લૂટે છે દારી,
આઠ તેર અષ્ટા દશ, ત્રેવીશ વારજોરે-મારા.
અનુભવ જ્ઞાન દીપક અજુઆળો. મિથ્યા અંધકાર અઘ ટાળો,
બોધિ બીજ આપી, પ્રભુ પાર ઉતારજોરે-મારા.

મન મંદિરમાં નાથ પધારો, કૃતિયો મારી તાત સુધારો,
સાંકળચંદ સભા લઘુ જૈની તારજોરે-મારા.

(સનનન સોહે સાવરીયા શ્યામ.)

તનનન ગાવે અંબીક આ બાગ (૨)
જીનજી કે મુદ્રાપે વારી વારી જાઉં...તનતન.
પાર ઉતારો પ્રભુ દુખડા નીવારો, ગરીબના બેલી છો આપ સરદાર.
ઘડી ઘડી પળ પળ રટન કરૂં છું, જગપતિ સાચો તમારો આધાર
જીનજી.
નાથ નજર કરો ચાર ગતી દુર કરો, એરી એવી અરજ કરતે નરનાર
જીન પદ સેવા કરૂં, નવ પદ ધ્યાન ધરૂં, રસીલા છબીલા એ સહાય કરનાર.
સુરજ તણા છો દેવા, જળ હળ જયોત જેવા.
રખડતો આવ્યો છું, તુમ દરબાર.
જૈન સંગીત પૂજા કરે, વિઘ્નને દુર હરે,
જનમ મરણના દુઃખ હરનાર...જીનજી.

મહાવીર જીન સ્તવન.

(કલ્યાણ)

અમે તો વીર પ્રભુનાં બાળ,
વીરહાક સઘળે ગજવીને, કરીશું પિતાશું વ્હાલ—અમે તો
મરીચિના ભવથી શાખવીયું, જાતિ મદ ભવ્ય તું ટાલ
કર્મ નિકાચિત બાંધ્યું રેડી, સીસું શય્યા પાલ—અમે તો
દર્શન જ્ઞાન અને ચારિત્ર, આચાર તણા પ્રતિપાલ,
નંદન મુનિ ઉપાર્જન કીધું. તિર્થંકર કર્મ વિશાલ—અમે તો
બાળપણાએ ચરણ અંગુઠ, મેરૂ નમ્યો તત્કાલ;
આમલકી ક્રીડાએ રમતાં, થયો સુર નિર્માલ્ય—અમે તો
અગ્નિ જવાળા ઝરતો મુખથી, માહ નાગ વિકાળ,
ચરણે ડસેલો ચંડ કોશાયો, બુઝાવ્યો મહાકાલ—અમે તો
બાર વ્રતોમાં એક નિયમ નહિ, એવો શ્રેણીક નૃપાલ,
ભક્તિ ભણી નિજ પદ દીધું, પ્રેમે પ્રભુ કૃપાલ—અમે તો
બાકુલા વહોરી કેવળ જ્ઞાને, ઉદ્ધારી ચંદન બાલ;
ગણિકાર મુનિ નંદિષેણને, તાર્યાં ભક્તિ રસાલ—અમે તો
નિર્વાણ પહેલાં ગૌત્તમ સ્વામી, ટાળી મોહ જંજાલ;
સવિજીવ કરૂં સાસન રસી એવી, ઉલ્લસી દયા દયાળ—અમે તો.
મિથ્યાત્વ અવિરતિ કષાય ઉપર ભરિશું મોટી ફાળ;
તોડી ફાડીને વશ કરીશું પ્રશમ તણી ગ્રહી ઢાલ—અમે તો.
વીર સુધા વાણી માનસમાં, રમીશું જેમ મરાળ.
કર્મ નિકંદી પૂજય પિતાને, ભેટીશું કોઇ કાળ—અમે તો.

શ્રી નેમનાથનું સ્તવન.

(સનનન સોહે સાંવરીયા શ્યામ)

નેમ નગીના વાળો રથ આમ,
શામળી સુરતપર વારી વારી જાઉં હું-નેમ.
આઠ ભવાંતર પ્રિત નિવારી, નવમે કુંવારી મુકો નહીં શ્યામ,
સુણ પોકાર પશુનો પ્રીતમજી રાણીની વાત સુણી
નહિ નામ-શા-નેમ.
સીતાનું હરણ કરાવ્યું તેં હરણા, ચંદ્રને કીધો કલંકિત આમ,
મારી વખત પણ ભાઈ તું ભુક્યો, શું મે બગાડયું વીરામ
-શા-નેમ.
કર પિડન પ્રભુ ચોરીમાં ન કર્યું, હાથ ધરી શિર દો શિવધામ.
દંપતિ સિદ્ધ થયાં જયવંતા, સાંકળચંદ કહે છે પ્રણામ-શા-નેમ.

શ્રી નેમિનાથ સ્વામિનું સ્તવન.

(બલીહારી રશીયાજી ગિરધારી)

બલિહારી જાઉંવારી જયકારી સુંદર શામળા તજી મુજને,
પ્રભુ તોરણ આવી રથ નવી ફેરવોજી.
આઠ ભવાંતર પ્રીતિ, તજી મુકી રીતીજી.
પ્રીતમજી ન ઘટે યદુ કુળ લાજે—સુંદર.

રાણી ન ધ્યાન આણી, પશુડાંની જાણીજી;
પ્રીતલડી સાલે એક વળી આજે—સુંદર.
ઠગણી શોકલડી મારી મુકતી ધુતારીજી;
ભોળવીયા તુમસમ કેત્તા આગે—સુંદર;
પણ એ શિવ વધુ સંજોગી, ઘણા પતિ ભોગીજી;
છતું સુખ તજી ભાવી કોણ માગે—સુંદર;
શોકલડી જોવા જાવું. ઝટપટ આવુંજી.
હાથ ન ચાંપ્યો શિર દો ભાવે—સુંદર.
રાજીમતિ લે દીક્ષા, પ્રભુ પાસે શિક્ષાજી,
શાંકળચંદ દંપતિના ગુણ ગાવે—સુંદર

શ્રી મહાવીર સ્વામી મહારાજનું સ્તવન,

(આ આઆ વહાલા વ્રજલાલ સાથે લાગીરે)

આ આઆઆ વહાલા વીરજીણંદ સાથે લાગીરે લગનીયા
માહરી મહારાજ.

મન મંદિરમાં પ્રભુની, પધરાવી મુર્તિ મેં તો,
વીરને હાથે છે મારી લાજ, તનમનમાં વ્યાપો કાપો પાપો;
આ આઆઆ વહાળા વીર જીણંદ.
અધમ ઉધ્ધારણ સ્વામી, સેવક શી છે ખામી;
સ્નાત્ર મંડળને તારો આજ, ધ્યાવું પાવું ગાવું.
આ આ આ આ વહાળ વીર જીણંદ.

નાટક.

સુણુ મોરી સૈયા પૈયાં પડીયાં, પ્રભુ પુજનકું મન ચલીયા—ટેક.

ારમ જીનેશ્વર અતિ અલવેશ્વર, દરિશન વિન મે ટળવલીઆ શુણ. ૧
મ્ષ્ટ દ્રવ્ય પુજા રચાવું, આંગી બનાવુ મન રળીયા શુણ; ૨
ંપા ચંબેલી ઓર મોગરા, માળા બનાવું ચુણુ કલીઆ શુણ. ૩
ુલકર ઓર ન દેવો પુજુ, એક પ્રભુસે મન રળીઆ; શુણ; ૪
ન સભા કહે કરજોડી, મન વંછીત મોરે ફળીઆ. ૫

સ્તવન.

(વાલા વેગે આવોરે)

ચિંતામણી સ્વામીરે કહું શીર નામીરે,
પ્રભુ સુણો વિનંતી હોજી.
પારસ પ્રભુ તુમ સમ દેવ ન કોય,
વારી જાઉં દેખ લીયા સબ કોઇ–ચિંતામણી.
હમ તુમ સરીખા નાથજી જીવ ન ભેદ લગાર,
તુમ નીજ રૂપે રમ રહે, હમ રૂલતે સંસાર.
વારી પ્રભુ કર્મ તણા એ પ્રતાપ–ચિંતામણી.
કાલ પ્રવાહ અનાદીકો ચેતન કર્મ સંબંધ,
દુર કીયા તુમને પ્રભુ, હમ બીચમેં રહે બંધ.

વારી પ્રભુ તુમ વીન નહિં નહિં સ્હાય-ચિંતામણી.
ક્રોધ માન માયા અતિ લોભ પરમ એ દોષ,
અંશ નહિ તુમમેં પ્રભુ વિતરાગ ગુણ પોષ.
વારી પ્રભુ ચીદ્ ઘનરૂપ અમાપ-ચિંતામણી.
લાલ બાગમેં રમ રહે નીજ ગુણ દીન દયાળ,
મોહમયી નગરી ખરી પણ નહિ મોહ જંજાળ.
વારી પ્રભુ એ તુમ નીજ ગુણ છાપ-ચિંતામણી.
આતમ સત્તા સારીખી સબ જન જીન સ્વભાવ.
આતમ લક્ષ્મી પામીએ વિઘટે જીવ વિભાવ.
વારી પ્રભુ વલ્લભ હર્ષ મીલાપ-ચિંતામણી.

સ્તવન.

બલિહારી જીનજી જાઉં વારી, પ્રભુ પાર્શ્વ આપો અમને.
કાશીના વાશી શિવ તણા સુખનેજી,
નાગ ઉગારી વહાલા નાગેંદ્ર બનાવ્યોજી.
આપ્યું છે સુખ અપારી-પ્રભુ પાર્શ્વ.
ચઉમુખે આપે વહાલા દેશના દઈનેજી,
તાર્યા છે નરને નારી-પ્રભુ પાર્શ્વ.
એવું સુણીને વહાલા શરણે તો આવીયાજી
આપોને પદ અણાહારી-પ્રભુ પાર્શ્વ.
કર્મ ખપાવી આપે શિવ સુખ લીધુંજી,

બની ગયા છો નીરાકારી—પ્રભુ પાર્શ્વ.
તુજ પ્રતિમા તે વહાલા જાણી તુમ સરીખીજી,
માંગીએ મોક્ષ આવારી—પ્રભુ પાર્શ્વ.
દાસ આ કહે છે પ્રભુ પાર્શ્વ જીનેશ્વરજી,
વિનંતી લેજોને અવધારી—પ્રભુ પાર્શ્વ.

સ્તવન.

પ્યારો લાગે મને સારો લાગે દર્શનમાં ગંભીરોજી પ્યારો લાગે.
સોના કેરી ઝારીયાં ને માંહી ભર્યાં પાણી,
ન્હાવણ કરાવું મેરા જીનજીકે અંગ—દરશન.
કેશર ચંદન ભર્યાંરે કચોળાં પૂજા કરૂં મેરા પ્રભુજીકે
અંગ—દરશન.
ધુપ ધ્યાન ઘટા અનહદ હે, લળી લળી શીશ
નમાવત હે—દરશન.
ફુલ ગુલાબકી આંગી બની હે હાર પહેરાવું મેરા
જીનજીકે અંગ—દરશન.
આનંદ ઘન પ્રભુ ચલત પંથમેં જ્યોતિમેં જ્યોત
મીલાવત હે દરશન.

સ્તવન.

(કોમળ કાયા કયાં કરમાવો.)

પરમ પરમાતમ પારસનાથની સેવા લાગે વહાલી,
અજબ અનુપમ મુરતી મોહક, નીરખી જાઉં બલીહારી.
નાગ એકલો બળતો ઉગારી, પુરણ પ્રતાપે પડછો બતાવી;
પાપ સંતાપ નીવારી—પરમ.
શીવ ગતી ગામી અંતર જામી, તરણ તારણ વિખ્યાત;
અજર અવિનાશી વિપદ વિનાશી, અજ્જુ અમર જગદાધાર.
રસીક સ્તવન ઉલ્લાસથી ગાવું, હૃદય કમળમાં ધુન મચાવું.
તુજ પદ પંકજ મેલી—પરમ.

શ્રી આબુજીનું સ્તવન.

(મોહી રહ્યો છું મંદ હાસ્યમાં)

ભેટી લઉં ભેટી લઉં એમ થાય છે, આબુ ગિરિરાજનાં
દેવળ વખણાય છે.
સંસારની ઉપાધી મને ગમતીરે નથી, દેવળમાં દીલ તણાયછે—આબુ;
દેરાણી જેઠાણીના ગોખલાદીકની, અજબ કોરણી જણાય છે—આબુ.
આદિનાથ નેમીનાથ તણા એ, દુનિયામાં દેવળ પંકાય છે—આબુ;
આવા પ્રભુજીનાં દર્શન કરતાં પાપ પડલ દુર જાય છે—આબુ.
વારે વારે અહીં જાત્રા કરીને, હંસ આનંદ અતિ પાય છે—આબુ;

પાર્શ્વ પ્રભુનું સ્તવન.

(વિષય વાત મમ માત તજીને કૃષ્ણ ભજન તું કરવા દે)

નાથ નીરંજન પાર્શ્વજી પ્યારાના, દરીશન મુજને કરવાદે,
મન હરી લીધું નાથ નગીના ધ્યાન પ્રભુનું ધરવાદે—એ નાથ.
પુરવ પુન્યે આપ મળ્યા છો, ભંડાર ભક્તિના ભરવાદે
જ્ઞાન દીપકનું નાવ મળ્યું છે, તો ભવસાગર તરવા દે,
કામ ક્રોધ મદ મોહતજીને, શીવપુર સીડી ચઢવાદે—એ નાથ.
આજ્ઞા કદિ નવ તોડું તમારી, આંગી અનુપમ દીશે રૂપાળી,
કાને કુંડળ મુગટ બિરાજે, શિર છત્ર શોભા સારી,
સમકીત મુખમુદ્રા પ્રભુની, સુરજે નીરખી હરખીને—એ નાથ.

શ્રી કેશરીયાજીનું સ્તવન.

(મારા ચતુર શિરોમણી ભ્રાત વિદેશ)

મારા કેસરીયા મહારાજ, રૂષભ જીન અરજી ધારજ્યો,
મારા દાદા દુઃખડા નિવારજ્યો, મારા જીનજી દુઃખડાં નિવારજ્યો,
મારા પ્રભુજી દુઃખડાં નિવારજ્યો—મારા.
ભવ દવ સળગ્યો ચોપાસ, દાસને બળતાં ઉગારજ્યો—મારા.
કુમતિ કુલટાનો સંગ, ભંગ કરી વૈરી વિદારજ્યો—મારા.
ભવ દરિયે ડુબ્યું ઝાઝ, સાહ્ય કરી જીનજી ઉદ્ધારજ્યો—મારા.

મહાધીંગ ધુલેવા નાથ, કરી જાત્રા તારી પાર ઉતારજ્યો—મારા.
પ્રભુ પામર પાળ દયાળ, બાળની કૃતિયો સુધારજ્યો—મારા.
કહે સેવક સાંકળચંદ ફંદ, ભવોભવ નિવારજ્યો—મારા.
લઘુ જૈન સભા શિરતાજ, આજ મન મંદિર પધારજ્યો મારા.

શ્રી નેમનાથનું સ્તવન.

શામળિયા રથવાળાને ચાલો સાથ જદુનાથ જદુનાથજી,
ચોરીમાં બેશીને ઝાલોને જમણો હાથ—જદુ.
પ્રિતીને પાળવી, નિતિને જાળવી, પુંઠ ન વાળવી.
આ આ આ પ્રાણપતિ આ વિનતી—શામળીયા.
કલ્યાણી સંસાર વિકાર જાણી છંડશે તેને ધન્ય તેને ધન્ય છે,
સંસારથી સતિ, થાય છે દુરગતિ, લેશુભ નિવૃતિ,
આ આ આ જાગી મતિ પુણ્યવર્તિ—શામળીયા.
સમતામાં રમે ભવમાં ના ભમે જ્ઞાનીની વાણી સત્ય વાણી સત્ય છે,
ભવના નાટકમાં ભજવ્યા જીવે પાઠ ભવોભવ,
આ આ આ શાણી સતિ રાજે મતિ—શામળીયા.
ચોરીમાં ઝાલ્યો ન હાથ, ધરો શીર હાથ, સતિ રંગ સતિ રંગ છે,
સાંકળચંદ મહાવીર મંડળ ગાય પ્રભુ ગુણ
આ આ આ જીનપતિ ધન્યકૃતિ—શામળીયા.

શ્રી રૂષભદેવજીન સ્તવન.

(કાનુડો ન જાણે નારી પ્રીત)

મારી વ્હારે આવો રૂષભ દયાળરે-વિમળાચળ વાશી.
નરક નીગોદે ભમીયો, છેદન ભેદન ખમીયો,
નરભવ આયુ કાપે કાળ-કાપે-કરરરરરરર,
વિષય કષાયે રાચ્યો, ભવના નાટકમાં નાચ્યો,
મોહ રાયે મારી તાકી ફાળ-તારી-તરરરરરરર-મારી.
કેવળ કમળાના સ્વામી, જગજનના અંતર જામી,
આતમ રામી ખામી ટાળ-ખામી-ખરરરરરરર.
કરમ કટકને દળજ્યો, અંતરમાં આવી મળજ્યો,
શાંત સુધારસ છાંટો દયાલ-છાંટો-છરરરરરરર-મારી.
મરૂદેવી માતા જાયા, વનિતા નગરીના રાયા,
કુમતિ કુતરીથી થરકે બાળ-થરકે-થરરરરરરર.
જૈન સભા લઘુ તારી, સાંકળચંદ સુધારી,
દાદાજી દો શિવ શ્રેણી લાલ-શ્રેણી-સરરરરરરર.

શ્રી મલ્લીજીન સ્તવન.

(જુઓ કેવી અજાયબી)

મલ્લિનાથ મહારાજજી, વાત સુણો જીનરાજજી.
કર્યો કર્મે મને રાંક (૨) કરો માફ મારો વાંક,

શરણુ કર્યું મેં આજજી, પ્રભુ ચરણુ-મલ્લિ.
કરી નિંદા અપાર (૨) કર્યો પાપ વહેપાર,
કહેતાં આવે છે મને લાજજી, પ્રભુ કહેતાં-મલ્લિ.
નહિ જપ તપ ધ્યાન (૨) કરી માન ભુલ્યો ભાન,
દરીએ બુડયું છે મારૂં ઝાંઝજી પ્રભુજી દરીયે-મલ્લિ.
ભજ્યા કુગુરૂ કુદેવ (૨) તજી જીનરાજ સેવ,
કુમતિ નડી દગાબાજજી, પ્રભુ કુમતિ-મલ્લિ.
જપે જાપ ખપે પાપ (૨) મટે તાપ ને સંતાપ,
સફળ થાય સૌ કાજજી, પ્રભુ સફળ-મલ્લિ.
કરૂં વિનંતી દયાળ (૨) સુણો પામર પાળ,
જૈન સભા શિરતાજજી, પ્રભુ જૈન-મલ્લિ.

શ્રી સુમતિનાથજીનું સ્તવન.

(રે બંસરી થકી વનમાળી)

રે સુમતિ પ્રભુ સુખકારી,
ચરણુ કમળમાં શીશ નમાવું, મુગટ શોભે બહુ ભારી-રે સુમતિ.
અમૃત વાણી લાગે તાહરી, વહાલા મુજને વહાલી,
નયન લોભાવત મનડા મનાવત, હેજી હેજી બલિહારી-રે સુમતિ.
કાને કુંડળ શોભા સારી ઝગમગ ઝળકે ભારી,
મુખડું સોહાવત મનડું ડોલાવત, હેજી હેજી બલિહારી-રે સુમતિ.

નેમનાથનું સ્તવન.

(સાહેબા સલુણા નાની નણદલના વીરા)

નેમજી નગીના રંગ ભીના શું રીસાયા,
મોહન વીસારી માયા (૨) ધાયા ધાયા ક્યાં નાથ જાવો,
મોરા નેમજી–ધાયા.
દુર્જન મળી મારી હાંસી કરે છે, શઃમાઇ મરું શું હુંતો (૨
વ્હેલા વ્હેલા હાથીયા વળાવો મારા નેમજી-વ્હેલા વ્હેલા.
નવ ભવના પ્યારને વીસારી મારા વાલમા,
નમેરા ન થાવો આવા છેક નેમજી, દયા કાંઈ દીલડામાં લાવો
ચતુરમતીને વળી ઝાઝું તે શું કહીએ,
અબળાના અંતરને વીસારી ન દઇએ.
જ્યાં તમો વસો ત્યાં નાથ સાથ અમે સોહીએ–નેમજી.

શ્રી કુંથુંનાથનું સ્તવન.

(સાતન રંગ પતંગ સરીખો)

કુંથુંનાથ મુખ સુંદર જોઇને, મારૂં મન બહુ ઉલસે છે.
ભગતિ ભાવે પ્રભુની પુજા, કરવા મુજ દીલ તરસે છે.
કેસર ચંદન ફુલ સુગંધી, મોઘરો માલતી બેહેકે છે,
જાઇ જુઈ ગુલાબની માળા, કંઠે કુસુમની લેહેકે છે,
મસ્તકે મુગટ કાને કુંડળ, હીરા માણેક ચળકે છે,

કુંડળ રત્ન જડીત બહુ શોભે, આંગી અનોપમ ઝળકે છે.
સિદ્ધી સદા સુખ આનંદ કારી, શુદ્ધ પ્રણામે થાએ છે,
જૈનશાળાની લઘુ સભા તે, હરખે જીન ગુણ ગાએ છે-કુંથું.

શ્રી શાંતિનાથનું સ્તવન.

(બલીહારી રસીયાજી)

બલીહારી, બલીહારી, બલીહારી, જગનાથ હો,
જાઉં તેરી શાંતી જીન શાંતી સેવક દીજીએજી,
કાળ અનાદી કેરા, ફીરતા હું જગમેં ફેરા,
અંત ન આયો જીન ઉપકારી-જગનાથ.
પુણ્ય ઉદય પાયો, ચરણ શરણે આયો,
ઔર ન તુમ સમ જગદાધારી-જગનાથ.
ચીદ્ ધન નામી સ્વામી, શીવ પદ ગામી પામી,
ખોટ ન માનું અબ હિતકારી-જગનાથ.
દીન અનાથ નાથ, ગૃહીઓ મેં હાથ સાથ,
દોષ ન રંચક ગુણ ભંડારી-જગનાથ.
આતમ સુખ આપો, વલ્લભના દુઃખ કાપો,
ફેર ન લઉં ભવ અવતારી-જગનાથ.

શાંતિનાથનું સ્તવન.

(લાગી લગન મને તારી ઓ લલના)

શાંન્તિ જીનંદ સુખકારી, હો ભવીઆં-શાંન્તી.
અલબેલી મુરત નીહાળી, હો ભવીઆં શાંન્તિ.
હ્રદય કમળમાં પ્રેમ પ્રગટાવું, નીશદીન ગુણ ગાઉં,
ઉથાપું ન વચન મનોહારી, હો ભવીઆં-શાંન્તિ.
તુમારા ચરણમાં શીશ નમાવું, મુખ દેખી હરખાઉં,
સેવકને દેશો ન વિસારી, હો ભવીયાં-શાંન્તિ.

શાંતિનાથનું સ્તવન.

શાંન્તીજી, શાંન્તીજી, શાંન્તીજી, શાંન્તીજી,
પ્રભુ મીલ ગયે (૨) સફળ હુઓ અવતાર આજે-શાંન્તીજી
એક તો મય દરશન (૩) કો આયો,
મુખ દીઠે દુઃખ હુઓ દુર આજે-શાંન્તીજી.
એક તો મન મોહ્યું (૩) તારા રૂપને,
ભુલ્યો કુરૂપ સંસાર આજે-શાંન્તી.જી.
એક તો મય પાપી (૩) પાપ ધોયું,
પ્રભુ ગુણ સહોદરમાંજ આજે-શાંન્તીજી.
એક તો તું ત્રાતા (૩) તું ભ્રાતા,
અવર ન તુજ વીણુ કોય આજે-શાંન્તી.
એકતો ગુણ ગાયો (૩) મય આનંદે,
પ્રાણુકે તારણહાર આજે-શાંન્તીજી.

શાંન્તીનાથનું સ્તવન.

(વીરા વેસ્યાના યારી.)

શ્રી શાંતી તુમારી છે બલીહારી, જગ વિષે જીનરાજ,
પુરો આશા અમારી, દેઇ સુખકારી છે બલીહારી-જગ.
કુસુમ વાસીત આસન સુંદર, ધુપ ધુપાદિની ધુપ,
ઉડી રહી અલબેલા સ્વામી, નાચ્યું છનક ઘુમ,
ભાવ અંતર ધારી. જ્ઞાન સુચારી, છે બલીહારી-જગ
રોગ શોગ વીયોગ વિદારી, દેજો દર્શન દાન,
ગાજતા ગુહીર મૃદંગ સાથે, નિત્ય લગાવું તાન,
પ્રભુ ભક્તિ વધારી, જય જયકારી છે બલીહારી-જગ.
મુગટ મંડળ કાને કુંડળ, ઝમકે ઝાક ઝમાળ,
શાંતિ સંઘમાં શાંતિ ફેલાવી, કરજ્યો મંગળ માળ,
માગે દાશ વિચારી. વિનયધારી છે બલીહારી-જગ.

સ્તવન.

(અમે જઇશું અમે જાઇશું હવે અમે)

તમે વહેલા (૨) દર્શન દેજો રાજ વહેલા દર્શન દેજો,
અમ વિનંતી અંતર ધરજ્યો રાજ—વહેલા,
શીર છત્ર છો નાથ અમારા દીલની પીડા હરજો રાજ—વહેલા.
ટળવળતા અમશું હૃદયને શશી સમ શિતળ કરજો રાજ-વહેલા.
વધુ શું કહીએ અંતરયામી તાપ ત્રિવીધિ હરજો રાજ—વહેલા,

શ્રી વાસુપુજ્યનું સ્તવન.

(વીશા વેશ્યાના યારી)

વાસુપુજ્ય વિલાસી, ચંપાના વાશી, પુરો અમારી આશ,
કરૂં પૂજા હું ખાશી, કેસર વાશી, પુષ્પ સુવાશી, પુરો અમારી આશ.
ચૈત્ય વંદન કરૂં ચિત્તથી પ્રભુજી, ગાઉં ગીત રસાળ,
એમ પૂજા કરી વિનંતી કરૂં છું, આપો મોક્ષ વિશાળ,
દીયો કર્મને ફાંસી કાઢો કુવાસી, જેમ જાય નાસી—પૂરો.
આ સંસાર ઘોર મહોદધીથી, કાઢો અમને બહાર,
સ્વારથના સહુ કોઈ સગાં છે, માત પિતા પરિવાર.
બાળ મિત્ર ઉલ્લાસી, વિજ્ય વિલાસી, અરજી ખાસી,
પુરો અમારી આશ—વાસુપૂજ્ય—પૂરો.

શ્રી શીતળનાથનું સ્તવન.

(મીરાંને પુર્વ જનમની પ્રીતરે.)

અરજી સુણો પ્રભુ મારીરે, નામ નહિરે ભુલું,
કરણી માનવ જીવ પામે છે, નામ નહિરે ભુલું.

સાખીયો.

મન હરી લીધું માહરૂં, નીરખી પ્રભુ દરબાર,
જીનમુદ્રા ઝબકી રહી, હું તો જાઉં બલીહારી-પ્રભુ વારીરે-નામ.
ચાર ગતી દુરે કરો, ઉપગારી અરીહંત,

નોધારાના આધાર છો, જય બોલે છે સહુ નર નારરે-નામ.
અંતર નીરંતર સદા, જાપ જપું જીનરાજ,
ચરણ કમળની ચાકરી, દયાળુ ભગવંત ભગવંત-જીવ ગાય છેરે-નામ.
લખ ચોરાશી ફેરા ફર્યા, પણ ભુલ્યો પ્રભુ ભજન.
સીદને ગુમાવું સામટું, મુજને મળ્યું છે અમુલ્ય રતનરે-નામ.
ગાન તાનને મગ્નમાં, ગાવે સુરજ આજ,
નાચી પાતીક દુર કરો, તો તારશે જીનેશ્વર પ્રભુ ઝહાજરે-નામ.

શાંન્તીનાથજીનું સ્તવન.

(માન માયાના કરનારારે)

સુણો ચેતન આતમ રાયારે, જુઠી કુમતીથી શીદ ભરમાયા,
જરા જોને તુ અંતર વીચારીરે, રાગ દવેશ ચોરો છે લુંટારા,
લોભે ઠગાયો, મોહે ફસાયો, નારી શું નીચ લલચાયો,
નરક નીગોદમાં પામી કુલ્પપકમાં, કુમતીથી બહુ દુઃખ પાયોરે-જુઠી.
હવે સમજ તું માનવ ભવમાં, પુન્ય ઉદયથી આયો,
પુજી લેને જીનરાજ ભાવે તો, જસ બહુ જગમાં ગવાયોરે-જુઠી.
સિદ્ધ સ્વરૂપી સાહીબ સાચો, શાંન્તી જીણુંદ સોહાયો,
ચેતન ચેતી પુજન પ્યારા, સુરજે તુમ ગુણ ગાયોરે-જુઠી.

પાર્શ્વ સ્તવન.

(વ્હાલા વ્રજલાલ સાથે લાગીરે, લગનીયા મારી મહારાજ)
પ્યારા પ્રભુ પાર્શ્વ સાથે લાગીરે, લગનીયા મારી મહારાજ,
સુંદર છબી શામળાની, સ્થાપી ઘટ ઘરમાં મેંતો,
એને હાથે છે મારી લાજ, ધુળેવ નગરમાં ફરતા ફરતા
વસ્તા આ વ્હાલા,
હૈડે નિત્ય હેત ધારી, વંદુ કર જોડી હુંતો, સેવું છોડીને
બીજા કાજ–ધુળેવ.
મુખપર જાઉં વારી ચરણ સેવીને હુંતો, પુજુ પ્રભુના
નીત્ય પાય–ધુળેવ.

મહાવીર સ્તવન.

(શામળીયાજી કરજ્યો મારી સ્હાવરે, વ્હાલા ગરૂડે ચઢીને)
શ્રી જીનચંદ મહેર કરો મહાવીરરે, વહાલા ભરૂંસે રહેલો દાસ,
ઉગારજોરે.
સંસાર સમુદ્ર ભવ જલ ભારી નીરરે, માંહી ડુબતો તારો દાસ
દેખી પ્રભુ તારજોરે.
મુરતી શી મોહનવેલી, ચંચળ ચીત્તમાં વસેલી,
ભવી ભવી તારણ થેલી, મનોહર મન વસેલી,
પ્રેમે પ્રભુ પ્યારા કીરતાર, નાથ નીહાળજોરે–વ્હાલા.

સાખી.

ભવ દુઃખ તારણ હાર, અષ્ટ કર્મ દુરે હર્યાં;
જોનાં તુમ દેદાર, જ્યોતિ જ્યોત મીલાવતા.
વ્હારે આવોરે દયા દીલ લાવોરે,
ચીંતા મુજ ચીતની ચુરો, મોહનધારી મન રંગ પુરો
સુરજમલ મન અંકુરો વ્હાલા આવી વેગથી પુરો,
સંગીત મંડળી શ્રી જીનરાજ, દુઃખ નીવારજોરે–વ્હાલા.

ધર્મનાથ સ્તવન.

(સખી સ્વપ્ન માંહી મનમોહન મેં નીરખ્યા.)

શ્રી ધર્મ જીનેશ્વર મહેર કરી, ભવજળથી મુક્ત કરો જલદી,
વીનવું પ્રભુ તુજને પાય પડી, નીશદીન તુમારે શરણ ગ્રહી,
નહિ નામ જપ્યું તુજ એક ઘડી, સંસારીક સુખમાં લીન થઈ,
કુકર્મથી અતીજો રાજી થઇ, પણ પાછળથી પસતાઇ મરે,
શરણાગતની પ્રભુ વ્હારે ચડી, અરપો શીવ સુખ અખંડ વળી–વીનવું.
અરજી ઉચરૂં હું કેમ કરી, કુટીલ કામ મેં કર્યાં ફરી,
તરણ તારણ જગનાથ અરે, શરણે આવ્યો ઝાલો હાથ અરે,
જનમ મરણ કેરૂં દુઃખ કાપો, અવીચળ પદવી મુજને આપો–વીનવું.
નીજ શત્રુને મ્હેરે મીત્રો કર્યાં, વળી ચોરને ચીત માંહીરે ધર્યાં,
અજ્ઞાની છું પ્રભુ હુંરે જરી, નીજ સ્વાર્થમાં રહ્યો હું ભટકી,
નીરખી મુરતી મોહનગારી, સુરજ ગુણ ગાએ લ્યો તારી–વીનવું.

સ્તવન.

(દાસ પરે દયા લાવોરે)

દાસને પાર ઉતારોરે, મહાવીર સ્વામી-દાસને
પરદારે રમીયો વહાલા, માયામાં ફસીયો વહાલાં,
બાંધ્યો પાપનો ભારો ભારોરે-દાસને.
સંસારે દુઃખીયો થાવું, અતિ વહાલા અકળાવું.
દયા તો દીલમાં ધારો ધારોરે-દાસને.
જોઇ તુજ મુખ રાજી, સુધરી મુજ ભવની બાજી,
જ્ઞાન દીક્ષા મુજને જાગીરે-દાસને.
હેતે ભજી મોક્ષ ધામી, સુરજ નમે શીર નામી,
ચરણની સેવા મુજને વહાલીરે-દાશને.

સ્તવન.

(વારી જાવુંરે સાંવરીયા તોરે વારણારે.)

વહાલા વીર જીનેશ્વર જન્મ જરા નીવારજોરે,
પ્યારા પ્રભુજી પ્રીતે મુજ શીર પર કર સ્થાપજોરે-વહાલા.
ત્રણ રત્ન આપો પ્રભુજી મુજને, ખોટ ખજાનેકો નહિ તુજને
અરજી ઊર ધરી કરમ કટક સંહારજોરે-વહાલા.
કુમતિ ડાકણ વળગી મુજને, નમી નમી વિનવું હે પ્રભુ તુંજને
એ દુઃખથી દુર કરવા વહેલા આવજોરે-વહાલા.
આ અટવીમાં ભુલો પડીયો, તું સાહેબ સાચો મને મળીયો
સેવકને શીવપુરની સડક દેખાડજોરે-વહાલા.
અરજી ઉચરીને જીન આગે, જૈન મંડળ પ્રભુ પદ માંગે,
મહેર કરી મહારાજ અમોને તારજોરે-વહાલા.

સ્તવન.

(વહાલા વેગે આવોરે.)

ત્રિસલાના જાયારે, મહાવીર સ્હાયે આવજોજી,
નહિ આવો તો થાશે સેવકના બેહાલ-ત્રિસલાના.
દૈત્ય મહા મોહરે વહાલા, લાગ્યો પીડવારે,
દીધાં દુઃખ કહેતાં નાવે પાર—ત્રિસલાના.
કામને અજ્ઞાનેરે સત્તા નીજ વાપરીજી;
બાળે ક્રોધ ઘડી ઘડી ક્ષણ માંહી—ત્રિસલાના.
પંથ પાખંડ જાળેરે વીંટાયોછું વેગથીજી,
વિકાર વિષધરની લાગી ચોટ—ત્રિસલાના.
પંચમ કાળ પુરોરે જમ જેવો બેશાયોજી,
સુઝે નહિ ધર્મ મારગની રીત—ત્રિસલાના.
ગાંડો ઘેલો ત્હારોરે સેવક વહાલા માનીનેજી.
તારો તારોરે ભવ સાગરની તીર-ત્રિસલાના.
ટળવળતો તારોરે સેવક હાથ જોડીનેજી.
નહિ ટાળો તો જાશે તમારીરે લાજ—ત્રિસલાના.
તુંહિ તુંહિ સમરૂંરે દુઃખીનો બેલી આવજોજી.
શરણું એ બુદ્ધિસાગર ને છે તુંજ—ત્રિસલાના.

શ્રી અરનાથનું સ્તવન.

(જોબનના રંગમાં ઝુલે)

આ અરજી અર જીનવરજી,
અમ તારો ગરીબ નીવાજ બીરૂદ તુમ રાજ

સહાયતા કરજી—આ અરજી.

ચાર ગતીમાં લખ ચોરાશી, યોની દુઃખની ખાણ,
કાળ અનાદી ભવ અટવીમાં, ભ્રમણ કર્યું ભગવાન
સહાયતા કરજી—આ અરજી.

કામ ક્રોધ મદ મોહ માનથી, છોડાવા જગન્નાથ,
પામર પ્રાણી કરૂં પ્રાર્થના, ગ્રહો સેવકનો હાથ.
સહાયતા કરજી—આ અરજી.

અનંત બળી પણ અબળ થયો છું કર્મ વિષે કિરતાર,
મહાવીર મંડળ મંગળ માગે પ્રભુ પદ તુજ આધાર.
સહાયતા કરજી—આ અરજી.

સ્તવન.

(છકેલ છેલ છોકરો ઠગાઇ ખાઇ ઠોકરો.)

અરનાથજી અમારી એક વિનતી સુણો તમે,
સદા તમારી સેવા શ્રધ્ધા ચરણ ચાહીએ અમે—અરનાથજી.
કૃપા કરીને શુધ્ધ સમકિત સુખ દીજીએ,
સેવક દીન જાણીને હવે પ્રભુજી રીઝીએ—અરનાથજી.
મોહરાય ફંદ જાળથી ઉગારો પ્રભુજી હવે,
દયા કરીને દુઃખ દંડ દુર કરજો સવે—અરનાથજી.
ક્ષમા કરી સંતોષ સુખ આપજો વિભુ તમે,
અપાર દુઃખ દંડથી છુટીજે જીનજી હમે—અરનાથજી.
આનંદ કંઈ એક તુજ આણ શીર ધારીએ,
અપાર સુખ સિધ્ધિ જસ જગતમાં પાઇએ—અરનાથજી.

શ્રી નેમીનાથનું સ્તવન.

(મેમાન થયા તમે મ્હારા સ્વીકારશો મેમાની.)

છો નેમ પ્રભુ છોગાળા, અમે જપીએ તમારી માળા.
પ્રભુ ગાઇએ ગુણ તમારા—અમે.
અલબેલા છો જીન વહાલા, પ્રભુ દર્શન લાગે પ્યારા.
કરી મહેર દો મુકતી માળા—અમે.
કંઠે સોહે કુસુમની માળા, શોભે નીલમ હાર રૂપાળા,
શીર ઉપર મુગટ છોગાળા—અમે.
થયો સફળ મ્હારો જન્મારો, ચંદ્રોદય પાર ઉતારો
કરે કીંકર કલા વાળા—અમે.

સ્તવન.

(એ માથે મટુકી લઇ જાઉં.)

એ......નેમ ગયે ગિરનાર.
પ્યારા પ્રિતમ પ્યારી કરેરે પોકાર—એ...
આઠ ભવની પ્રીત તમારી એક પળમાં તે નિવારી,
છોડ ગયે ગિરનાર—એ...
શકિત તેજ પતિ સંગે, નેમ રાજુળ રાગ રંગે,
મંગળ મુકિત મોઝાર—એ...

સ્તવન.

(બલીહારી બલીહારી જાઉં વારી)

બલીહારી બલીહારી બલીહારી જગદીશ અંતરયામી,
અર્હંન પદ સેવા સેવક તારણીજી—બલીહારી.
દોપ રહીત સ્વામી એક અનેક નામી,

મુલ અનામી નીજ ગુણ ધારી-જગદીશ
કોઈ સિધ્ધાંત ભાવે, કોઇભી નામ ગાવે,
યદી ન દોષ લેશ ભારી—જગદીશ.
હરિ વિરંચિ વીર બુધ્ધ શંકર ધીર,
રામ રૂષભ શુભકારી—જગદીશ.
ધ્યેયકો ધ્યાતા ધ્યાવે, ધ્યાનસેં ધ્યેય પાવે,
ધ્યેય અજબ ગતી ન્યારી—જગદીશ.
અર્હન પદ સેવા આતમ લક્ષ્મી દેવા,
વલ્લભ લેવા હર્ષ અપારા—જગદીશ.

સ્તવન.

(થઇ પ્રેમ વશ પાનલીયા)

તુંહી દેવ સાચો મળીયો,
મારે આંગણે સુરતરૂ ફળીઓરે—તુંહી દેવ.
કૃપા કરો કરૂણાળુ કીંકરપર વિમળાચળના વાશી,
પ્રેમથી નીત નમુ અવિનાશી.
મારે ભવો ભવનો ભય ટળીઓરે—તુંહી દેવ.
ભાગ્ય ઉદય મોહન મળીયા મુજને ધન્ય ચંદ્રોદય ધારૂં
હરો જન્મ મરણ દુઃખ મારૂં
મારે આગણે સુરતરૂ ફળીયોરે—તુંહી દેવ.

સ્તવન.

(વાહરે લાલા મોહન બંસીવાલા)

હાંરે જીનજી સ્વીકારો મારી અરજી

હું આવી ઉભો છું તુમ દ્વાર—હાંરે.
જાણી જાણી મુદ્રા મેં મનોહારી
મુજ દીલમાં લાગી એ સુખકારી
સુખકારી તારી મુદ્રા મનોહારી તારી મુદ્રા
જગ ત્રાતા, જગ ભ્રાતા, શીવ દાતા, દેશાતા—હાંરે.
પ્યારા પ્રભુજી પ્રેમે પાર ઉતારો
એરી એરી વહાલા પાર ઉતારોરે
વંદે ચંદ્રોદય વહાલા અરે આ તો મુગતિમાળા,
અલબેલા દયાળા છબીલા છોગાળા—હાંરે.

સ્તવન.

(દાસ પરે દયા લાવોરે)

જીનવરના ગુણ ગાવોરે ભવીયાં ભાવે જીનવરના ગુણ ગાવો.
જગની જંજાળ છોડી જીવ જીવન શું જોડી
ધર્મ ધુરંધર ધ્યાવો ધ્યાવોરે—ભવીયાં ભાવે
પૂજો પરમાતમ પ્રીતે રંગે શું રીતે ચીતે
લેવા ઉર ભવનો લ્હાવો લ્હાવોરે—ભવીયાં ભાવે.
ચંદ્રોદય મંડળી ચંગે પ્રભુના ગુણ ગાઉં ઉમંગે,
અજરામર પદવી પાવો પાવોરે—ભવીયાં ભાવે.

સ્તવન.

(હરી વેણ વાય છેરે હો મનમાં)

જીન ગુણ ગાય છે જે ભવી ભાવે
તે ઉર ભરપુર શાન્તી પાવે—જીન ગુણ.

તન્મય ચિન્તે જો જીન ધ્યાવે,
જીન પદ ધ્યાતા જીનપદ પાવે—જીન ગુણ.
ભાવના પ્રભુની ભાવે જો ભાવે,
કર્મ નીકાચીત તો દૂર થાયે—જીન ગુણ.
શ્રી ચંદ્રોદય જીન ગુણ ગાવે,
પ્રભુ ગુણ ગાતા કર્મ ખપાવે—જીન ગુણ.

સ્તવન.

(કવાલી)

તેરે દર્શનકે દેખસે મુજે આરામ હોતા હેવ,
દરશ મોહે દીજીયે પ્રભુજી દરશ બીન જીવ તરસત હેય
અંધેરી રયેનમે જયસે ચાંદનીકા પસારા હય—તેરે.
કહું છું ઓર કરૂં છું ઓર એહી જંજાળ હોતા હય,
વહી સચ બાત સાધનકી સરાસર કામ હોતા હય—તેરે.
મેરા મહારાજ દીલ જ્ઞાની મંદિરકે બીચ બસતા હય
ઉસકે ધ્યાનમેં મોતી ઝલાઝલ રાઝ લકતા હય—તેરે.

શ્રી મલ્લિનાથનું સ્તવન.

(નિર્બળ શત્રુ સબળ)

મલ્લીજીનંદા છો સુખકંદા કષ્ટ અમારા કાપોને
મહેર કરી મહારાજ અમોને સહાય તમારી આપોને
છોજી અતિ દયાવાન પ્રભુ ભારી કૃપાવાન (૩)

નથી નથી નથી કોઇ આપની સમાન
હરનીશ હોંશ ધારી ધરૂં તમ ધ્યાન-છોજી—મલ્લી.
હું તો કેસર ચદને કરૂં પૂજા ધરી પ્રીત (૩)
અસાર સંસારમાંથી કાઢી નાંખી ચિત્ત
દાસ નેહ ધરી નિત્ય ગાય આપ ગિત-હું તો મલ્લી.

શ્રી સુપાર્શ્વનાથનું સ્તવન.

(થયા છોરે પતિ તેજ પ્યારી)

થયો છેરે અમ સફળ દીવસ જીન દર્શનથી આજે
પ્રભુના દર્શનથી આજે
સપ્તમ દેવ સુપાર્શ્વજી તારી મુરતી મોહન વેલ,
જયવંતા અરિહંતા ભગવંતા નિરખંતા
અતિ આનંદ ઉલ્લસિત તન મન ધન ઘડી
ધન પળ આ છાજે—થયો છેરે.
નાથ નિરંજન અંજન અંજન ભવ દુખ ભંજન રૂપ
શ્રી શાંતિ મુખ કાન્તિ ગુણ ખાન્તિ ટળે ભ્રાન્તિ
આતમ ગુણ નીરમળ જપ કંત ભવી
ભવ ભ્રમણા ભાજે—થયો છેરે.
પંચમ કાળે પામર પ્રાણી જીન વાણીથી વીમુખ
સુણ ગ્યાને ઇમાને ધ્યાને મન માને તાતાને
મંડળ મહાવીર કહેલ હે ક્ષમ દરી કર્મ ધર્મ રાજે.

॥ હોરી ॥

સીદ્ધ ગીરીજીકો દરીશન કરલે. સંઘ યાત્રા કરનસે પાપ ઘટત હે ॥ સિદ્ધ ॥ કોટી અનંતા એણે ગીરિ સિધ્યા. તાકું શીશ નમઇ લે ॥ સંઘ ॥ ૧ ॥ રીખવ જીનેશ્વરજીકો દરીશન, શુદ્ધ આતમ પાવન કરલે ॥ સંઘ ॥ ૨ ॥ રૂપચંદ કહે નાથ નિરંજન ભવ ભવના દુ:ખ હરલે ॥ સંઘ ॥ ૩ ॥

હોરી.

મોરે અપને રંગમે રંગ હે મેરે સાહેબ. મેરે સાહેબ આદી જીણંદ ચંદ ॥ મોહે ॥ રંગ તુંહી રંગ તુંહી હે. સંયમ રંગ મોહે રંગ દે ॥ મોરે ॥ ૧ ॥ જ્ઞાન દરીશન ચારિત્ર રંગ હે ॥ વાખીય કેવળી ધર હે ॥ મોરે ॥ ૨ ॥ રંગ અનાદિ રંગ મિથ્યાતી ॥ સો અબ ઉનકુ તજ લે ॥ મોરે ॥ ૩ ॥ કહેત ભુધરદાસ સમકીત પાવે આપ સમાના કર લે ॥ મોરે ॥ ૪ ॥ ઇતિ.

વસંત.

કીને સંગ ખેલુ મેં હોરી. સખી મોરો કંથ રીસાયોરે ॥ કીને ॥ તોરણે આયે ચલે રથ ફેરી પશુ ઉપર દોષ ઠરાયો ॥ સખી ॥ ૧ ॥ અષ્ટ ભવાંતર નેહ સંભારી. નવમે નેહ ન આયો ॥ સખી ॥ ૨ ॥ ચુ વિલપંતિ ગઇ પ્રભુ પાસે. સંયમ ચિત્ત ઠરાયો ॥ સખી ॥ ૩ ॥ નેમ રાજુલ દોએ મુક્તી મંદિરમેં. લેલચંદ સુખ પાયો ॥ સખી ॥ ૪ ॥ ઇતિ

॥ હોરી ॥

કીને સંગ ખેલુ મેં હોરી, મેરે ॥ પીયુ બ્રહ્મચારી ॥ સમુદ્ર વિજય શિવા દેવીકો નંદન, પંચ મહાવ્રત ધારીરે ॥ મેરે ॥ ૧ ॥ આપ ચલે ગીરનારે ઉપર, પછીગ રાજુલ નારીરે ॥ મેરે ॥ ૨ ॥ સહેસાવનકી કુંજગલનમેં, લીનો કેવળ કર્મ નીવારીરે ॥ મેરે ॥ ૩ ॥ કહે નેમી પ્રભુ નેમ રાજુલ દોએ, પામ્યા મુક્તિ મોહનગારીરે ॥ મેરે ॥ ૪ ॥

॥ હોરી ॥

રંગ મચ્યો જીનદ્વાર, ચાલો ખેલીએ હોરી ॥ પાસજીકે દરબાર ॥ ચાલો ખેલીએ હોરી ॥ ફાગણકે દીન ચારરે ॥ ચાલો ખેલીએ હોરી ॥ રંગ ॥ આંકણી ॥ કનક કચોલી કેશર ગોલી, પૂજો વિવિધ પ્રકારરે ॥ ચાલો ॥ ૧ ॥ કૃષ્ણાગરકો ધુપ ધટન હે ॥ પીમળ બહેકે અપારરે ॥ ચાલો ॥ ૨ ॥ લાલ ગુલાલ અબીલ ઉડાવતા ॥ પાસજીકે દરબારરે ॥ ચાલો ॥ ૩ ॥ ભરી પીચકારી ગુલાલકી સારી, છાંટો પાસ કુમારરે ॥ ચાલો ॥ ૪ ॥ તાલ મૃદંગ વેણુ દફ બાજે ॥ ભેરી ભુંગળ રણકારરે ॥ ચાલો ॥ ૫ ॥ સબ સખીયન મીલી ઘુંઘર શુનાવત, ગાવત મંગળ સારરે ॥ ચાલો ॥ ૬ ॥ રતન સાગર પ્રભુ ભાવના ભાવે ॥ મુખે બોલે જેજેકારરે ॥ ચાલો ॥ ૭ ॥ ઇતિ ॥

॥ હોરી ॥

શામરો સુખદાઈ, જાકી છબી બર્ણી ન જાય ॥ શામરો ॥ શ્રી અશ્વસેન વામા નંદનકી ॥ કીરત ત્રીભુવન છાઈ ॥ એરી ॥ સમત શિખર ગીરિ મંડણ પ્રભુકો, દેખ દરશ હરખાઈ ॥ રૂદે મેરો અતિ ઉલ્લસાઈ ॥ શામરો સુખદાઈ ॥ ૧ ॥ આજ હમારે સુરતરૂ પ્રગટ્યો આજ આનંદ બધાઈ ॥ એરી ॥ તીન લોકનો નાયક નીરખ્યો ॥ પ્રગટી પુરવ પુન્યાઈ ॥ સફળ મેરો જન્મ કહાઈ ॥ શામળો સુખદાઈ ॥ ૨ ॥ પ્રભુકો સરસ દરશન બીન પાએ ॥ ભવ ભવ ભટક્યો મૈ ભાઈ ॥ એરી ॥ અબ પ્રભુ ચરણે ચિત્ત લાગો. બાલ કહે ગુનગાઇ ॥ પ્રભુ સંગ લગન લગાઈ ॥ શામરો સુખદાઈ ॥ ૩ ॥

॥ હોરી ॥

મહારાજ તોરે મંદીરમેં બરસે રંગ, હાંરે હો શ્રી ચિંતામણુ પાસ પ્રભુજી ॥ તોરે ॥ જ્ઞાન ગુલાલ અમીર અરગજા, સુમતા નિરસેચંગ ॥ હાંરો હો ॥ ૧ ॥ અનુભવ લહેર ફુલી ફુલવાડી, દીન દીન ચઢતે રંગ ॥ હાંરે હો ॥ ૨ ॥ ઉપસમ વામા અંગ અનુપમ, શુક્લ ધ્યાનકે સંગ ॥ હાંરે હો ॥ ૩ ॥ અમરચંદ કહે ચિંતામણુ ચિત્તધર ॥ તુંજશું અવિહડ રંગ ॥ હાંરે હો ॥ ૪ ॥

રાગ બિહાગ.

રાજુલ સુંદર નાર ॥ શામ સંગ ખેલત હોરી ॥ રાજુલ ॥ જ્ઞાનકો ઉડત ગુલાલ શીલકી કેશર ઘોરી ॥ તપ જપ સંજમ ભરી

પીચકારી, કામ ક્રોધકું તોરીરે પાઈ ॥ રાજુલ ॥ ૧ ॥ દાનકો અબીર મંગાય, ભાવ શુદ્ધ ભરકે ઝોરી ॥ પંચ મહાવ્રત ચંદન છાંટયો, અરગજા સમરસ ઘોરીરે માઇ ॥ રાજુલ ॥ ૨ ॥ આવિધ રમીએ ॥ ફાગ શામશુ મન શુદ્ધ હોરી ॥ ચતુર કુશળ તેરો ભવ ભવ સેવક, વંદુ એ કર જોરીરે ॥ રાજુલ ॥ ૩ ॥

॥ હોરી ॥

મોકું એસો ભેદ બતાયો ॥ જ્ઞાન તો અબહું પાયો ॥ મોકુ ॥ એતા દીન દીલમેં યુંજાણુત, વેદકો અરથ મેં પાયો ॥ એરી ॥ પણ પ્રભુ મુખશે અરથ શુન્યો જબ ॥ સોઇ અરથ ઠરાયો ॥ જ્ઞાન ॥ ૧ ॥ એહી અરથ એહી અછરમે ॥ પણ મૈ કબ હું ન પાયો ॥ એરી ॥ કેવળ જ્ઞાન બીના સબહી કો. જુઠકું સાચ ઠરાયો ॥ જ્ઞાન ॥ ૨ ॥ ઇંદ્રિભુતિ આદે સબહીકો, સંશય તિમિર હરાયો ॥ એરી ॥ હાથ જોડકે પ્રભુજીકે આગે. વિનયશું શીશ નમાયો ॥ જ્ઞાન ॥ ૩ ॥

હોરી વસંત

સખીરી મેં તો જાઉંગી ગઢ ગીરનાર ॥ જ્યાં મેરા સ્વામિને યોગ લીયા ॥ મેં તો બાઇ મોરી અરજ સખી મુરકાવે ॥ મૈતો રહેનેકી અબ નાહી ॥ જ્યાં ॥ ૧ ॥ ગીરપર જાઉંગી ને મહાવ્રત લઉંગી, પુરવ કરમ મૈં ખપાવગી ॥ જ્યાં ॥ ૨ ॥ તજ કુટુંબ પહોચું ગઢપર, દીક્ષા લેનેકું જાઉંગી ॥ જ્યાં ॥ ૩ ॥ રતનચંદકી અરજી ઓઇહે ॥ મેરા આવાગમન નિવારી ॥ જાઉં ॥ ૪ ॥

ગરબો.

॥ હું તો ભુલી ગયો તે અરિહંતને જો ॥ એ આંકણી ॥ તારી નારી દોલતને દીકરા જો, તારે વાડી ઘોડા દરબાર જો ॥ભુલી॥ ॥૧॥ તું તો ધન દેખી નીચો નહી નમ્યો જો ॥ તને આવડો શો અભીમાન જો ॥ ભુલી ॥ ૨ ॥ જીરે કાચા તે કુંભ જળે ભર્યા જો, તેને ઝરતા ન લાગે વાર જો ॥ ભુલી ॥ ૩ ॥ તું તો મુરખ કાંઇ નથી જાણુતો જો, આગળ ઘોર અંધારી રાત જો ॥ ભુલી ॥ ૪ ॥ તું તો હીરવિજય ગુરૂ હીરલોજો ॥ તારે મોહ માયા મદ છાંડ જો॥ભુલી॥૫॥

હાંરે મારે આજની ઘડી તે રળીયામણી જો, અજરાપાસજી પુજ્યાની વધામણી જો ॥આજની॥ પુરો પુરો શોભાસણ સાથીઓ જો ॥ મારે મંદીરે પધારો પાસ હાથીઓ જો ॥આજ॥૨॥ હું તો મોતી કેરા ચોક પુરાવતી જો, અજરા પાસજીને આંગીઓ રચાવતી જો ॥ આજ ॥ ૩ ॥ હું તો ચંપેલીના થંભ રોપાવતી જો, અજરા પાસજીને પધરાવતી જો ॥ આજ ॥ ૪ ॥ કહે રૂપચંદ સ્વામીનો દીઠડો જો ॥ મારા હ્રદય કમળ લાગે મીઠડો જો ॥ આજની ॥ ૫ ॥

આદીતેરે અરિહંત અમ ધર આવોરે ॥ મારા શ્યામ સલુણા નેમ દીલમાં લાવોરે ॥ આદિતે ॥ ૧ ॥ સોમે તે શુભ શણગાર સજીએ સંગેરે ॥ મારા જગજીવન જીનરાજ રમીએ રંગેરે ॥ આદિને ॥ ૨ ॥ મંગળ શુભ દીન આજ મંગળ ચારરે ॥ કંઈ નવ ભવ કેરો સ્નેહ સંભારૂ આજરે ॥ આદિતે ॥ ૩ ॥ બુધ ઘેર આવો નાથ બુધેરો

બળીઓરે ॥ પ્રભુ એક સહસને આઠ લક્ષણ ભરીઓરે ॥ ૪ ॥ ગીરૂઆ ગુણવંત શીવાદેવીનોરે ॥ સમુદ્રવિજય કુલચંદ નેમ નગીનોરે ॥ ૫ ॥ શુક્રે સહેસાવન ચાલો સજનીરે, મારે સમય થયો પ્રભાત વિતી રજનીરે ॥ ૬ ॥ શનિશ્ચરે સંજમ લીધ પ્રિત વધારીરે ॥ દોનું પામ્યા પરમાનંદ નેમને નારીરે ॥ ૭ ॥ આદિતે ॥ મુળચંદ કહે આશા ફળશેરે ॥ જે નિર્મળ પાળે શીલ ભવ જળ તરશેરે ॥ ૮ ॥ ॥ આદિતે ॥ ઇતિ ॥

કાશીના દહેરાશરનું સ્તવન.

(સાસુ વહુનું સ્તવન.)

હીરાબાઇ સાસુ ને વીરાબાઇ વહુજી, દરશન કરવા જાય જો ॥ વહુ ઉંચા ને બારણાં નીચા, દેખી શીશ નમાય ॥ સજન સુણજોજી॥ ॥૧॥ બાઇજી શીખર મહોલ બંધાવીઆં ને બારણાં નીચા કીધારે ॥ સાંભળ સાસુ રીશ ચઢાવી વહુએ મેહણા દીધા ॥ સજન ॥ એક સાસુને વહુ સુણો વાદ ॥ સજન ॥ ૨ ॥ જો વહુજી તમારી હુંસ તો॥ પીયરથી દ્રવ્ય મંગાવોરે ॥ નાના મોટા સમજીને કરજો, મોટા શિખર બંધાવો ॥ સજન ॥ એક ॥ ૩ ॥ સાસુના મહેણા વહુ ઉપર ત્યાંતે॥ પીયરથી દ્રવ્ય મંગાવ્યારે ॥ સંવત સોળ પંચાણુરે વહુએ ॥ મોટા શીખર બંધાવ્યા ॥ સજન ॥ એક ॥ ૪ ॥ પાંચ વરસના બાવન જીવળાને દેવેકીરત બનાવીરે ॥ સવત સોળ પંચાણુરે વહુએ ॥ મોટી મુરત બનાવી ॥ સજન ॥ એક ॥ ૫ ॥ તપ ગચ્છ ઉપર શીવ સુરીશ્વર તે પણ ત્યાં આવેરે ॥ રત્ન તિલક પ્રસાદ કરાવી ॥ ઉત્તમ નામ સુહાવે ॥ સજન ॥ એક ॥ ૬ ॥

કેશરીઆજી સ્તવન.

તમે આતમારામ છો સ્વામિરે ॥ મારા મનડાના વીસરામીરે ॥ તમે ભક્તિ વચ્છળ ભગવંત ॥ શામળીઆ વહાલા વસો ચિત્તમાંરે ॥ તમે અચળ અનંત અસંગીરે ॥ તમે વેણુ વદો રૂપ ભંગીરે ॥ તમે નિઃસંગી ભગવંત ॥ શામળીઆ ॥ ૨ ॥ સુનંદા સુમંગળા કંથરે ॥ તમે સંગ ભયનો કર્યો અંતરે ॥ તમે ભક્તિ વચ્છળ ભગવંત ॥શામ-ળીઆ ॥૩॥ તારા નામથી નવ નિધ થાએરે ॥ તારા જાપથી સવિ દુઃખ જાયેરે ॥ તારા સમરણે સવી સુખ થાય ॥ શામળીઆ ॥ ૪ ॥ આશા પુરો સવી કેરીરે ॥ તમે દુર કર્યા સવી વેરીરે ॥ તમે અતુલી બળ અરિહંત ॥ શામળીઆ ॥ ૫ ॥ અવંતી દેશથી આયારે ॥ વંશ જાળથી ગઉ પ્રગટયારે ॥ જગતચંદ સુરીશ્વર ગાયા ॥ શામળીઆ ॥ ॥૬॥ કાળા ગોરા દોય વીરરે ॥ સેવા કરે સાયર ધીરરે ॥ લેવા ભવ સાયર તીર ॥ શામળીઆ ॥ ૭ ॥ હડી સંગ કેશરી સંગ નામરે ॥ રાજનગર છે તસ ધામરે તુમ સેવાને પ્રણામ ॥ શામળીઆ ॥ ૮ ॥ સંઘ લઇને જાત્રા આવ્યારે ॥ તુમ દરીસને આણંદ પાયારે ॥ કરી નીરમળ મન વચ કાયા ॥ શામળીઆ ॥ ૯ ॥ તસ નંદન ગચ્છચંદ વરસેરે મધુ વદ પડવે ભણુ દીવસેરે ॥ કરી યાત્રા અધિક ઉમંગ ॥ ॥ શામળીઆ ॥ ૧૦ ॥ પ્રભુ વદન પદમને નીરખીરે ॥ અંતર આત-મને હરખીરે ॥ રૂપવિજય કહે ધરી નેહ ॥ શામળીઆ ॥૧૧॥ઇતિ॥

શ્રી નેમનાથ અને રાજેમતિનો સંવાદ.

(શામળીયા વહાલા રહો વેગળારે)

વહાલા આઠ ભવાંતર પ્રીતડીરે, તજી જાવું ન સર્જન રીતડીરે,
દયા આણો નગીના નેમરે, શામળીયા વાળો રથ સાહ્યબરે–૧.
કુડી પ્રીત અનાદિની વિષ ભરીરે, તે રીતે કરતાં દુઃખ સહીરે,
નિરાગીની નિર વિષ પ્રીતરે, કલ્યાણી મોહ તજો કારમોરે–૨.
પશુડાનો પોકાર હૈયે ધરીરે, દયા રાણીની આણી ન દીલ જરીરે,
આવો પ્રેમ પટંતર કેમરે—શામળીયા. ૩.
સર્વ ધર્મનું મુળ કહી દયારે, સૌ જીવ સમાન કરો મયારે,
બૂરી હિંસા એ લગ્ન નિમિત્તરે–કલ્યાણી. ૪.
જાન જોડીને આવંતા જશ લહ્યોરે, પાછા વળવાથી ફજેતો થયોરે,
બોલ મોટાનો બોલ્યો ન જાયરે-શામળીયા. ૫.
સંસાર વધે જે જાનથીરે, તે જાનથી શ્યો જશ માનનીરે,
જોડું શિવ વધુ વરવાને જાનરે-કલ્યાણી. ૬.
પ્રભુ રાજ સભામાં લાજશોરે, તજી રાણીને કેમ તમે ગાજશોરે,
નારી વગર શો નેહલો હોયરે–શામળીયા. ૭.
જે રાજને અંતે દુરગતિરે, તે રાજ્ય સભા ન ઇચ્છું સતીરે,
નારી નેહથી રાગ અથાગરે–કલ્યાણી. ૮.
પ્રભુ પ્રેમ કલ્પતરૂ છેદીઓરે, તમે જોગ ધતુરો રોપીઓરે,
મલ્યો ચતુર ગુરૂ પ્રભુ કોણરે–શામળીયા. ૯.
અમે યોગ કલ્પતરૂ મન ધર્યોરે, પુર્ણ પ્રેમ સ્વધર્મથી આદર્યોરે,
નિજ સ્વરૂપ ગુરૂ મમ જ્ઞાનરે–કલ્યાણી. ૧૦.

કરી પ્રેમને નિરવહે સહીરે, તે કોઈક વિરલા જગ મહીંરે,
વીગરાગથી રાગ ન હોયરે-શામળીયા. ૧૧.

પ્રેમ ઘેલી શું સમજે પ્રેમમાંરે, શુદ્ધ પ્રેમ સ્વધર્મની નેમમાંરે,
એનો કરશું સદા નિર્વાહરે-કલ્યાણી. ૧૨.

સખી કહેતી હતી વર શામળોરે, મેં જાણ્યો શ્વેત ગુણે મળ્યોરે,
સખી સાચી એ લક્ષણ થાએરે--સામળીઆ. ૧૩.

શિવ વધુ સંજોગી અનેકથીરે, ન ઘટે ભોગવવી નેકથીરે,
જાય ટેકને ન રહે વિવેકરે-શામળીયા. ૧૪.

પણ રાગીથી રાગ જો કીજીએરે, તો પ્રેમ રસ પ્યાલો પીજીએરે,
નિઃસ્નેહીથી સ્નેહનો છેહરે-શામળીયા. ૧૫.

પાર આવે ન યુકિત કુયુકિતનોરે, જો પાર લેવો હોય મુક્તિનોરે,
તો આદરો સંજમ સારરે-કલ્યાણી ૧૬.

ભવ ચક્ર વિષે ભુલાં ભમ્યારે, છેદન ભેદન બંધન ખમ્યારે,
જીભે કહેતાં ન આવે પારરે-કલ્યાણી. ૧૭.

સુત માત પિતા ભગિનિ ત્રિયારે. એક બીજાથી સગપણ બહુ કીયારે,
આહા ઉલટ પલટ સંસારરે-કલ્યાણી. ૧૮.

કોઇ કોઇથી પ્રીત સગાઈ નહીરે, ઇંદ્રજાળ ને સ્વપ્ન સમી સહીરે,
એક ધરમ પરમ આધારરે-કલ્યાણી. ૧૯.

પ્રભુ નિષ્કારણ જગગુરૂ મળ્યોરે. મારો ભવો ભવનો ફેરો ટળ્યોરે,
મટયો મોહ મહા અંધકારરે, પ્રભુજી આજ્ઞા શિર હું ધરૂં રે-૨૦

પ્રભુ ચોરીમાં હાથ ન ચાપીએરે, દેઈ દીક્ષા કર શિર થાપીએરે,
હુંતો સંજમ લેઉં શ્રીકારરે-પ્રભુજી. ૨૧.

સતી રાજીમતિ પ્રભુ હાથથીરે, લેઇ દિક્ષા શિક્ષા નાથથીરે,
વર્યાં દંપતિ શિવ વધુ સારરે–પ્રભુજી. ૨૨.
સાચો પ્રેમ એ દંપતિ સમ કરોરે, જુઠો મોહ જગતનો પરિહરોરે,
જેથી પામો ભવજળ પારરે–પ્રભુજી. ૨૩.
જે નરનારી ગુણ ગાવશેરે, તે પરમ મહોદય પામશેરે,
સાંકળચંદ સમરે સવારરે–પ્રભુજી. ૨૪.

રૂષભદેવ સ્તવન.

(રામવિજયજી.)

ઓલઘડી તે આદિનાથની જો, કાંઇ કીજીએ મનને કોડજો, હોડ કરે કોણ નાથનીજો, જેહના પાય નમે સુર કોડજો ॥ઓ૦॥૧॥ વાહલો મરૂદેવીનો લાડલોજો, રાણી સુનંદા હૈયડાનો હારજો ॥ ત્રણ ભુવનનો નાહલોજો, મહારા પ્રાણ તણો આધારજો ॥ઓ૦॥૨॥ વાહલે વીસ પૂરવ લખ ભોગવ્યું જો, રૂડું કુંવરપણું રંગ રોળજો, મનડું મોહ્યુંરે જીન રૂપસુંજો, જાણે જગમાં મોહન વેલજો ॥ઓ૦॥૩॥ પાંચસે ધનુષ્યની દેહડીજો, લાખ પુરવ ત્રેસઠ રાજજો, લાખ પૂરવ સમતા વર્યાજો, થયા શીવ સુંદરી વર રાજજો ॥ઓ૦॥૪॥ એહના નામથી નવનિધ સંપજેજો, વલી અલીઅવિઘન સવિ જાયજો, શ્રી સુમતી વિજય કવિ રાયનોજો, એમ રામવિજય ગુણ ગાયજો ॥ ॥ઓ૦॥૫॥ઇતિ॥

પારસનાથ સ્તવન.

આવો આવો પાસજી મુજ મળીયારે,
મારા મનના મનોરથ ફળીયા—આવો.
તારી મુરત મોહન ગારીરે, સહુ સંઘને લાગે છે પ્યારીરે,
તમને મોહી રહ્યા સુરનર નારી—આવો.
અલબેલી મુરત પ્રભુ તારીરે, તારા મુખડા ઉપર જઉં વારીરે,
નાગ નાગણી જોડ ઉગારી—આવો.
ધન્ય ધન્ય દેવાધી દેવારે, સુરલોક કરે છે એવારે,
અમને આપો ને શીવ સુખ મેવા—આવો.
તમે શીવ રમણીના રશીયારે, જઈ મોક્ષપુરીમાં વશીયારે,
મારા હૃદય કમળમાં વશીયા—આવો.
જે કોઇ પાસ તણા ગુણ ગાશેરે, ભવભવનાં તે પાતિક જાશેરે,
તેનાં સમકિત નિર્મળ થાશે—આવો.
પ્રભુ તેવીશમા જીનરાયારે, માતા વામાદેવીના જાયારે,
અમને દરશન દોને દયાળ—આવો.
હું તો લળી લળી લાગું પાયરે, મારા ઉરમાં તે હરખ ન માયરે,
એમ માણેકવિજય ગુણ ગાય—આવો.

આદીનાથ સ્તવન.

ચાલો સખીયો મમ સાથ, જીન ઘર જઇએરે,
અવલોકિ આદિનાથ, પાવન થઇએરે,
મોહન મરૂદેવી નંદ, જગ જયકારીરે,
જસુ વદન પુનમનો ચંદ, જાઉં બલિહારીરે,

કંચન ગિરિ હરિ જીનરાજ, જઇ નવરાવેરે,
કરવાને આતમ કાજ, સહુ હુલ રાવેરે,
વિનિતા નગરીનો રાય, હરખું નિરખીરે,
પાંચસે ધનુષની કાય, સોવન સરખીરે,
હમ દિલ વશીયા એ દેવ, રંગ રંગીલારે,
જશ સુરવર સારે સેવ. છેલ છબિલારે,
સ્વામિ શિવરમણીના કંથ, કામણગારારે,
સુખ આપો આદિ અનંત, પુરણ પ્યારારે,
પ્રભુ પુરણ પૂન્ય પસાય. અમે દીઠુંરે,
આ હરખ મનમાં ન માય લાગે મીઠુંરે,
રમઝમ કરી જીન ગુણ રાસ. રમીએ રંગેરે,
આવો જીનજી આ વાસ, સખીઓ સંગેરે,
પૂજે હરી હર શીરતાજ, કેસર ઘોળીરે,
અંબોડા લઇએ આજ, સૈયર ટોળીરે,

નેમનાથ સ્તવન.

(વાહાલાજીના મહિના.)

તોરણથી રથ ફેરી ચાલ્યા કંથરે-પ્રીતમજી.
આઠ ભવની પ્રીતડી તોડી તંત—મારા પ્રીતમજી.
નવમે ભવે પણ નેહ ન આણો મુજરે-પ્રીતમજી
તોશે કારણ એટલે આવવું તુજ-મારા પ્રીતમજી.
એક પોકાર સુણી તિર્યંચનો એમરે-પ્રીતમજી.
મુકી અબળા રોતી પ્રભુજી કેમરે-મારા પ્રીતમજી.

ખટ જીવના રખવાળમાં સરદારરે-પ્રીતમજી.
તો કેમ વીલવતી સ્વામી મુકો નાર-મારા પ્રીતમજી.
શીવ વધુ કેરૂં એવું કેવું રૂપરે-પ્રીતમજી.
મુજ મુકીને ચિત્તમાં ધરી જીન ભુપ-મારા પ્રીતમજી.
જીનજી લીએ સહસાવનમાં વ્રત ભારરે-પ્રીતમજી.
ઘાતી કરમ ખપાવીને નીરધાર-મારા પ્રીતમજી.
કેવળ રીધી અનંતી પ્રકટ કીધરે-પ્રીતમજી.
જાણી રાજુલ એમ પ્રતિજ્ઞા લીધ-મારા પ્રીતમજી.
જે પ્રભુજીએ કીધું કરવું તેહરે-પ્રીતમજી.
એમ કહી વ્રત ધર થઈ પ્રભુ પાસે જેહ-મારા પ્રીતમજી.
પ્રભુ પહેલાં નીજ શોકનું જોવા રૂપરે-પ્રીતમજી.
કેવળજ્ઞાન લઈ થઈ સિદ્ધ સ્વરૂપ-મારા પ્રીતમજી.
શીવ વધુ વરીઆ જીનવર ઉત્તમ નેમરે-પ્રીતમજી.
પદમ કહે પ્રભુ રાખો અવિચળ પ્રેમ-મારા પ્રીતમજી.

શ્રી કેશરીયાનું સ્તવન.

હાંરે વહાલો મારા રીખવદેવ અનુવાસી, હાંરે તેતો નગર ધુલેનો વાસીરે ॥ મારૂ મનડું રહ્યું છે હાંસી, હાંરે મારો કેશરીઓ કહેવાઓ॥ હાંરે વહાલાને ભેટે ભવ દુઃખ જાએરે ॥ મારૂ મનડું ॥૧॥ હાંરે વહાલાના મુખની શોભા સારી ॥ હાંરે મને દીઠડે લાગે પ્યારીરે॥મારૂ॥ ॥૨॥ હાંરે વહાલા હુંતો મોહીરે તારા મુખને મટકે ॥ હારે ઈંદ્રાણી આવે લટકે ॥મારૂ॥૩॥ હાંરે વહાલાને સંઘ ઘણા આવે, હાંરે વહાલા

ને નવ નવી આંગીઓ રચાવેરે ॥મારૂ॥૪॥ હાંરે વહાલો મારો ઝાંઝ ભુડતા તારે ॥ હાંરે સેવકના કાજ સધારે ॥મારૂ॥પ॥ હાંરે વહાલો મારો તારણુ બીરૂધ ધરાવે ॥ હાંરે તું તો ગઢ લંકા જાઈ આવેરે ॥ ॥૬॥ હાંરે વહાલો મારો ફાગણુ સુદ બીજ અજવાલી ॥ હાંરે સહુ જાણે કે દીવાલી ॥મારૂ॥૭॥ હાંરે વહાલો મારો મુલચંદ વિજય ગુણ ગાવે ॥ હાંરે સહુ સંઘને પાર ઉતારે ॥મારૂ॥૮॥ઇતિ॥

અનંતજીન સ્તવન.

રાગ-(સાબરમતીએ આવ્યા છે પુરજો એ દેશી.)

સુજસાનંદન જગદાનંદન દેવજો. નેહેરે નવરંગે નીત નીત ભેટીએરે ॥ ભેટયાથી શું થાએ મોરી સૈયોરે ॥ ભવભવના પાતીકડાં અલગા મેટીયેરે ॥૧॥ સુંદર સાડી પહેરી ચરણા ચીરજો ॥ આવોરે ચૌવટડે જીન ગુણ ગાઇયેરે ॥ જીન ગુણ ગાએ શું થાએ મોરી બેનીરે ॥ પરભવરે સુર પદવી સુંદર પામીએરે ॥ સહિયર ટોળી ભોળી પરિઘળ ભાવેરે ॥ ગાવેરે ગુણવંતી હડહડે ગહી ગહીરે, જય જગનાયક શીવ સુખદાયક દેવરે, લાયકરે તુંજ સરીખો જગમાં કો નહીરે॥૩॥ પરમ નિરંજન નિર્જિત ભગવંતરે, પાવનરે પરમાતમ શ્રવણે સાંભળોરે, પામી હવે મેં તુઝ શાસન પરતીતરે, ધ્યાનેરે એકતાને પ્રભુ આવી મળ્યોરે ॥૪॥ ઉંચ પણે પંચાસ ધનુષનો માનરે ॥ પાળ્યુંરે વળી આયું લાખ તીસનુંરે. શ્રી ગુરૂ સુમતી વિજય કવિરાય પસાયરે ॥ અહનીસરે દીલ ધ્યાન વસે જગદીશનુંરે ॥૫॥ઇતિ॥

ગુંહલી.

એની આપાયા નયરી ઉદ્યાનકે ॥ વાજા વાજીયારે લોલ ॥ એની દેવ વાજીત્ર અનેકકે ગયણ ધનગાજીયારે લો૦ ॥ એની સમોશરણ જીચંગ ॥ મલી ઘણા દેવનારે લો૦ ॥ એની અણુ હુંતા એક કોડી. પ્રભુ પાસે સેવતારે લો૦ ॥ ૧ ॥ એની ઇદ્રભૂતી આદેશકે ॥ બ્રાહ્મણા દિપતારે લો૦ ॥ એની દેવવાદિના જાણુ ॥ બીહુવાદે જીપતારે લો ॥ એની શંસય છે અતિ ગુઢકે ॥ મનથી પુરીયારે લો૦ ॥ એની પુછયા શ્રી જીનવરને ॥ સંશય ચુરીઆરે લો૦ ॥ એની અરિહંત અમૃતવાણી ॥ સુણી ભેદ પાવીયારે લો૦ ॥ એની છંડી સકળ જંજાળ હુવા વ્રત ભાવીઆરે લો૦ ॥ એની ઇંદ્ર સોનાનો થાલકે ॥ વાસજ આપીયારે લો૦ ॥ એની અરિહંત આચારકે ॥ ગણધર થાપીયારે લો૦ ॥ એની લાવો ગુંહલી ગેલકે ॥ હરખ વધામણોરે લો ॥ એની વધાવો જીનરાજકે ॥ કરો નીતું ભામણારે લો૦ ॥ એની બાંધો તોરણ બારકે સુરતરૂ માલકારે લો૦ ॥ એની ગાયે મંગળ ગીતકે ॥ બહુ બાલીકારે લો ॥ બની ગૌતમ કેવળજ્ઞાનકે ॥ સોહમ ગચ્છ ધણીરે લો૦ ॥ એની આપી જંબુને પાટકે ॥ પૌહાતા શીવ ભણીરે લો૦ ॥ એની વિશુદ્ધ કહે શ્રી વીરને સહુ જે જે ભણેરે લો૦ ॥ ૭ ॥ઇતિ॥

ગુંહલી.

વ્રત ધારે શું ગુરૂજી ॥ ભવીજન માનસ હંસરે ॥ જગત ઉપ ગારીરે સાધુજી ॥ જંગમતીરે ॥સાધુજી॥વ્ર૦॥ લાભ તણો નહી અંસરે ॥ ॥જગ૦॥૧॥ પડિરૂવાદિક ગુણ ભર્યા૦ ॥વ્ર૦॥ પટ્ કારણ લીયે આહારરે ॥જગ૦॥ સામુદાણી ગોચરે ॥વ્ર૦॥ જ્ઞાને રતન ભંડારરે ॥૨॥

ગીતારથ ગુરૂ આગલે ॥વ૦॥ વનિતા ધરિય વિવેકરે ॥જ૦॥ સરખી સાહેલીએ પરવરીરે ॥વ૦॥ સમકીતની ધરી ટેકરે ॥જ૦॥૩॥ આસ્તિક પીડની ઉપરે ॥વ૦॥ અનુભવ મુગતા સ્વેતરે ॥જ૦॥ ચીંહુ ગતિચુરણ સાથીઓ વ૦॥ વધાવતી ધરી હેતરે ॥જ૦॥૪॥ ગુણવંત ગાવેરે ગુંહલી ॥વ૦॥ મુની ગુણ મણિધર હાથરે ॥જ૦॥ શ્રી શુભ વીરની દેશના ॥ ॥વ૦॥ સુણત મેલત શિવ સાથરે ॥જ૦॥ઇતિ॥

ગુંહલી.

(વિમલ ગિરિવર ગરસે સેવા ॥ એ દેશી ॥)

મુનીવર મારગમાં વસીયા ॥ વલિ જિનમારગથી ખસિયા ॥ શિવ વહુ ખેલનકે રસીઆ ॥મુ૦॥૧॥ વીશ્યું ગુણ કાણુ બાલ ॥ ભગ વઈ અંગ વિશાલ ॥ રહે પ્રમત્તે ઘણો કાળ ॥મુ૦॥૨॥ અંતર મુહુરત થીતિ આવે ॥ નિંદ્રામાં ગુણ પલટાવે ॥ પણ અપ્રમત્ત તણે ભાવે ॥ ॥મુ૦॥૩॥ દ્રવ્ય ભાવ સંયમ ધરીયા ॥ જંગમ તીરથ સંચરિયા ॥ પાખરીયા સિંહ કેશરીઆ ॥૪॥મુ૦॥ દુવિહા સિત સહે ન લહે ॥ ઉક્ષ પરિસહ વિસસહે ॥ મુનિવર આચારાંગ કહે ॥મુ૦॥૫॥ ચકવાલથ દશ વિધ પાલે ॥ ચરણ કરણ ગુણ અજુવાલે ॥ સૂત્ર દંડન અવધિ ટાલે ॥મુ૦॥૬॥ એહવા મુનીવરને આગે ॥ ચતુર અક્ષત ફળ માગે ॥ શ્રાવિકા મુની ગુણ રાગે ॥મુ૦॥૭॥ ગુંહલી કરીજે મન ધોતી॥ વધાવતી ઝળકે મોતી ॥ લલી લલી ગુરૂ સન્મુખ જોતી ॥મુ૦॥૮॥ આગમ રયણ સુણે રમતી ॥ ગુરૂ ગુણ ગાતી મન ગમતી ॥ શ્રી શુભવીર ચરણ નમતી ॥ મુ૦ ॥ ૯ ॥ ઇતિ॥ સંપૂર્ણ ॥

આરતી.

અપસરા કરતી આરતી જીન આગે. હાંરે જીન આગેરે જીન આગે.
હાંરે એતો અવીચળ સુખડાં માગે, હાંરે નાભિનંદન પાસ–અપસરા.
તા થઇ નાટક નાચતી પાય ઠમકે, હાંરે દોય ચરણાંમાં ઝાંઝર ઝમકે,
હાંરે સોવન ઘુઘરડી ઘનકે, હાંરે લેતી ફુદડી બાળ–અપસરા.
તાલ મૃદંગને વાંસળી ડફ વીણા, હાંરે રૂડા ગાવંતી સ્વર ઝીણા,
હાંરે મધુર સુર સુર નયણાં, હાંરે જોતિ મુખડું નીહાળ–અપસરા.
ધન મરૂદેવી માતને પુત્ર જાયા, હાંરે તોરી કંચન વરણી કાયા,
હાંરે મેંતો પુરવ પુણ્યે પાયા, હાંરે દેખ્યો તેરો દેદાર–અપસરા.
પ્રાણ જીવન પરમેશ્વર પ્રભુ પ્યારો. હાંરે પ્રભુ સેવક હું છું તારો,
હાંરે ભવો ભવનાં દુઃખડાં વારો હાંરે તુમે દીન દયાળ–અપસરા.
સેવક જાણી આપનો ચિત્ત ધરજો. હાંરે મોરી આપદા સઘળી હરજો,
હાંરે મુની માણેક સુખીયો કરજો, હાંરે જાણી પોતાના બાળ–અપસરા.

આરતી.

જય જય આરતી આદિ જીણંદા, નાભિ રાયા મરૂદેવીકો નંદા,
પહેલી આરતી પુજા કીજે, નરભવ પામીને લાહો લીજે–જય.
દુસરી આરતી દીન દયાળા, ધુળેવ નગરમાં જગ અજવાળા–જય.
તીસરી આરતી ત્રિભુવન દેવા, સુરીનર ઇંદ્ર કરે તોરી સેવા–જય.
ચોથી આરતી ચૌગતિ ચુરે, મનવાંછીત ફળ શીવ સુખ પુરે–જય.
પંચમી આરતી પુન્ય ઉપાયા, મુળચંદ રીખવ ગુણ ગાયા–જય.

આરતી.

જયદેવ જયદેવ જય જીનવર દાતા,
પ્રભુ જય જીનવર દાતા, આરતી અરીહા કેરી,
આરતી અરીહા કેરી, કરતા સુખ શાતા—જયદેવ.
દુસરી આરતી નાથ, શૈત્રુંજય કરના (પ્રભુ)
પાપ પડલ સહુ જાવે (૨) ગીરી ઉપર ચઢતાં—જયદેવ.
આરામ કરતા ઇંદ્ર ત્રીભુવન ત્રીજી (પ્રભુ)
કંચન ગિરિ ઉપર (૨) મનથી બહુ રીઝી—જયદેવ.
ચોથી આરતી નાથ ચઉ ગતિ તો જાવે (પ્રભુ)
ભાવે ભક્તિ કરીએ (૨) ભવ જળને તરવા—જયદેવ.
પંચમી આરતી નાથ, પવિત્ર થવા કરીએ (પ્રભુ)
આભવ જળમાં રહીને (૨) લાહવો શુભ લઇએ—જયદેવ.
આરતી પંચ ઉતારી, જીનવર ગુણ ગાવા (પ્રભુ)
પ્રીતમ તુમ પ્રતાપે (૨) કુલ સુદ્ધા થાવા—જયદેવ.

મહાવીર સ્વામીની આરતી.

જયદેવ જયદેવ જય સુખના સ્વામી (પ્રભુ)
તુજને વંદન કરીએ (૨) ભવભવના આરાયા—જયદેવ.
સિદ્ધારથના સુત ત્રીસલ ના જાયા (પ્રભુ)
જસોદાના છો કંથજી (૨) ત્રિભુવન જગરાયા—જયદેવ.
બાળપણામાં આપ, ગયા રમવા કાજે (પ્રભુ)
દેવતાએ દીઠો પડછાયો (૨) બીવરાવવા કાજે—જયદેવ.
એકવારનું રૂપ લીધું છે નાગનું (પ્રભુ)

બીજીવારનું રૂપ (૨) બીધું બાળકનું—જયદેવ.
બાળક બ્હીના સઉ પોતે નથી બ્હીતા (પ્રભુ)
દેવતાનું કાંઇ ન ચાલ્યું (૨) હારી જતા રહેતા—જયદેવ.
એવા છે ભગવાન, મહાવીર તમે જાણો (પ્રભુ)
વંદે છે સહુ તેને (૨) નમે રાય રાણો—જયદેવ.

મંગલીક દીપક.

આજે ઘેર નાથ પધાર્યા, કીજે મંગળચાર ॥ પહેલે મંગલ પ્રભુજીને પૂંજું ॥ ધસી કેશર ધનસાર ॥ આ૦ ॥ ૧ ॥ બીજે મંગલ અગર ઉખેવું ॥ કંઠે ઠવું ફુલહાર ॥ આ૦ ॥ ત્રીજે મંગળ આરતી ઉતારૂ ॥ ઘંટ બજાવું રણકાર ॥ આ૦ ॥ ૨ ॥ ચોથે મંગલ પ્રભુ ગુણ ગાઉં ॥ નાટિક થઇ થઈકાર ॥ આ૦ ॥ રૂપચંદ કહે નાથ નિરંજન, ચરણ કમળ જાઉં વાર ॥ આ૦ ॥ ૩ ॥

દીવોરે દીવો મંગલીક દીવો, આરતી ઉતારીને બહુ ચીરંજીવો ॥ દી૦ ॥ સોહામણું ઘર પર્વ દીવાળી ॥ અંબર ખેલે અમલા બાલી ॥ દી૦ ॥ ૧ ॥ દિપાળ ભણે એણે દેવ અજુ આલી ॥ ભાવે ભગતે વિઘ્ન નિવારી ॥ દી૦ ॥ દીપાલ ભણે એણે કલી કાલે ॥ આરતિ ઉતારી રાજાકુંવર પાલે ॥ ૨ ॥ અમ ઘર મંગલીક તમ ઘર મંગલીક, મંગલીક ચતુર્વિધ સંઘ ને હોજો ॥ ॥ ૩ ॥ ઇતિશ્રી મંગલીક દીવો સંપૂર્ણ ॥

મંગલચાર.

ચારો મંગળચાર, આજ મારે ચારો મંગળચાર,
દેખ્યો દરસ સરસ જીનજીકો, સોભા સુંદર સાર—આજ.
છીનુ છીનુ મનમોહન ચરચો, ધરી કેશર ઘનસાર—આજ.
વિવધ જાતીકે પુષ્પ મંગાવો મોગર લાલ ગુલાબ—આજ.
ધુપ ઉખેવો ને કરો આરતી, મુખે બોલો જયજયકાર—આજ.
હર્ષ ધરી આદિશ્વર પુજો, ચોમુખ પ્રતિમાજ ચાર—આ.

મોટી આરતી.

પહેલી આરતી પ્રથમ જીણંદા ॥ શેત્રુંજા મંડણ રૂષભ જીણંદા જે જે આરતી આદિ જીણંદકી દુસરી આરતી મરૂદેવા નંદા, યુગલા ધર્મ નિવાર કરંતા ॥ જે૦ ॥ ૧ ॥ તીશરી આરતી ત્રીભોવન મોહે રત્નસિંહાસન મારા પ્રભુજીને સોહે ॥ જે૦ ॥ ચોથી આરતી નીત નવી પુજા દેવા રૂષભ દેવ અવર નહિ દુજા ॥ જે જે૦ ॥ ૨ ॥ પાંચમી આરતી પ્રભુજીને સોહે ॥ પ્રભુજીના ગુણ સેવક ગાવે ॥ જે૦॥ ૩॥ આરતી કીજે પ્રભુ શાંતી જીણંદકી મૃગલંછનકી મેં જાઉં બલીહારી ॥ જે૦ ॥ વિશ્વસેન અચિરાજીકો નંદા શાંતીનાથ મુખ પુનમચંદા ॥ જે જે૦ ॥ ૪ આરતી કીજે પ્રભુ નેમજીણંદકી ॥ શંખ લંછનકી મેં જાઉ બલીહારી ॥ જે જે૦ ॥ સમુદ્રવિજય શીવાદેવીકો નંદા નેમનાથ મુખ પુનમચંદા ॥ ૫ ॥ જે જે ॥ આરતી કીજે પ્રભુ પાસ જીણંદકી, ફણીધર લંછનકી મેં જાઉ બલીહારી. અશ્વસેન વામાજીકો નંદા, પાસ જીણંદ મુખ પુનમચંદા ॥ જે જે ॥ ૬ ॥ આરતિ કીજે મહાવીર જીણંદકી ॥ સિંહલંછનકી મેં જાઉ બલીહારી ॥જે જે૦॥

સિદ્ધારથ રાજા ત્રીશલાદેવીકો નંદા ॥ વીર જીણુંદ મુખ પુનમચંદા ॥ ॥૭॥ આરતી કીજે પ્રભુ ચોવીસ જીણુંદકી ચોવીસ જીણુંદકીમેં જાઉં બલીહારી, ચોવીશ જીન મુખ પુનમચંદા, કરજોડી સેવક એમ બોલે, નહી કોઇ મારા પ્રભુજીને તોલે ॥૮॥ ઇતિ ॥

પંચ તિરથની આરતી.

પેહેલી આરતી પ્રથમ જીણુંદા ॥ શેત્રુંજે મંડણ રૂષભ જીણુંદા ॥ શ્રી સિદ્ધાચળ તીર્થે આવ્યા ॥ પૂરવ નવાણું ભવિક મન ભાવ્યા ॥ આરતી કીજે શ્રી જીનવરકી ॥ ૧ ॥ દુસરી આરતી શાંતી જીણુંદકી, શાંતિ કરે પ્રભુ શીવ મારગકી ॥ પારેવા જીણે શરણે રાખ્યો ॥ કેવળ પામીને ધર્મ પ્રકાસ્યો ॥ આ૦ ॥૨॥ તીશરી આરતી શ્રી નેમીનાથ ॥ રાજુલ નારી તારી નીજ હાથ ॥ સહસ્ર પુરૂષ સંયમ લીધો, કરી નીજ આતમકારજ સીધો ॥આ૦॥૩॥ ચોથી આરતી ચોહુગતિ વારી, પારશનાથ ભવીક હિતકારી, ગોડી પાશ સંખેશરો પાસ ॥ ભવી જનની પુરે મન આશ ॥આ૦॥૪॥ પાંચમી આરતી શ્રી મહાવીર ॥ મેરૂ પર્વત પરે જેમ રહ્યા ધીર. સાઢા બાર વરસ તપ તપીઆ ॥ કર્મ ખપાવી ને શીવપુર વરીઆ ॥આ૦॥૫॥ ઇણીપેરે પ્રભુજીની આરતી કરશે ॥ શુભ પરિણામે શિવપુર વરશી ॥ ઇણીપેરે જીનજીની આરતી ગાવે ॥ શુભ પરિણામે શીવપુર જાવે ॥આ૦॥૬॥ કરજોડી સેવક ઇમ બોલે ॥ નહી કોઇ મારા જીનજીની તોલે ॥આ૦॥૭॥ઇતિ॥

લાવણી.

ચેનની લાવણી.

ચલ ચેતન અબ ઉઠકર અપને જીન મંદીર જાઇએ, કીસીકી બુરી નહી કહીએ ચલ૦ ॥ ચરણ જીનવરકા ભેટયો, ભવ ભવ સંચિત પાપ કરમ સબ તન મન કોમેટયો ॥ સુકરીત કીજે મહારાજ સુક રીત કીજે ॥ સમકીત અમરીત રસ પીજે ॥ લાભ જીન ભકિતકો લીજે ॥ ચલ૦ ॥ ૧ ॥ કરોજી મત મુખસે બડાઇ ॥ તજ તામશ તનમનકી સુમતાસે રહેના ભાઇ ॥ રીતસે બોલો મેરી જાન રીતસે બોલો ॥ મત ભરમ પારકા ખોલો ॥ મુનકર તન મનસે રહીએરે ॥ મુન ॥ ચલ ચે૦ ॥ ૨ ॥ જોબન દીન ચાર તણો ભાઇ, અંત સમે ચેતન ઉઠકર ચાલ્યો ॥ કાયા પડી નંગી ॥ પ્રીત સબ તૂટી ॥ મેરી જાન ॥૦॥ પ્રીત સબ તૂટી ॥ આશખાની ખરચી ખુટી ॥ સુખ દુઃખ આપ કીયા સહીએ ॥ સુખ ॥૦॥ ચલ ચે૦ ॥ જગતસે રહેના ઉદાસી પરખ્યા મે જીનરાજ હરો મેરી દુરગતીકી ફાસી ॥ તજો સબ ધંધા ॥ મેરી૦ ॥ જીનવર મુખ પુનમ ચંદા ॥ જીનદાસ તુમારા બંદા ॥ મેરે તો એક જીન દરીશન ચઇએરે ॥ મેરે ॥ ચલ૦ ॥ ઇતિ લાવણી ॥

લાવણી સાખી પદ.

સમોવશરણ મહાવીર બીરાજે ॥ ચોત્રીસ અતિશય ઉનકુ છાજે, બડે આપ જીન કીરતારેજી ॥ જીહો ॥ ૧ ॥ સમોવશરણ જો જનકુ કહેતે, ચોંસઠ ઈંદ્ર મીલકર આતે ઉપર ઉડાને ચામરોજી ॥ ૨ ॥ જીહો પ્રભુજી ઉપર ॥ દેવ દુદુંભીકા નાદ આવે, સબી દેવ દરીશનકું

આતે હો રહે મૈ મૈં કારેજી ॥ જીઓ પ્રભુજી રહી । ૩ ॥ એસી દેશના આપ દેતે ॥ સબકી ઓળીમે સબી સમજતે એસી વાણી નીરમલીજી ॥ જીઓ એસી ॥ ૪ ॥ ગુરૂ પસાયે સાખી બનાઈ ગ્યાન ધ્યાનસેં લેહ લગાઈ ॥ જી । શાસન તુમ સરદારેજી ॥ જીઓ જીન ॥ ૫ ॥

દોહરો.

જીનોકી બાતા જીન કહેતે. જીનકા પાર નહી પાવે, કોઈ નર ભુલા પડ જાવે, ભટક ભટક રહી પછતાવે, કીનારા કછુ નહી પાવે ॥ કર્મ ખોલે તો નજીક આવેરે ॥ હરી સંયમ હે સાચા, બેરે બીન સબી કામ કાચા કાચાજી ॥ પ્રભુજી તુંહી તુંહી.

લાવણી.

તમારા મુખડા ઉપર વારી લાલ લટકાળા, લટકે ચંદન બાળા તારી લાલ લટકાળા, શુળીનું કીધું સિંહાસન લાલ લટકાળા, ત્યાં ઉગાર્યો શેઠ સુદરસનલાલ લટકાળા ચરણે ચંદ કોશીઓ દશીયો લાલ લટકાળા–તે તો દેવલોક જઈ વસીયો લાલ લટકાળા–એવી રીત તમારી ન્યારી લાલ લટકાળા–તમને સુર શશિ બલીહારી લાલ લટકાળા.

પદ રાગ ઝીંઝોટી.

રાખુંરે હમારે ધટમેં ॥ જિનરાજ નામ તેરા મહારાજ નામ તેરા હો૦ રા૦ ॥ ૧ ॥ જાકે પરભાવ મેરા અજ્ઞાનકા અંધેરા ભાગે ભયા ઉજેરા હો૦ રા૦ ॥ ૧ ॥ સૂરત તેરિ રાગે દેખી બિભાવ રાગે અધ્યાતમ રૂપ જાગે હો૦ રા૦ ॥ ૨ ॥ મુદ્રા પ્રમોદકારી રિષભેશ જોતિ હારી લાગત મોહે પ્યારી હો૦ ॥ ૩ ॥ તૃલોકનાથ તુમહી કરિયે સનાથ હમહીં હો૦ રા૦ ॥ ૪ ॥ પ્રભુજી તિહારિ સાખેં જિન હર્ષ સૂરિ ભાખેં દિલ માંહિ ચેહિ રાખેં હો૦ રા૦ ॥૫॥ ઇતિ પદ. ॥

સમાપ્ત